# જીવનઘડતર



શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# મંગલ પ્રાર્થના

દિવસના પરિશ્રમનો પ્રારંભ કર્યા પહેલાં અને પરિશ્રમને અંતે, પ્રભુ !

હું તારા દ્વાર પર આવું છું, અને મારી પ્રાર્થનારૂપી નૈવેદ્ય તારા ચરણમાં ધરું છું.

મારી કોઈ એવી મોટી માંગણી, મહત્ત્વાકાંક્ષા, લાલસા કે અતૃપ્ત ઝંખના મને સતાવતી નથી કે જે તારી પાસે વ્યક્ત કરતાં મને સંકોચ થાય ! પ્રભુ !

હું તારી પાસે શું માંગું ?

મને સારી સોબત આપ, કંઈ ને કંઈ નવું જાણવાની જિજ્ઞાસા આપ,

દુઃખમાં બીજાને મદદરૂપ થવાની સહાનુભૂતિ આપ,

બીજાના સુખમાં ભાગ લેવાનો ઉત્સાહ આપ.

ધનથી નહિં તો મનથી, પ્રેમાળ શબ્દોથી અને સહાયરૂપ

ક્રિયાથી બીજાનાં દુઃખ હળવાં કરી શકું એવું મન આપ,

ગમ ખાઈ જવા જેટલી ઉદારતા આપ, અને આઘાતથી અભેદ્ય રહેવા માટે ખેલદિલી આપ.

પ્રભુ, જીવનમાં મને પ્રકાશ આપ, જેમાં મારો આત્મા સત્ય જોઈ શકે.

માત્ર મારી આંખોને નહિ, મારા મનને અજવાળું બતાવ જેમાં હું મારી ભૂલોને જોઈ શકું,

સત્ય અને અસત્યને પારખી શકું. પ્રભુ ! જયારે સૂર્ય પોતાનાં કિરણો સંકેલી લે અને અંધકાર આ પૃથ્વી અને આકાશને ગળી જાય,

(અનુંસંધાન ટાઇટલ ત્રીજા પર)

શ્રી. એમ.પી.પટેલ ફાઉન્ડેશનની
જીવનઘડતર પ્રકાશન-શ્રેણીની ૩૦મી ભેટ

# જીવનઘડતર


લેખક : સ્વ. ચાંપશી વિ. ઉદેશી
સંપાદક : મુકુન્દ પી. શાહ


સ્નેહી શ્રી ..........................................................

જીવનઘડતર કેમ કરવું તેનું માર્ગદર્શન આપતું આ પુસ્તક આપનું સાથી બની રહે, તેવી શુભ કામનાઓ સહ .....

સપ્રેમ
**મંગળભાઈ પી. પટેલ**
**મૂકેશ એમ. પટેલ**


**શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
**અમદાવાદ ૩૮૦ ૦૧૩**
ફોન નં. : ૭૫૫ ૧૫૬૪ - ૭૪૫ ૪૩૧૦

શ્રી. એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન-શ્રેણીનું ત્રીસમું પુસ્તક

# જીવનઘડતર

* લેખક : સ્વ. ચાંપશી વિ. ઉદેશી
* સંપાદક : મુકુન્દ પી. શાહ
* © મુકુન્દ પી. શાહ
* પ્રકાશન-વર્ષ : ફેબ્રુઆરી, ૨૦૦૦
* પ્રકાશક : શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
  મૂકેશ એમ. પટેલ
  ૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
  સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
  અમદાવાદ - ૩૮૦ ૦૧૩

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદુપયોગ
* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. : ૬૬૦ ૦૯૫૯
* આવરણ : જય પંચોલી, ફોન નં. : ૬૬૧ ૪૬૭૮
* આવરણ મુદ્રણ : ઉમા ઑફ્સેટ,
  અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
  ફોન નં. : ૫૬૨૬૩૨૪
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ,
  અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
  ફોન નં. : ૭૪૧ ૨૩૯૫
* મુદ્રક : ઉદય ઑફ્સેટ,
  અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
  ફોન નં. : ૫૬૨ ૧૯૬૭

# અર્પણ

વાંચવું
એ વાંચીને વિચારવા માટે છે
અને
વિચારીને વર્તનમાં મૂકવા માટે છે
એવું માનનારા
પ્રત્યેક વાચકને
આ પુસ્તકનો લેખક
આ પ્રેરણાત્મક પુસ્તક
પ્રેમપૂર્વક અર્પણ કરે છે.

# સંપાદક તરફથી

'નવચેતન'ના સ્થાપક તંત્રી સદ્ગત ચાંપશીભાઈ વિ. ઉદેશીએ 'નવચેતન'માં જીવનઘડતરને લગતાં ઘણા લેખો લખ્યા હતા. વાચકો તરફથી એ લેખો ગ્રંથસ્થ કરવા માટે આગ્રહ થતો હોવાથી સદ્ગત શ્રી ચાંપશીભાઈએ એ લેખોના કુલ ત્રણ સંગ્રહો પ્રગટ કરેલા જેમનાં નામ છે : (૧) જીવનઘડતર (૨) જીવનમાંગલ્ય અને (૩) જીવનવિકાસ. એ પુસ્તકો ઘણા સમયથી અપ્રાપ્ય છે. એ ત્રણેય પુસ્તકોમાંથી જીવનઘડતર અંગેના લેખોનું સંપાદન કરી એક પુસ્તક પ્રગટ કરવાની ઘણા વખતથી મારી ઇચ્છા હતી પણ સંજોગવશાત્ એ ઇચ્છા પૂરી કરી શક્યો ન હતો.

આ પુસ્તક જનસમૂહમાં સારી સંખ્યામાં વંચાય તો તેમના જીવનઘડતરમાં ઉપયોગી નીવડે એ દૃષ્ટિથી રિટાયર્ડ ઇન્કમટૅક્સ કમિશ્નર અને આયકર અંગેનાં પુસ્તકોના સુપ્રસિદ્ધ લેખક મારા મુરબ્બી વડીલ શ્રી મંગળભાઈ પટેલને આ લેખોનું પુસ્તક પ્રગટ કરવાની મેં વિનંતી કરી. તેઓ શ્રી અને તેમના સુપુત્ર શ્રી મૂકેશભાઈ પટેલ જે આવકવેરા અંગેનાં પુસ્તકોના સુપ્રસિદ્ધ લેખક અને ઇન્કમટૅક્સ કાયદાના સલાહકાર છે તેઓ છેલ્લાં વીસેક વર્ષથી સદ્સાહિત્યનાં પુસ્તકો શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનના નેજા હેઠળ પ્રગટ કરી જનતા જનાર્દનને વિના મૂલ્યે ભેટ આપે છે. તેમણે મારી વિનંતીને માન આપ્યું. પરિણામે આ પુસ્તક હું વાચકો સમક્ષ રજૂ કરી શક્યો છું. આ માટે હું મુરબ્બીશ્રી મંગળભાઈ પુ. પટેલ તથા શ્રી મૂકેશભાઈ પટેલનો અત્યંત આભારી છું.

**મુકુન્દ પી. શાહ**

૬૧એ, નારાયણનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
તા. ૧૩-૨-૨૦૦૦

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

અંગ્રેજીમાં એક કહેવત છે કે "Life begins at sixty" એટલે કે 'સાચું જીવન તો સાઠ વર્ષ પછી જ શરૂ થાય છે.' મારી બાબતમાં આ વાત સાચી ઠરી છે. કોઈ પણ વિષયનો તાત્ત્વિક રીતે વિચાર કરતાં તો હું સાઠ વર્ષ પછી જ થયો હતો ! એ પહેલાં તો હું દરેક બાબતનો વિચાર ઉપરછલ્લી રીતે જ કરતો અને કોઈક તણખલાની પેઠે, લાખો માનવીઓની જેમ, યુગપ્રવાહમાં તણાતો રહેતો.

પણ પ્રભુકૃપા કહો કે પૂર્વજન્મના સંસ્કાર કહો, જે કહો તે, પણ લગભગ સાઠ વર્ષની મારી ઉંમરે એક દિવસ 'ગાંધીજી દરેક બાબતનો તાત્ત્વિક રીતે જ વિચાર કરતા' એવું ક્યાંક વાંચતાં મારા મનમાં ઊગ્યું કે ''હું એમ કરું છું ખરો ?'' નકારમાં જવાબ મળતાં મેં ત્યારે ને ત્યારે જ મનમાં ગાંઠ વાળી કે કોઈ પણ બાબતમાં બહાર દેખાતી સપાટી ઉપર કે પ્રચલિત માન્યતા ઉપર વિશ્વાસ ન રાખતાં એમાં ઊંડા ઊતરવું, એનાં બધાં પાસાંઓને તાત્ત્વિક દૃષ્ટિએ ચકાસવાં ને એ પછી જ એ બાબતની મૂલવણી કરવી. પરિણામે હું દરેક વાતને તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતા શીખ્યો. અને પ્રભુકૃપાએ મારી એ ટેવ એ પછી તો ધીરે ધીરે પરિપક્વ બનતી ચાલી.

એ પછી તાત્ત્વિક દૃષ્ટિએ મેં તારવેલાં મારાં મંતવ્યો 'નવચેતન'ને પ્રથમ પાને દર માસે પ્રગટ કરવા માંડ્યાં. એ પ્રકારના લેખોને વાચકો તરફથી સારો આવકાર મળતાં મેં નિયમિત રૂપે એવા લેખો આપવા માંડ્યા.

અને પંચોતેર પૂરાં કરી છોંતેરમાં હું પ્રવેશ્યો ત્યારે મારા એવા લેખોનો એક જ અંકમાં સંગ્રહ કરીને મેં જુલાઈ, ૧૯૬૨ના 'નવચેતન'નો અંક 'તંત્રી ચિંતનાંક' રૂપે પ્રગટ કર્યો. એ અંક અંગે અતિ પ્રોત્સાહક ને

પ્રશંસાજન્ય અભિપ્રાયો ચોમેરથી પત્રરૂપે મળેલા. છતાં કોઈ પણ પુસ્તકપ્રકાશકે પુસ્તક રૂપે એ પ્રગટ કરવાની માગણી મારી પાસે કેમ નહિ કરી હોય એની મને નવાઈ લાગતી હતી. આજે પણ આ પુસ્તક કદાચ જગતનો પ્રકાશ જુઅત નહિ, જો અમદાવાદના આપબળે આગળ વધેલા એક શ્રીમંત શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે મારા ચિંતનલેખો પુસ્તક રૂપે પ્રજા સમક્ષ મૂકવાનું મને સૂચન કરીને જોડે જોડે એના પ્રચારાર્થે પાંચસો રૂપિયાની આર્થિક સહાય આપવાની પોતાની મમતાભરી અને પરમાર્થી શુભેચ્છા સામેથી ન દર્શાવી હોત તો.

એટલે આ પુસ્તક પાંચસો પુસ્તકાલયોને અર્ધી કિંમતે આપવાની યોજના અમે બેઉએ ઘડી. આ રીતે આ પુસ્તકપ્રકાશનનો સાચો યશ તો પોતાની લક્ષ્મીનો પ્રજાના સંસ્કારઘડતર માટે સદુપયોગ કરી જાણનારા આ ઉદાર અને પ્રેમાળ સજ્જનને ફાળે જાય છે. પ્રભુ એમનું કલ્યાણ કરો !

આ વિચારણીય પુસ્તકને પ્રજા તરફથી જો સારો આવકાર સાંપડશે તો ભવિષ્યે આ પ્રકારનાં બીજાં પણ પ્રેરણાત્મક અને ચિંતનપ્રેરક પુસ્તકો પ્રજાને ચરણે ધરવાની મારી અભિલાષા છે.

અમદાવાદ **- ચાંપશી વિ. ઉદેશી**

તા. ૩-૧૨-'૬૮

# અનુક્રમણિકા


૦૧. આચાર અને વિચાર વચ્ચેનું અંતર ........ ૭
૦૨. "આવતી કાલ" માટે જ "આજ" આવી છે. ........ ૮
૦૩. શિસ્ત : જીવનઘડતરનું અનિવાર્ય અંગ ........ ૧૦
૦૪. જીવન સાથે સમજૂતી કરતાં શીખો ........ ૧૨
૦૫. માનવજીવનની મોંઘી મૂડી-એકાગ્રતા ........ ૧૬
૦૬. પહેલાં જવાબદારી પછી જ હક્ક ........ ૧૮
૦૭. વિદ્યાર્થી અને ઇતર વાચન ........ ૨૦
૦૮. કરવા જેવું એ "સુપેરે" કરવા જેવું ........ ૨૩
૦૯. આજના માનવીની આંધળી દોટ ........ ૨૫
૧૦. વાચન અને જીવનઘડતર ........ ૨૭
૧૧. સીદી ભાઈનો ડાબો કાન ........ ૩૩
૧૨. વિચાર પણ વિચારીને કરો ........ ૩૫
૧૩. જીવન શું છે ? ........ ૩૯
૧૪. પૂર્ણવિરામ વિનાનું જીવન ........ ૪૩
૧૫. સાંસ્કૃતિક ગ્રહણ ........ ૪૫
૧૬. શું ત્યાગવું એ જાણો ........ ૪૯
૧૭. આજનો પુરુષાર્થ એ કાલનું પ્રારબ્ધ ........ ૫૧
૧૮. અપમાન કરતાં માન જીરવવું વધુ મુશ્કેલ છે. ........ ૫૩
૧૯. એમનાં ચારિત્ર્ય એ રાષ્ટ્રની સંપત્તિ છે. ........ ૫૫
૨૦. સુખનાં સુખડ જલે ત્યારે ........ ૫૭
૨૧. જૂનું નવું નહિ પણ સારું નરસું ........ ૬૧
૨૨. જીવન અને મૃત્યુ એ 'જોડિયા' ભાઈઓ છે. ........ ૭૪
૨૩. મારી કલ્પનાનો ભારતીય નાગરિક ........ ૭૭
૨૪. ઘોંઘાટ ! ઘોંઘાટ ! ઘોંઘાટ ........ ૭૯
૨૫. સર્વાંશે ઉપેક્ષિત એક સમાજસેવા ........ ૮૧

૨૬. આધુનિક શિક્ષણવિચાર ........................................ ૮૩
૨૭. હક્કો અને મહેનતાણાં વધ્યાં, જવાબદારી ઘટી ............... ૯૦
૨૮. કામ એ જ રામ ! ................................................ ૯૨
૨૯. જીવન એ સંગ્રામ છે ............................................ ૯૪
૩૦. ભારતમાં સેક્સ યુગનાં પગરણ ................................ ૯૬
૩૧. લોકશાહી આવી, લોકઘડતર બાકી છે ........................ ૧૦૩
૩૨. એક વિચારણીય પ્રશ્ન ........................................... ૧૦૫
૩૩. આત્મબળ કસનારું જીવન જીવો ................................ ૧૧૨
૩૪. જીવનભર જળકમળવત્ જીવનરસ જાળવો ..................... ૧૧૪
૩૫. માનવીનો સૌથી મોટો શત્રુ માનવી જ છે ................... ૧૧૬
૩૬. પુરુષ સમોવડી નહિ, પુરુષની પ્રેરણામૂર્તિ ................... ૧૧૮
૩૭. વધારે ચડિયાતી ‘કેરીઅર’ ...................................... ૧૨૪
૩૮. ક્યાં છે માનવતા ? આ રહી કાગળ પર !.................... ૧૨૬
૩૯. વિચાર એ છીપ છે, આચાર એ મોતી છે ..................... ૧૨૯
૪૦. આજનું ‘કહેવાતું’ ઊંચું જીવનધોરણ ........................ ૧૩૩
૪૧. ‘સાધન’ જ્યારે ‘સાધ્ય’ બની જાય ત્યારે .................... ૧૩૫
૪૨. કાગળનાં ફૂલ ..................................................... ૧૩૭
૪૩. અસામાન્ય સામાન્યતાને સ્થાને સામાન્ય અસામાન્યતા .. ૧૪૦
૪૪. પ્રસિદ્ધિનો મોહ એટલે સિદ્ધિનો મૃત્યુઘંટ !.................. ૧૪૧
૪૫. ભૂંસાતી જતી એ ભેદરેખા ! ................................... ૧૪૪
૪૬. લોકશાહી અને ભારત .......................................... ૧૪૬
૪૭. વિચારોનું અજીર્ણ ............................................... ૧૪૮
૪૮. અદ્ભુત છે એ સંસ્કૃતિ ! ...................................... ૧૫૧
૪૯. નિષ્ઠા અને સિદ્ધાંતને ભરખી જતો પ્રચાર .................. ૧૫૪
૫૦. સાઠ મિનિટનું સાહિત્ય .......................................... ૧૫૬
૫૧. જે યુગમાં પાપ કરવું એ ચા પીવા બરાબર છે !........... ૧૫૮

# આચાર અને વિચાર વચ્ચેનું અંતર

તમે માનો કે ન માનો, પણ રોજ બરોજ દુનિયા વધારે બગડતી જાય છે. આનું કારણ એ કે વિચાર અને આચાર વચ્ચેનુ અંતર પ્રતિ દિન સૂરજ ઊગ્યે વધતું જ જાય છે. દુનિયા દિવસોદિવસ વિચારમાં આગળ વધતી જાય છે અને આચારમાં પાછળ પડતી જાય છે. વધતાં વધતાં આ અંતર એટલું તો વિશાળ બની જશે કે વિચારને આચાર સાથે જરા જેટલીયે નિસ્બત હોઈ શકે એવું માનવા દુનિયા સાફ ના પાડશે !

મહાન લેખકો, વિચારકો, તત્ત્વચિંતકો અને વક્તાઓને દુનિયા પૂજે છે. તેમના વિચારો જાણવા પડાપડી કરે છે, પુસ્તકો ખરીદે છે, વર્તમાનપત્રો વાંચે છે, રેડિયો સાંભળે છે અને જાહેર સભાઓમાં જાય છે; જ્યારે પોતાના સિદ્ધાંતોને, જગતના જીવનકલહ વચ્ચે, આચારમાં મૂકવા મથતા અને દુનિયા સામે ઝઝૂમતા એકાદ ખૂણે-ખાંચરે પડેલા આચારવાન માનવીની જગતને કશી ગણતરી નથી ! કારણ કે હવે તો દુનિયાને વિચારમાં જ કર્તવ્યની ઇતિશ્રી આવી ગયેલી દેખાય છે. એથી આગળ કાંઈ કરવાનું જ હોતું નથી ! મહાત્મા ગાંધી સરખી એકાદ આચારવાન વ્યક્તિને જગત પૂજે તેથી આચારનું કશું જ દળદર ફીટવાનું નથી. હવે તો એ સમય આવી ગયો છે કે દારૂના ગેરફાયદા પર લેખક દારૂ પીને કલમ ઉપાડી શકે અને દારૂને ‘‘દૈત્ય’’ તરીકે સંબોધીને દુનિયાની છાતી પર આંજી નાખનારા વિચારો ઝીંકી શકે !

દુનિયા પ્રગતિ નથી કરતી પણ કંગાલ બનતી જાય છે, કેમ કે દંભનો પડદો ચીરીને જોવાની દુનિયાને હવે ટેવ કે ફુરસદ નથી કે નથી આચારનું મૂલ્ય સમજવાની તેને હૈયે ઝાંખી સરખી પણ તમન્ના !

આજના યુગમાં બિચારા આચારવાન માનવીઓ વિચારવાન માનવીઓના પગ તળે છૂંદાતા છાની ચીસો પાડી રહ્યા છે ! પણ વિચારના બુલંદ જયનાદમાં એ આર્તનાદો કોણ સાંભળે ? ❑

# ૨ "આવતી કાલ" માટે જ "આજ" આવી છે.

There is always tomorrow એવું એક અંગ્રેજી વાક્ય ક્યાંક વાંચ્યાનું કે સાંભળ્યાનું મને યાદ છે. "આવતી કાલ આવવાની છે." એ વાત જો આપણે યાદ રાખી શકીએ તો આપત્તિકાળમાં આપણને ઘણું ઘણું આશ્વાસન અને વિપુલ નૈતિક બળ મળી રહે.

કાળનો અને કુદરતનો એ નિયમ છે કે દુ:ખ પછી સુખ અને તડકા પછી છાંયડો આપવાં. "આજ" જેમ અનંત નથી તેમ "દુ:ખ" પણ અનંત નથી એ સત્ય ભૂલવા જેવું નથી. આજ પછી આવતી કાલ આવવાની જ છે અને દુ:ખ પછી સુખ આવવાનું જ છે.

કાળ જેમ અનંત છે તેમ આશા પણ અમર છે. અને એ અમર આશાના ગર્ભમાં "આવતી કાલ" છુપાઈ છે. આશા એ જો માનવીનો જીવનતંતુ લેખાય તો "આવતી કાલ" પણ માનવીનો જીવનતંતુ શા માટે ન લેખાય ? "આવતી કાલ" એટલે જ નવી આશા, કંઈક નવું, કંઈક "આજથી જુદું" અને "કંઈક પામવા સરખું" એ ભાવના નિરંતર સેવનાર માનવી જીવનમાં કદી હતાશા અનુભવતો નથી. એનો આશાદોર તો અતૂટ અને અખંડ રહે છે.

"આજ કંઈ વળ્યું નહિ" માટે "આવતી કાલે પણ શું વળશે ?" એવું કદી ધારતા નહિ. કાલ નકામી જશે એવું કદી વિચારતા નહિ. સંભવ છે કે ભાવિએ તમારે માટે "આવતી કાલ" તમારી "આજ" કરતાં એટલી બધી જુદી ઘડી રાખી હોય કે ઘડીભર તો તમે વિસ્મય પામી જાઓ ! તમે ન કલ્પેલું કદાચ આવતી કાલે બની જાય! તમે ન ધારેલું કદાચ આવતી કાલે તમારી પાસે આવી પડે ! માટે સદૈવ "આવતી કાલ"માં શ્રદ્ધા રાખો.

ભૂતકાળની નિષ્ફળતાઓ અને ભૂતકાળનાં દુ:ખો યાદ કરી

કરીને નિશ્વાસ મૂકનાર અને દુઃખી થનાર માનવી ભૂલી જાય છે કે ''ગઈ કાલ'' ફરી આવવાની નથી તો આજે એનું દુઃખ શા માટે ? અને ''આવતી કાલ'' તો હજી આવવાની છે તો એની આશા શા માટે નહિ ? ભૂતકાળને ભૂલવો ને ભાવિમાં શ્રદ્ધા રાખવી એ જ જીવનને સુખી બનાવવાનો સર્વોત્તમ માર્ગ છે. બલ્કે તમારો ભૂતકાળ જો દુઃખી હશે તો સુખી ભાવિ જીવન આવવાનો વધારે સંભવ છે, કેમ કે દુઃખ પછી સુખ એ જ કાળચક્રની ગતિનો અટલ નિયમ છે.

કાજળઘેરી રાતમાં અટવાતો મુસાફર સારી રીતે જાણે છે કે મળસકું આવવાનું જ છે એ રીતે ''આજ'' ના અંધકારમાં અટવાતા માનવીએ પણ ખાતરી રાખવાની છે કે ''આવતી કાલ રૂપી મળસકું'' આવવાનું જ છે. જીવનની કોઈ પણ સ્થિતિ, જીવનનું કોઈ પણ દુઃખ, જીવનની કોઈ પણ નિરાશા અનંત કાળ સુધી ટકી રહેવા સર્જાયાં જ નથી. ક્ષણિક એ દુઃખ, ક્ષણિક એ નિરાશા કેવળ ''આજ પૂરતાં'' જ છે એમ માની લઈને ''આવતી કાલ'' તરફ આશાની મીટ માંડીને જોનાર માનવી કદી હારતો નથી.

એટલે જ્યારે તમારું હૈયું સાવ બેસી ગયું હોય, જ્યારે તમારી ચારે બાજુ નિરાશાનાં પૂર ઊમટયાં હોય અને જ્યારે તમે હિંમત હારી જવાની અણી પર હો ત્યારે એટલું જ યાદ રાખશો કે ''આવતી કાલ'' માટે જ ''આજ'' આવી છે. અને ''એ આવતી કાલ આજથી જુદી જ હશે.''

❑

*મૃત્યુ જ જો આવનાર છે તો જીવન શા માટે ? અને આત્મા જો ફરી અન્ય કોઈ દેહમાં વસનાર છે તો મૃત્યુ શા માટે ?*

# શિસ્ત : જીવનઘડતરનું અનિવાર્ય અંગ

વ્યક્તિસ્વાતંત્ર્ય, આઝાદી, જન્મસિદ્ધ હક્ક વગેરે શબ્દો આજકાલ અવારનવાર આપણા કાને વ્યક્તિ કે સમષ્ટિના વિષયમાં સંભળાયા કરે છે. પણ એ શબ્દોના અર્થમાં અથવા તો એ શબ્દોના ભાવાર્થના પાલનમાં આપણે કેટલીક વાર આપણને મનફાવતો જ અર્થ કરી લઈએ છીએ. 'વ્યક્તિસ્વાતંત્ર્ય'ના ઓઠા હેઠળ ઘણી વાર આપણે જાણ્યે કે અજાણ્યે સ્વચ્છંદતાને પોષીએ છીએ. 'આઝાદી'ની આણ આપીને આપણે ઘણી વાર સામાની આઝાદી ખૂંચવી લેતું આચરણ આચરીએ છીએ. 'જન્મસિદ્ધ હક્ક'માં ચક્રવૃદ્ધિ વ્યાજ ઉમેરીને આપણે 'મનસિદ્ધ હક્ક'નો ઉપયોગ કરી લઈએ છીએ !

એ જ પ્રકારે 'શિસ્ત', 'આજ્ઞાપાલન' વગેરે ગુણોને આપણે જુદે જ સ્વરૂપે અને જુદા જ અર્થમાં કેટલીક વાર જોઈએ છીએ અને એ ગુણો આપણા વ્યક્તિસ્વાતંત્ર્યનો વિનાશ કરનારા હોય એમ માનીને એમની ઉપેક્ષા કરીએ છીએ, બલ્કે તેમને 'ગુણ'ને બદલે 'અવગુણ' લેખીએ છીએ. 'સ્વાતંત્ર્ય' એટલે વિકાસને પોષક ગુણ અને 'શિસ્ત' એટલે વિકાસને અવરોધક અવગુણ એવી માન્યતા આપણા ઘણામાં - અને મુખ્યત્વે તો આપણા વિદ્યાર્થીઓમાં-પ્રવર્તતી જોવામાં આવે છે. પણ એ ભૂલભરેલી છે. આયુર્વેદની કેટલીક અતિ સૂક્ષ્મ અને જલદ ઔષધીઓની પેઠે એ બેઉ ગુણોની 'માત્રા'માં સહેજ પણ ન્યૂનાધિકતા આવે તો એ ગુણો લાભકારક બનવાને બદલે હાનિકારક બને છે. અર્થાત્ એ 'ગુણો' પછી 'અવગુણો' બની જાય છે.

'શિસ્ત' એ એક એવો ગુણ છે, જે વ્યક્તિ અને સમષ્ટિ ઉભયના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સહેજ સરળ અને આધુનિક ઉપમા આપીએ તો શિસ્ત વિનાનું જીવન એ લગામ વિનાના ઘોડા સરખું કે 'બ્રેક' વિનાની મોટર સરખું છે. માળીની પૂરતી કે જરાય દેખરેખ વિના છોડ ઊગી પણ શકે છે અને ફાલી પણ શકે છે. છતાં જ્યાં સુધી માળી

એ છોડની કાપકૂપ ન કરે ત્યાં સુધી એ છોડ યોગ્ય આકાર ધારણ કરતો નથી. આપણા જીવનને છોડની ઉપમા આપીએ તો શિસ્તને માળીની ઉપમા આપી શકાય. શિસ્ત વગર જીવન આગળ વધે છે ખરું અને વિકાસ પણ પામે છે ખરું, છતાં એ વિકાસ 'યોગ્ય સ્વરૂપ'નો હોતો નથી. એ 'સ્વચ્છંદી' વિકાસ હોય છે. એ વિકાસમાં કશોક 'વિકાર' ભરેલો હોય છે - 'શિસ્ત'ભંગ કરી મનફાવતું કરવાની વૃત્તિનો. એ વિકાર છે 'શિસ્ત'ને ભોગે 'વ્યક્તિ-નિરંકુશતા' આગળ લાવવાનો.

ખરું જોતાં શિસ્ત જીવનઘડતર માટે આવશ્યક અને સહેજ આગળ વધીને કહીએ તો 'અનિવાર્ય' છે. સમાજ, પ્રજા અને દેશના ઘડતર તેમ જ વિકાસ માટે શિસ્ત ખરેખર 'અનિવાર્ય' છે. સમાજ, પ્રજા કે દેશ એટલે વ્યક્તિઓનો જ સમૂહ. એ સમૂહમાંની પ્રત્યેક વ્યક્તિ જો પોતાના પૂરતું શિસ્તપાલન ન કરે તો એ સમાજ, પ્રજા કે એ દેશનું ઘડતર એટલા પૂરતું ઊણપભરેલું જ રહેવાનું અને વિકાસ એટલા પૂરતો ખામીભર્યો જ રહેવાનો.

શિસ્તપાલનથી આપણે જેની આજ્ઞાથી શિસ્ત પાળીએ છીએ તે વ્યક્તિ આગળ આપણું નીચાપણું મૌનભાવે આપણે કબૂલ કરી લઈએ છીએ એમ કેટલાક માને છે. આ જબરી ભૂલ છે. ખરી રીતે તો આજ્ઞા કરનાર કરતાં એ આજ્ઞાનુસાર શિસ્તપાલન કરનાર વધારે મહાન છે. આ સત્ય આપણો આજનો વિદ્યાર્થી જેટલું વહેલું સમજતો થશે તેટલો તેનો વહેલો વિકાસ થશે.

માનવજીવનમાં જે કેટલાક મહાન ગુણોનું આરોપણ શક્ય છે તેમાં શિસ્ત સૌથી આગળ પડતો ગુણ છે. તે વ્યવસ્થા અને શાંતિને પોષે છે અને એ પ્રકારે વ્યક્તિ કે સમષ્ટિને આગળ વધવાની તક ઊભી કરી આપે છે. આપણું શિસ્તપાલન જેટલું સામાને ઉપકારક છે તેથી વધુ તો આપણી પોતાની જાતને ઉપકારક છે, એ સત્ય નિરંતર સ્મરણમાં રાખો. આજના ભારતની સૂરત કેવળ 'શિસ્ત' જ પલટાવી શકશે.

❑

માનવજીવન એ કંઈ પુષ્પોની સુંવાળી શય્યા નથી, પણ આદર્શ અને વ્યવહાર વચ્ચેનું અંતર જે સંઘર્ષણો જન્માવે છે એ સંઘર્ષણો સામે માનવને ઝૂઝતો રાખનારો એક પ્રકારનો 'સંગ્રામ' છે. એ જીવનસંગ્રામમાં આંધળા બનીને કેવળ લડવાનું જ નથી હોતું પણ હૃદય અને બુદ્ધિને કામે લગાડી, શ્રદ્ધા અને પ્રેરણાનો પોકાર સાંભળી કેટલીક વાર શત્રુને શરણે જવાનું કે શત્રુને આપણે ગળે લગાડવાનું કામ પણ આ જીવનસંગ્રામ દરમિયાન આપણે કરવાનું હોય છે. 'યુદ્ધ' અને 'સંધિ'નું વિચિત્ર મિશ્રણ કરીને જ આ સંગ્રામ આગળ ધપાવવાનો હોય છે. અને એમાં પણ ખરી કુનેહની જરૂર તો જીવનસંગ્રામ દરમિયાન ક્યારે સંધિ કરી લેવી અને એ સંધિની સહાયથી જ જીવનસંગ્રામ કેમ આગળ ધપાવવો એનો નિર્ણય કરતી વખતે પડે છે. બીજી રીતે કહીએ તો ''જીવનસંગ્રામમાં સંધિ કરવી જેટલી કઠિન છે તેટલું કઠિન લડવું નથી.'' કેમ કે જીવનસંગ્રામમાં લડવામાં તો કેવળ સહન કરવાનું જ હોય છે, પણ ''સંધિ''માં તો સહન કરવા ઉપરાંત ''ઝેર''નું ''અમૃત''માં પરિવર્તન કરવાનું સૂક્ષ્મતમ માનસિક કાર્ય પણ-કેટલીક વાર અંતરને મહામુશ્કેલીએ મનાવી લઈને પણ-કરવાનું હોય છે.

જીવન કેવળ સુખમય નથી કે કેવળ દુ:ખમય. એ અમૃતભર્યું પણ નથી તેમ જ વિષમય પણ નથી. જીવન એ અમૃત અને ઝેરનું 'મિશ્રણ' છે. જીવનમાં અમૃત અને ઝેર બેઉ પચાવવાની અને પચાવીને જીરવવાની શક્તિ જે માનવી કેળવે તે જીવન જીવવામાં વિજયી નીવડે. તડકો-છાંયો અને રાતદિવસ જેમ પ્રકૃતિનો અબાધિત ક્રમ છે તેમ દુ:ખ પછી સુખ કે સુખ પછી દુ:ખ એ માનવજીવનનો અબાધિત ક્રમ છે. એ ક્રમને વશ થયે જ છૂટકો. એકલું સુખ જ કે એકલું દુ:ખ જ જગતના કોઈ પણ માનવીના પ્રારબ્ધમાં લખાયેલું હોતું નથી - હોઈ શકે જ નહિ.

એટલે દુઃખ જો જીવન માટે ઝેર છે એવી ઉપમા ઘટાવીએ તો એ ઝેર પચાવવાની અને જીરવવાની શક્તિ કેળવનારો એ દુઃખની અસર હળવી કરી શકે છે એટલું જ નહિ પણ કેટલીક વાર એ દુઃખને સુખમાં પણ પલટાવી શકે છે ! અને જે એમ કરી શકે એને જ જીવન જીવવાની સાચી કલા હસ્તગત થઈ કહેવાય.

હવે પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે જીવનમાં ઝેર શી રીતે પચાવવાં ? એમ કરવા માટે માનસિક શક્તિને શી રીતે કેળવવી ? વૃત્તિને શી રીતે વાળવી ? અંતરને શી રીતે મનાવવું ? ચાલો, એ વિશે આપણે થોડુંક વિચારીએ.

જીવનમાં કેટલીક વાર તમને તમારું પોતાનું જ જીવન તમારી પોતાની જ વિરુદ્ધ જતું, તમારી પોતાની જ સામે કામ કરતું અને તમને ન ગમે એવો ઘાટ ધારણ કરતું જતું જણાશે. કોઈ કોઈ વાર તો એ તમારી વિરુદ્ધ એટલું બધું ગયું જણાશે કે તમે લાચાર બની ગયા હો એવો તમને અનુભવ થવા માંડશે. બીજી રીતે કહીએ તો તમારા ‘‘સંજોગો’’ એવા આવી જાય છે કે તમને જીવનસંગ્રામમાં આગળ વધવાનો એકે માર્ગ સૂઝતો નથી ! યુદ્ધમાં જેમ કોઈક સૈન્ય શત્રુસૈન્યથી ઘેરાઈ જાય અને એ ઘેરાયેલા સૈન્યને કાં તો ભૂખે મરવાનો કે કાં તો શરણે જવાનો જ પ્રસંગ આવે એ રીતે તમારું જીવન ‘‘સંજોગો’’થી ઘેરાઈ જાય છે !

માનવી નિરાશામાં હતોત્સાહ ન થાય એ માટે અંગ્રેજીમાં એવા ભાવાર્થની કહેવત છે કે "A man should not be a creature of circumstances but creator of circumstance." એટલે કે ‘‘માનવીએ સંજોગોનો શિકાર ન બનતાં વિપરીત સંજોગોને પલટાવીને અનુકૂળ સંજોગો જન્માવવા જોઈએ.’’ વાત તદ્દન સાચી છે પણ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે ‘‘આ નવા સંજોગો જન્માવવા શી રીતે ?’’ ઉત્તર મળે કે ‘‘એવે પ્રસંગે જીવન સાથે સમજૂતી કરીને-જીવનને શરણે જઈને’’ કેમ કે તમારું

પોતાનું જ જીવન એવે વખતે તમારે માટે ''શત્રુસૈન્ય'' બનીને તમને ઘેરીને ઊભું હોય છે ! આવા સંજોગોમાં જીવન સાથે સમજૂતી કરી લેવી એ એકમાત્ર ''સાચો'' માર્ગ છે. ''સાચો'' એ અર્થમાં કે એ ''સમજૂતી'' જ જીવનસંગ્રામમમાં આગળ વધવા માટે તમને ફરી સુસજ્જ કરે છે. જીવનના ઝેરને અમૃતમાં ફેરવી નાખનાર કોઈ જાદુઈ કીમિયા સરખી એ સમજૂતી છે. એની અસર ચમત્કારિક છે ! એ દુઃખને સુખમાં ને ઝેરને અમૃતમાં ફેરવી નાખીને, તમારા જીવનને પુનઃ આશા અને ઉલ્લાસથી ભરી દઈને જીવનસંગ્રામમમાં આગળ ડગ ભરવા તમને પ્રેરે છે !

પણ એક વાત અહીં ભૂલવાની નથી. આ ''સમજૂતી''નો અર્થ સિદ્ધાંતનું બલિદાન આપવું એવો નથી કરવાનો. આજે પણ જગત ટકી રહ્યું હોય તો સિદ્ધાંતને જ બળે. આજે પણ માનવજીવન ''જીવન'' બની રહ્યું હોય ને જીવવા યોગ્ય રહ્યું હોય તો સિદ્ધાંતને જ બળે. સિદ્ધાંત જ માનવીનું સર્વસ્વ છે. એટલે તમારા સિદ્ધાંતોનો ત્યાગ કરવાની વાત અહીં નથી. પણ જ્યારે સંજોગો જ તમારી વિરુદ્ધ જતા હોય, જ્યારે તમારા અંતરનો અવાજ સાંભળ્યા વિના તમારું જીવન પોતે પોતાની મનસ્વી રીતે આગળ વધવા માગતું હોય ત્યારે તમારા મનને મનાવી લઈ, જગત અને જીવનની સરળતાને ખાતર, તમારું પોતાનું જીવન ફરી તમને અનુકૂળ બનીને તમારું કહેવું માનતું થાય એ ખાતર, જીવન સાથે એવે પ્રસંગે ''સમજૂતી'' કરી લેજો. એ સમજૂતી તમને એવા સંજોગોમાં મૂકશે કે તમે તમારા સિદ્ધાંતાનુસાર તમારા જીવનને ફરી આગળ ધપાવી શકશો.

પણ આવી ''સમજૂતી'' કરતી વેળા મનને મનાવવાનું કામ જ સૌથી મુશ્કેલ છે. એવે પ્રસંગે તમે પોતે પરાજય અનુભવતા હો એવો અનુભવ થશે. સમજૂતી કરતાં મન ચમચમશે. આંતરવૃત્તિઓ ઘડીભર બંડ પોકારી ઊઠશે ! પણ એવે પ્રસંગે જે માનવીએ મનને મનાવી

લેવાની વૃત્તિ કેળવી હશે એ માનવી જ જીવન સાથે ‘‘સમજૂતી’’ કરી લઈને દેખાતા પરાજયને વિજયમાં ફેરવી શકશે, કેમ કે ખરું જોતાં તો એ સમજૂતી આપણને પરાજિત કરતી નથી, પણ આપણા વિજયપ્રમાણનું એક સોપાન બની રહે છે. એ સમજૂતી પછી પરાજય ‘‘પરાજય’’ રહેતો નથી, પણ ‘‘વિજય’’માં એનું રૂપાંતર થવા માંડે છે. ઝેરની કટુતાને સ્થાને અમૃતની મીઠાશ તમારું અંતર, આવી સમજૂતી પછી, અનુભવવા લાગે છે. એટલે આ ‘‘સમજૂતી’’ના આવા ચમત્કારી પરિણામનો વિચાર કરતાં આપણે એને ‘‘જીવન જીવવાની કલા’’ નામ પણ આપી શકીએ.

અનુભવીઓ પોકારે છે કે ‘‘અનુકૂળ હોય કે પ્રતિકૂળ **પણ જીવન સાથે સમજૂતી કરી લેવી જ સારી.**’’ તમે પણ આ અનુભવવાણી ઝીલી લઈને વખત આવ્યે આચારમાં મૂકી જુઓ અને તમને જણાશે કે તમારા જીવનઝેરને અમૃતમાં પલટાવવાની શક્તિ તમારામાં આવી છે. મીરાંબાઈને રાણાએ મોકલેલું ઝેર પ્રભુકૃપાથી અમૃતમાં ફેરવાઈ ગયું હતું. એવું આપણે વાંચ્યું છે, પણ જીવનમાં ઝેરને અમૃતમાં પલટાવવામાં તો જીવન સાથેની ‘‘સમજૂતી’’ જ કારગત નીવડે છે ! આવી ‘‘સમજૂતી’’ એક પ્રકારની પ્રભુકૃપા જ છે, કેમ કે એ વિષને અમૃત બનાવે છે.

❑

*પ્રેમ માટે કરાયેલું સ્વાર્પણ કોઈક એવું મધુર સુખ જન્માવે છે કે એ સુખની મધુરતા પ્રેમસિદ્ધિથી જન્મતી મધુરતા કરતાં પણ વધી જાય છે.*

ક્રિકેટની કોઈ મોટી ''ટેસ્ટ મેચ''માં દાવ લેતા કોઈ જાણીતા ''બૅટ્સમૅન''ને તમે બારીકીથી અવલોક્યો છે ? એ દાવ લેનારે સામેથી દડા ફેંકનારના પ્રત્યેક દડાની ગતિનું અને પ્રકારનું એકાગ્રતાપૂર્વક-અત્યંત એકાગ્રતાપૂર્વક-અવલોકન કરવાનું હોય છે. કેવળ દડાનું જ નહિ, દડો ફેંકનારના વેગનું, એના શારીરિક હલનચલનનું અને એના હાથમાંથી દડો છૂટે એ વેળાના એના હાથના વળાંકનું પણ સૂક્ષ્માવલોકન દાવ લેનાર એ ખેલાડીએ કરવાનું હોય છે. એ માટે તેણે ગહન એકાગ્રતા સાધવાની હોય છે કહો કે પ્રભુધ્યાનમાં નિમગ્ન બનેલા કોઈ યોગી જેટલી એકાગ્રતા એણે સાધવાની હોય છે ! ક્રિકેટની રમતના નિષ્ણાતો કહે છે કે એ એકાગ્રતા જેટલે અંશે ખંડિત થાય એટલે અંશે દાવ લેનાર ''આઉટ'' થઈ જવાનો સંભવ વધારે. તાત્પર્ય કે ''વિકેટ'' પાસે ટકી રહેવા માટે એ ખેલાડીએ સતત એકાગ્રતા જાળવવાની હોય છે. એકાગ્રતાની આ ટેવ જેટલે અંશે ખેલાડી કેળવે એટલે અંશે એ રમતમાં પ્રગતિ સાધી શકે.

જેમ ક્રિકેટની રમતમાં તેમ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ સાધવા કાજે એકાગ્રતા આવશ્યક છે. જગતના મહાન ચિંતકો, વિશ્વના પ્રખર વૈજ્ઞાનિકો, દુનિયાના અગ્રણી રાજપુરુષો, ઉદ્યોગોમાં ક્રાંતિ લાવનાર મહાન ઉદ્યોગપતિઓ કે સાહિત્ય તેમ જ પુરાતત્ત્વમાં સંશોધન કરનાર ગહન સંશોધકો-એ સૌએ એકાગ્રતા સાધવી જ પડે છે. જગતમાં જેમણે જેમણે મહાન ઉલ્લેખનીય કાર્યો કર્યાં છે તે સૌને એકાગ્રતાની આરાધના કરવી જ પડી છે.

એકાગ્રતા એ સિદ્ધિની જનેતા છે. જગતમાં જેઓ સ્થૂળતાની ઝાઝી પરવા કર્યા વિના સૂક્ષ્મતાને વરે છે તેઓ આંતરિક વસ્તુસ્થિતિનાં

દર્શન કરી શકે છે. શોધકે પણ આંતરિકતાને જ નિહાળવાની અને પારખવાની હોય છે. અને એટલે જ એણે એકાગ્રતા કેળવવાની હોય છે. મોતી મેળવવા જેમ મરજીવો સાગરને તળિયે ડૂબકી મારે તો જ મોતી પામી શકે તેમ તમે પણ મનરૂપી સાગરના તળિયા સુધી એકાગ્રતાથી ડૂબકી મારી શકો તો જ સિદ્ધિ રૂપી મૌક્તિક પામી શકો.

જીવનમાં કેવળ એક જ નિશ્ચિત ધ્યેયને વરેલો માનવી વિશેષ સહજભાવે એકાગ્રતા સાધી શકે છે. એકાગ્ર માનવી જાણે પોતાના ધ્યેયમાં જ દુનિયાને ખોવાઈ ગયેલો લાગે છે ! દુનિયાને તે શૂન્યમનસ્ક કે પાગલ સરખો લાગે છે. પણ વાસ્તવમાં તો પોતાના ધ્યેય પ્રત્યેની એકાગ્રતા જ એને દુનિયાની બીજી બાબતો પ્રત્યે ઉદાસીન બનાવી દે છે.

માનવી માટે અને જગત માટે એકાગ્રતા એક મોંઘી મૂડી સમાન છે. માનવકલ્યાણ કાજે અને જગતની ઉન્નતિ અર્થે એ અનિવાર્ય છે. જગત જેટલું વધારે ઓછાબોલું, વધારે શાંત અને વધારે એકાગ્ર બનશે એટલી એ વધારે પ્રગતિ સાધી શકશે, એમાં શંકા નથી.

માટે ઓછું બોલો ને ચિત્તની એકાગ્રતા સાધી તમારા નિશ્ચિત ધ્યેયમાં લાગી જાઓ. અંગ્રેજીમાં એક કહેવત છે કે "Anything worth doing is worth doing well." એટલે કે ''કરવા જેવું કોઈ પણ કામ સુપેરે કરવા જેવું જ હોય છે.'' અને કામને સુપેરે કરવા કાજે અને એને પરિણામે સિદ્ધિને વરવા કાજે એકાગ્રતા જ 'મહામંત્ર' છે. જીવનમાં વિશેષ માર્ગે પ્રસ્થાન કરવાનો વિરલ સિદ્ધ મંત્ર તો એકાગ્રતા જ છે.

❑

*પ્રારબ્ધવાદી ! તારું પ્રારબ્ધ તાળું વાસેલા પટારા સરખું છે. એમાં શું છે તે જાણવાની ઈચ્છા હોય તો પુરુષાર્થરૂપી કૂંચીથી એ પટારાનું તાળું ઉઘાડ.*

માનવી પોતાનું સાચું મૂલ્યાંકન સમજતો થાય અને પોતાના જન્મસિદ્ધ અધિકારો માગતો થાય એ વાજબી જ છે. આજના યુગનો માનવી હવે તો પોતાના અધિકારોની બાબતમાં સંપૂર્ણ જાગૃત થઈ ગયો છે. આજે તો કોઈ પણ એક દેશ, જાતિ, સમાજ કે વ્યક્તિ અન્ય દેશ, જાતિ, સમાજ કે વ્યક્તિના હક્કો ડુબાડી કે દબાવી શકે નહિ એટલી જાગૃતિ માનવજાતમાં આવી છે ! પરિણામે કેટલીક વાર હક્કો માગવાની અને આપવાની બાબતમાં ઘર્ષણો પણ જન્મે છે.

પણ હક્ક માગનાર એ હક્કને લાયક જ હોય એવું પણ સદા હોતું નથી. હક્ક મેળવવાની લાયકાત ક્યારે પ્રાપ્ત થઈ લેખાય એ પ્રશ્નનો આપણે હવે તાત્ત્વિક વિચાર કરીએઃ

હક્ક એ એક પ્રકારનો ભોગવટો છે. એ ભોગવટો માગવાની હક્ક માગનારમાં યોગ્યતા છે કે નહિ એ જ પ્રશ્ન હક્ક માગનાર ને હક્ક આપનાર ઉભય માટે મહત્ત્વનો છે. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારનો હક્ક માગે એટલે તેને એ મળવો જ જોઈએ એવો સિદ્ધાંત તો ન જ તારવી શકાય. હક્ક માગનારની એ હક્ક માટેની લાયકાત જ એની માગણીની યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરી શકે.

હક્ક કે અધિકાર માગવાનો હક્ક તમને ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે તમે તમારી ''જવાબદારી'' સમજતા થાઓ. સમજતા થાઓ એટલું જ નહિ પણ એ જવાબદારી યોગ્ય રીતે અદા પણ કરતા થાઓ. **હક્કનો પાયો જ જવાબદારી છે.** જવાબદારી એ બીજ છે, હક્ક એ બીજ વાવ્યા પછી ઊગી નીકળનારું વૃક્ષ છે.

જવાબદારી અને હક્ક વચ્ચેનો સંબંધ હવે એક સરળ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરીશ :

ધારો કે એક મિલમજૂર કોઈ મિલમાં કામ કરે છે. એણે અમુક કલાક સુધી કામ આપીને બદલામાં અમુક પગાર અને અમુક હક્કો મેળવવાના હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો એ મજૂરના શ્રમનો અને એ મિલમાલિક-શેઠના ધનનો 'અદલોબદલો' થાય છે. મજૂર અમુક પ્રમાણમાં પોતાનો શ્રમ આપીને અમુક પ્રમાણમાં ધન મેળવે છે, જ્યારે શેઠ અમુક પ્રમાણમાં પોતાનું ધન આપીને અમુક પ્રમાણમાં કામ મેળવે છે. આ અદલાબદલાને ત્રાજવાની ઉપમા આપીએ તો એમ કહી શકાય કે એના એક પલ્લામાં ધન છે અને બીજા પલ્લામાં શ્રમ છે. ત્રાજવાનાં બેઉ પલ્લાં સરખાં રહે તો જ બેઉ પક્ષો પોતાની લેવડદેવડમાં પ્રામાણિક રહ્યા લેખાય. હવે મિલમજૂર કામચોરી કરે એટલે કે પોતાની 'જવાબદારી' પૂરેપૂરી અદા ન કરે અને બદલામાં નક્કી થયેલો પગાર તેમ જ હક્કો મેળવે તો લેવડદેવડમાં એણે ઠગાઈ કરી કહેવાય. એ જ રીતે જો પગાર આપવામાં કે હક્કો આપવામાં શેઠ પણ દાનતચોરી દેખાડે તો તેણે પણ ઠગાઈ કરી કહેવાય.

આ પરથી ફલિત થાય છે કે જવાબદારી પૂરેપૂરી અદા કરનાર જ હક્કને લાયક છે.હક્ક માગવો એમાં કશું જ ખોટું નથી, પણ જવાબદારી પૂરેપૂરી અદા કર્યા વિના હક્ક માગવો એ જ ખોટું છે. જેમ રૂપિયો વટાવીને સો પૈસા મેળવી શકાય તેમ જવાબદારી વટાવીને બધા હક્કો મેળવી શકાય. પણ તમારી જવાબદારીનો એ સિક્કો ખોટો કે બોદો તો ન જ હોવો જોઈએ.

**જવાબદારી એ હક્કની જનેતા છે, માટે પહેલાં જવાબદારી પછી જ હક્ક.**

❑

*બીજાને સુખી જોઈ સુખી થવું એના જેવું બીજું સુખ એકે નથી.*

શારીરિક વિકાસ કાજે જેમ ખોરાક જરૂરી છે તેમ માનસિક વિકાસાર્થે વાચન આવશ્યક છે. પણ જેમ ગમે તે ખોરાક ખાઈ લેવાથી યોગ્ય પોષણ અને વિકાસ મળતાં નથી તેમ હાથે ચડે તે વાંચી લેવાથી આપણું યોગ્ય જીવનઘડતર થતું નથી. એટલા માટે જેમ દરેક વ્યક્તિએ પોતાના શરીરને માફક આવતા ખોરાકો નક્કી કરવાની ખાસ જરૂર છે તેમ પ્રત્યેક વ્યક્તિએ પોતાના જીવનઘડતર કાજે શું વાંચવું અને કેવા પ્રકારનું સાહિત્ય વાંચવું એ નક્કી કરવું પણ જરૂરી છે - એમાંયે વિદ્યાર્થીઓએ તો ખાસ.

આ યુગમાં હાલતાંચાલતાં જેમ આપણી નજરે ઉપાહારગૃહો પડે છે તેમ જ્યાં નજર નાખો ત્યાં દૈનિકો, સાપ્તાહિકો, માસિકો અને પુસ્તકો પ્રગટ થતાં દેખાય છે ! એમાંથી શું વાંચવું ને શું ન વાંચવું - ત્યાગવું એ પ્રશ્ન વિદ્યાર્થીએ વિચારવા સરખો છે. હાથમાં આવે તે વાંચી લેવાથી અર્થ નહિ સરે. એટલું જ નહિ પણ કેટલીક વાર વિપરીત અસર પણ જન્મશે.

પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો સ્વાભાવિક રીતે જ મોટા ટાઈપમાં છાપેલું સચિત્ર બાલસાહિત્ય તેમ જ બાલસામયિકો વાંચવા પ્રેરાય છે. આવું સાહિત્ય બાળકોનું રંજન કરે છે, પણ અત્યારે સર્જાતું એમાંનું મોટા ભાગનું સાહિત્ય બાળકોને સ્વપ્નસેવી, પલાયનવાદી અને ચમત્કારોમાં માનનારાં બનાવી દેનારું હોય છે. એટલે રોજ બરોજ સર્જાતા આપણા બાલસાહિત્યમાંથી શું વાંચવું ને શું ન વાંચવું એ માટે બાળકોને માર્ગદર્શનની ખાસ જરૂર છે. આપણાં બાળકો પરિશ્રમી, આપમેળે આગળ વધનારાં, દેશપ્રેમી, સાહસિક, શિસ્તપ્રેમી અને સુશીલ બને એવાં બાલવાચન માટે આપણા વડીલો અને શિક્ષકોએ આપણાં બાળકોને માર્ગદર્શન આપવાની ખાસ જરૂર છે.

માધ્યમિક શાળામાં ભણતો વિદ્યાર્થી સામાન્યતઃ વાર્તાનાં પુસ્તકો વાંચવા પ્રેરાય છે. જે વાર્તાપુસ્તક હાથે ચડે તે તત્કાળ વાંચી નાખવાની વૃત્તિ હોય છે. જાસૂસી વાર્તાઓનાં અને વાર્તાપ્રવાહમાં સતત ખેંચી રાખે એવાં પુસ્તકો વાંચવામાં એને રસ પડે છે. એ ઝડપથી ઉપરછલ્લી રીતે અને કેવળ વાર્તાની ઘટનાઓમાં રસ લઈને વાંચે છે. આ હાનિકારક છે. માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીએ પ્રેરણાત્મક ઐતિહાસિક વાર્તાઓ પોતાના દેશની અને અન્ય દેશોની વાંચવી આવશ્યક છે. વળી સરળ ભાષામાં લખાયેલાં મહાપુરુષોનાં જીવનચરિત્રોનું વાચન પણ એ વેળાના તેના જીવનઘડતરમાં ખૂબ જ ઉપયોગી નીવડશે. આ માટે પણ વડીલોએ અને શિક્ષકોએ માર્ગદર્શન આપવું આવશ્યક છે.

હાઈસ્કૂલમાં ભણતો વિદ્યાર્થી સામાજિક નવલોનો અને ઇતર પરચૂરણ વાચનનો રસિયો હોય છે. પણ સામયિક વાચનમાં તો આજે તેને હાથે બિનજવાબદાર હલકાં સિનેપત્રો અને હળવાં વાર્તામાસિકો જ ચડી જાય છે. ચલચિત્રોમાં ને નટનટીઓની અંગત વાતોમાં તે ઘણો રસ લેતો થઈ જાય છે અને કેવળ સારાં જ ચિત્રો જોવાનો ને સારું જ વાચન વાંચવાનો આગ્રહ તે ભાગ્યે જ સેવતો હોય છે. હાઈસ્કૂલના વિદ્યાર્થી માટે મોટું ભયસ્થાન ''હલકાં સામયિકો'' જ છે. આની સામે વડીલો તેમ જ શિક્ષકો વિદ્યાર્થીઓ સમક્ષ વારંવાર લાલ બત્તી ધરતા રહે એ સવિશેષ જરૂરી છે.

કૉલેજનો વિદ્યાર્થી પાશ્ચાત્ય સાહિત્યનાં પુસ્તકો પણ વાંચે છે. જગતસાહિત્યમાં ડોકિયું કરવાની એને તક મળે છે. એ ઘણું ઘણું વાંચે છે ખરો, કેટલુંક તો સારુંયે વાંચે છે ખરો, પણ એ વાચનને જીવનમાં એ ભાગ્યે જ ઉતારતો હોય છે. આનું કારણ એની આસપાસનું આજનું હળવું, બિનજવાબદાર અને વિલાસી વાતાવરણ જ છે. વળી એના વાચનમાંનાં પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય જીવનનો ચળકાટ એને

આંજી નાખતાં હોય છે. મોટા ભાગના સાહિત્યમાંનું, ચલચિત્રોમાંનું, નાટકો, નવલકથાઓ અને નવલિકાઓમાંનું જાતીય આકર્ષણ-તેની યુવાવસ્થાને કારણે સવિશેષ-તેને આકર્ષી રહે છે. આની સામે પણ તેને યોગ્ય ચેતવણીના સૂરો સંભળાવતા રહેવાની અને તેને સાચે માર્ગે દોરવાની એટલી જ જરૂર રહે છે.

સૌથી ઉત્તમ અને વ્યાવહારિક માર્ગ તો એ જ છે કે પ્રત્યેક પ્રાદેશિક ભાષામાં તે તે ભાષાના વિદ્વાનોની, કેળવણીકારોની અને અનુભવીઓની એક સમિતિ નિમાય, જે પ્રાથમિક શાળાના બાળકથી માંડીને પ્રૌઢ વયની વ્યક્તિએ પોતાની ભાષાનાં કયાં કયાં પુસ્તકો અને સામયિકો વાંચવાં એ વિશેનો સ્પષ્ટ નામોલ્લેખ કરતી એક માર્ગદર્શક યાદી પ્રત્યેક વર્ષે બહાર પાડતી રહે.

❑

*અસ્ત થતા ચંદ્રે જતાં જતાં સૂર્યને કહ્યું : 'બંધુ ! મારો અસ્તકાળ આવી પહોંચ્યો. હવે તું મારું સ્થાન સાચવજે અને જગતને પ્રકાશ તથા શીતળતા અર્પજે.'*

## કરવા જેવું એ ''સુપેરે'' કરવા જેવું

અંગ્રેજીમાં એક કહેવત છે કે "Anything is worth doing is worth doing well." એટલે કે ''કરવા જેવું કોઈ પણ કામ સારી રીતે કરવા જેવું જ હોય છે.''

આ સૂત્ર બહુ ઓછા માણસો સમજે છે. એને જીવનમાં તો એથીય ઓછા માણસો ઉતારે છે. આપણે જેને ''નાનાં'' કામો લેખીએ છીએ ને જેમના પ્રતિ સદૈવ દુર્લક્ષ સેવીએ છીએ એ વાસ્તવિક રીતે તો ''નાનાં'' કામો નથી. આપણે એ ભૂલી જઈએ છીએ કે સાગર જેમ અગણિત જલબિંદુઓનો બનેલો છે તેમ આપણું જીવન પણ અનેક નાનાંમોટાં કામોનું બનેલું છે - એકલાં મોટાં કામોનું જ નહિ. ખરી રીતે તો જીવનમાં કોઈ પણ કામ ''નાનું'' નથી. બહારથી મોટું પરિણામ દેખાડનાર કામને આપણે મોટું કામ લેખીએ છીએ, પણ એ વાત તો આપણે ભૂલી જ જઈએ છીએ કે એવાં મોટાં કામોનાં પાયામાં તો પેલાં ''નાનાં'' કામો જ રહેલાં હોય છે. વળી કેટલીક વાર આડકતરી રીતે નાનાં કામોનાં પણ મોટાં પરિણામો - સારાં કે નરસાં - આવે છે. દાખલા તરીકે તમારા શરીરના એકાદ નાનકડા જખમ તરફ તમે દુર્લક્ષ સેવો તો એ કદાચ ''સેપ્ટિક'' (જંતુજન્ય) બનીને તમારે માટે એ ભયંકર બીમારીરૂપ કે કોઈક વાર જીવલેણ પણ નીવડે !

સાંજે ઘેર આવી તમારાં કપડાં ઉતારીને ગમે ત્યાં ફેંકો છો તો બીજે દિવસે ઑફિસે જતી વેળા કેવી શોધાશોધ કરવી પડે છે ? તમે એ વેળા કેવા અકળાઈ જાઓ છો ? અમુક પુસ્તક તમારી પાસે હોય છતાં જરૂર પડ્યે તમને એ ન લાધે - તમારી એ પુસ્તક ઠેકાણે રાખવાની બેદરકારીને કારણે - તો તમને કેવી લાગણી થાય છે ? તમારા રોજિંદા જીવનમાં જો તમે નાનાં નાનાં કામો ચોકસાઈપૂર્વક ન કરો તો કેવી કેવી

ગૂંચવણો ઊભી થઈ જાય છે ?

ગાંધીજી પોતાના પર આવેલા કાગળમાંની એક નાની સરખી ટાંચણી પણ સંભાળીને રાખતા ! એક માંદા છોકરા માટે એક વાર ગાંધીજીએ જાતે કાળજી અને રસપૂર્વક કૉફી બનાવીને એ માંદા છોકરાને પ્રેમપૂર્વક પાઈ હતી ! એક વાર કસ્તૂરબાને મીઠી ઊંઘમાં જોઈને તેમને ન ઉઠાડતાં તેમનું એ વેળાનું ગૃહકાર્ય ગાંધીજીએ જાતે કરી લીધું હતું ! આવી આવી નાની બાબતો પ્રત્યે ગાંધીજી લક્ષ આપતા. એથી જ એ એટલા મહાન હતા.

તમારે કરવાનું કોઈ પણ નાનું કામ તમારા જીવનનો એક મહત્ત્વનો જ અંશ છે એમ માનો. નાહવાધોવામાં, ખાવાપીવામાં, હાલવાચાલવામાં, ટ્રામ-બસમાં યોગ્ય રીતે બેસવામાં, જાહેર સ્થળે જવાબદારીપૂર્વક વર્તવામાં, આપણી નાની નાની ચીજો વ્યવસ્થિત રીતે ઠેકાણે રાખવામાં ને એવી બીજી અનેક નાની લાગતી બાબતોમાં આપણે સામાન્યતઃ બેદરકાર જ રહીએ છીએ, પરિણામે કેટલીક વાર આપણે પોતે વ્યગ્ર બની જઈએ છીએ ને કેટલીક વાર સામાને વ્યગ્ર બનાવીએ છીએ. તત્પૂરતું જાણે જીવન બેસૂરું બની જાય છે !

તમારા જીવનનાં નાનાં દૈનિક કામોને તમે અવગણશો નહિ ને એ કામો તમે રસપૂર્વક, પ્રેમપૂર્વક, ચીવટાઈથી અને નિયમિતતાથી કરજો. એથી તમારા જીવનમાં એ નાનાં કામો પણ એક પ્રકારની મધુર સંવાદિતા લાવશે અને જીવન તમારે માટે તેમ જ બીજાઓને માટે સુખરૂપ બની રહેશે.

જીવનમાં જે કંઈ કરવા જેવું છે તે "સુપેરે" જ કરવા જેવું છે, એ સત્ય કદી ભૂલશો નહિ.

❑

# આજના માનવીની આંધળી દોટ !

તમે જોયું હશે કે વંટોળિયો આવે ત્યારે ધરતી પરની ધૂળ એ વંટોળ ભેગી ઊંચે ચડે છે. વંટોળ વહેતો રહે ત્યાં સુધી એ રજકણો ઉપર અવકાશમાં ઘૂમ્યા કરે છે અને વંટોળ શમી જતાં એ જ રજકણોને પાછું પતન પામીને ધરાશાયી થવું પડે છે. આજનો માનવી મોટે ભાગે આ રજકણો જેવી જ 'પોકળ પ્રતિષ્ઠા' મેળવે છે. 'પોકળ' એટલા માટે કે એ પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ પાછળ સિદ્ધિ, સત્યનિષ્ઠા કે ઉચ્ચ અને શુદ્ધ ધ્યેય મોટે ભાગે હોતાં નથી. એટલે જ વંટોળિયાની રજકણો પેઠે 'પોલી પ્રતિષ્ઠા' થોડી જ વારમાં પાછી નીચે આવી જાય છે !

અને છતાં આશ્ચર્ય અને દુઃખની વાત તો એ છે કે આજનો માનવી આવી પોકળ પ્રતિષ્ઠા પાછળ આંખ મીંચીને દોટ મૂકે છે ! પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ એ તો સાચી, સંનિષ્ઠા અને શ્રમસાધ્ય સિદ્ધિની પાછળ 'આપમેળે' આવતો સિદ્ધિનો પવિત્ર અને સ્થાયી યશમુકુટ છે, એ સત્ય આજનો માનવી મોટે ભાગે વીસરી જતો લાગે છે.

આજના યુગના બે મહારોગો તે ધનલાલસા અને કીર્તિલાલસા. ધનલાલસા આજના યુગમાં તીવ્રતર બનતી જાય છે એનું કારણ એ છે કે આજના યુગમાં માનવીની મહત્તાનો માપદંડ 'પૈસો' જ બની ગયો છે ! આજના માનવીએ પોતાની જરૂરિયાતો અને વિલાસો એટલાં બધાં વધારી દીધાં છે કે આજે તો માનવી કાજે 'પૈસો' લગભગ 'અનિવાર્ય' થઈ પડ્યો છે ! વળી આ ધનલાલસામાં કીર્તિલાલસા ભળતાં જેટલું વધુ ધન પોતે મેળવશે એટલો વધારે મહાન પોતે લેખાશે એવી માન્યતા પણ આજના માનવીના મનનો કેડો મૂકતી નથી ને આજનો માનવી આંખો મીંચીને ધન અને કીર્તિનાં મૃગજળ પાછળ દોડ્યે જ જાય છે !

આને પરિણામે અનેક અનિષ્ટો જન્મે છે. ગમે તે માર્ગે ધન

મેળવવામાં આજે માનવીને સંકોચ થતો નથી કે કોઈ નૈતિક સિદ્ધાંત આડે આવતો નથી. પ્રતિષ્ઠા માટે એ 'પ્રચાર' નો આશ્રય લે છે ને એ રીતે કેવળ પોતાના સ્વાર્થને ખાતર એ આજના યુગના એક મહાદૂષણ 'પ્રચાર'ને અપનાવે છે. પરિણામે એને પ્રતિષ્ઠા તો મળે છે, પણ તે વંટોળના પેલા રજકણો જેવી જ !

સિદ્ધાંતપ્રિયતા, નીતિપ્રિયતા, ચારિત્ર્ય, ન્યાયપ્રિયતા, પ્રેમાળતા, સંતોષ, ગરવી ગરીબીને જોવાની આંખ, સાચની ખુમારી - આ સર્વ સદ્‌ગુણો આજનો માનવી આ કારણે જ ગુમાવી બેઠો છે અને તેમને સ્થાને પવન તેવી પીઠ દેવાનો સિદ્ધાંતહીનતાભર્યો સિદ્ધાંત, નીતિ કે ઈશ્વર તરફ આંખમીંચામણાં કરવાની ટેવ, ચારિત્ર્યહીનતા, ગમે તે પ્રકારે આગળ વધવાની ઘેલછા, દંભ, મહત્ત્વાકાંક્ષાના ઓઠા હેઠળ લાલસાનો ગુણાકાર, ગરીબોને અને ગરીબીને હીણવાની હીન વૃત્તિ, અસત્યનું અસત્ય શરણ વગેરે દુર્ગુણો આજના માનવીને ઘેરી વળ્યા છે. અને સૌથી વધારે દુઃખની વાત તો એ છે કે આ સર્વ દુર્ગુણોને જીવનની કહેવાતી પ્રગતિ કાજે 'અનિવાર્ય' લેખતો આજનો માનવી જીવનનો, જીવનસત્યનો, જીવનમર્મનો કે જીવનધર્મનો તાત્ત્વિક રીતે કદી વિચાર જ કરતો નથી ! એવો પામર અને દયાપાત્ર બની ગયો છે આજના યુગનો દંભી માનવી, જેની ક્ષણિક અને પોકળ પ્રતિષ્ઠા છેવટે વંટોળના પેલા રજકણોની પેઠે થોડા સમયમાં જ ધરાશાયી થઈ જાય છે !

❑

*સહૃદયતા એ અમૂલ્ય ધન છે.*

માનવદેહના પોષણ કાજે જેમ ખોરાક જરૂરી છે તેમ માનવમાનસના પોષણ કાજે વાચન જરૂરી છે. પહેલું સાધન શારીરિક છે, બીજું માનસિક.

પણ પોતાનાં દેહઘડતર, દેહવૃદ્ધિ અને દેહસ્વાસ્થ્ય કાજે કયો ખોરાક કે કયા કયા ખોરાકો અનુકૂળ છે એ જેમ પ્રત્યેક માનવીએ જાણી લેવું જરૂરી છે એ જ રીતે પોતાના માનસિક ઘડતર, માનસિક વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય કાજે કેવું વાચન આવશ્યક છે એ નક્કી કરવું પણ જરૂરી છે.

આજના યુગને યંત્રયુગ કહી શકાય. મુદ્રણકલાના વિકાસની જોડે જોડે જગતમાં સાહિત્યની અભિવૃદ્ધિ થતી જ રહી છે. હવે તો એ વૃદ્ધિની એટલી બધી વૃદ્ધિ થઈ છે કે આજે તો શું વાંચવું ને શું ન વાંચવું એ જ એક ગૂંચવનારો પ્રશ્ન થઈ પડ્યો છે ! આત્માના અને હૃદયના ગુણોમાં ઉત્તરોત્તર અવનત થતો જતો આજનો ''સિદ્ધાંતહીન'' માનવી બુદ્ધિવિકાસમાં તો ઉત્તરોત્તર આગળ જ વધતો જાય છે. કોઈક વાર તો એ માનવી એટલો બધો આગળ વધી જાય છે કે બુદ્ધિની અવનવી કસરતો કરતો કરતો એ જાણે પોતાની બુદ્ધિનો દુરુપયોગ જ કરતો હોય એમ લાગે છે !

હા, આ વાત સાવ સાચી છે. માનવી પોતાની બુદ્ધિનો જેટલો દુરુપયોગ કરે છે તેટલો જગતમાં અન્ય કોઈ પ્રાણી કરતું નથી ! એક જ દૃષ્ટાંત બસ થશે. જગતશાંતિ કે નિઃશસ્ત્રીકરણ જેવી માનવકલ્યાણની સાદામાં સાદી વાતને પણ માનવીએ પોતાના બુદ્ધિબળથી એટલી બધી ગૂંચવી નાખી છે કે જગતશાંતિ માટે અને નિઃશસ્ત્રીકરણ માટે સંખ્યાબંધ પરિષદો માનવીને ભરવી પડે છે ! ને છતાં પરિણામ તો શૂન્ય જ આવે

છે ! કારણ શું ? કારણ એ જ કે આત્માની કેળવણીમાં માનવી છેક જ પછાત પડી ગયો છે, જ્યારે આત્માને અને હૃદયને અવગણતો એ માનવી બુદ્ધિબળમાં આગળ વધીને પોતાની દલીલોથી, પોતાના પ્રચારથી અને પોતાના સત્તાપ્રભાવથી બીજાઓને આંજી નાખીને જગતશાંતિ કે નિઃશસ્ત્રીકરણ સરખા સાવ નર્યાંનીતર્યાં સત્યને ઢાંકી દઈને પોતાની બુદ્ધિનો કેવળ દુરુપયોગ જ કરે છે !

આ પરથી એક વાત ફલિત થાય છે કે માનવીએ જો પોતાની સાચી ઉન્નતિ સાધવી હોય અને નર્યાંનીતર્યાં અને સાવ સાદાં જીવનસત્યો સાહજિકતાથી પામવાં હોય તો આત્માને ઉન્નત કરે અને હૃદયને નિખાલસ તથા બિલોરી કાચ જેવું બનાવે એવું વાચન પસંદ કરવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો એણે પોતાના માનસઘડતર કાજે એ પ્રકારનો જ માનસિક ખોરાક પસંદ કરવો જોઈએ.

પણ દુર્ભાગ્યની વાત એ છે કે જેમ કોઈ શિકારી પોતે જ પાથરેલી જાળમાં ફસાઈ જાય તેમ આજનો માનવી પોતે જ જન્માવેલી કૃત્રિમ પ્રવૃત્તિઓરૂપી જાળમાં એટલો બધો ફસાઈ ગયો છે કે પોતાના જીવનઘડતર માટે શું સારું છે કે શું નરસું છે તેનો વિચાર કરીને નિર્ણય કરવાનો એને જાણે સમય જ નથી ! અરે ! એટલું જ નહિ, પણ હવે તો આજના યુગનો માનવી સારાની ખોજ માટેની અને નરસાને અવગણવા માટેની વૃત્તિ પણ લગભગ ખોઈ બેઠેલો જણાય છે ! આજના માનવીને સારાનરસા વચ્ચે બહુ ભેદ લાગતો નથી એટલું જ નહિ પણ પોતાને બુદ્ધિમાન અને પ્રગતિશીલ કહેવડાવતો આજનો માનવી કેટલીકવાર તો સારા કરતાં નરસાને જ પોતાના જીવનમાં, અજાણ્યે પણ, વધુ મહત્ત્વ આપતો થઈ ગયો છે !

સંભવ છે કે વિકૃતિઓની આવી જાળમાં તમે પણ ફસાઈ ગયા હો. સંભવ છે કે જે હાથે ચડે એ જ તમે વાંચી લેતા હશો અથવા જનતાનો

મોટો ભાગ જે વાંચતો હોય તે વાંચવા ગાડરિયા પ્રવાહમા ઘસડાતા હશો. પણ એ બરાબર નથી - જેમ ગમે તે ખાઈ લેવું બરાબર નથી એમ, તમારા જીવનઘડતર કાજે શું વાંચવું એ તમારે શાંતિથી, સ્વસ્થતાથી અને ઊંડાણેથી વિચારવું જરૂરી છે. એટલું જ નહિ પણ એ વિચારને અંતે તમે જે નિર્ણય પર આવો તે નિર્ણયને દૃઢતાથી અમલમાં મૂકવોય જરૂરી છે. તમે વાચનના વનમાં ગમે ત્યાં આથડો એ ઈષ્ટ નથી. એ વનમાં તમારી વાચનકેડી તમે જાતે પાડી લ્યો.

હવે તમારે શું અને કેવું વાંચવું એ વિશે મારાં પોતાનાં અંગત મંતવ્યો રજૂ કરીશ. અલબત્ત, એમ કરવામાં મારો એ આશય નથી કે હું જે અને જેવું બતાવું તે તમે અંધશ્રદ્ધાથી વાંચવા મંડી જાઓ ! પણ મારો આશય એ છે કે તમે તમારા જીવનઘડતર કાજે અને તમારા માનસિક સ્વાસ્થ્ય કાજે જરૂર વિચાર કરતા તો થાઓ જ. અને એક વાર તમે એ વિશે વિચારતા થશો એટલે તમને આપોઆપ માર્ગ સૂઝી આવશે. આંધળા માણસની આંખનું ઑપરેશન કર્યા કેડે મહિનાઓ પછી તેની આંખ પરનો પાટો જ્યારે પહેલી જ વાર ખસેડવામાં આવે ત્યારે એ ઑપરેશન જો સફળ થયું હોય તો પ્રથમ એને જેમ થોડું થોડું ઝાંખું ને એ પછી ઉત્તરોત્તર વધારે સ્પષ્ટ દેખાતું જાય તેમ આ બાબતમાં તમે વિચારતા થશો તો પ્રથમ થોડોક ઝાંખો ને પછી ઉત્તરોત્તર વધારે સ્પષ્ટ ખ્યાલ પામી શકશો.

ચાલો,ત્યારે, શું વાંચવું એ વિશે આપણે થોડોક વિચાર કરીએઃ

આપણાં ગુજરાતી ભાષાનાં પુસ્તકોની અને સામયિકોની ખપત જોશો તો જણાશે કે કાં તો કહેવાતું ધાર્મિક સાહિત્ય ખૂબ ખપે છે ને કાં તો કહેવાતા ‘હળવા’ સાહિત્યના નામ હેઠળ ‘હલકું’ સાહિત્ય ખૂબ ખપે છે. હવે આ બેઉ અંગ્રેજીમાં જેને (Ettremes) કહી શકાય એવા સામસામા છેડા છે. કહેવાતા ધાર્મિક સાહિત્યની જંબરી ખપત પાછળ

આજના માનવીનો દંભ જ મોટે ભાગે કામ કરે છે, જ્યારે કહેવાતા હળવા સાહિત્યની બહોળી ખપત પાછળ આજના યુગના માનવીની ભાગેડુ વૃત્તિ (Escapism) જ મોટો ભાગ ભજવે છે. તમારે તો તમારા જીવનઘડતર કાજે દંભ અને ભાગેડુ વૃત્તિ એ ઉભય ત્યાગવાનાં છે. અહીં મારા કહેવાનો એવો આશય નથી કે ધાર્મિક સાહિત્ય ન જ વાંચવું. **જરૂર વાંચવું. પણ ધર્મને નામે જીવનને અને જીવનના સાચા ધર્મોને અને મર્મોને ગૂંચવી નાખે એવું ધાર્મિક સાહિત્ય તો ન જ વાંચવું.** ધર્મોના અને સંપ્રદાયોના વીતંડાવાદથી જેટલા તમે અળગા રહેશો એટલું જ તમારું જીવન સરળભાવે વહેશે. **નીતિ જ શ્રેષ્ઠ ધર્મ ને નૈતિક જીવન જ શ્રેષ્ઠ કોટિનું ધાર્મિક જીવન છે.** એ માટે ભુલભુલામણા ધાર્મિક જ્ઞાનની કશી જ જરૂર નથી. વળી એ પણ ભૂલવાનું નથી કે સાહિત્ય છેવટે તો જીવનઘડતર માટે જ છે. અરે ! કેવળ સાહિત્ય જ નહિ, પણ જીવનની એકે એક વિદ્યા છેવટે તો જીવનને પોતાને માટે જ હોય છે - હોવી જોઈએ. કલા, વિજ્ઞાન, ફિલસૂફી કે જીવન મેળવી શકે એવી કોઈ પણ વિદ્યા કે સિદ્ધિ છેવટે તો જીવન માટે જ હોવી ઘટે. એમ ન થાય તો એની પાછળનો સમય નકામો વેડફાયો લેખાય. એટલા માટે જે સાહિત્ય તમને નૈતિક અને સંસ્કારી બનાવે ને જોડે જોડે અંધશ્રદ્ધાથી તમને ઉગારે, જે સાહિત્ય સંસારમાં નિર્લેપ અને નિષ્કામભાવે તમને કર્મ કરતા બનાવીને સાચા 'કર્મયોગી' અને 'કર્તવ્યયોગી' થવા પ્રેરે એવું જ ધાર્મિક સાહિત્ય તમે તમારા જીવનઘડતર કાજે પસંદ કરજો.

ને 'હળવા' સાહિત્યને નામે કેટલું બધું હલકું, ગંદું અને જાતીય વૃત્તિને ઉશ્કેરનારું સાહિત્ય આજે પ્રગટ થાય છે ! લપસણા અને રંગીન સિનેપત્રો એનું જીવતું જાગતું દૃષ્ટાંત છે. ભાગેડુ વૃત્તિને પોષતા એવા સાહિત્યને નવ ગજના નમસ્કાર કરજો ! હલકી નવલકથાઓને ત્યાગજો. વળી અત્યારના આપણા સાહિત્યમાં નવલકથાઓનો જે

'આંધળો' ઘસારો થયો છે તેમાંથી તમારે ઉગરવા જેવું છે. વાર્તા ન જ વાંચવી એમ નહિ. પણ માનસિક રીતે સ્વાસ્થ્યપ્રદ, સંસ્કારી, જીવનઘડતરમાં પ્રેરણા આપતી અને જીવનને ઉન્નત બનાવતી સાત્ત્વિક વાર્તાઓ આજે બહુ ઓછી લખાય છે. ઉપર કહ્યું તેમ જીવનની કોઈ પણ વિદ્યાની પેઠે સાહિત્ય પણ છેવટે તો જીવનને પોતાને માટે જ છે. સાહિત્ય કંઈ વખત પસાર કરી નાખવા માટે (To Kill Time) કે મનોરંજન માટે નથી. સાહિત્ય તો છે મનન અને ચિંતન કાજે. અને એવા મનન અને ચિંતનમાંથી તમારે ''જીવનઅર્ક'' - સ્વાસ્થ્યપ્રદ અને બલપ્રદ 'જીવનઅર્ક' કાઢવાનો છે.

આજે તો એટલુ બધું લખાય છે અને એટલું બધુ છપાઈને બહાર પડે છે કે તે ગાડરિયા પ્રવાહમાં ઘસડાઈને બહુજન વાંચે એ જ તમે વાંચવા જશો કે હાથે ચડી જાય એ ગમે તેવું હોય છતાં પણ વાંચવા જશો તો કદાચ તમે વાચનની સાચી કેડી ભૂલી પણ જશો - જીવનઘડતરની સાચી કેડી તમને નયે સાંપડે. એટલા માટે શું ન વાંચવું એને વિશે તમે જરૂર વિચાર કરો - સારો સરખો સમય લઈને પણ વિચાર કરો. જીવનને અંધશ્રદ્ધાળુ ન બનાવે ને ભાગેડુ વૃત્તિવાળું તરંગી પણ ન બનાવે એવા શુદ્ધ પ્રેરણાદાયી સાહિત્યને અપનાવો. **હલકું અને ગંદું સાહિત્ય તો ત્યાગો જ.** એ વાંચીને તમારા દુર્લભ માનવજીવનને વેડફી ન નાખો. જીવન કેવળ વિલાસી કે તરંગી રીતે વિતાવી દેવા માટે નથી - એ તો છે શાંતિથી, સ્વસ્થતાથી, નીતિથી અને સાદાઈથી પરિશ્રમપૂર્વક જીવવા માટે.

એટલા માટે આજથી જ - આ ક્ષણથી જ - તમારા ''સાચા'' જીવનઘડતર માટે શું વાંચવું એનો તમે વિચાર કરતા થઈ જાઓ અને ન વાંચવા જેવું જે તમે વાંચતા હો તેને ફંગોળી દેવા તૈયાર થઈ જાઓ ! **જીવનમાં ગમે તેમ આથડો નહિ, પણ તમારા જીવનઘડતરની દિશા**

**નક્કી કરો.**

અને બીજી એક અતિ મહત્ત્વની વાત. ઝાઝું વાંચ્યે કંઈ નહિ વળે. ઝાઝું ખાધે અપચો જ થાય. એટલે **ભલે થોડું વાંચો, પણ જે વાંચો એને જીવનમાં ઉતારો.** વળી એ પણ ન ભૂલો કે જેમ ખાનપાનને ખાતર જિંદગી નથી પણ જિંદગીને ખાતર ખાનપાન છે તેમ **વાચનને ખાતર જીવન નથી, જીવનઘડતરને ખાતર વાચન છે.**

❑

## જાંગલા નાચે : જવાનો ક્યાં ?

જ્યાં જોઉં ત્યાં જાંગલા નાચે વરવા કાઢી વેશ,
ગબરગંડની ટોળકીએ તો ગંધવી માર્યો દેશ - જ્યાં

કોઈ રતનિયો, કોઈ લખુડી, રંગલો કોઈ હજામ,
નાચે કૂદે ગાય વગાડે કરતા જાય સલામ !
લાત મારો તો બમણા લળી માગતા નવાજેશ - જ્યાં

રામના વંશજ ? ઋષિ પૂતર ? આ ગાંધીના બાળ ?
હાય રે મારા દેશમાં કેવો મરદોનો દુકાળ !
એઠની ઝૂંટાઝૂંટમાં ખાતાં કાંગલા ઠેશમઠેશ - જ્યાં

દોકડા એકના દેશનેતાઓ ખદબદે ચોમેર,
દંભના પોલાં પૂતળા આજે ત્રાંબિયે મળે તેર.
ધરતીને આ વેચી મારતાં ધ્રુજે નઈ લવલેશ - જ્યાં.

ક્યાં છે મારા કાંડાબળિયાં ? ક્યાં છે નવજવાન ?
ઊંચે માથડે ગાવને બેલી અનભે એવું ગાન,
દેશમાં પાછો જાગી ઊઠે પોઢેલો પરમેશ - જ્યાં

**- મકરન્દ દવે**

અંગ્રેજીમાં એક કહેવત છે કે Prevention is better than cure એટલે કે "ઉપચાર કરતાં અટકાવ વધારે સારો છે." આ ધાંધલિયા યુગમાં આ સૂત્ર મોટે ભાગે વિસરાઈ જતું લાગે છે. કોઈ પણ અનિષ્ટને શરૂઆતથી જ અટકાવવા માટે આજે બહુ ઓછા યત્નો થતા લાગે છે, જ્યારે એ અનિષ્ટ ફૂલ્યાફાલ્યા પછી એને ડામવા માટે ખૂબ ખૂબ ધાંધલ અને પ્રચાર કરીને પ્રયત્નો કરવામાં આવે છે ! બેત્રણ દાખલા જોઈએ.

આજે ઇસ્પીતાલો, સેનેટેરીયમો, નર્સીંગ હોમો, દાક્તરો, નર્સો વગેરેની સંખ્યા અને કક્ષા વધારવા માટે ભારે પ્રયત્નો થાય છે. અનેક રોગોની નવી નવી અદ્‌ભુત દવાઓ શોધાય છે અને એ ઔષધોનો લાભ પણ લેવાય છે. પણ રોગ જન્મે જ નહિ એવું નૈસર્ગિક, સાદું, પરિશ્રમી, શાંત અને ચિંતારહિત જીવન જીવી શકાય એ પ્રકારનું વાતાવરણ જન્માવવા માટે કશા જ પ્રયત્નો થતા નથી ! પરિણામે આ યુગમાં પ્રકાર પ્રકારના રોગોનો આપણે ભોગ થઈ પડીએ છીએ અને પછી સીદી ભાઈના ડાબા કાનની પેઠે એ રોગોના ઉપચારો માટે હજારો રૂપિયા ખરચીએ છીએ ને ચિંતા વહોરીએ છીએ એ વધારામાં ! જે "સ્વાભાવિક" છે તેને ત્યાગીને જે "કૃત્રિમ" છે તેને આપણે વધાવીએ છીએ. એવા અણસમજુ છીએ આપણે !

હલકાં અને ગંદાં ચિત્રો તરફ આપણે આંખમીંચામણાં કરીએ છીએ. એને અટકાવવાનાં કશાંય પગલાં લેવાતાં નથી. પરિણામે આપણી પ્રજામાં વિલાસિતા અને ભાગેડુ વૃત્તિ પ્રવેશતાં જાય છે. "જેવી પ્રજા એવું તેનું સાહિત્ય" એ ન્યાયે પ્રજાના એ પતનની જોડે જોડે આપણા સાહિત્યનું પણ પતન શરૂ થઈ ગયું છે. આ જોઈને કેટલાક વિદ્વાનો "લેખક મિલન"માં ભેગા થાય છે ને સીદી ભાઈના ડાબા કાનની પેઠે "સાંસ્કૃતિક કટોકટી"ની વિદ્વત્તાપ્રચુર ચર્ચા કરે છે ! પણ

''સાંસ્કૃતિક કટોકટી''નાં મૂળ શોધવાનું એમાંના કોઈનેયે સૂઝતું નથી !

આપણી કેળવણીની અવદશા થતી ચાલી છે કેમ કે એમાં મૂળભૂત ફેરફારો કરવાનું આપણી સરકારને સૂઝતું નથી. આપણાં જીવતાંજાગતાં બાળકોને ઘડનાર આપણા શિક્ષકોને આપણે જડ સંચા ચલાવનારા મિલમજૂરો કરતાંય ઓછો પગાર આપીએ છીએ ! અસહ્ય મોંઘવારીની ભીંસથી કણસતો બાપડો શિક્ષક ત્રણચાર ટ્યૂશનો કરી જીવનનું રગશિયું ગાડું ખેંચે છે. કેળવણીના કે બાળકોના વિકાસ માટે મૂળભૂત વિચારો કરવાનો એને અવકાશ જ મળતો નથી ! પરિણામે બાળકો દેશના સાચા નાગરિકો ઘડાવાને બદલે શિસ્તહીન, ઉચ્છૃંખલ અને વડીલ તથા શિક્ષકને અવગણનારા બને છે. અને કૉલેજમાં આવતાં તો આપણા યુવાનો આખલા જેવા બની જાય છે ! તેઓ બાહ્ય આનંદ અને બાહ્ય ટાપટીપના પરમ પૂજારી બના જાય્ છે. શ્રમ અને સાદગીનું મહત્ત્વ તેમને મન પીને ફેંકી દેવાયેલી એકાદ સિગારેટનાં ઠૂંઠાં કરતાં વધારે નથી ! આ બધું જોઈને એના નિવારણ માટે આપણે સીદી ભાઈના ડાબા કાનની પેઠે શ્રમશિબિરો, વિદ્યાર્થી સંમેલનો, યુવક સંમેલનો, ''સેમિનાર'' વગેરે યોજીને આ રોગોનો ઉપચાર કર્યાનો સંતોષ મેળવીએ છીએ.

આમ આંખ મીંચીને આપણે અનેક અનિષ્ટોને આપણા જીવનમાં પ્રવેશવા દઈએ છીએ અને પછી એ ફૂલેફાલે ત્યારે સીદી ભાઈના ડાબા કાનની પેઠે અનેક ખર્ચાળ યોજનાઓ ઘડીને અને ખૂબ જોરશોરથી પ્રચાર કરી કરીને સેવા કર્યાનો સંતોષ મેળવીએ છીએ.

❑

*પરમાત્માનાં સર્વ સર્જનોમાં માનવહૃદય શ્રેષ્ઠ સર્જન છે.*

આ લેખનું મથાળું વાંચીને તમને સહેજ આશ્ચર્ય પણ થશે. વિચાર કરવો એટલે કોઈ પણ વસ્તુ, ઘટના, પરિસ્થિતિ કે વ્યક્તિ વિશેની શક્ય તેટલી સારીનરસી બાજુઓ વિચારી જવી. 'વિચાર' એ શબ્દનો અર્થ એક રીતે તો 'ન્યાય' એવો પણ થાય. બંગાળી ભાષામાં ન્યાયના અર્થમાં પણ 'વિચાર' શબ્દ વપરાય છે. ''તો મારબિચાર હોબે.'' એટલે ''તારો ન્યાય થશે.'' એવો અર્થ થાય. તો પછી 'વિચાર તે વળી વિચારીને કરવાનું કહેવાનો અર્થ શો ?' એવો પ્રશ્નય તમારા મનમાં જાગશે.

ન્યાય તો વિચારીને જ કરવાનો હોયને ? ન્યાયની છણાવટ જેટલી વિચારપૂર્વકની અને તલગામી એટલો જ સત્યની વધારે સમીપ એ ન્યાયનો ચુકાદો આવી શકે એની તો તમે પણ ના નહિ પાડી શકો.

પણ સાચી વાત તો એ છે કે આજની દુનિયાના ૯૯ ટકા જેટલા માનવીઓ વિચારીને વિચાર કરતા જ નથી ! 'વિચારીને વિચાર કરતા નથી' એટલે કોઈ પણ વસ્તુ, ઘટના, પરિસ્થિતિ કે વ્યક્તિ વિશે આજના માનવીઓ સામાન્યતઃ ઉપરછલ્લી રીતે જ વિચાર કરે છે - તાત્ત્વિક રીતે વિચાર કરતાં જ નથી ! વિચારસાગરમાં તેઓ કદીયે તલગામી ડૂબકી મારતા નથી.

અંગ્રેજીમાં એક કાવ્યપંક્તિ છે કે "Things are not what thay seem" એટલે કે ''ઉપરથી દેખાય છે તેવી પરિસ્થિતિઓ સત્યતઃ તો હોતી નથી.'' સાગરની સપાટી પર તો ફીણનો મુકુટ ધારણ કરેલાં મોજાંઓ જ આપણને દેખાય છે, પણ તેને તળિયે તો અવનવાં ને અમૂલખ રત્નો છુપાયેલાં હોય છે. જે મરજીવાઓ છેક સાગરના તળિયાં સુધી ડૂબકી મારે છે તેમને જ એ રત્નો લાધે છે. માનવીએ પણ એ જ

રીતે છેક વિચારસાગરને તળિયે પહોંચવાનું છે. તો જ એને સત્યરૂપી રત્ન લાધે, ત્યારે જ એણે તાત્ત્વિક અને આ લેખને મથાળે જેમ કહ્યું છે તેમ ''વિચારીને વિચાર કરેલો'' કહેવાય.

સામાન્ય દૃષ્ટાંતથી આ વાત સ્પષ્ટ કરીશ. ધારો કે તમને ભયંકર રીતે શરદી થઈ છે. શરદી થવાના મૂલગત કારણો વિશે વિચાર કર્યા વિના તમે તમારી એ શરદી બેચાર કલાકમાં જ બંધ થઈ જાય એવું કશુંક ઔષધ લ્યો કે એવા જ અન્ય ઉપરછલ્લા ઉપાયો યોજો તો શરદી તાત્કાલિક તો મટી ગયેલી પણ લાગે. પણ એનું મૂળ કારણ તો એના મૂળ સ્થાને જ અસ્તિત્વમાં હોવાથી પુનઃ તમને શરદી થવાની કે ઔષધના પ્રત્યાઘાતરૂપે બીજી જ કોઈક શારીરિક અવ્યવસ્થા ઊભી થવાની. પરંતુ તમારી એ શરદીનું મૂળ કારણ કબજિયાત છે એમ જો તમે વિચારપૂર્વક વિચારીને નક્કી કરો અને પછી એ કબજિયાતને દૂર કરો તો શરદી જડમૂળથી જાય અને તમે એ બાબતમાં વિચારીને વિચાર કર્યો કહેવાય.

આજના યુગમાં જીવન એટલું તો વ્યસ્ત અને ધાંધલિયું બની ગયું છે, જરૂરી અને બિનજરૂરી પ્રવૃત્તિઓ માણસને એટલી તો ઘેરી વળી છે કે આજનો માનવી એમાંથી થોડી મિનિટો માટે પણ મુક્ત થઈને શાંત અને સ્વસ્થ ચિત્તે વિચાર કરવા બેસી શક્તો નથી ! પરિણામે એનું મગજ એની બધી જ પ્રવૃત્તિઓ દરમિયાન વિચારતું રહે છે તો ખરું, પણ એ મગજ 'તાત્ત્વિક રીતે' વિચારતું હોતું નથી. બધી જ બાબતોનો ઉપરછલ્લો અને તાત્કાલિક વિચાર કરી લઈને તે પોતાના નિર્ણયો બાંધે છે. પરિણામે સત્ય એને લાધતું નથી. આજની કહેવાતી પ્રગતિશીલ દુનિયા જેમ ઉપરછલ્લી રીતે જ વિચારોને અને આચારોને અપનાવતી જાય છે તેમ એ પણ કરતો જાય છે.

વિચાર કરવાની આવી ઉપરછલ્લી અને અતાત્ત્વિક રીતને

કારણે આજની દુનિયા પ્રગતિશીલ દેખાતી હોવા છતાં તાત્ત્વિક રીતે વિચારવાની ઊણપને કારણે અવળે માર્ગે આંખ મીંચીને આગળ ધપતી જાય છે ! તત્ત્વ શું, સત્ય શું, સાધ્ય શું, માનવજીવનનું અંતિમ ધ્યેય શું, ખરેખર સાચું શું - આ સર્વનો સાચો, તાત્ત્વિક અને નક્કર સનાતન ઉકેલ આજની દુનિયાને લાધતો જ નથી ! કારણ એ છે કે આજની દુનિયાને તાત્ત્વિક રીતે, શાંતિથી અને સ્વસ્થતાપૂર્વક વિચારવાની નથી ફુરસદ કે નથી વૃત્તિ !

ગાંધીજીનું દૃષ્ટાંત લ્યો. ગાંધીજી કોઈ પણ બાબત વિશે તાત્ત્વિક રીતે જ વિચાર કરતા. વસ્તુ, ઘટના, પરિસ્થિતિ કે વ્યક્તિ વિશેના મૂળમાં છેક ઊંડા ઊતરતા અને સત્ય પામતા. એવું સત્ય પામ્યા પછી તેઓ એ સત્યને પોતાના આચારમાં અવિચ્છિન્ન રીતે ગૂંથી લેતા. પછી કોઈ પણ કારણ કે કોઈ પણ ભોગે એ આચારથી તેઓ વિમુખ થતા નહિ ! વિચારીને વિચાર કરનારી ને એવા વિચારને આચારમાં ઉતારનારી શ્રેષ્ઠ વ્યક્તિનું દૃષ્ટાંત આપવું હોય તો ગાંધીજીનું આપી શકાય.

વિચારીને વિચાર કરવા માટે સૌપ્રથમ તો જીવનમાં શાંતિ આવશ્યક છે. શાંતિનું અને સ્વસ્થતાનું માનવજીવનમાં બહુ મોટું મૂલ્ય છે. આજના યુગનો માનવી રોજ કલાકેક શાંતિપૂર્વક એકાંતમાં બેસી તાત્ત્વિક રીતે વિચારવાની ટેવ કેળવે અને પોતે જે વાંચે, જુવે કે અનુભવે એ વિશે શાંતિથી ચિંતન અને મનન કરે તો જ એને તાત્ત્વિક સત્યો લાધે. એવાં સત્યો એ પછી એના જીવન સિદ્ધાંતો બની રહે અને એવા સત્યમંડિત સિદ્ધાંતોના પાયા પર ચણાયે જતું એનું જીવન ઊર્ધ્વ, પવિત્ર અને સત્યાનુગામી બની જાય. એટલે જો તમારે જીવનમાં તાત્ત્વિક સત્યો પામવાં હોય તો તમારે શાંત અને સ્વસ્થ રીતે વિચારસાગરનાં છેક તળિયાં સુધી ડૂબકી મારવી જ રહી. તરવાનો રંગીન પોશાક પહેરીને તમે જો સાગરની સપાટી ઉપર જ આમતેમ હાથ હલાવતા તર્યા કરશો

તો તરવાની મોજ તો કદાચ તમને મળશે, પણ જીવનનાં મૂલગત સત્યો તમને નહિ જ લાધે. માટે તમે કોઈ પણ વસ્તુ, ઘટના, પરિસ્થિતિ કે વ્યક્તિ વિશે નિર્ણય કરો ત્યારે શાંતિપૂર્વક, સ્વસ્થતાથી અને પૂરેપૂરો વિચારીને કરજો. અન્યથા તમને સત્યરૂપી રત્ન નહિ લાધે.

❑

## ગરીબને માટે આર્થિક એ જ આધ્યાત્મિક છે

હિંદમાં ત્રણ કરોડ માણસો એવા છે કે જેઓને એક ટંકના ભોજનથી સંતોષ માનવો પડે છે, અને તે પણ કેવળ સૂકો રોટલો અને ચપટીભર મીઠાથી. જ્યાં સુધી આ ત્રણ કરોડ જણોને પૂરતાં વસ્ત્ર અને ખોરાક નથી મળ્યાં ત્યાં સુધી તમને અને મને આપણી પાસે જે કાંઈ હોય તે રાખવાનો હક્ક નથી. તમે અને હું વધારે સમજીએ છીએ; એટલે આપણે આપણી જરૂરિયાતોમાં ઘટતો ફેરફાર કરવો જોઈએ, અને સ્વેચ્છાથી ભૂખમરો પણ વેઠવો જોઈએ કે જેથી કરી તેઓની માવજત થાય, તેઓને ખવરાવાય અને વસ્ત્ર પહેરાવાય.

કારમી ગરીબાઈમાંથી નૈતિક અધઃપાત સિવાય બીજું કંઈ સંભવી શકે, એવું કોઈએ કદી પણ કહ્યું નથી, પ્રત્યેક માનવીને જીવવાનો, અને તેથી કરીને પોતાનાં કપડાંલત્તાં અને રહેઠાણ માટે રોજી મેળવવાનો હક છે. પણ આ અતિશય સીધાસાદા કાર્ય માટે આપણને અર્થશાસ્ત્રીઓની કે તેમના કાયદાઓની મદદની જરૂર નથી.

ગરીબને માટે આર્થિક એ જ આધ્યાત્મિક છે. એ ભૂખમરો વેઠવા કરોડો લોકોને તમે બીજી કોઈ પણ અસર કરી શકો એમ નથી. એ તેઓ કદી સમજી શકશે નહીં. પણ તેમને ખોરાક આપો અને તેઓ તમને તેમના પરમેશ્વર લેખશે. તેઓ બીજા વિચાર કરી જ શકતા નથી.

- મહાત્મા ગાંધીજી

"જીવન શું છે ? માનવી શા માટે આ જગતમાં આવ્યો છે ? જે થોડાક દાયકા આ સંસારમાં માનવીએ કાઢવાના છે તે સારામાં સારી રીતે અને જીવનનો મૂળભૂત હેતુ સધાય એમ શી રીતે કાઢવા ? ઈશ્વર છે ? પાપપુણ્યનાં ફળ છે ? સંસારમાં આવીને ભોગવાય તેટલું ભોગવી લેવાની વૃત્તિ સાચી છે કે પરાર્થે જીવીને ત્યાગ દ્વારા આત્મિક સંતોષ પામવાની વૃત્તિ સાચી છે ?" આવા આવા અનેક પ્રશ્નો આ સંસારના માનવીના મનમાં જાગે એ સ્વાભાવિક છે. આ ટૂંકા લેખમાં જીવન વિશે થોડોક "તાત્ત્વિક" વિચાર કરીશું.

જે વિશ્વમાં માનવી જન્મ્યો છે એ વિશ્વમાં નજર નાખતાં પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો પણ પરાર્થે જ સર્જાયાં હોય એવું લાગે છે. વાયુ માનવીને જીવાડે છે, સૂર્ય માનવીને ઉષ્મા અર્પે છે, વર્ષા માનવી કાજે અન્ન ઉપજાવે છે અને ચંદ્રની કૌમુદી માનવીને શીતળતા અર્પે છે. એ જ પ્રકારે પ્રકૃતિનું પ્રત્યેક અંગ એક કે બીજા રૂપમાં માનવીને તેમ જ જગતનાં અન્યાન્ય પ્રાણીઓને સહાયરૂપ બને છે. એ પરથી કલ્પી શકાય છે કે માનવીને પણ કોઈકને સહાયરૂપ બનવા માટે જ સર્જવામાં આવ્યો હશે. **માનવીએ માનવીને સહાયરૂપ બનવાનું છે.** એટલે પરાર્થે જીવાતું જીવન જ જીવનનો મૂળભૂત હેતુ સિદ્ધ કરી શકે. આંખ મીંચીને ભોગ ભોગવવા માટે માનવી આ સંસારમાં નથી જ નથી આવ્યો.

માનવીને આત્મા મળ્યો છે, હૃદય મળ્યું છે અને બુદ્ધિ મળી છે. જીવનપંથમાં માનવી આડે માર્ગે ન વળી જાય એ માટે એનો આત્મા એને સદૈવ ચેતવણી આપતો રહે છે. ચોર પહેલી વાર ચોરી કરવા જાય છે ત્યારે કે વ્યભિચારી પહેલી વાર વ્યભિચાર આચરવા તત્પર થાય છે ત્યારે તેનો આત્મા એને છાની ચેતવણી આપે જ છે. આત્મા પવિત્ર અને શાશ્વત છે. આત્મા સદૈવ શુદ્ધતા, સત્ય અને પવિત્રતા જ ઇચ્છે છે, કેમ

કે આત્મા પરમાત્માનો જ અંશ છે, અંગ્રેજીમાં જેને આપણે 'Instinet' કહીએ છીએ તેનો જનક આત્મા જ છે. પણ પામર માનવી આત્માની વારંવારની ચેતવણી છતાં આ સંસારનાં પ્રલોભનોમાં એવો તો પલોટાઈ જાય છે કે પછી પ્રલોભનરૂપી નગારાના અવાજમાં આત્મારૂપી તતૂડીનો અવાજ એને સંભળાતો જ નથી ! આ સંસારમાં આવવાનો મૂળભૂત હેતુ તે વીસરી જાય છે અને ધન, સત્તા, કીર્તિ વગેરે ક્ષણિક પ્રલોભનોમાં તે સરી પડે છે.

જીવનની સાચી અનુભૂતિ અનુભવવા માટે જ માનવીને હૃદય મળ્યું છે. માનવી પોતાના સમસ્ત જીવનમાં જેટલો સમય સંવેદન અનુભવે તેટલો સમય જ તે જીવ્યો જાણવો. **સંવેદન એ જ જીવન છે.** અને સંવેદન અનુભવનાર તો હૃદય જ છે એટલે એમ પણ કહી શકાય કે ''સહૃદયતા એ જ જીવન છે.'' હૃદયહીન માનવી શ્વાસ લઈને જીવતો હોવા છતાં જીવહીન છે એમ કહી શકાય.

હવે બુદ્ધિની વાત પર આવીએ. સારાસારનો વિચાર કરવા માટે જ માનવીને બુદ્ધિનું પ્રદાન કરવામાં આવ્યું છે. અન્ય પ્રાણીઓ કરતાં માનવી જુદો તરી આવે છે તે આ બુદ્ધિની જ બાબતમાં. પણ પોતાની બુદ્ધિનો જેટલો દુરુપયોગ 'માનવપ્રાણી' આ સંસારમાં કરે છે તેટલો અન્ય કોઈ પ્રાણી કરતું નથી ! એ બુદ્ધિનો ઉપયોગ સારને ગ્રહણ કરવામાં ને અસારને ત્યાગવામાં કરવાને બદલે માનવી બીજાં માનવપ્રાણીઓને છેતરવામાં કે બીજાઓ પર પોતાનો અધિકાર સ્થાપવામાં જ કરે છે ! માનવબુદ્ધિએ શોધેલાં વૈજ્ઞાનિક સાધનોને એક દેશ બીજા દેશનો સંહાર કરવામાં કે તેના પર અધિકાર સ્થાપવામાં વાપરે છે, એ હકીકત જ માનવી પોતાની બુદ્ધિનો સૌથી વધુ દુરુપયોગ કરે છે એનો જીવતોજાગતો પુરાવો છે.

માનવી આ સંસારમાં આવે છે ત્યારે કેવો સરળ અને નિખાલસ

હોય છે ! માનવીનું બાલસ્વરૂપ કેવું આડંબરવિહીન, નિર્દોષ અને અકલંક હોય છે ? બાળક આનંદ અનુભવે છે ત્યારે સ્વાભાવિકતાપૂર્વક હસે છે, વ્યથા અનુભવે ત્યારે મુક્ત રીતે રડે છે, ક્રોધ અનુભવે ત્યારે સ્વાભાવિકતાથી જ પોતાનો ક્રોધ પ્રગટ કરે છે અને નિરાશા અનુભવે ત્યારે જરાય દંભ વિના સ્વાભાવિકતાપૂર્વક પોતાનું મોં વીલું કરે છે. આ **બાલસ્વરૂપ એ જ માનવીનું સાચું સ્વરૂપ છે.** ખરી રીતે તો માનવી જીવનભર એ બાળક જેવો જ નિખાલસ રહેવો જોઈએ. પણ બને છે એવું કે માનવી જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ સંસારનાં ક્ષણિક પ્રલોભનોની અસર હેઠળ વધુ ને વધુ આવતો જાય છે. 'સાધન'ને એ 'સાધ્ય' માની બેસવાની ભૂલ કરે છે અને પછી તો એને માટે ધન, સત્તા કે કીર્તિ જ જીવનધ્યેય બની રહે છે. આમ માનવજીવનનો મૂળભૂત હેતુ વિસારે પડી જાય છે, માનવજીવનની ક્ષણભંગુરતા પણ વીસરી જવાય છે અને પામરતામાં સરી પડેલો માનવી ઐહિક લાલસાઓના મૃગજળ પાછળ આંધળી દોટ મૂકે છે !

એવો માનવી આત્મા, હૃદય અને બુદ્ધિ-એ ત્રણેની કસોટીમાં નિષ્ફળ નીવડેલો માનવી હોય છે. એટલે જ આ યુગમાં માનવજીવન આટલું બધું વિકૃત અને જીવનના મૂળભૂત હેતુથી આટલું બધું અળગું બની ગયું છે !

''જીવન જીવવા માટે છે' એ સૂત્ર સોળે સોળ આના સાચું છે. પણ 'સાચી રીતે જીવવું' કોને કહેવાય તેની ગમ મોટા ભાગના માનવીઓને હોતી નથી. આ સંસારમાં કાચના પદાર્થોને તે સાચા હીરા માની બેસે છે, જ્યારે સાચા હીરાઓને કાચના પદાર્થો માની એ તરફ એ જોતો સુધ્ધાં નથી ! **માનવજીવનની અને આજના યુગની આ મોટામાં મોટી કરુણતા છે !** જીવન એ સ્વાર્થ નથી, જીવન એ વિલાસ નથી, જીવન એ ધન, સત્તા કે કીર્તિ નથી પણ જીવન તો છે હૃદયે

અનુભવેલું સાચું સંવેદન. જીવન તો છે અંતરની સાચી અનુભૂતિ, જીવન તો છે સાચો ત્યાગ અને જીવન તો છે બાળક સમી નગ્ન નિખાલસતા. છતાં દુઃખની વાત તો એ છે કે સંસારના પ્રલોભનરૂપી આવરણ હેઠળ જીવનનું સાચું ધ્યેય ઢંકાઈ જાય છે અને એ આવરણ જ સાચું જીવન છે એવું બિચારો માનવી માની બેસે છે !

જે બધું સત્ય, શિવ અને સુંદર છે તે 'જીવન' છે. એથી વિપરીત જે બધું છે તે માનવી માટે-માનવી શ્વાસ લેતો હોવા છતાં - 'મૃત્યુ' છે ! આત્મા, હૃદય અને બુદ્ધિનો સદુપયોગ એ જ 'જીવન' અને એ ત્રણે પ્રભુદત્ત શક્તિઓનો દુરુપયોગ એ જ ''મૃત્યુ'' !

વળી આ સંસારમાં આવેલો માનવી જીવન સાથે અનિવાર્ય રીતે મૃત્યુ જડાયેલું છે એ સનાતન અને અબાધિત સત્ય મોટે ભાગે વીસરી જાય છે. વચ્ચે વચ્ચે એને સ્મશાનવૈરાગ્ય જન્મે છે, પણ સંસારનાં પ્રલોભનો પુનઃ એના આત્મા, હૃદય અને બુદ્ધિને એવાં આવરી લે છે કે પોતે જાણે કદી જ મૃત્યુ પામવાનો નથી ને અમર છે એવી રીતે જ એ મૂર્ખ માનવી વર્તતો હોય છે ! આ લખું છું ત્યારે મને ''આજની દુનિયા'' નામે ૧૯૪૫માં મેં ધંધાદારી રંગભૂમિ માટે લખેલા એક નાટકનો એક સંવાદ યાદ આવે છે. આવો હતો એ સંવાદ : **''હજી તો સારું છે કે ઈશ્વરે માનવીને અમર બનાવ્યો નથી. નહિ તો એ શેતાન માનવી કોણ જાણે શું નું શું કરત !''**

❑

*પાપ ન કરે તે દેવ. પાપ કર્યા પછી પશ્ચાત્તાપ કરે તે માનવી. અને પાપ કર્યા પછી જેને પશ્ચાત્તાપ પણ ન સ્પર્શી શકે તે શેતાન.*

'જીવન'ની વ્યાખ્યા જે હોવી જોઈએ એ કરતાં કંઈક જુદી જ વ્યાખ્યા દુર્ભાગ્યે આજના માનવીએ કરી લીધી છે. જેમ અનેક પુરાણાં મૂલ્યાંકનો આ યુગમાં પલટાઈ ગયાં છે તેમ જીવનનું મૂલ્યાંકન પણ પલટાઈ ગયું છે. 'સંતોષી નર સદા સુખી' એ જુગજૂની માન્યતા ભૂંસી નાખીને આજનો માનવી હવે 'જીવન એટલે આંધળી દોટ' એવી જ કંઈક માન્યતા સેવતો થઈ ગયો છે.

માનવીનાં સુખદુઃખનો સાચો આધાર તો તેની મનોદશા પર જ રહેલો છે. માનવીનું મન જ્યારે અને જેટલું પોતાને સુખી કે દુઃખી માને ત્યારે ને તેટલે અંશે તે સુખી કે દુઃખી બને છે. સુખ કે દુઃખ ખરી રીતે તો મનોદશાનો જ પરિપાક છે. સુખ કે દુઃખ જન્માવનારી પરિસ્થિતિ જન્મે છે ખરી, પણ એવી પરિસ્થિતિએ માનવમનની ધરતીમાં બીજ રોપ્યા પછી માનવીની મનોદશાની આબોહવા પર જ એ બીજ ફાલવાનો આધાર રહે છે. એટલે ખરી રીતે તો સુખ અને દુઃખ માત્ર 'માન્યતાઓ' જ છે.

મહત્ત્વાકાંક્ષા સેવવી એ તો માનવી માટે અનિવાર્ય છે, કેમ કે એ વિના પુરુષાર્થ સંભવે નહિ. મહત્ત્વાકાંક્ષા એ તો પુરુષાર્થની જનેતા છે. પણ માનવીએ અમુક હદ સુધી જ મહત્ત્વાકાંક્ષાનો ફુગાવો કરવો જોઈએ. રબરના ફુગ્ગામાં પવન ભરીને તેને અમુક હદ સુધી જ ફુલાવી શકાય છે ને એ પછી આગળ વધતાં જેમ એ ફુગ્ગો ફૂટી જાય છે તેમ જીવનરૂપી ફુગ્ગામાં મહત્ત્વાકાંક્ષારૂપી પવન માનવી જો ભર્યે જ જાય તો તે સુખી થવાને બદલે દુઃખી થાય છે. પછી તો 'આંધળી દોટ' જ એવા માનવીનું જીવનધ્યેય બની જાય છે ! એવા માનવીએ પોતાના મનોરાજ્યમાંથી સંતોષને દેશનિકાલ કરી દીધો હોવાથી ક્યારેય એને પોતાની સ્થિતિથી ધરવ થતો નથી. તૃષા છીપાવવા અમુક હદ સુધી

પાણી પીવું અવશ્ય જરૂરી છે. પણ જો કોઈ માણસ પાણી પીધે જ જાય, પીધે જ જાય તો એની શી દશા થાય ? બરાબર એવી જ દશા આજની દુનિયાના માનવીની થઈ છે. એને તૃપ્તિ નથી, એને સંતોષ નથી, ને પરિણામે એને સુખ નથી. એના જીવનનો પ્રધાન સૂર 'અજંપો' જ બની ગયો છે !

વાક્યને જેમ પૂર્ણવિરામ હોવું જરૂરી છે તેમ જીવનને પણ વત્તીઓછી મહત્ત્વાકાંક્ષા પછી પૂર્ણવિરામ હોવું આવશ્યક છે. પરંતુ આજની દુનિયાનો માનવી એ વિશે કદી વિચારતો જ નથી ! એ બિચારો ભૂલી જાય છે કે મહત્ત્વાકાંક્ષા ને પુરુષાર્થ એ તો સુખ મેળવવાનાં 'સાધનો' જ માત્ર છે - 'સાધ્ય' તો છે સંતોષી ને શાંતિભર્યું સુખી જીવન. દુઃખની વાત એ છે કે આજનો માનવી 'સાધન'ને જ 'સાધ્ય' માનીને આંધળી દોટ દેવા માંડ્યો છે ! એમાંય વળી, વધારે દુઃખદ તો એ છે કે અર્થવાદના આ યુગમાં પૈસો જ માનવીના જીવનસુખની માપપટ્ટી બની ગયો છે !

❑

*માનવહૃદયને પ્રભુશ્રદ્ધા સૌથી વધારે બળ અને પ્રભુપ્રાર્થના સૌથી વધારે શાંતિ અર્પે છે.*

લગભગ પંદરેક વર્ષ પહેલાં અમદાવાદની અમારી નારાયણનગર કો-ઑપરેટીવ હાઉસીંગ સોસાયટીની મુલાકાતે અમદાવાદ નગરપાલિકાના કેટલાક સભ્યો જોડે ગુજરાતનાં માજી શિક્ષણ પ્રધાન કુમારી ઇંદુમતી ચીમનલાલ શેઠ પણ આવેલાં. સોસાયટી અંગેની માહિતીઓ તેમ જ અમારી અગવડો અને માંગણીઓ સાંભળી લીધા પછી ચીનના આક્રમણ અંગેની તેમ જ બીજી વાતો ચાલી. અમારી સોસાયટીના એક સભ્યે એ પછી ઇંદુમતીબહેનને કહ્યું : ''તમે હમણાં જ અમેરિકા જઈ આવ્યાં છો તો અમને અમેરિકા વિશે થોડુંક કહો.'' ઇંદુમતીબહેને કહ્યું : ''હું અમેરિકા ઝાઝો વખત રોકાઈ શકી ન હતી. એ દેશ વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો સમય મને મળ્યો ન હતો. પણ ત્યાંના મારા ટૂંકા પ્રવાસ દરમિયાન એ દેશ વિશે મારા પર જે છાપ પડી છે એ અંગે તમને થોડુંક કહીશ. અમેરિકા ખૂબ જ સમૃદ્ધ દેશ છે અને અમેરિકન પ્રજા સાચે જ એક સારી પ્રજા છે, દુનિયાના પછાત દેશોને આર્થિક સહાય આપીને આગળ લાવવાની એ પ્રજાની મુરાદ છે. ભારત અને ભારતવાસીઓ વિશે વધુ ને વધુ જાણવા આ પ્રજા ખરે જ ઉત્સુક છે અને ભારતને આર્થિક સહાય આપવાની સારી સરખી તત્પરતા અમેરિકન સરકાર દાખવી રહી છે. આના બદલામાં ભારતવાસીઓ અમેરિકાને ઇજ્જત આપે-એનું સારું બોલે એવી સ્વાભાવિક ભાવના અમેરિકન પ્રજા સેવતી હોય એવું મને લાગ્યું. આપણે તેમને મોઢે તેમનું સારું બોલીએ તો તેઓ ઘણો સંતોષ અનુભવે અને પોતાની કદર થયેલી સમજે. પણ ત્યાંની એક દુઃખદ સામાજિક પરિસ્થિતિએ મારું ધ્યાન ખેંચ્યું હતું. ત્યાંના વૃદ્ધોની દશા મને દયાજનક લાગી. 'દયાજનક' એટલા માટે કે એવા વૃદ્ધો કને પુષ્કળ પૈસો હોવા છતાં પોતે જેને 'પોતાનું' ગણી શકે એવું કોઈ 'સ્વજન' એમને હોતું

નથી ! પરિણામે એ વૃદ્ધોને પોતાનું જીવન ખૂબ જ એકલવાયું લાગે છે અને પોતાનો વખત ક્યાં પસાર કરવો એની સતત વિમાસણ રહે છે. અનેક વૃદ્ધો રેસ્ટોરાંઓમાં કલાકોના કલાકો પસાર કરે છે. કેટલાક વળી કલાકોના કલાકો લાઈબ્રેરીઓમાં ગાળે છે. અરે ! કોઈ કોઈ તો એ ઉંમરે ભણવા જાય છે, કેમ કે એ નિમિત્તે વખત પસાર થાય ! ત્યાંના ગુલાબી ચહેરાવાળાં બાળકો જોઈને ચિત્ત પ્રસન્ન થઈ ઊઠે. પણ છોકરો ચૌદ-પંદર વર્ષનો થાય કે પછી એ બાપનો રહેતો નથી ! પંખી જાણે ડાળ પરથી ઊડી જાય છે ! એ યુવાન પોતાનું સુખ, પોતાની ઉન્નતિ, પોતાની પ્રિયતમા અને પોતાનો સંસાર પ્રાપ્ત કરવાની ફિકરમાં પડે છે. આથી એ સદૈવ પોતાને અંગે જ માર્ગ શોધતો રહે છે ને પોતાનો જ જીવનમાર્ગ અનુસરતો રહે છે. ત્યાંના વૃદ્ધોની આવી અટૂલી દશા જોતાં ઘડીભર મને મનમાં થયું કે 'વહુઆરૂઓનાં મહેણાંટોણાં કોઈક વાર ગળી જઈને પણ સંયુક્ત કુટુંબ વચ્ચે જીવતા આપણા વૃદ્ધોની દશા આના કરતાં તો કંઈક સારી હતી.' ત્યાંના વિચારકોને પણ હવે લાગવા માંડ્યું છે કે એમની સંસ્કૃતિમાં જરૂર કશુંક ખોટું છે. તેઓ હવે એ વિશે વિચાર કરતા થઈ ગયા છે.''

ઇંદુમતીબહેનની ઉપલી વાત સાંભળ્યા પછી આપણે ભારતવાસીઓ આપણી પોતાની ભારતીય સંસ્કૃતિ ભૂલીને પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ ઘસડાવા માંડ્યા છીએ એ વિશે મને વિચારો આવવા માંડ્યા. મારા એ વિચારોને આ ટૂંકા લેખમાં હું રજૂ કરીશ.

'સંસ્કૃતિ' એટલે શું ? કોઈ પણ દેશ કે પ્રજાના માનસ અને આબોહવાને સાનુકૂળ થાય એવી જે 'સ્વાભાવિક' માન્યતાઓ અને પ્રણાલિકાઓ ઘડાય તેના સમૂહનું નામ 'સંસ્કૃતિ'. એવી સંસ્કૃતિ એ દેશ કે પ્રજાનું વારસાગત અમૂલ્ય ધન છે. પ્રજાજીવનને દેહની ઉપમા આપીએ તો સંસ્કૃતિ એ દેહમાંનું રક્ત છે. સંસ્કૃતિરૂપી એ રક્ત જેટલે

અંશે શુદ્ધ હશે એટલે અંશે પ્રજાજીવન માનસિક અને આધ્યાત્મિક રીતે નીરોગી રહેશે. સહેજ આગળ વધીને કહીએ તો સંસ્કૃતિ એ પ્રજાજીવનનો 'પ્રાણ' છે ! એટલે કોઈ પણ પ્રજા પોતાનો એવો પ્રાણ ગુમાવવાના વલણથી ખરી રીતે તો આત્મહત્યાને માર્ગે જ વળી રહી છે એમ કહી શકાય. ખરે જ, કોઈ મૂર્ખ પ્રજા જ પોતાની સંસ્કૃતિને ખોવાનું પસંદ કરે!

મને લાગે છે કે આપણે ભારતવાસીઓ પણ એવી જ આત્મહત્યાને માર્ગે જ જઈ રહ્યા છીએ. આપણે ઉત્તરોત્તર આપણી પોતાની ભારતીય સંસ્કૃતિને ભૂલતા જઈને આપણે માટે 'અહિતકર' એવી પાશ્ચાત્ય સંસ્કૃતિને ઉત્તરોત્તર અપનાવતા જઈએ છીએ !

'અહિતકર' શા માટે ? એટલા માટે કે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે જબરો તાત્ત્વિક (Fundamental) ભેદ છે, પૌર્વાત્ય સંસ્કૃતિનો પાયો 'ત્યાગ' છે, જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિનો પાયો 'સ્વપ્રગતિ' (Self pushing) ગમે તે ભોગે સ્વપ્રગતિ - છે. કેવળ પોતાનો જ વિચાર કરવો એ પાશ્ચાત્ય સંસ્કૃતિનું લક્ષણ છે, જ્યારે પોતાના શક્ય તેટલા ત્યાગથી બીજાઓને સુખી કરવાની ભાવના એ પૌર્વાત્ય સંસ્કૃતિનું લક્ષણ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ અર્થવાદમાં અને ઐહિક સુખમાં માને છે, પૌર્વાત્ય સંસ્કૃતિ અધ્યાત્મવાદમાં અને ત્યાગે જન્માવેલા આંતરિક સુખમાં માને છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ બીજાને ભોગે પણ પોતાને માટે મેળવી લેવામાં માને છે, પૌર્વાત્ય સંસ્કૃતિ પોતાને ભોગે પણ બીજાને આપવામાં માને છે.

અત્યારે આપણા દૈનિક જીવનમાં, આપણા સામાજિક જીવનમાં, આપણા સાહિત્યમાં, આપણાં નાટકો અને ચલચિત્રોમાં તેમ જ જીવનની આપણી અન્યાન્ય પ્રવૃત્તિઓમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર ધીમે ધીમે વધતી જ જાય છે. આજની દુનિયા ઉત્તરોત્તર અર્થવાદ તરફ વધુ ને વધુ ઢળતી જાય છે. ભારત પણ એમાંથી બાકાત રહ્યું નથી. એક

રીતે કહીએ તો અર્થવાદ જ આપણને પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ ખેંચી રહ્યો છે. આધ્યાત્મિકતાનું સ્થાન ઐહિકતાએ લીધું છે. સૂક્ષ્મનું સ્થાન જડે લીધું છે.

અલબત્ત, કોઈપણ સંસ્કૃતિમાં કાળક્રમે વિકૃતિ પ્રવેશે પણ ખરી. પણ એથી એ સંસ્કૃતિનો જડમૂળથી જ ઉચ્છેદ કરી નાખવો એ તો તાવ આવે ત્યારે તરત જ એ માણસને મારી નાખવા જેવું છે ! વિકૃતિઓ પોતાની સંસ્કૃતિમાં પ્રવેશી ગઈ હોય તો તેમને દૂર કરીને સ્વસંસ્કૃતિને પુનઃ શુદ્ધ બનાવવી એ જ એનો યોગ્ય માર્ગ છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં પણ કાળક્રમે વિકૃતિ પ્રવેશી ગઈ છે, પણ એટલા ખાતર જ પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવવી એ આપણે માટે યોગ્ય માર્ગ નથી. એ તો બકરું કાઢતાં ઊંટ પેસાડવા જેવું છે !

નવાઈની વાત તો એ છે કે આજે જ્યારે પશ્ચિમવાસીઓને પોતાની સંસ્કૃતિમાં જરૂર કશુંક 'ખોટું' છે એવું લાગતાં તેઓ એ વિશે વિચારી રહ્યા છે ત્યારે આપણે આંધળા બનીને એ સંસ્કૃતિને માર્ગે દોટ દેવા માંડ્યા છીએ !

ભારત અત્યારે 'સાંસ્કૃતિક ગ્રહણ'થી ઘેરાઈ ગયું છે. એ ગ્રહણની અવધિ કેટલી હશે એ અત્યારે તો કહી શકાય એમ નથી. સંભવ છે કે પશ્ચિમવાસીઓ પોતાની સંસ્કૃતિમાંની વિકૃતિઓને સ્થાને પૌર્વાત્ય સંસ્કૃતિના સારા અંશો ગ્રહણ કરવા તત્પર થશે ત્યારે જ કદાચ આપણી આંખો ઊઘડશે અને ત્યારે જ આપણને આપણી સંસ્કૃતિનું મૂલ્ય સમજાશે. અત્યારે તો આપણને પારકે ભાણે મોટો લાડુ દેખાય છે !

❑

*દંભ રાખનાર અને આત્મહત્યા કરનાર વચ્ચે કશો જ ફેર નથી.*

કોઈ પણ કલાકારે પોતાની કલાકૃતિમાં અમુક અમુક અનિષ્ટ તત્ત્વો પ્રવેશી ન જાય એ માટે તકેદારી રાખવાની જરૂર હોય છે. રંગ, રેખા કે ટાંકણાના સર્જનોમાં અમુક અમુક તત્ત્વો ત્યાગવાનાં હોય છે. એ તત્ત્વો યથાયોગ્ય રીતે અને યથાયોગ્ય પ્રમાણમાં ત્યાગી જાણનાર વધુ સારો ચિત્રકાર કે શિલ્પકાર બની શકે છે. આ વાત કેવળ કલાકાર માટે જ નહિ, કોઈ પણ પ્રકારના કસબી માટે પણ એટલી જ સાચી છે.

આ ''સત્ય'' સાહિત્યને પણ લાગુ પડે છે. કોઈ પણ સાહિત્યસર્જકે પોતાના કોઈ પણ પ્રકારના સર્જનમાં જો ખરેખરી તકેદારી રાખવાની હોય તો તે કયાં કયાં તત્ત્વોથી પોતાના સર્જનને અળગું રાખવું, એ જ છે. શાથી પોતાના સર્જનમાં પ્રાણ આવે એ જાણવું સર્જક કાજે જરૂરી તો છે જ. પણ એટલું જ બસ નથી. પોતાનું સર્જન ઘડતી વેળા શું ત્યાગવું એ જાણવું એને માટે એથીયે વધુ મહત્ત્વનું છે.

પોતાના કોઈ પણ ચિત્રનિર્માણમાં શું શું લાવવું એ વાત ભલે ચિત્રનિર્માતા સુપેરે જાણતો હોય. પણ એને માટે ખરું જાણવું તો પોતાના ચિત્રનિર્માણમાં શું ન આવે, એ છે.

આ સત્ય જીવનને તો એથીયે વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે. જીવનઘડતર કાજે શું શું ત્યાગવું એ જાણી લેનાર વ્યક્તિ પોતાનું સાચું જીવનઘડતર કરી શકે છે. શી રીતે એ જોઈએ :

શારીરિક વિકાસ માટે ખોરાક અનિવાર્ય છે, પણ મોટા ભાગના માણસો ''જિંદગીને ખાતર ખાનપાન છે, ખાનપાનને ખાતર જિંદગી નથી'' એ વાત વીસરી જતા હોય છે. વળી તેઓ પોતાના ખોરાકની પસંદગી સ્વાદને જ મહત્ત્વ આપીને કરે છે. પરિણામે 'યોગ્ય' અને 'નીરોગી' શારીરિક વિકાસ થતો નથી. એ માટે તો કયા કયા ખોરાકો

ત્યાગવા એ નક્કી કરવું જ જરૂરી છે.

આ જ વાત 'માનસિક' ખોરાકને લાગુ પડે છે. આપણે ભણીએ છીએ તેમ જ ઇતર વાચન વાંચીએ છીએ પણ એ માનસિક ખોરાક લેવામાં આપણે ચીલાચાલુ રીતો જ અપનાવીએ છીએ. ભણવું એ જીવનઘડતર માટે નહિ પણ પરીક્ષા માટે છે એમ માનીએ છીએ અને ઇતર વાચનમાં જે હાથે ચડ્યું તે કે જે ઘણા લોકો વાંચતા હોય અને બહુ વખણાતું હોય તે વાંચીએ છીએ. જે પ્રકારનો જીવનવિકાસ આપણે કરવા ઇચ્છતા હોઈએ તેને અનુરૂપ જીવન ઘડાતું જાય એ માટે માનસિક ખોરાકમાં શું ત્યાગવું એ આપણે વિચારતા નથી. પરિણામે આપણો માનસિક વિકાસ થાય છે તો ખરો, પણ નિર્જન વનમાં જેમ કોઈ છોડ આડેધડ વિકાસ પામે એ પ્રકારનો એ વિકાસ હોય છે.

ખરી રીતે તો શું ત્યાગવું એ જો તમે પૂરેપૂરું જાણી લ્યો ને એને અમલમાં મૂકો તો શું ગ્રહણ કરવું એ તો પછી આપોઆપ તમને સાધ્ય બની જવાનું. કોઈક બાદબાકીના જવાબ જેવી આ વાત છે. 'હ'કારમાંથી 'ન'કાર બાદ કરતાં જે વધે એ જ તમારા જીવનઘડતર માટેની સાચી અને અંતિમ સામગ્રી. એવી સામગ્રી તમારું સાચું જીવનઘડતર કરી શકશે. કેમ કે જીવનઘડતર કાજે આવશ્યક પ્રત્યેક તત્ત્વ તેમાં આવી જવા ઉપરાંત જીવનઘડતર માટે ત્યાજ્ય એવું પ્રત્યેક તત્ત્વ પણ એમાંથી ચળાઈ ગયું હશે. બાકી રહ્યાં હશે શુદ્ધ, નીતર્યાં, નિર્ભેળ અને જીવનપોષક તત્ત્વો જ. અને એ તત્ત્વો ઉત્તરોત્તર તમારો જીવનવિકાસ સાધ્યે જવાનાં એ નિર્વિવાદ છે.

❑

*માનવજીવન માટે વિલાસ જેવું કાતિલ ઝેર એકે નથી.*

તમે ઘણી વાર જોતા હશો કે તમે જે કામ કરો છો એવું ને એટલું જ કામ બીજું કોઈક કરતું હોવા છતાં બેઉને એકસરખું ફળ મળતું નથી. એકને વધુ ને એકને ઓછું ફળ મળે છે. નવાઈ પામીને તમો કહો છો : "પ્રારબ્ધ ! બીજું શું ?"

વાત સાચી છે. પણ એ પ્રારબ્ધનાં બી ક્યાં ને ક્યારે રોપાયાં હશે એ વિચારવાની જરૂર છે. તમારા કે એ બીજા કોઈના ભૂતકાળના કોઈક પુરુષાર્થે જ તમને કે એને વધુ ફળ અપાવ્યું હશે. એ પુરુષાર્થ જ તમારા કે એના વર્તમાન પ્રારબ્ધનું બીજ છે. ભૂતકાળમાં તમે કરેલા પુરુષાર્થનું ફળ વર્તમાનમાં મળે ને વર્તમાનમાં તમે જે પુરુષાર્થ કરો છો તેનું ફળ ભવિષ્યે મળે એવો જ પ્રારબ્ધનો ક્રમ છે. બી વાવો, યોગ્ય જલસિંચન કરો ને પછી જ ફળની આશા રાખો. જેમ બી વિના વૃક્ષ સંભવતું નથી ને વૃક્ષ વિના ફળ સંભવતું નથી તેમ પુરુષાર્થ વિના પ્રારબ્ધ સંભવતું નથી ને પ્રારબ્ધ વિના ફળ સંભવતું નથી.

પ્રત્યેક માનવી કાજે જીવનમાં પુરુષાર્થ કરવો 'અનિવાર્ય' છે: પુરુષાર્થરૂપી માટી વિના પ્રારબ્ધનો ઘડો બનાવી શકાતો નથી. એ માટી જેટલી શુદ્ધ અને ચીકણી હશે અને ઘડો બનાવવાની તમારી ક્રિયામાં જેટલે અંશે તમે પ્રાણ પૂરશો તેટલે અંશે એ ઘડો સારો બનવાનો. એ જ રીતે તમારો પુરુષાર્થ જેટલો શુદ્ધ અને ઉત્કટ હશે ને એ પુરુષાર્થ દરમિયાનનાં તમારાં કર્મો જેટલાં પ્રાણવાન હશે એટલે અંશે તમારું પ્રારબ્ધ ફળદાયી બનવાનો સંભવ છે.

ધારી લ્યો કે તાળું મારેલી એક બંધ પેટી છે. એ પેટીમાં શું છે તે તમે જાણતા નથી. એ જાણવા માટે તો તમારે તાળું ખોલીને પેટી ઉઘાડવાનો શ્રમ લેવો જ પડશે. પ્રારબ્ધ પણ, એક રીત જોઈએ તો,

તાળાવાળી બંધ પેટી જેવું જ છે. એ પેટીનું તાળું ઉઘાડીને તમે તેમાં જુઓ એ તમારો 'વર્તમાન પુરુષાર્થ' એટલે કે આજનો પુરુષાર્થ છે. સંભવ છે કે તાળું ઉઘાડ્યા પછી એ ખાલી નીકળે કે તેમાંથી થોડીક નજીવી વસ્તુઓ નીકળે. એ જ રીતે સંભવ છે કે તમારા વર્તમાન પુરુષાર્થ છતાં તમારું વર્તમાન પ્રારબ્ધ તમને ફળદાયી ન પણ નીવડે. પેટી ખાલી છે કે નજીવી વસ્તુઓ ધરાવે છે. કેમ કે ભૂતકાળમાં તેમાં કોઈએ કશું મૂક્યું નથી કે નજીવું મૂક્યું છે. તમારું વર્તમાન પ્રારબ્ધ તમને ફલહીન લાગે છે, કેમ કે ભૂતકાળમાં તમે એ પ્રારબ્ધરૂપી પેટીમાં પુરુષાર્થસંચિત કશું જ મૂક્યું નથી કે અતિ નજીવું મૂક્યું છે.

એ કદી ન ભૂલો કે પ્રારબ્ધ એટલે કર્મનું જ ફળ. અહીં કર્મ એટલે પુરુષાર્થ અને ફળ એટલે પરિણામ. પુરુષાર્થ વિના પ્રારબ્ધ કદી સંભવતું નથી, માટે પ્રારબ્ધની અનિશ્ચિતતા વિશે ચિંતા કર્યા વિના જ તમે સતત પુરુષાર્થ કર્યે જાઓ. છેવટે પ્રારબ્ધે નમતું આપવું જ પડશે ! પુરુષાર્થને થોડીક વાર સુધી અવગણવાની તાકાત પ્રારબ્ધમાં છે, પણ કાયમને માટે અવગણવાની તાકાત તેનામાં નથી. પુરુષાર્થ પિતા છે, પ્રારબ્ધ સંતાન છે. પિતા વિના જેમ સંતાન સંભવતું નથી તેમ પુરુષાર્થ વિના પ્રારબ્ધ સંભવતું નથી.

પ્રારબ્ધ વિશે વારંવાર ન વિચાર્યા કરો, પણ ક્ષણ માટેય તમે પુરુષાર્થને ન ભૂલી જાઓ. એ તમારા જીવનોત્કર્ષ માટે ઉપયોગી છે; કેમ કે પ્રારબ્ધ તો પુરુષાર્થની પાછળ પાછળ ચાલનાર એનો દાસ જ માત્ર છે. સ્વામીની આજ્ઞાને અનુસર્યા વિના જેમ દાસનો છૂટકો નથી તેમ પુરુષાર્થને વહેલેમોડે પણ વશવર્તી થયા વિના પ્રારબ્ધનો છૂટકો નથી.

❑

*મનોબળ એ સિદ્ધિનો પ્રાણ છે.*

## ૧૮ અપમાન કરતાં માન જીરવવું વધુ મુશ્કેલ છે

અપમાન એક પ્રકારનો આઘાત જન્માવે છે. કોઈક વાર તો અપમાનથી અપમાનિત વ્યક્તિના મન પર કુઠરાઘાત થાય છે. કેટલીક વાર અપમાનથી લોહી ઉકળી આવે છે અને વધારે પ્રબળ આઘાતથી સામી વ્યક્તિને એ અપમાનનો જવાબ આપવાની વૃત્તિ જન્મે છે. આ જવાબ કેવળ વાચા દ્વારા જ નહિ, કોઈક કોઈક વાર તો શારીરિક આક્રમણ દ્વારા પણ આપવા માટે અપમાનિત વ્યક્તિને અંદરથી કોઈક પ્રબળ ધક્કો લાગે છે. પરિણામે અપમાન ક્યારેક ક્યારેક શારીરિક યુદ્ધો પણ જન્માવે છે.

અપમાન ગળી જવું ખરે જ મુશ્કેલ છે. અપમાનિત વ્યક્તિ સંજોગોથી લાચાર હોય કે કોઈ કારણે તેની સ્વમાનવૃત્તિ ઠરીને ઠીકરા જેવી થઈ ગઈ હોય તો જ તે અપમાન ગળી જઈ શકે. અથવા તો અપમાનિત વ્યક્તિના સંસ્કાર અત્યંત પ્રબળ હોય, સામી વ્યક્તિએ મનની સમતુલા ભલે ગુમાવી, પણ પોતે તો એવી સમતુલા ન જ ગુમાવવી જોઈએ અને ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્''નું સૂત્ર અપનાવવું જોઈએ એવું વિચારનાર વ્યક્તિ જ અપમાન ગળી જઈ શકે. તાત્પર્ય કે લાચાર વ્યક્તિ કે સંયમી વ્યક્તિ-બે જ પ્રકારની વ્યક્તિઓ અપમાન જીરવી લઈ શકે.

પણ માન જીરવવું એ તો એથીયે મુશ્કેલ છે. માન પામનાર વ્યક્તિને અંતરે રહેલા સુષુપ્ત અહમ્‌ને માન ઢંઢોળે છે ને જાગૃત કરે છે. પછી એ અહમ્ એ વ્યક્તિને પોતાને વિશે વધારે પડતું મૂલ્ય આંકવા પ્રેરે છે. પોતાને માન આપનાર વ્યક્તિ કે વ્યક્તિઓ કરતાં પોતે નિઃશંક ચડિયાતી વ્યક્તિ છે એવી ભ્રામક માન્યતા માનિત વ્યક્તિને અંતરે જન્મે છે. પરિણામે એનું માનસ પોતાની મર્યાદાઓ વીસરી જઈને સમતુલા

ગુમાવી બેસે છે અને અહમ્‌માં રાચતું થઈ જાય છે.

અપમાન એ તો એક પ્રકારનો પ્રગટ આઘાત છે, પણ માન એ તો એક પ્રકારની ''અણદીઠી'' માદક વૃત્તિ છે. એ વૃત્તિની માદકતા માનિત વ્યક્તિને એવો તો કેફ ચડાવે છે કે પોતે જેવી ન હોય અથવા ભવિષ્યે પોતે જેવી થવાનો સંભવ જ ન હોય એવી પોતે વ્યક્તિ બની ચૂકી છે એવું એ કેફમાં એ ધારી બેસે છે ! પરિણામે એ વ્યક્તિ સાચી દિશા ભૂલીને કોઈક અવળ પંથે ચડી જાય છે.

માનિત વ્યક્તિ જો સંયમી, વિવેકી અને સંસ્કારી ન હોય તો માન પામ્યા પછી તેની ઉન્નતિ થતી અટકી જાય છે. અપમાન ગળી જવામાં જેટલા પ્રમાણમાં સંયમ જોઈએ એ કરતાં ઘણા વધારે પ્રમાણમાં માન ગળી જવામાં સંયમ જોઈએ.

માન એ યોગ્ય વ્યક્તિની યોગ્ય કદર છે એ વાત ખરી પણ એ યોગ્યતા ખરી રીતે તો માન પામનાર વ્યક્તિનાં સંયમ, વિવેક અને સંસ્કાર પર જ અવલંબે છે. સંસ્કારી અને સંયમી વ્યક્તિ કાજે માન કોઈક પ્રેરણાદાયી અમૃત છે, જ્યારે પામર, આછકલી, અસંસ્કારી અને અસંયમી વ્યક્તિ માટે તો એ એક પ્રકારનું ''છાનું વિષ'' છે. આ રીતે માન અમૃત છે ને વિષ પણ છે.

❑

*હૃદયપટે જામેલી રજ આંખનાં આંસુથી ધોવાઈ જાય છે.*

આમ તો પ્રત્યેક માનવીનો વ્યક્તિગત રીતે પોતાના જીવન પર અધિકાર છે. પણ જે માનવીઓનાં સર્જનોની કે એમનાં જાહેર કાર્યોની અસર પ્રજા પર પડવાની સંભાવના હોય એવા માનવીઓના જીવન પર વ્યક્તિગત રીતે એમનો પોતાનો નહિ પણ રાષ્ટ્રનો અધિકાર આપોઆપ જ સ્થાપિત થઈ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એમનાં જીવન 'ખાનગી જીવન' મટીને 'જાહેર જીવન' બની જાય છે. એમનાં કાર્યોની પેઠે એમનાં જીવનથી પણ રાષ્ટ્ર અને પ્રજા સદૈવ પરિચિત રહેતાં હોય છે.

એટલા માટે એ અત્યંત આવશ્યક છે કે એમનાં સર્જનો કે એમનાં કાર્યોની પેઠે એમનાં જીવન પણ નિર્મળ, નિષ્કલંક અને આદર્શરૂપ હોય. 'ચારિત્ર્ય' વિનાનું જીવન આદર્શરૂપ બની શકતું નથી. એટલે એમનાં ચારિત્ર્ય શુદ્ધ હોય એ સૌપ્રથમ જરૂરી છે. સાચું પૂછો તો એમનાં જીવન એમની પોતાની પાસે તો જાહેર પ્રજાની એક અનામત રૂપે જ હોઈને પોતાનું જીવન શુદ્ધ રાખવાની એમની ફરજ છે.

કેટલીક વાર એવી દલીલ કરવામાં આવે છે કે ''લેખકો, કલાકારો કે જાહેર જીવન ગાળનારાઓના ચારિત્ર્ય જોડે આપણને શી નિસ્બત ? જગતને તેઓ શું આપી જાય છે એ જ જગતે જોવાની જરૂર છે - તેઓ શી રીતે જીવે તે એ જોવાની નહિ''

આ માન્યતા સાચી નથી. તમને એક સરળ દૃષ્ટાંતથી સમજાવું. ધારો કે 'અ' નામના લેખકની કોઈક નવલકથા વાંચીને એ નવલકથાના નાયકમાં લેખકે આરોપેલા ગુણોનું અનુસરણ કરવાનું તમને મન થાય. એ ગુણોને તમારા જીવનમાં ઉતારવાની મથામણ તમે કરી રહ્યા હો ત્યાં જ તમે જાણો કે પેલો લેખક જાતે તો એવા ગુણોથી સેંકડો જોજન દૂર

છે ! આ વાત જાણતાં જ ચારિત્ર્યઘડતર માટેની તમારી મથામણ પાછળ રહેલી પેલી નવલકથાના વાચને જન્માવેલી પ્રેરણા જરૂર મોળી પડી જવાની. સ્વાભાવિક રીતે જ તમને થશે કે 'આવું પ્રેરણાત્મક સર્જન કરનાર લેખક પોતે જ્યારે પોતાના જીવનને ઘડી ન શક્યો ત્યારે મારું તો શું ગજું?'' આમ તમારી મથામણની ગતિ શિથિલ થઈ જશે અને તમે માનતા થઈ જશો કે આદર્શ અને વ્યવહારનો મેળ ખાવો અતિ મુશ્કેલ છે. હવે સાચી વાત તો એ છે કે જીવનમાં ઉતારવા માટે જ આદર્શ છે, વ્યવહારમાં આચરવા માટે જ આદર્શ છે - કાગળ પર છપાઈને પડ્યા રહેવા માટે નહિ.

એટલે જાહેર પ્રજા પર અસર પાડવાની સ્થિતિમાં પોતે હોય એવી કોઈ પણ વ્યક્તિની એ ફરજ બની રહે છે કે કોઈ પણ ભોગે એણે પોતાના ચારિત્ર્યને શુદ્ધ રાખવું, કેમ કે એ ચારિત્ર્ય એની વ્યક્તિગત સંપત્તિ નથી, પણ રાષ્ટ્રની મોંઘી મૂડી છે.

❑

*જે દુઃખ પ્રભુનું સ્મરણ કરાવે છે એવા દુઃખથી દૂર શા માટે ભાગો છો ?*

જીવન અને મૃત્યુ એ જેમ જોડકા ભાઈઓ છે તેમ સુખ અને દુઃખ એ પણ જોડકા ભાઈઓ જ છે. જીવન જોડે જેમ મૃત્યુ જડાયેલું છે તેમ સુખ સાથે દુઃખ જડાયેલું છે. જીવન વિના જેમ મૃત્યુ સંભવતું નથી તેમ સુખ વિના દુઃખ કે દુઃખ વિના સુખ સંભવતું નથી. સુખ અને દુઃખ એ બેઉ જીવનમાં 'અનિવાર્ય' છે. મને કે કમને એમને વધાવ્યે જ છૂટકો. ઇચ્છાએ કે અનિચ્છાએ એમને માથે ચડાવ્યે જ છૂટકો. બીજા શબ્દોમાં કહીએ તો 'જીવન એટલે જ સુખદુઃખ અને સુખદુઃખ એટલે જ જીવન.' કેમ જાણે જીવનને સુખદુઃખ વિના ચાલતું જ ન હોય ! જીવનના આરંભથી અંત સુધી સુખદુઃખ, જીવનના અબાધિત પડછાયાની પેઠે, જીવનની જોડે જ એ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં જવાનાં, જીવને તથા સુખદુઃખે એક પ્રકારનું એવું 'અદ્વૈત' સાધી લીધું છે કે જીવન માટે શ્વાસ જેટલો અનિવાર્ય છે એટલાં જ અનિવાર્ય સુખદુઃખ પણ છે.

એટલે પોતાના ઘટ સાથે અને પોતાના જીવન સાથે જડાયેલાં સુખદુઃખમાં માનવી જેટલે અંશે સમતા જાળવી રાખી શકે એટલે અંશે એને 'જીવનનો સાચો જ્ઞાની' અને 'સાચી રીતે જીવન જીવનારો' લેખી શકાય. જીવન જીવવાની કલા માટેની સાચી અને કારગત ચાવી એને હસ્તગત થયેલી ગણાય. જેના જીવનરૂપી ત્રાજવાનું બેમાંથી એકે પલ્લું સુખ કે દુઃખથી ઊંચું કે નીચું ન જાય એવા માનવીને બડભાગી સમજવો. એવી સમતા કેળવનાર માનવીને મન જીવન પ્રભુના વરદાન સમું બની રહે છે, જ્યારે સુખ વેળા જીવનનું સુખ બાજુનું પલ્લું નીચું જાય અને દુઃખ વેળા જેના જીવનનું દુઃખ બાજુનું પલ્લું ઊંચું જાય એવા માનવીને મન જીવન એ પ્રભુદીધો એક શાપ બની રહે છે, એટલે જીવનની જમણી બાજુ સુખની અને ડાબી બાજુ દુઃખની - એમ સુખદુઃખની બે પાંખો જીવન જોડે જડી લઈને જે જીવન પ્રભુએ માનવીને આપ્યું છે એ જીવનને

'પ્રભુનું વરદાન' બનાવવું કે 'પ્રભુનો શાપ' બનાવવો એ માનવીના પોતાના જ હાથમાં છે.

હવે સુખદુ:ખમાં સમતા જાળવવા માટે શા શા યત્નો કરવા એ વિશે વિચારીએ : સુખ ભોગવતી વેળા ''મારા આ સુખ પછી દુ:ખ આવવાનું જ છે'' અને દુ:ખ ભોગવતી વેળા ''મારા આ દુ:ખ પછી સુખ આવવાનું જ છે'' એવું ચિંતન સતત કરતા રહેવું. એમ કરશો તો તમે સુખમાં છકી નહિ જાઓ કે દુ:ખમાં હતાશ નહિ થાઓ. આવી ચિંતનટેવથી તમે ધીરે ધીરે સુખમાં કે દુ:ખમાં - જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં - એક પ્રકારની નિર્લેપતા કેળવી શકશો. પરિણામે જીવનની સુગમતા કે વિષમતા વચ્ચે તમને ઝાઝો ફેર નહિ લાગે. તમારે મન લગભગ બેઉ સરખાં બની રહેશે. તમને લાગવાં માંડશે કે ''જીવન તો આ પ્રકારે ચાલ્યા જ કરે, એમાં વળી હર્ષશોક શાનો ?'' આમ તમે સુખ ભોગવતી વેળા દુ:ખ ભોગવવાની તૈયારીરૂપી જે ભાથું બાંધી રાખશો તે દુ:ખ ખરેખર આવી પડશે ત્યારે કામ લાગશે અને દુ:ખ ભોગવતી વેળા ભાવિ સુખ માટેનો આશાવાદ તમારા દુ:ખને ઘણું ઘણું હળવું કરી નાખશે. પછી તો તમે એક પ્રકારનો સમતોલ આનંદ, એક પ્રકારની નિરાસક્ત નિર્લેપતા અને એક પ્રકારની સાચી જીવનાનુભૂતિ અનુભવતા થઈ જશો - ચાહે તમે સુખમાં હો કે દુ:ખમાં હો કે જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં હો. આવી ભાવસાધના કંઈ જેવીતેવી ન લેખાય. માટે ''સુખ દુ:ખ સદા ટકતાં નથી એ નીતિ ઉર ઉતારવી' - એ કાવ્યપંક્તિને તમે સદૈવ જિહ્વાગ્રે અને અંતરાગ્રે રાખો.

સુખદુ:ખમાં સમતા જાળવી રાખવાનો બીજો ઉપાય છે સુખમાં શક્ય એટલો પરમાર્થ કરીને એ દ્વારા શક્ય એટલાં વધુ માનવીઓની તમારા પ્રત્યેની સહાનુભૂતિ દઢીભૂત કરી લેવાનો. એમની એવી દઢીભૂત બનેલી સહાનુભૂતિ દુ:ખ વેળાએ તમને તમારા દુ:ખના ઘા

રૂઝવનારી કોઈક શીતળ ઔષધિ સમી લાગશે. પરિણામે દુઃખના જખમોની તમારી વેદના ઘણે અંશે હળવી બની જશે અને તમારે માથે દુઃખ પડ્યાનો તમને નહિવત્ અનુભવ થશે. એવે સમયે તમને કોઈક અનેરું આશ્વાસન અને કોઈક અણ-ચિંતવ્યું બળ સાંપડી રહેશે અને ઘડીભર તો તમે દુઃખી છો જ નહિ એવો ભાસ થશે ! દુઃખની અસરને હળવી કરનારી આ કંઈ જેવીતેવી પ્રતિકારશક્તિ ન લેખાય.

અને ત્રીજો ઉપાય છે તમે સુખ ભોગવતા હો એ સમયગાળા દરમિયાન ''ભવિષ્યે દુઃખ આવવાનું જ છે'' એમ નિશ્ચિત માનીને દુઃખની સામે થવાનાં શસ્ત્રો સંઘરી સંઘરીને એકઠાં કરતા જવાનો. આનંદી સ્વભાવ, વિનોદી વૃત્તિ, ''હું તો જીવનવીર છું, દુઃખ મને શું કરવાનું છે ? દુઃખની મજાલ નથી કે મને જીતી શકે'' એવી ભાવના, ''આ દુઃખ તો ઘડીભરના તુષારબિંદુ સમું કે વરસાદના એકાદ ઝાપટા સમું છે, એમાં તે અકળાવું શું ?'' એવી મનોવૃત્તિ, સાચા ભક્તોએ તો પ્રભુ પાસે મનોબળની કસોટી કરનારાં દુઃખો જ માગ્યાં છે ને ?'' એવી ભક્તિભાવના, ''આ દુઃખ તો આશીર્વાદરૂપ છે'' એવી સાચું જીવન-શિક્ષણ પામવાની શિષ્યવૃત્તિ, કોઈ પણ પ્રતિકૂળ સંજોગને હળવી નજરે નિહાળવાની ટેવ વગેરે એવાં શસ્ત્રો છે. સુખકાળમાં જ તમે આ શસ્ત્રો સંઘરી રાખો ને પછી જુઓ કે આપત્તિકાળમાં એ કેવાં કામ લાગે છે !

પણ ઉપલા સર્વ ઉપાયો કરતાં ચડી જાય એવો એક કીમિયો હું તમને બતાવું. એ જીવનકીમિયો એવો છે કે સુખના જમા પાસાને વૃદ્ધિગત કરે અને દુઃખના ઉધાર પાસાને ક્ષીણગત કરે. તમે જાણો તો છો કે સુખમાં એક પ્રકારનું સુખ અને દુઃખમાં એક પ્રકારનું દુઃખ રહેલું છે. હવે જો સુખમાં રહેલા સુખનો તમે વધારેમાં વધારે ઉપભોગ કરી શકો અને દુઃખમાં રહેલું દુઃખ જો તમને ઓછામાં ઓછો સ્પર્શ કરી શકે તો તમે તમારા જીવનમાં શક્ય એટલું વધારે પ્રાપ્ત કર્યું લેખાય. એટલે

સુખ આવે ત્યારે વધારેમાં વધારે સુખાનુભવની અને દુઃખ આવે ત્યારે ઓછામાં ઓછા દુઃખાનુભવની વૃત્તિ જો તમે કેળવી શકો તો જીવનનો વધારેમાં વધારે લાભ પામી શક્યા તમે લેખાઓ. સુખી અવસ્થાને શક્ય તેટલી વધારે સુખી અને દુઃખી અવસ્થાને શક્ય એટલી ઓછી દુઃખી બનાવવાનો આ અદ્‌ભુત કીમિયો છે. એ 'અદ્‌ભુત' છે એટલે જ સહજ-સાધ્ય નથી. એ જબરી માનસિક ઉપાસના માગી લે છે. જીવનની સર્વ સ્થિતિઓમાં સમતોલ રહેવાનું વિરલ મનોબળ એ જ એનું મૂલ્ય છે. તમે જો એ મૂલ્ય ચૂકવી શકો તો કોઈક વિરલ 'જીવનમણિ' સમો આ કીમિયો તમે મેળવી શકો. એટલે જ સુખમાં રહેલા સુખનું વર્ધન કરવાની અને દુઃખમાં રહેલા દુઃખથી નિર્લેપ રહેવાની ટેવ તમે આજથી જ પાડો. એ ટેવ જીવનસિદ્ધિની જનેતા છે.

❑

*સર્પની પેઠે માણસ પણ પ્રસંગે પ્રસંગે કાંચળી ઉતારતો થઈ જાય તો મનુષ્ય અને પશુ વચ્ચે ભેદ શો ?*

અનંત લેખાતો કાળ પણ પરિવર્તનશીલ છે. સમય નવા નવા રંગો ધારણ કરે છે. વિવિધ પલટાઓ લેવાની જાણે જગતને અને સમયને ટેવ જ પડી ગઈ છે ! કશું જ જાણે સનાતન નથી ! બધું જ જાણે પરિવર્તનને આધીન છે ! જૂનું જાય ને નવું આવે. ગઈ કાલે જે નવું હતું તે આજે જૂનું થઈ જાય છે અને આજે જે નવું છે તે આવતી કાલે જૂનું થવાનું છે. આ વિશ્વમાં કશું જ જો સનાતન હોય તો તે આ પરિવર્તન પરંપરા જ છે !

જૂના અને નવા વચ્ચેનો સંઘર્ષ કંઈ આજનો નથી. એ સંઘર્ષ તો જુગજૂનો છે. જૂનું અવખે પડે અને નવું મોહક લાગે એ માનવસુલભ વૃત્તિ આજ યુગયુગોથી માનવી પર પકડ જમાવતી આવી છે. એને એક પ્રકારની માનવસહજ નિર્બળતા પણ લેખી શકાય. અને એટલા માટે જ જૂના તથા નવા વચ્ચેના સંઘર્ષકાળ દરમિયાન માનવીએ પૂરી સાવધાની અને પૂરો વિવેક રાખવો જરૂરી છે, કેમ કે પરિવર્તન હંમેશાં ઇષ્ટ જ હોય એવું કંઈ નથી, પરિવર્તન અનિષ્ટ પણ હોઈ શકે. એટલે માનવીએ પ્રત્યેક પરિવર્તનની ઇષ્ટતા - અનિષ્ટતાનો વિવેકપૂર્વક વિચાર કરીને એ પરિવર્તનમાંનું શું અને કેટલું ગ્રહણ કરવું તથા શું અને કેટલું ત્યાગવું એ બહુ જ સમતોલ દૃષ્ટિએ વિચારવાનું હોય છે.

તમે સ્વાભાવિક રીતે જ પ્રશ્ન કરશો કે ''સમતોલ દૃષ્ટિ એટલે કેવી દૃષ્ટિ ?'' ઉત્તર એ છે કે ''સારાસારનો વિવેક જે દૃષ્ટિ તમને અર્પે એનું નામ સમતોલ દૃષ્ટિ.'' તાત્પર્ય કે પરિવર્તનકાળ દરમિયાન જે 'જૂનું લુપ્ત થવાની તૈયારીમાં હોય એને લુપ્ત થવા દેવું કે નહિ અને જે 'નવું' પ્રવેશ પામવા ઇચ્છતું હોય એને પ્રવેશવા દેવું કે નહિ તેનો સારાસારની દૃષ્ટિએ વિચાર કરવો પરમાવશ્યક છે.

આ તો પાયાની સૈદ્ધાંતિક વાત થઈ. હવે આપણી અત્યારની પરિસ્થિતિને પાયાનો ઉપલો સિદ્ધાંત લાગુ પાડીને ચકાસીએ.

અત્યારે મારા જેવા અનેક વૃદ્ધોને તમે કહેતા સાંભળશો : "શો જમાનો આવ્યો છે ? ઈશ્વરભક્તિ, ધર્મ, નીતિ, સત્ય કે સદાચાર સરખું હવે કશું રહ્યું જ નથી ! આજની યુવાન પેઢી ભૌતિકવાદમાં, વિલાસમાં અને ઉચ્છૃંખલતામાં જ રાચી રહી છે ! સંયમ, સાદાઈ, શિસ્ત અને માનમર્યાદાનું નામનિશાન નીકળી ગયું છે !" વગેરે વગેરે

જ્યારે તમે યુવાનોને અત્યારે કહેતા સાંભળશો : "આ આપણા આજના ઘરડાઓને તો પોતાના જમાનાનાં ખોટાં બણગાં ફૂંકવાની અને અમારી પેઢીને વગોવવાની જાણે ટેવ જ પડી ગઈ છે ! એ ઠોચરાઓ જમાના સાથે કદમ મિલાવીને ચાલતા નથી અને બાવા આદમના વખતની વાતો ઝીંક્યે રાખે છે ! આજના એકવીસમી સદીના 'પ્રોગ્રેસિવ' યુગમાં તે એ કંઈ ચાલે ? એ જુનવાણી લોકો તો 'ભારતીય સંસ્કૃતિ'ને નામે આજની પેઢીને બાપના કૂવામાં ડૂબી મરવાની સલાહ આપે છે !" વગેરે વગેરે.

હવે આ બેઉ પાસાંનો તાત્ત્વિક રીતે અને ઉપર કહેવાઈ ગયું તેમ 'સારાસારનો વિવેક દાખવતી' સમતોલ દૃષ્ટિએ વિચાર કરીએ.

આપણા ભારતમાં પુરાતન કાળમાં ચાર આશ્રમોની અને ચાર વર્ણોની અતિ સુંદર વ્યવસ્થા હતી. એની પાછળ સામાજિક તથા આર્થિક વ્યવસ્થાની તેમ જ સમાજને સંયમિત રાખવાની યોજનાબદ્ધ દૃષ્ટિ રહેલી હતી. આપણા એ પૂર્વજો કંઈ મૂર્ખ ન હતા. એ કાળે માનવીને ધર્મમાં અચલ શ્રદ્ધા હોવાથી એમણે દૈનિક જીવનની તેમ જ સામાજિક જીવનની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓને સંયમિત રાખવા કાજે ધર્મસૂત્રોમાં માનવઆચારોને વણી લીધા. એ કાળે ધર્મ જ માનવીનો 'આચાર' અને સદાચાર જ માનવીનો 'ધર્મ' બની રહ્યો. એ યુગનો

માનવી પરમ ધાર્મિક હોવાથી ધર્મસૂત્રોએ પ્રબોધેલું સંયમિત જીવન જ એ ગાળતો.

પણ એ પછી કાળાનુક્રમે ધીરે ધીરે એ ચાર આશ્રમોની અને ચાર વર્ણોની સીમાઓ તૂટવા લાગી. એ ચારે વર્ણોમાંથી પછી તો અનેક જ્ઞાતિઓ જન્મી. એમાં પણ ધીરે ધીરે વિકૃતિઓ પ્રવેશતી ગઈ અને પેટાજ્ઞાતિઓ પણ જન્મી. જ્ઞાતિના આગેવાનો સ્વાર્થી, ઘમંડી અને આપખુદ બનતા ગયા. એમણે એક રીતે કહીએ તો જુલમ જ ગુજારવા માંડ્યો. બ્રાહ્મણો પોતાને ચડિયાતા અને શૂદ્રોને હલકા માનવા લાગ્યા. છૂતઅછૂતની માનવતાવિહોણી ભાવના અનેક જ્ઞાતિઓમાં ઘર ઘાલી ગઈ. આ બધાનું જેવું આવવું જોઈએ એવું જ પરિણામ આવ્યું. વિકૃતિરૂપી કીડાઓએ જ્ઞાતિઓને કોરી ખાધી, જેના ફળસ્વરૂપે આજે તો જ્ઞાતિ જેવું કશું રહ્યું જ નથી ! ચાર આશ્રમો તૂટી જતાં ગુરુને ઘેર જઈ ગુરુદંપતીની સેવા કરીને વિદ્યા પામવાની વૃત્તિ લુપ્ત થઈ. પરિણામે ૨૫ વર્ષની વય સુધી બ્રહ્મચર્ય પાળવાની પ્રથા પણ લોપ પામી. ગૃહસ્થાશ્રમ વહેલો શરૂ થવા લાગ્યો. પરિણામે ગૃહસ્થાશ્રમમાં અનેક અપરિપક્વતાઓ અને દૂષણો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. સાગરની પાળ તૂટી ગઈ અને છેવટે એનું પરિણામ એ આવ્યું કે સમાજ બાળલગ્નની હાનિકર પ્રથા સુધી પહોંચી ગયો ! આમ ચાર આશ્રમોમાંના પ્રથમ આશ્રમનો પાયો હચમચી જતાં ચારે આશ્રમો પોતાના ગુણધર્મો ગુમાવી બેઠા અને પ્રકાર પ્રકારની વિકૃતિઓનો ભોગ બની જઈને નાશ પામ્યા.

આ બધી વિકૃતિઓ મધ્યકાલીન યુગમાં પ્રવેશી હતી અને ફૂલીફાલી હતી. એમાં ભારત પર થયેલાં વિદેશી આક્રમણોએ તેમ જ એ પછીના વિદેશી શાસનોએ પણ સારો સરખો ભાગ ભજવ્યો હતો. દાખલા તરીકે તમે જૂનાં પૌરાણિક ચિત્રો જોશો તો એમાં તમને ઘૂમટો

તાણેલી સ્ત્રીઓ જોવા નહિ મળે. એ પરથી કલ્પી શકાય છે કે એ કાળે લાજનો રિવાજ નહિ હોય. લાજ કે ઘૂમટાનો રિવાજ સંભવતઃ મુસ્લિમ શાસન દરમિયાન જન્મ્યો હશે.

આવી તો અનેકાનેક સામાજિક તેમ જ અન્ય પ્રકારની વિકૃતિઓ આપણા જીવનમાં પ્રવેશી ગઈ. અને એ વિકૃતિઓ જ્યારે લગભગ પરાકાષ્ટાએ પહોંચી ત્યારે ભારત પર બ્રિટિશ શાસન શરૂ થયું. એ શાસનને કારણે આપણે પાશ્ચાત્ય સાહિત્યથી તેમ જ પાશ્ચાત્ય પ્રજાઓના રીતરિવાજોથી પરિચિતિ થયા. એમાં આપણને એક પ્રકારની ઉદાર, વિશાળ અને સુસંસ્કૃત દૃષ્ટિ દેખાઈ. જોડે જોડે આપણી વિકૃતિઓનું પણ આપણને ભાન થયું અને આપણા સમાજસુધારકોમાં તેમ જ આપણા આગેવાનોમાં એ વિકૃતિઓને દૂર કરવાની વૃત્તિ જન્મી. એટલે એમણે પોતાની નવી ઊઘડેલી દૃષ્ટિ દ્વારા આપણા અનેક દૂષિત રિવાજોને દૂર કવાની ઝુંબેશ ઉપાડી. પરિણામે એ મધ્યકાલીન વિકૃતિઓ ધીરે ધીરે દૂર થવા લાગી. પછી તો આપણા સામાન્ય જનને પણ આપણા દૂષિત, અન્યાયી તથા હાનિકર સામાજિક રીતરિવાજોનું તેમ જ આપણામાં ઊંડા મૂળ ઘાલી ગયેલી અંધશ્રદ્ધાનું ભાન થવા લાગ્યું. પરિણામે આપણે જૂની પ્રથાઓ તથા જૂનાં બંધનો તોડીને પાશ્ચાત્ય સાહિત્ય તથા પાશ્ચાત્ય પ્રજાના સંપર્કથી નવી દૃષ્ટિ મેળવી, જેમાં સામાજિક અસમાનતાને, પરંપરાગત રીતરિવાજોને કે અંધશ્રદ્ધાને લેશમાત્ર સ્થાન ન હતું.

અહીં સુધી તો બધું બરાબર હતું, કેમ કે આપણે આપણી એ નવી દૃષ્ટિરૂપી ચાળણીમાંથી આપણી ઘણીખરી વિકૃતિઓને ચાળી નાખી હતી. એમ કર્યા પછી આપણી પૌર્વાત્ય સંસ્કૃતિને નજર સમક્ષ રાખીને આપણે આપણા સમાજની નૂતન રચના કરવી જોઈતી હતી. એવી રચના જે શુદ્ધ, ન્યાયી અને સમતોલ હોય અને જેનું કેન્દ્રબિંદુ આપણા પૂર્વજોની પરમ માંગલ્યકર ભારતીય સંસ્કૃતિ હોય.

પણ ત્યારે તો આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિમાં એટલા બધા અંજાઈ ગયા હતા કે ઉપલો સાચો માર્ગ ભૂલીને આપણે તાત્ત્વિક રીતે આપણી સંસ્કૃતિથી છેક જ ભિન્ન અને લગભગ બીજા છેડાની કહી શકાય એવી પાશ્ચાત્ય સંસ્કૃતિમાં વધુ ને વધુ ખૂંપતા ગયા. એ સંસ્કૃતિનાં દૂષણો તેમ જ આપણે માટે એ સંસ્કૃતિની નિરર્થકતા અને ભયાનકતા આપણી નજરે ત્યારે ચડ્યાં જ નહિ, કેમ કે સારાસારના વિવેકે જન્માવેલી સમતોલ દૃષ્ટિને બદલે આપણી દૃષ્ટિ ત્યારે આપણે માટે 'નવા' જેવી લાગતી પાશ્ચાત્ય સંસ્કૃતિના મોહમાં જ સર્વાંશે અંજાઈ ગઈ હતી ! આપણને ત્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિનું ઘેન ચડ્યું હતું ! પરિણામે એ સંસ્કૃતિનું બધું જ આપણને સારું લાગવા માંડ્યું ! "કોઇ પણ દેશની પોતાની આગવી સંસ્કૃતિ જ એ દેશનો પ્રાણ છે" એ સનાતન સત્ય આપણે વીસરી ગયા ! મધ્યકાલીન સમયની આપણી અંધશ્રદ્ધા તો આપણે દૂર કરી, પણ એને સ્થાને પાશ્ચાત્ય સંસ્કૃતિને આદર્શ અને પૂર્ણતઃ અનુકરણીય સંસ્કૃતિ માનવાની બીજી એક 'અંધશ્રદ્ધા' આવીને આપણામાં ઘર ઘાલી ગઈ. બકરું કાઢતાં ઊંટ પેઠું !

અને હવે અત્યારે તો આપણી દશા "ધોબીનો કૂતરો નહિ ઘરનો, નહિ ઘાટનો" જેવી દશા થઈ ગઈ છે ! અત્યારે તો પાશ્ચાત્ય સંસ્કૃતિનાં લગભગ પ્રત્યેક દૂષણને ભૂષણ માનીને આપણે અપનાવી લીધું છે. આપણા જીવનનું એકેય ક્ષેત્ર પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરથી મુક્ત રહી શક્યું નથી. એ અસર ઈષ્ટ છે કે અનિષ્ટ એનો વિચાર કર્યા વિના અત્યારે તો આપણે આપણા જીવનને પ્રત્યેક ક્ષેત્રે એ સંસ્કૃતિનું આંધળું અને વિવેકહીન અનુકરણ કરી રહ્યા છીએ ! એવાં કેટલાંક ક્ષેત્રો પર નજર નાખી એ અંગે થોડો તાત્ત્વિક વિચાર હવે કરીએ.

પ્રથમ સામાજિક ક્ષેત્ર લઈએ. પૌર્વાત્ય સંસ્કૃતિનો પાયો 'ત્યાગ' છે. આપણા સમાજની રચના મૂળ તો એ પાયા પર જ થઈ હતી. સંયુક્ત

કુટુંબની સંસ્થા ત્યાગના પાયા પર જ રચાયેલી હતી. એમાં એક પ્રકારનો કુટુંબહિતકર, સમાજહિતકર, 'સામ્યવાદ' રહેલો હતો. કેમ કે કુટુંબનાં સૌ સુખ-દુઃખમાં અને આવકમાં સરખાં હિસ્સેદાર બનતાં. કાળક્રમે સંયુક્ત કુટુંબની આ સંસ્થામાં પણ વિકૃતિ પ્રવેશી. પ્રત્યેક કુટુંબી પોતાનો જ સ્વાર્થ જોતો થવા લાગ્યો એટલે ધીરે ધીરે આ સંસ્થા શિથિલ બનતી ગઈ. કૌટુંબિક ભાવના અને કૌટુંબિક ઉષ્મા ઓગળવા લાગ્યાં. પાશ્ચાત્ય સંસ્કૃતિના પાયામાં વ્યક્તિસ્વાતંત્ર્ય અને બીજાઓને ભોગે પોતાને જ આગળ ધપાવવાની ભાવના રહેલી છે. એવી એ વ્યક્તિગત સ્વાર્થપૂત પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર હેઠળ ધીરે ધીરે આપણાં સામાજિક બંધનો તૂટતાં ગયાં. 'સામાજિક શિસ્ત' જેવું કે સમાજના ભય જેવું કશું જ રહ્યું નહિ ! સાગરની પાળ તૂટી ગઈ ! વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના આપણે ઝીલી છે ખરી, પણ આપણે એને યોગ્ય રીતે જીરવી શક્યા નહિ અને એ સ્વાતંત્ર્યભાવના ધીરે ધીરે આપણને સ્વચ્છંદતામાં ઘસડતી ગઈ. આજે આપણું સામાજિક જીવન લેશમાત્ર અંકુશિત, સંયમિત કે સુગઠિત નથી. એ જીવન સ્વાર્થી, 'એકલપેટુ', વિલાસી અને લગામ વિનાના અશ્વ સરખું બની ગયું છે ! પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગમાં આવ્યા પછી આપણે ભૂલ એ કરી કે આપણી સામાજિક વિકૃતિઓને ચાળી નાખીને પૌર્વાત્ય સંસ્કૃતિ દ્વારા જ આપણા સમાજજીવનને પરિમાર્જિત કરવાને બદલે આપણે આપણા એ સમાજજીવનને પાશ્ચાત્ય રંગોમાં પૂરેપૂરું ઝબકોળી દીધું. પશ્ચિમની વ્યક્તિસ્વાતંત્ર્યની તથા ગમે તે રીતે આગળ વધવાની ભાવનાને અપનાવી લઈને આપણે પૌર્વાત્ય સંસ્કૃતિમાં રહેલી ત્યાગભાવનાને ફગાવી દીધી ! પરિણામે આજે તો આપણું સમાજજીવન પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે ઝોલાં ખાતું, અટવાતું અને ત્રિશંકુ સમી સ્થિતિ અનુભવતું બની ગયું છે.

હવે શિક્ષણક્ષેત્રે ડોકિયું કરીએ. અંગ્રેજી શાસનનો હેતુ

ભારતવાસીઓને પોતાના હાથ હેઠળની કારકુની પ્રજા બનાવવાનો જ હતો. એટલે એ શાસને આપણને કેવળ અક્ષરજ્ઞાન જ આપ્યું. આપણામાં જેમ જેમ અંગ્રેજી શિક્ષણનો વિકાસ થતો ગયો તેમ તેમ આપણા વિદ્યાર્થીઓ પાશ્ચાત્ય ભાવનાઓથી રંગાતા ગયા. કેટલાક અંગ્રેજ લેખકોએ તો ભારતના ઇતિહાસો પણ સાવ ખોટા લખ્યા ! શિક્ષણનો મૂળભૂત હેતુ તો શરીર, મન તથા આત્માનો ઉત્તરોત્તર વિકાસ સાધવાનો જ છે. પણ અંગ્રેજી શાસન હેઠળ તો એને બદલે નર્યું અક્ષરજ્ઞાન જ આપણું શિક્ષણ બની રહ્યું અને ડિગ્રીઓ જ જીવનમાં આગળ વધવાં માટેનાં સોપાન બની રહ્યું ! વિદ્યાર્થીઓમાંથી સાદાઈ, શ્રમનું ગૌરવ કરવાની વૃત્તિ, શિસ્ત, મોટેરાંઓ પ્રત્યેનો આદરભાવ, સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવાની કર્તવ્યભાવના વગેરે ક્રમશઃ લુપ્ત થતાં ગયાં અને એમને સ્થાને આડંબર, તેમ જ પાશ્ચાત્ય વ્યક્તિઓ તથા પાશ્ચાત્ય સાધનો પ્રત્યેનો આંધળો મોહ આપણા વિદ્યાર્થીઓમાં પ્રવેશ્યાં ને ઉત્તરોત્તર ફાલતાં ગયાં. આજે તો હવે શિક્ષણનું ક્ષેત્ર પણ કેવળ ધંધાદારી જ બની ગયું છે, આજે તો શાળાઓ, મહાશાળાઓ અને કૉલેજો ધંધાદારી પેઢીઓ જેવાં, અધ્યાપકો કે પ્રાધ્યાપકો એ પેઢીના ગ્રાહકો જેવા બની ગયાં છે ! ગાંધીજીએ 'બુનિયાદી તાલીમ'નો છોડ વાવ્યો તો ખરો, પણ આપણી સરકારે, આપણા રાજકીય નેતાઓએ તથા સમાજને સાચે માર્ગે દોરવામાં નિષ્ફળ ગયેલા આપણા સામાજિક અગ્રણીઓએ લેશમાત્ર જળસિંચન ન કરતાં એ છોડને લગભગ કરમાઈ જવા દીધો ! પરિણામે આજે વિદ્યાર્થી 'વિદ્યાનો અર્થી' રહ્યો જ નથી, પણ 'ગાઈડો'નું અવલંબન લઈને માત્ર પરીક્ષાઓ જ પાસ કરવાનો અર્થી રહ્યો છે ! જ્યાં સુધી શિક્ષણપદ્ધતિમાં ને શિક્ષણના મૂળભૂત ધ્યેયમાં આપણે આમૂલાગ્ર પરિવર્તન લાવીશું નહિ ત્યાં સુધી આપણા ભાવિ ભારતની આશા સમા વિદ્યાર્થીઓ સઢ વિનાની નૌકાઓ પેઠે જીવનસાગરમાં આમતેમ આથડતા જ રહેવાના. શિક્ષણનું જે ક્ષેત્ર એક

કાળે આપણે ત્યાં સૌથી વધુ પવિત્ર અને પ્રામાણિક ક્ષેત્ર લેખાતું એ ક્ષેત્ર પણ આજે તો અપવિત્ર, અપ્રામાંણિક અને ગેરરીતિઓ આચરતું થઈ ગયું છે !

હવે સાહિત્ય તથા કલાને ક્ષેત્રે દૃષ્ટિપાત કરીએ. સાહિત્ય અને કલાનો હેતુ શો ? એ બેઉની ઉપયોગિતા શી ? આનો સાચો ને પ્રામાણિક ઉત્તર તો એ છે કે સાહિત્ય અને કલા 'જીવન' માટે છે - જીવનના ઊર્ધ્વીકરણ માટે છે. સાહિત્ય 'સાહિત્ય' માટે નથી કે કલા 'કલા' માટે નથી, પણ એ બેઉ માનવીના જીવનને જીવંત રીતે સ્પર્શીને માનવીનું સાચું અને સુયોગ્ય જીવનઘડતર કરે એ માટે છે. 'કલાને ખાતર કલા' (Art for art's sake) એ આજના યુગનું મોટું ધતિંગ છે ! આપણાં સાહિત્ય અને કલા પર પશ્ચિમની એટલી તો ઊંડી અસર પડી છે કે પશ્ચિમની કોઈ સારી કે સરળ આયોજનપદ્ધતિ (ટેક્નિક) પોતાનાં સર્જનોમાં ગ્રહણ કરવાને બદલે આપણા લેખકો તથા કલાકારો આપણી પ્રજા સમક્ષ પોતાનાં સર્જનોમાં આંધળી રીતે પાશ્ચાત્ય ભાવનાઓને સમર્થીને આપણી પૌર્વાત્ય સંસ્કૃતિની ભારોભાર અવહેલના અને અવગણના કરે છે. એ બાપડાઓને ખબર નથી કે રોમ, ગ્રીસ અને ઇજિપ્તની એક કાળે દુનિયામાં પોતાનો ડંકો વગાડતી સંસ્કૃતિઓનું આજે નામનિશાન પણ નથી રહ્યું, જ્યારે ભારત પર હજારો વર્ષો સુધી વિદેશીઓનાં આક્રમણો થયાં ને સેંકડો વર્ષો સુધી વિદેશી શાસનો રહ્યાં છતાં આજે પણ ભારતીય સંસ્કૃતિ નાશ પામી નથી ! ત્યારે એ સંસ્કૃતિમાં એવું કંઈક હશેને ? નાશ ન પામી એનું કંઈ કારણ હશેને ? છે. એનું કારણ એ છે કે 'ભારતીય સંસ્કૃતિ'ના પાયામાં તપ, સંયમ અને ત્યાગ રહેલાં છે. ભારતીય સંસ્કૃતિ એ કંઈ એક 'તૂત' કે 'ધતિંગ' નથી, પણ માનવજાતનું કલ્યાણ કરનારી એક પરમ શ્રેયસ્કર સંસ્કૃતિ છે. આપણા સાહિત્યમાં આપણી પોતીકી સંસ્કૃતિનાં દર્શન ન થાય તો એ સાહિત્ય

શા કામનું ? પશ્ચિમના કેટલાક વિવાદાસ્પદ સિદ્ધાંતો લઈને અને પાશ્ચાત્ય સંસારની કેટલીક સમસ્યાઓ લઈને આપણા લેખકો ક્યારેક ક્યારેક તો પેટ ચોળીને શૂળ જન્માવવા સરખી સ્થિતિ જન્માવે છે ! આ લખવાનો ભાવાર્થ એવો નથી કે પાશ્ચાત્ય સાહિત્યમાં કશું સારું નથી. એ સાહિત્યમાંયે ઘણું ઘણું સારું છે, કેમ કે માનવતા ને માનવભાવનાઓ તો બધે જ સરખી છે. પણ એ સાહિત્યમાંથી 'સારું' લેવાને બદલે ઘણું ઘણું આપણને બંધબેસતું ન થાય એવું ને ઘણું ઘણું અગમ્ય આપણા લેખકો આપણી પ્રજાને પીરસીને આપણા સમાજમાં, આપણા જીવનમાં ને આપણી ભાવનાઓમાં એક પ્રકારની વિકૃતિ જન્માવે છે.

હવે રાજકીય ક્ષેત્રે નજર નાખીએ. આપણે આઝાદ થયા અને એ પછી લોકશાહીમાં આપણું રાજ્યબંધારણ ઘડાયું. એ રાજ્યબંધારણ ઘડનારાઓએ મોટી ભૂલ એ કરી કે જગતના જુદા જુદા દેશોનાં જુદાં જુદાં રાજ્યબંધારણોમાં જે જે 'ઉદાર' હતું અને વ્યક્તિસ્વાતંત્ર્યને સૌથી વધુ સમર્થનારું હતું તે તે ઉપાડીને આપણા રાજ્યબંધારણમાં ગોઠવી દીધું. એ બંધારણ ઘડનારાઓ એ વેળા એ વાત વીસરી જ ગયા કે ભારત એક ઘડાયેલું રાજ્ય નહિ પણ જેને ઘડતરની બધી જ પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે એવું એક અણઘડ રાજ્ય હતું. આ વાત નજર સમક્ષ રાખીને જ ભારતનું બંધારણ ઘડાવું જોઈતું હતું. પણ એમ થયું નહિ અને આજે એ બંધારણ હેઠળના ૩૦ વર્ષના શાસન પછી પણ પરિણામ એ આવ્યું છે કે લોકશાહીએ અને વ્યક્તિસ્વાતંત્ર્યની નિરંકુશ ભાવનાએ આપણી પ્રજાને લગભગ સ્વચ્છંદી બનાવી દીધી છે. અધિકારને યોગ્ય તો એ જ ગણાય, જેને પોતાની ફરજોનું ભાન હોય, ફરજના ભાન વિનાનો અધિકાર વાંદરાના હાથમાંની બંદૂક સમો છે. આપણી પ્રજાને અધિકારો તો મળી ગયા, પણ એને એની ફરજોનું ભાન કોઈએય કરાવ્યું નહિ ! દુર્ભાગ્યે આપણા મોટા ભાગના નેતાઓ પણ સ્વરાજ્યને મલાઈ

ખાવાની મોંઘી તક માનીને પોતાનું ઘર ભરનારા જ નીકળ્યા ! આજે તો ભારતને રાજકીય ક્ષેત્રે ભારે અંધાધૂંધી પ્રવર્તે છે, પ્રજા નિરંકુશ અને સ્વચ્છંદી બની ગઈ છે અને રાજકીય નેતાઓ ભાષણો કરનારા, આડંબરી અને ગજવાં ભરનારા બની ગયા છે ! લોકશાહી આપણે માટે આશીર્વાદરૂપ બનવાને બદલે અત્યારે તો શાપરૂપ બની ગઈ છે ! શાસનકારોના આંધળા ખર્ચાઓએ અને ખૂની ભપકાઓએ માઝા મૂકી છે ! પરદેશી એલચી ખાતાંઓના ઉડાઉપણાનો પણ કંઈ પાર નથી ! પ્રજાને ભોગ આપવાનું કહેનારા આપણા રાજકીય નેતાઓને પોતાના પગ તળે બળતું જોવાની ફુરસદ નથી ! - ખરું કહીએ તો વૃત્તિ નથી ! પરિણામે ભૂખ્યા ડાંસ જેવો ભારતનો નાણાંપ્રધાન પ્રતિ વર્ષે કરવેરાઓ વધારતો જ જાય છે - તે એટલે સુધી કે દેશમાં સંસ્કૃતિ તથા સંસ્કારોનો પ્રચાર કરનારાં સામયિકોને તથા 'કૃષિ'ને પણ નાણાંપ્રધાનની એ ભૂખે છોડ્યાં નથી ! રાજકીય ક્ષેત્રની 'પોકળતા' જબરી છે. એ ક્ષેત્રે બહારનો 'દેખાડો' જ સર્વવ્યાપી બની ગયો છે. પ્રજાહિતની, પ્રજાઘડતરની, ભારતીય સંસ્કૃતિને રક્ષવાની, પ્રજાનું નૈતિક ધોરણ જાળવી રાખવાની કે પ્રજાનાં દુઃખો જાણી લઈને એને સુખસંતોષ આપવાની વૃત્તિ, થોડાક અપવાદો સિવાય, આપણા નેતાઓમાં છે જ નહિ ! કીર્તિ અને કલદાર એ નેતાઓનાં જીવનધ્યેય બન્યાં છે તથા સત્તા, ભૂખ અને વિલાસ એમની જીવનપ્રણાલીઓ બની છે. ભારતને રાજકીય ક્ષેત્રે હવે પ્રામાણિકતાનો પડછાયો પણ રહ્યો નથી ! દેશનું સાચું ધન અને સાચું ગૌરવ દેશનાં રાક્ષસી કારખાનાંઓ કે દેશના મહાવિશાળ બંધો નથી કે નવી દિલ્હીની આલીશાન હોટલો નથી, પણ પ્રજાની સંસ્કૃતિ, પ્રજાના સંસ્કાર, પ્રજાનું નૈતિક બળ અને સંયમી તથા સાદું અને ઉચ્ચ વિચારોવાળું જીવન ગાળવાની વૃત્તિ જ દેશનું સાચું ગૌરવ છે એ સત્ય આજના તકલાદી રાજકીય નેતાઓને કોણ સમજાવે ? 'કલ્યાણરાજ્ય'ની એમની ભાવના તો 'સ્વકલ્યાણ'માં જ સમાઈ જાય છે ! અપવાદો હશે,

પણ મહદંશે પરિસ્થિતિ આવી જ છે.

હવે આપણા સિનેક્ષેત્રે દૃષ્ટિપાત કરીએ. ભારતનું એ મહાદુર્ભાગ્ય છે કે પ્રજાને ઘડવાનું જે સૌથી વધારે ઉપયોગી અને સરળ માધ્યમ 'સિનેમા' છે એના તરફ સૌથી વધારે દુર્લક્ષ આપણી સરકાર, આપણા પ્રેક્ષકો, આપણા રાજકીય અને સામાજિક નેતાઓ તથા આપણાં પત્રો અને આપણા વિવેચકો સેવે છે ! પાશ્ચાત્ય સંસ્કૃતિએ સૌથી વધારે હાનિ આપણી ફિલ્મોને પહોંચાડી છે. પાશ્ચાત્ય સંસ્કૃતિનાં બધાં જ દૂષણો આપણા ચિત્રનિર્માતાઓએ તેમ જ આપણા પ્રેક્ષકવર્ગે અપનાવી લીધાં છે ! પરિણામે આજની આપમી ફિલ્મો 'ભારતીય' રહી નથી, પણ વિલાસી, લપસણી, ભાગેડુવૃત્તિને પોષતી તથા પાશ્ચાત્ય સંસ્કૃતિનો કચરો ઠાલવનારી બની ગઈ છે. આ ક્ષેત્રે સૌથી દુઃખદ તો આપણા પ્રેક્ષકોનું 'સિદ્ધાંતહીન' માનસ છે - વિશેષે કરીને કહેવાતા 'સંસ્કારી' વર્ગના પ્રેક્ષકોનું. ''સારી ફિલ્મો ચાલે છે જ ક્યાં ?'' એમ કહેનારો સંસ્કારી વર્ગ જ નરસી ફિલ્મો જોવા હોંશે હોંશે દોડી જાય છે ! એ કહેવાતા સંસ્કારી સજ્જનો સાચેસાચ વીસરી જાય છે કે સારી કે નરસી ફિલ્મોને ચલાવનારા બીજા કોઈ નહિ પણ તેઓ પોતે જ છે ! તેઓ નરસી ફિલ્મો જોવાનું આજથી બંધ કરે તો કાલે નરસી ફિલ્મો બંધ થઈ જાય ! પણ એ કરવું છે કોને ? 'કહેવાતો' સંસ્કારી વર્ગ પણ આ બાબતમાં કદીય કશું વિચારતો જ નથી ! જાણે પ્રજાની બુદ્ધિ આ બાબતમાં સાવ જ કુંઠિત થઈ ગઈ હોય ! ખ્વાજા એહમદ અબ્બાસે એક વાર કંઈક આવા જ ભાવાર્થનું કહેલું : ''તમે જ્યારે કોઈ પણ ફિલ્મની ટિકિટ ખરીદો છો ત્યારે આડકતરી રીતે તો તમે એ ફિલ્મની તરફેણમાં મત જ આપો છો - 'બેલેટ-બૉક્સ'માં જેમ કોઈ ઉમેદવાર માટે તમે મતપત્ર નાખો છો તેમ. કારણ કે તમે ખરીદેલી ટિકિટના પૈસા છેવટે નિર્માતા પાસે જાય છે અને તમારા સૌના ઉત્તેજન પરથી એ નિર્માતા

માની લ્યે છે કે ‘‘પ્રજાને એ જાતની ફિલ્મો જ જોઈએ છે, નહિ તો એ એવી ફિલ્મોને અપનાવે શા માટે ?’’ શ્રી. અબ્બાસનો આ અભિપ્રાય દરેક સિનેપ્રેક્ષકે વિચારવા જેવો છે.

આપણાં મોટાં ભાગનાં ચિત્રો હવે તો થર્ડ ક્લાસ અમેરિકન ચિત્રોનાં આંધળાં અનુકરણ સરખાં, લપસણાં, વિલાસી, ઊગતી પ્રજાને બગાડનારાં અને ‘બીબાંઢાળ’ બની ગયાં છે. ફિલ્મો વિશે તો હું ઘણું લખી ગયો છું, પણ નરસાં તત્ત્વોમાં હોંશે હોંશે રાચનાર આપણી બહેરી પ્રજા અને દર અઠવાડિયે લાખો રૂપિયાનો સિનેમા ટૅક્સ ઉશેટનાર તથા સિને નટનટીઓ કનેથી કરોડો રૂપિયાનો કરવેરો વસૂલ કરવાનો બાકી રાખનાર આપણી બહેરી સરકાર એ કાને ધરે ત્યારે ને ? **ભારતીય પ્રજાના આજના પતનમાં ફિલ્મોનો ફાળો બહુ મોટો છે અને આ પતન ક્યાં જઈને અટકશે એ કહેવું કઠિન છે.**

આપણાં જીવનમાં લગભગ બધાં ક્ષેત્રોમાં આપણે કાં તો ‘નવું’ અપનાવવાના મોહથી કે કાં તો ‘જુનવાણી લેખાઈ જઈશું !’ એવા ભ્રામક ભયથી આપણે ઘણી ઘણી બાબતોમાં પશ્ચિમનું ખોટું અને અવિચારી અનુકરણ કર્યું છે. પાશ્ચાત્ય પ્રજાઓ પાસેથી ગ્રહણ કરવા જેવા ગુણો-નિયમિતતા, શિસ્તપાલન, કર્તવ્યનિષ્ઠા, ઓછું બોલવાની ને ઝાઝું કરી દેખાડવાની ટેવ, ધંધાદારી પ્રામાણિકતા, સહકારની ભાવના, ઊગતાને ઉત્તેજવાની વૃત્તિ, શ્રમનું ગૌરવ કરવાની વૃત્તિ વગેરે આપણે ગ્રહણ કરતા નથી ને એને બદલે એમની સંસ્કૃતિમાંની આપણા સમાજ, સંસ્કાર તથા આપણી સંસ્કૃતિને બંધબેસતા ન આવે એવા અનેક દુર્ગુણો ગ્રહણ કરીએ છીએ ! આના મૂળમાં કંઈ પણ ‘નવું’ આવે એમાં અંજાઈ જવાની આપણી નિર્બળતા તથા સારાસારની વિવેકભરી સમતોલ દૃષ્ટિનો અભાવ જ છે.

જેમ ‘જૂનું’ કંઈ બધું જ સારું ન હતું તેમ ‘નવું’ પણ કંઈ બધું જ

સારું હોઈ શકે નહિ. ખરી રીતે તો જૂના-નવાનો વર્ગભેદ પાડવાની જ જરૂર નથી, પણ એને બદલે 'સારા-નરસા'નો વર્ગભેદ પાડવાની જરૂર છે. ''જૂનું હોય કે નવું, સારું હોય તે જ ગ્રહણ કરવું.'' એ સિદ્ધાંત જ અપનાવવો ઘટે છે. પણ આપણે એટલા તો અનુકરણિયા બની ગયા છીએ અને તાત્ત્વિક રીતે વિચારવાની એટલી બધી તો શક્તિ આપણે ગુમાવી બેઠા છીએ કે વગર વિચાર્યે જે કંઈ 'નવું' આપણે હાથે ચડે તેને આપણે માથે ચડાવવા યોગ્ય માની લઈએ છીએ ! આ પણ કંઈ જેવી તેવી 'અંધશ્રદ્ધા' નથી !

❑

*પાપ શું છે એ માટે નિરંતર કાળજી રાખતી દુનિયા 'પાપ શા માટે છે ?' એ વિચારવા એનાથી અર્ધી પણ કાળજી રાખતી હોત તો પૃથ્વી પરનાં અનેક દુઃખ ઓછાં થઈ જાત.*

# ૨૨ જીવન અને મૃત્યુ એ 'જોડિયા' ભાઈઓ છે!

માનવ-અવતાર પામેલા પ્રત્યેક માનવીએ પોતાના જીવન અને મૃત્યુ વિશે શાંતિથી, સ્વસ્થતાથી અને શક્ય એટલી ગહનતાથી વિચાર કરવો ઘટે. શ્રેષ્ઠ જીવન અને શ્રેષ્ઠ મૃત્યુ માટે એવો વિચાર આવશ્યક છે.

જેમ કાયા સાથે છાયા, સુખ સાથે દુઃખ, આશા સાથે નિરાશા અને પ્રકાશ સાથે અંધકાર સંકળાયેલા છે તેમ જીવન જોડે મૃત્યુ પણ અનિવાર્ય રીતે સંકળાયેલું છે. માતૃગર્ભમાં બંધાતા સંતાનના પીંડમાં જ્યારે જીવન પ્રવેશે છે ત્યારે તે પોતાની સાથે મૃત્યુને લઈને જ પ્રવેશે છે, જે ક્ષણે કોઈપણ જીવનું જીવન નિર્મિત થાય છે તે ને તે જ ક્ષણે એનું મૃત્યુ પણ નિર્મિત થાય છે. આમ, જીવન અને મૃત્યુ એ બે 'જોડિયા' ભાઈઓ છે.

દેખીતી રીતે તો જીવન ગતિ અર્પે છે, જ્યારે મૃત્યુ ગતિને થંભાવી દે છે. પણ ખરી રીતે તો આ બાહ્ય ભિન્નતામાં પણ એક પ્રકારનું સામ્ય છે. મૃત્યુ પછી આત્માની ગતિનો પ્રારંભ થાય છે અને એ પેલા જૂના ખોળિયાને ત્યાગીને કોઈક નવા ખોળિયામાં નવા જીવનરૂપે પ્રવેશે છે. આમ, એક રીતે કહીએ તો જીવન એ મૃત્યુ માટે નિર્માયું છે અને મૃત્યુ એ જીવન માટે નિર્માયું છે. ઉભય પરસ્પરને એના નિર્માણમાં બાહ્ય રૂપે નહિ પણ સૂક્ષ્મ રૂપે સહાયક બને છે. જીવન મૃત્યુને જન્માવે છે તો મૃત્યુ પાછું જીવનને જન્માવે છે.

જીવન ભૂલો કરે છે, બલ્કે ભૂલોની પરંપરાનું જ નામ 'જીવન' છે, જ્યારે મૃત્યુ કદી ભૂલ કરતું નથી. એ તો નિરંજન, નિરાકાર અને નિર્વિકાર પરમાત્માની પેઠે નિયત સમયે સ્વકર્તવ્યપાલનમાં ક્ષણના શતાંસમા ભાગનો પણ વિલંબ કરતું નથી ! માનવીના જન્મધારણની ક્ષણ જેટલી જ નિશ્ચિત એની મૃત્યુક્ષણ પણ છે.

જે માનવી પોતાના જીવન વિશે વિચાર કરતો નથી તે પોતાનું મૃત્યુ સુધારી શકતો નથી. જે જીવનને જીતી શકે તે જ મૃત્યુને જીતી શકે - જીતી શકે એટલે પરમ આનંદથી મૃત્યુને ભેટી શકે.

એ જ રીતે જે માનવી પોતાના મૃત્યુને નજર સમક્ષ રાખતો નથી તે પોતાનું મૃત્યુ સુધારી શકતો નથી. એક કાળે મૃત્યુ આવવાનું જ છે એવી સતત સભાનતા - જેને આપણે જીવનની ક્ષણભંગુરતા કહીએ છીએ - માનવીને કુકર્મો કરતો અટકાવે છે. એવો માનવી વિચારે છે : 'શા માટે આ બધું પાપ ? મોતનું તેડું એક દિવસ આવશે જ. આ બધું અહીં જ મૂકી જવાની એ મૃત્યુ મને ફરજ પાડશે, ને હું તો હાથ ઘસતો ને વિચાર કરતો જ રહી જઈશ !' આ પ્રકારની મૃત્યુ - સભાનતા માનવી માટે એક લાલ બત્તી સમાન બની રહે છે, અને એ રીતે જીવન માટે મૃત્યુ પરમ ઉપકારક બની રહે છે. એના બદલામાં જીવન પણ મૃત્યુ માટે ઉપકારક બની રહીને એ આવે ત્યારે એનું હાર્દિક સ્વાગત કરી એની જોડે આનંદપૂર્વક 'નવા પ્રવાસે' ઊપડે છે. આમ, બહારથી પરસ્પર બે સામસામે છેડે બેઠેલાં લાગતાં જીવન અને મૃત્યુ ખરી રીતે તો પરસ્પરને સહાયક અને ઉપકારક બનવા માટે સર્જાયેલા જોડિયા બંધુઓ જેવાં જ છે. જેનું જીવન સુધરે એનું મૃત્યુ પણ સુધરે અને જેનું જીવન બગડે એનું મૃત્યુ પણ બગડે.

સાચું, પવિત્ર અને નિષ્પાપ જીવન જીવનાર માનવીને મૃત્યુનો લેશમાત્ર ભય હોતો નથી, કેમ કે એ જાણે છે કે અનિવાર્ય એવું એનું મૃત્યુ એટલી જ અનિવાર્ય રીતે એના 'જીવન'ને એટલે કે 'આત્મા'ને વધારે ઉચ્ચ પવિત્ર નિર્મિતિએ લઈ જશે. પવિત્ર જીવન જીવનારનું મૃત્યુ પવિત્રતર બને છે, જ્યારે અધમ જીવન જીવનારનું અધમ.

જીવન અને મૃત્યુ ઉભય સનાતન છે. આપણને પ્રથમ દૃષ્ટિએ જીવન નાશવંત લાગે છે, પણ ખરી રીતે તો જીવન સનાતન જ છે. એની

ક્ષણભંગુરતા તો કેવળ આપણા વર્તમાન જીવનમાં ખોળિયા પૂરતી જ છે. જીવનને ભવપલટાઓ કરાવનારું મૃત્યુ જ જીવનને સનાતનતા અર્પવામાં સહાયક બને છે. સંભવિત ભવપલટાઓની પરંપરા છેવટે આત્મા અને પરમાત્માનું મિલન કરાવે છે. જેમ જીવન કદી મરતું નથી તેમ મૃત્યુ પણ કદી મરતું નથી. પરમાત્માએ ઉભયને સનાતનતા અર્પી છે. એટલે જ 'આત્મા અમર છે' અને 'મૃત્યુ અનિવાર્ય છે' એમ કહેવાય છે. ભેદ માત્ર એટલો જ છે કે આત્માની એટલે કે જીવનની સનાતનતા કશા જ પલટા વિના એકરૂપતા પર જ મંડિત છે.

મૃત્યુ એ જીવનનું જીવન છે તો જીવન એ મૃત્યુનું જીવન છે. ઉભય પરસ્પરને જીવનપ્રદાયક છે.

❑

*અપમાન જીરવવું મુશ્કેલ તો છે જ, પણ માન જીરવવું એથીયે વધારે મુશ્કેલ છે.*

તમે માનશો ? જ્યારે કોઈ ભારતીય ગૃહસ્થ કે ભારતીય કારીગર મારી જોડે વાયદો કરે છે ત્યારે મને એ વાયદામાં ભાગ્યે જ શ્રદ્ધા બેસે છે, કેમ કે વચનપાલનની કે નિયમિતતાની ભારતીય નાગરિકને મન બહુ ઓછી કિંમત હોય છે. આનું કારણ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિના કોઈ વિચિત્ર મિશ્રણથી આજનો નાગરિક ઘડાઈ રહ્યો છે, એ છે.

ત્યાગના પાયા પર રચાયેલી પૌર્વાત્ય સંસ્કૃતિ અને ઐહિક સુખના પાયા પર રચાયેલી પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે જબરો તાત્ત્વિક ભેદ છે. એ ઉભય સંસ્કૃતિઓ લગભગ સામસામે છેડે છે. અલબત્ત, ઉભય સંસ્કૃતિઓને પોતપોતાનું આગવું સારાપણું ને નરસાપણું છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય પ્રજાને પોતપોતાનાં આગવાં લક્ષણો, વિશિષ્ટતાઓ, સબળ-નિર્બળ પાસાંઓ છે.

પણ દુર્ભાગ્યે આ ઉભય સંસ્કૃતિઓ વચ્ચે અટવાતા આજના ભારતીય નાગરિકે પૌર્વાત્ય સંસ્કૃતિમાંની ઘણા મોટા ભાગની સારાંશ ગુમાવી દઈને પાશ્ચાત્ય સંસ્કૃતિમાંની મોટા ભાગની નરસાશ અપનાવી લીધી છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિની એક પ્રકારની વિચિત્ર અને વિઘાતક મિશ્ર અસર હેઠળ એ જીવન વ્યતીત કરી રહ્યો છે. બીજાને સુખે સુખી થવાની ભાવના ભારતીય નાગરિકના જીવનમાંથી હવે લગભગ ભૂંસાઈ ગઈ છે. સામાજિક રીતે સંયુક્ત કુટુંબની સંસ્થા હવે લગભગ મૃતઃપાય થઈ ગઈ છે. વ્યક્તિગત રીતે હવે દરેક ભારતીય નાગરિક પોતાનું જ હિત જોતો થઈ ગયો છે. બીજાને ધક્કો મારીને કે જરૂર પડતાં પાડી નાખીને પણ જાતે આગળ વધવાનો પાશ્ચાત્ય સિદ્ધાંત એણે ગ્રહણ કરી લીધો છે. પરિણામે સ્વાર્થભરી ખેંચાખેંચીને કારણે જીવનસંઘર્ષ ખૂબ જ કપરો બન્યો છે. પૌર્વાત્ય સંસ્કૃતિની સાદાઈ ત્યાગી દઈને એણે

પાશ્ચાત્ય સંસ્કૃતિમાંનાં ટાપટીપ, દંભ-દેખાડો અને વિલાસિતા વગેરે દૂષણો અપનાવ્યાં હોવાથી પોતાના આર્થિક દૃષ્ટિએ મોંઘા જીવન-ધોરણને નિભાવી રાખવા માટે એને પ્રકાર પ્રકારના ખોટા અને અપ્રમાણિક માર્ગો ગ્રહણ કરવા પડે છે. વળી વિશેષ દુઃખ તો એ છે કે પ્રામાણિકતા, સિદ્ધાંતચુસ્તતા, નિયમિતતા, શ્રમગૌરવ, પ્રજાકીય અને નાગરિક ચારિત્ર્ય, સહકારી વૃત્તિ, કર્તવ્યપાલન, ઉદ્યોગશીલતા, સમયનો સદુપયોગ, કામચોરીનો સદંતર અભાવ વગેરે પાશ્ચાત્ય પ્રજાના અનુકરણીય સદ્‌ગુણો આજના ભારતીય નાગરિકે ગ્રહણ કર્યા નથી ! પોતાની સંસ્કૃતિના સદંશો ગુમાવીને પારકી સંસ્કૃતિના દુઅંશો એણે અપનાવ્યા છે ! આજનો ભારતીય નાગરિક પૂર્વ અને પશ્ચિમના ‘અનિચ્છનીય’ મિશ્રણ સમો બની ગયો છે !

મારી કલ્પનાનો નાગરિક આવો છે : એ બાહ્યાડંબરમાં ન રાચનારો, સાદાઈમાં માનનારો અને શ્રમગૌરવનો પરમ સમર્થક હોવા છતાં સમયની કિંમત સમજનારો, નાગરિકધર્મ પૂર્ણતઃ પાળનારો અને સુઘડ હોય. માનવીમાં જ પ્રભુને જોવાની વૃત્તિવાળો એ પરમ આસ્તિક હોય. સિદ્ધાંતપાલન, વચનપાલન અને કર્તવ્યપાલનમાં ચુસ્ત હોય. આ જગતમાં પૈસો એ ‘સાધ્ય’ નહિ પણ ‘સાધન’ જ માત્ર છે, એવું માનીને અર્થવાદને પંથે આંધળી દોટ મૂકનારો ન હોય. તાત્પર્ય કે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જે જે સારું હોય તે તે પોતાના જીવનમાં વિવેકપૂર્વક વણી લઈને ‘સાદું જીવન અને ઊંચા વિચાર’ એ સૂત્રમાં માનનારો હોય.

❑

*પ્રેમ ન હોત તો માનવીનું જીવન જીવવા યોગ્ય રહેત ખરું ?*

આજે જગતભરના બધા દેશોની પ્રજાઓ પ્રમાણમાં ઘણી વધારે ધાંધલિયેણ બની ગઈ છે. આજે માનવી જોઈએ તે કરતાં ઘણું વધારે બોલે છે અને ઊંચે અવાજે બોલે છે, કેમ કે એની સાચી-ખોટી આકાંક્ષાઓ ઘણી છે અને એનું આચરણ અસ્થિર તથા સિદ્ધાંતહીન છે. એ હવે સંતોષ અને શાંતિથી જીવવા ઇચ્છતો નથી. પાશ્ચાત્ય દેશોની પ્રજા હજી પ્રમાણમાં ઓછી ધાંધલ કરનારી અને વધુ કામ કરનારી છે. જ્યારે પૌર્વાત્ય દેશોની પ્રજાઓ વધુ ધાંધલિયેણ અને પ્રમાણમાં ઓછું કામ કરનારી છે. જે બોલે છે ઓછું તે વિચારે છે વધારે અને જે બોલે છે વધારે એ વિચારે છે ઓછું.

કહે છે કે જાપાનનાં મોટાં શહેરોમાં એટલો બધો ઘોંઘાટ હોય છે કે તેના બહુમાળી મકાનોની કચેરીઓમાં કામ કરતા જવાબદાર અધિકારીઓને ઘોંઘાટથી બચવા માટે અને પોતે શાંતિથી વિચાર કરી શકે એ માટે પોતાના બેઉ કાને એક પ્રકારનું ઘોંઘાટ અવરોધક યંત્ર લગાડવું પડે છે ! આમ, ઘોંઘાટ આજના જમાનાનો એક પ્રકારનો આડકતરો શાપ જ છે. અને એ શાપનો સૌથી વધુ ભોગ આપણો ભારતદેશ થઈ પડ્યો છે.

બહુ મોટેથી બોલીને કે ઘોંઘાટ કરીને કે પોતાનો રેડિયો મોટે અવાજે વગાડીને કે અન્ય કોઈ પણ રીતે પોતાના પાડોશીને 'ડિસ્ટર્બ કરવાનો પોતાને હક્ક નથી એ તો કદી એના ધ્યાનમાં જ આવતું નથી ! એ તો બસ એમ જ માનતો હોય છે કે ''આપણે નીચે કે ઊંચે અવાજે બોલીએ તેમાં બીજાને શું ?

આપણી પ્રજાને ઘોંઘાટનું અનિષ્ટ અને શાંતિનું મહત્ત્વ સમજાવવાની અત્યંત જરૂર છે. દરેક પોતાના અવાજનું નિયમન

કરવાની જનકલ્યાણકારી ટેવ પાડે અને અકારણ ઘોંઘાટથી દૂર રહે તો વાતાવરણમાં શાંતિ પ્રવર્તે એટલું જ નહિ પણ એ શાંતિને કારણે પ્રજા વધુ વિચારતી થાય.

ઇન્દ્રિય નિષ્ણાતો માને છે કે સતત ઘોંઘાટ સાંભળનાર માનવીમાં ક્રમશઃ બહેરાશ આવતી જાય છે. તેઓ માને છે કે અત્યારની ગતિએ ઘોંઘાટનું પ્રમાણ જગતમાં જો વધતું જ જાય તો સંભવ છે કે હજારો વર્ષ પછી દુનિયા લગભગ બહેરી કે બહુ જ ઓછું સાંભળતી થઈ જાય ! આ સંભવિત હોય કે ન હોય, પણ ઘોંઘાટ કરીને કે અતિ ઊંચે સાદે બોલીને બીજાને એની અનિષ્ટ અસર પહોંચાડવાનો આપણને રજમાત્ર અધિકાર નથી.

ઘોંઘાટ એ એક અવરોધક અને અનિષ્ટ બળ છે, જ્યારે શાંતિ એ એક સર્જક અને ઇષ્ટ બળ છે. માટે આજથી જ તમે ઘોંઘાટ ન કરવાનો તમારા ચારિત્ર્યનો એક સુંદર ભાગ બનાવો અને શાંતિથી તથા ધીમેથી બોલવાની ટેવ પાડવી શરૂ કરો.

❏

*શબ્દના ધ્વનિમાંયે એક પ્રકારની શક્તિ હોય છે, તો તેના અર્થમાં કેટલી શક્તિ હશે ?*

દેશકાળ અનુસાર સમાજમાં પરિવર્તનો આવતાં જ રહે છે. સામાજિક વહેણો સમયાનુસાર બદલાતાં જ રહે છે. વ્યક્તિને જેમ પોતાનું માનસ હોય છે તેમ દરેક સમાજને પણ પોતાનું એક વિશિષ્ટ માનસ હોય છે, જે યુગપરિબળોની અસર હેઠળ ઘડાતું અને પલટાતું રહે છે.

સામાજિક દૃષ્ટિએ જોઈએ તો ભારતમાં અત્યારે ત્રિશંકુ જેવી સ્થિતિ પ્રવર્તે છે. સમાજને ઘડનારાં અને અવલંબન આપનારાં જૂનાં પરિબળો નાશ પામ્યાં છે અને એમને સ્થાને જે નવાં પરિબળો આવ્યાં છે તે અધકચરાં છે અને નિર્બળ છે. એ પરિબળોના મૂળમાં ભારતીય સંસ્કૃતિ દેખાતી નથી. પૂર્વકાળે 'સમાજ' એ તો એક જબરું શાસક અને નિયંત્રક બળ હતું. પણ અત્યારે તો વ્યક્તિસ્વાતંત્ર્યના ઓઠા હેઠળ પ્રત્યેક વ્યક્તિ સમાજના લેશમાત્ર ભય વિના પોતાની ઇચ્છાનુસાર આચરણ કરી શકે છે. સાચું પૂછો તો 'સમાજ' જેવું હવે કશું રહ્યું જ નથી ! અધૂરામાં પૂરું ભારતમાં લોકશાહી આવતાં ભારતીય વ્યક્તિની સ્વચ્છંદતા પૂર્ણતઃ ફૂલીફાલી છે અને અત્યારે તો ભારતીય વ્યક્તિની સ્થિતિ લગામ વિનાના ઘોડા જેવી કે બ્રેક વિનાની મોટર જેવી છે.

આધુનિક સામાજિક પરિબળોમાં એક મહત્ત્વનું પરિબળ એ 'સિનેમા' છે. એ એક સામાજિક પરિબળ છે એ સત્ય દુર્ભાગ્યે આપણા સામાજિક કાર્યકરો તથા સમાજસેવકોના લક્ષમાં આજ સુધી આવ્યું નથી ! મોટે ભાગે 'સિનેમા' એ બે ઘડીક આનંદનું સાધન છે એવી માન્યતા જ પ્રવર્તતી હોવાથી એનું સામાજિક કે નૈતિક મૂલ્ય પારખવાની કે માપવાની કોઈને સ્પૃહા સુધ્ધાં જાગતી નથી ! આપણી સરકાર અને આપણો સમાજ સિનેમાને ગમે તે માર્ગે વળવા દે છે અરે - હવે તો અશ્લીલતાનાં સમર્થક પણ ! પરિણામ એ આવ્યું છે કે અત્યારનાં

આપણાં ચલચિત્રો નૈતિક મૂલ્યોને ઠોકરે મારનારાં તેમ જ સ્વચ્છંદતા, વિલાસ તથા 'ભાગેડુવૃત્તિ'ને પોષનારાં બની ગયાં છે - અરે ! હવે તો અશ્લીલતાનાં સમર્થક પણ બની ગયાં છે ! સામાજિક પવિત્રતા, સામાજિક શાસક બળ તથા સામાજિક સંગઠનનો એ ચલચિત્રો જડમૂળથી નાશ કરી રહ્યાં છે.

પણ મહાદુર્ભાગ્યની વાત તો એ છે કે એવાં ચલચિત્રો સામે ઝુંબેશ ઉપાડવી એ અત્યારની એક મહાન અને સાચું પૂછો તો 'અનિવાર્ય' સમાજસેવા છે એવું આપણા એકેય સામાજિક કાર્યકરના મનમાં આજ સુધી ઊગ્યું નથી ! ઊગ્યું હોત તો વિનોબા ભાવે કે રવિશંકર મહારાજ જેવા સામાજિક કાર્યકરોએ કે ગાંધીવાદી સમાજસેવકોએ જરૂર એની સામે ઝુંબેશ ઉઠાવી હોત. અલબત્ત, પ્રજાને બગાડનારાં ચલચિત્રો ન ઊતરે એ જોવાનું કામ આપણી સરકારનું છે, પણ એ વિષયમાં એ તો કુંભકર્ણની નિદ્રામાં ઘોરે છે ! પરિણામે સમાજનાં રહ્યાંસહ્યાં પવિત્ર બળનો તથા સાત્ત્વિક સત્ત્વનો જતે દહાડે નાશ થઈ જવાનો ભય ઊભો થયો છે.

એટલે આપણા સામાજિક કાર્યકરોએ-કહેવાતા અને સાચા-બેઉ હવે ખરાબ ચિત્રો અંગે વિચારતા થવાની, સમાજને એ અંગે સચેત કરવાની અને જરૂર પડ્યે ખરાબ ચિત્રો સામે ઝુંબેશ ઉપાડવાની જરૂર છે. મારા નમ્ર મતે તો એ અત્યારની સૌથી વધુ મહત્ત્વની, સૌથી વધુ પવિત્ર અને 'અનિવાર્ય' લેખાય એવી 'સમાજસેવા' છે. ચલચિત્રોની અસર સમાજ પર જેવીતેવી નથી. સફાઈના કાર્યક્રમો યોજતા સમાજસેવકોએ જાણી લેવું જરૂરી છે કે આ માનસિક સફાઈ અત્યારે સૌથી વધારે મહત્ત્વની છે ને એમણે એને 'પ્રાયોરીટી' આપવાની જરૂર છે.

❑

આધુનિક શિક્ષણ વિશે વિચાર કરીએ એ પહેલાં શિક્ષણના મૂળભૂત હેતુનો વિચાર કરવો જરૂરી છે. શિક્ષણ એટલે શું અને શિક્ષણ શા માટે લેવું જોઈએ એ પૂરેપૂરું સમજાય તો જ શિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ એ વિશે વિચારી શકાય.

શિક્ષણનો મૂળભૂત હેતુ તો માનવીની આધ્યાત્મિક, માનસિક અને શારીરિક શક્તિનો વિકાસ કરવાનો છે. એવો વિકાસ જે જે સાધનો દ્વારા શક્ય હોય તે સર્વ સાધનોનો શિક્ષણમાં સમાવેશ કરી શકાય. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે શિક્ષણ એટલે 'યથાયોગ્ય વિકાસ'.

શિક્ષણ જે વિકાસ સાધે તે યથાયોગ્ય રીતે સધાવો જોઈએ એટલું જ નહિ પણ એ સમતોલ હોવો જોઈએ. ઉપર કહી તે ત્રણે શક્તિઓને સાથે સાથે અને પ્રમાણસર વિકસાવતું જાય એનું નામ શિક્ષણ.

શિક્ષણ વિશે આટલી બહોળી રૂપરેખા જાણ્યા પછી આજનું આપણું શિક્ષણ શિક્ષણના મૂળભૂત હેતુને કેટલે અંશે સાધે છે એ જોઈએ.

જો સોએ સો ટકા સાચું કહેવું હોય - અને એ સાચું નીડરતાપૂર્વક કહેવું હોય - તો કહી શકાય કે ''આજનું શિક્ષણ એ શિક્ષણ જ નથી ! એ તો છે કેવળ અક્ષરજ્ઞાન અને આજના વિશાળ જગત વિશેની થોડીક ઉપરછલ્લી અને અધકચરી માહિતી. આજનું શિક્ષણ સર્વાંગી વિકાસ સાધતું જ નથી !'' અલબત્ત, ઉપર કહી એ ત્રણ શક્તિઓમાંથી એ માનસિક શક્તિનો કંઈક અંશે વિકાસ સાધે છે ખરું, પણ આધ્યાત્મિક અને શારીરિક શક્તિઓ પ્રત્યે તો આજનું શિક્ષણ નજર સુધ્ધાંય નાખતું નથી એ દુઃખની વાત છે. અને એથીયે વધુ દુઃખની વાત તો એ છે કે ''આજના શિક્ષણમાં ધરમૂળથી ફેરફાર થવો જોઈએ'' એવું લગભગ બધા જ લેખકો, વિચારકો કે વક્તાઓ લખે છે કે બોલે છે, પણ ધરમૂળથી

એવો ફેરફાર કરવાનું કાર્ય કોઈયે આરંભતું નથી ! ધરમૂળથી ફેરફાર કરવાની વાત વારંવાર આપણે કાને અથડાયા છતાં એનું મંગલાચરણ ક્યાંય થયાની વાત આપણે કાને પડતી નથી એને આજના યુગમાં વિચાર અને આચાર વચ્ચે રહેલા મહાઅંતરને દર્શાવતી અત્યંત કરુણ પરિસ્થિતિ સિવાય બીજું શું કહી શકાય ? શિક્ષણ અંગે તો આજે આપણે ત્યાં 'પોથીમાંનાં રીંગણાં' જેવી પરિસ્થિતિ જ પ્રવર્તે છે.

આજનો યુગ એ નર્યો ભૌતિક યુગ જ છે. એટલે આ યુગમાં શુદ્ધ તથા સાચા શિક્ષણની પ્રાપ્તિ સર્વાંશે દુર્લક્ષ જ સેવાય અને 'રોજી તથા રોટી આપે એ સાચું શિક્ષણ' એવી માન્યતા સેવાય એ સ્વાભાવિક છે. એથી જ આજે તો 'કમાવા માટે ભણવું જરૂરી છે' અને 'ભણીને કમાવું જરૂરી છે' એ બે વાતો જ આગળ તરી આવે છે. પણ દુર્ભાગ્યે આ બાબતમાં પણ આજનું આપણું શિક્ષણ બહુ જ ઓછે અંશે સફળ થયું છે. આજનું શિક્ષણ નથી આપણો સર્વાંગી વિકાસ સાધતું કે નથી આપણને રોજીની બાંહેધરી આપતું ! એ તો કેવળ આજના યુગમાં અથડાતા પરસ્પર વિરોધી વિચારોની પરંપરાથી આપણા મગજને ભરી દે છે અને આપણા શરીરને માયકાંગલું બનાવી દે છે. આવું હોય ત્યાં આધ્યાત્મિકતાની તો વાત જ શી કરવી ? આજનું શિક્ષણ નથી આત્માના ગુણોને ખીલવતું કે નથી શરીરના ગુણોને ખીલવતું. અને છતાં નવાઈ અને દુઃખની વાત તો એ છે કે એવા શિક્ષણ પાછળ હજારો રૂપિયા ખર્ચીને - અને ક્યારેક ક્યારેક તો પેટે પાટા બાંધીને પણ - પોતાનાં સંતાનોને એવું શિક્ષણ અપાવી દેવાની આંધળી દોટ મૂકતાં આજનો પ્રત્યેક બાપ, વડીલ કે વાલી ચૂકતો નથી, કેમ કે દેશ આખો ને પ્રજા સમસ્ત જે માર્ગે જતાં હોય એ માર્ગે ગયા વિના એનો આરો જ નથી હોતો !

હવે આજનું શિક્ષણ કેવું હોવું જોઈએ એ વિશે મારા નમ્ર વિચારો

અહીં રજૂ કરીશ. અલબત્ત, હું કોઈ શિક્ષણશાસ્ત્રી નથી, પણ મારી આસપાસ પ્રવર્તતી શિક્ષણવિષયક સ્થિતિને તથા એનાં પરિણામોને જોયા પછી સાદી સમજને કામે લગાડીને મેં જે નિર્ણયો તારવ્યા છે એ જ અહીં રજૂ કરું છું.

આજના શિક્ષણમાં ધરમૂળથી ફેરફાર થવો જોઈએ. આપણું બાળક બાલમંદિરે જતું થાય ત્યારથી દર અઠવાડિયે બાલમંદિરમાં તેના સમસ્ત શરીરની, તેની આંખોની અને તેના દાંતની તપાસ થતી રહેવી જોઈએ અને એ અંગેની કે બીજી કોઈ વિશિષ્ટ માનસિક કે શારીરિક ખામીઓ વિશે બાળકના વાલીઓને જાણ કરીને તેઓ એ અંગે તાત્કાલિક ઉપાયો લ્યે એની તકેદારી પ્રત્યેક બાલમંદિરના સંચાલકે રાખવી જોઈએ. બાલમંદિરમાં બાળકને જે વાર્તાઓ કહેવામાં આવે કે જે રમતો રમાડવામાં આવે તેના મૂળમાં પવિત્ર વિચારો, ઊંચા આદર્શો અને ભારતીય સંસ્કૃતિની ભાવના રહેલાં હોવાં જોઈએ. બાળક બાલમંદિરમાં ભણતું હોય ત્યારથી જ મોટેરાંઓ પ્રત્યે યોગ્ય માન, વિવેક અને શિસ્ત દાખવે તેમ જ પોતાના જીવનઘડતર માટે શિસ્ત 'અનિવાર્ય' છે એવા સંસ્કારો અને એવી દૃઢ છાપ એના મગજ પર ચિરાંક્તિ થાય એવું શિક્ષણ એને અપાવું જોઈએ. આ સર્વનો આરંભ બાલમંદિરમાંથી જ થવો જોઈએ. કોઈક શિક્ષણશાસ્ત્રીએ એવા ભાવાર્થનું કહ્યાનું મેં ક્યાંક વાંચેલું કે "બાળક જન્મે ત્યારથી પાંચ વર્ષ સુધી તમે એને મારી પાસે રાખો તો એના કોઈ પણ અનુચિત ભાવિ કાર્ય માટે હું જવાબદારી લેવા તૈયાર છું !" તાત્પર્ય કે નાનપણથી જ બાળકના માનસ પર પવિત્ર જીવનની, ઊંચા વિચારોની, શિસ્ત તથા સાદાઈની અને ભારતીય સંસ્કૃતિની છાપ પડવી જોઈએ.

જીવનઘડતરના પાયા સમી આવી દૃષ્ટિને નજર સમક્ષ રાખીને જ બાળકને પ્રાથમિક શિક્ષણ અપાવું જોઈએ. એનાં પાઠ્ય પુસ્તકોમાં

વિશુદ્ધ જીવનને પુરસ્કારતા પાઠો હોવા જોઈએ. ધર્મ, નીતિ, ઊંચા વિચારો, સાદું જીવન અને કડક શિસ્તપાલન - એ સર્વ પ્રાથમિક નિશાળમાંથી જ એના જીવનમાં તાણાવાણાની પેઠે ગૂંથાવાં શરૂ થઈ જવાં જોઈએ. પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં પણ તેના સમસ્ત શરીરની, તેની આંખોની અને તેના દાંતની તપાસ દર મહિને નિયમિત થતી રહેવી જોઈએ. ઉપરાંત શરીર, ખોરાક તથા સામાન્ય આરોગ્ય વિશેનું જ્ઞાન એને મળે એ માટે અઠવાડિયામાં બે 'પીરીઅડો' હોવા જ જોઈએ. એની ભાવિ કારકિર્દીની સફળતામાં કે નિષ્ફળતામાં એનું શરીર મોટો ભાગ ભજવવાનું છે એ વાત ન ભુલાવી જોઈએ. રોજ સાંજે છેલ્લો 'પીરીઅડ' કસરતનો હોવો જ જોઈએ અને દરેક વિદ્યાર્થી માટે કસરત - દેખાડા પૂરતી નહિ પણ સાચી અને મૂળભૂત - 'ફરજિયાત' હોવી જોઈએ.

પહેલાં પાંચ ધોરણ સુધી વિદ્યાર્થીને તેની માતૃભાષા દ્વારા જ શિક્ષણ અપાવું જોઈએ. 'રાષ્ટ્રભાષા' હિંદીના શિક્ષણ માટે દર અઠવાડિયે બે 'પીરીઅડો' હોવા જોઈએ. છઠ્ઠા ધોરણથી 'જગતભાષા' તરીકે અંગ્રેજીના જ્ઞાનનો આરંભ થવો જોઈએ. અંગ્રેજી પાઠ્ય પુસ્તકો એવાં પસંદ થવાં જોઈએ કે લખાવડાવવાં જોઈએ, જે વિદ્યાર્થીનો ભારતપ્રેમ ને પૌર્વાત્ય સંસ્કૃતિપ્રેમ કાયમ રાખે ને તેને પાશ્ચાત્ય સંસ્કૃતિનો મૃગજળ સમો મોહ ન લગાડે. વળી આ શિક્ષણગાળા દરમિયાન શ્રમનું ગૌરવ અને શિસ્તનું મહત્ત્વ પ્રત્યેક વિદ્યાર્થીના માનસમાં ઊંડા મૂળ ઘાલીને બેસી જાય એવું થવું જોઈએ.

એ પછી હાઈસ્કૂલના શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીની આધ્યાત્મિક, માનસિક અને શારીરિક - એમ ત્રિવિધ શક્તિઓ એકી સાથે વિકસતી જાય એ લક્ષ્ય કદીય નજર આગળથી અળગું ન થવું જોઈએ. ઉપરાંત ભારત પ્રત્યેનો પ્રેમ તથા ભારતીય સંસ્કૃતિ માટેનો આગ્રહ એના

જીવનમાં વણાતાં જતાં હોવાં જોઈએ. શ્રમનું ગૌરવ અને શિસ્તપાલનની ભાવના હવે તો એનામાં સુપેરે વિકાસ પામ્યાં હોવાં જોઈએ. વિદ્યાર્થીના માનસ પર એવી છાપ પડવી જોઈએ કે અક્ષરજ્ઞાન અને માહિતી એ તો એના શિક્ષણનાં ગૌણ તથા સ્થૂળ પાસાંઓ જ છે - શિક્ષણનું સાચું પાસું તો એનો સર્વાંગી વિકાસ થતો રહે એવું એનું જીવન ઘડાય એ જ છે.

'ગાઈડો' સદંતર બંધ થવી જોઈએ, કેમ કે વિદ્યાર્થી એનું અવલંબન લ્યે એ તો જેમ કોઈ દેખતો માણસ પોતાને આંધળો સમજીને લાકડીને ટેકે ટેકે ચાલે એના જેવું છે. આજના વિદ્યાર્થીને હવે સાચા અર્થમાં 'વિદ્યાનો અર્થી' બનાવવાની જરૂર છે - અત્યારે તો એ કેવળ 'પરીક્ષાર્થી' જ છે.

ભણતરમાં બહુ ઝાઝા વિષયો ને થોકબંધ પુસ્તકો ન હોવાં જોઈએ. વિદ્યાર્થીને પોતાની પસંદગીના ચાર કે પાંચ વિષયો લેવાની છૂટ હોવી જોઈએ. કુલ વિષયો છ - સાતથી વધારે ન હોવા જોઈએ. વિદ્યાર્થીનું સામાન્ય જ્ઞાન વધે એ માટે 'ઇતર વાંચન' પર સારો સરખો ભાર મુકાવો જોઈએ. અઠવાડિયામાં ત્રણ 'પીરીઅડો' 'ઇતર વાંચન'ના હોવા જ જોઈએ. પ્રત્યેક માસે એક વાર પરીક્ષા લઈ વર્ષને અંતે એ બારે પરીક્ષાઓનાં પરિણામો ઉપરથી વિદ્યાર્થીની પ્રગતિનો ક્યાસ કાઢવો જોઈએ. પ્રશ્નપત્રો વિદ્યાર્થીને ગૂંચવનારા કે થાપ આપનારા નહિ પણ એના સામાન્ય જ્ઞાનની ચકાસણી કરે એવા સરળ અને હેતુલક્ષી હોવા જોઈએ. પરીક્ષાના વિષયમાં કસરતનો વિષય પણ સમાવવો જોઈએ. ઉપરાંત 'જીવનઘડતર' એ પણ એક વિષય તરીકે અભ્યાસક્રમમાં રખાવો જોઈએ અને એની ત્રૈમાસિક પરીક્ષા પણ લેવાવી જોઈએ. 'ભણતર એ સાચું જીવન જીવવા માટે છે' એ વાત પર સતત ભાર મુકાતો રહેવો જોઈએ.

એસ.એસ.સી. થયા પછી વિદ્યાર્થી માટે આર્ટ, કૉમર્સ, સાયન્સ, મૅડિસીન, એન્જિનિયરીંગ, ઍગ્રીકલ્ચર વગેરેની કૉલેજો ઉપરાંત સુથારી કામની, લુહારી કામની, સીવણકામની, વિદ્યુતવિષયક કામોની, જુદા જુદા લઘુ ઉદ્યોગોની, આયુર્વેદની વગેરેની અલાયદી કૉલેજો હોવી જોઈએ. ગાંધીજીએ 'બુનિયાદી શિક્ષણ'ની જે હિમાયત કરેલી તેનો અમલ પ્રાથમિક શિક્ષણથી જ થવો જોઈએ અને લઘુ ઉદ્યોગોના 'પીરીઅડો' પણ અભ્યાસક્રમમાં રખાવા જોઈએ. જે શિક્ષણ વિદ્યાર્થીને 'રોટી' ન અપાવી શકે એ શિક્ષણ શા કામનું ? આર્ટ અને કૉમર્સની કૉલેજોની સંખ્યા ભલે ઘટે, પણ ઉદ્યોગો શીખવનાર ને રોજી રળવામાં સહાયરૂપ થનારી કૉલેજો સારી સંખ્યામાં સ્થપાવી જોઈએ. પહેલાં એવું હતું કે સુથારનો દીકરો મોટે ભાગે સુથાર જ થતો. પણ હવે સુથારનો છોકરો એસ. એસ. સી. થતાં દેશમાં એક કારકુન વધે છે ને એક સુથાર ઘટે છે. આ રીતે પ્રતિ વર્ષે હજારો કારકુનો વધતા જાય છે ને કારીગરોની સંખ્યા રોજ બરોજ ઘટતી જાય છે. આજે તમે છાપામાં એક કારકુન માટે જાહેરાત આપશો તો હજારો બેકારોની અરજીઓ તમારા ટેબલ પર આવીને પડશે, જ્યારે આજે એક સુથાર માથું ઊંચું રાખીને, તમને કંઈક દબાવીને તમારી કનેથી સાત રૂપિયા રોજ લેશે ને છતાં બીડીઓ ફૂંકવામાં કે બીજી આળપંપાળમાં અર્ધો દિવસ કાઢી નાખશે ને ખરેખરી રીતે તો અર્ધો દિવસ જ કામ કરશે ! આમ છતાં દયાજનક સ્થિતિ તો એ છે કે તમે એને કશું કહી નહિ શકો ! આજનું શિક્ષણ શિક્ષકો, પ્રાધ્યાપકો કે કારકુનો સિવાય અન્ય કોઈ વિષયના નિષ્ણાતોને જન્માવતું નથી. પરિણામે જેમ જેમ શિક્ષણ વધતું જાય છે ને જેમ જેમ દર વર્ષે યુનિવર્સિટીના કારખાનામાંથી હજારો ખોટા સિક્કાઓ બહાર પડતા જાય છે તેમ તેમ બેકારી વધતી જાય છે. બેકારીનો પ્રશ્ન આપણે શ્રમને મહત્ત્વ આપતા વિષયોને અવગણીને એવા વિષયોની કૉલેજો

સ્થાપી નથી તેથી જ ઊભો થયો છે. જુદા જુદા ઉદ્યોગોની તથા કસબ અને કારીગરીનાં જુદાં જુદાં કામોની કૉલેજો સારી સરખી સંખ્યામાં ભારતમાં સ્થળે સ્થળે સ્થપાય એ ખૂબ જ જરૂરી છે. ઔદ્યોગિક કૉલેજોમાં પ્રયોગશાળાઓ તેમ જ ખૂબ નાના પાયા પરનાં કારખાનાં હોવાં જોઈએ. ઔદ્યોગિક વિષયોની પરીક્ષા માત્ર 'પ્રેક્ટિકલ' જ હોવી જોઈએ - 'થીએરૅટિકલ' નહિ. કાગળ પરની પરીક્ષા એમાં આવશ્યક ન લેખાવી જોઈએ.

ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી ભારતમાં ખેતીવાડીની કૉલેજો અસંખ્ય હોવી જોઈએ. ખેતીવાડીની દરેક કૉલેજને પોતાની માલિકીનાં ઠીક ઠીક વિશાળ કહી શકાય એવાં બે - ચાર ખેતરો હોવાં જોઈએ, જેથી એમાં પાક લેવાના વ્યાવહારિક પ્રયોગો કરી શકાય.

આ બધું વાંચીને કેટલાક એમ પણ કહેશે કે ''આ લેખમાં તો 'થવું જોઈએ', 'હોવું જોઈએ' અને 'કરવું જોઈએ' એવી એવી ડહાપણની વાતો જ લખાઈ છે ! તેનો અમલ કેટલો મુશ્કેલ છે તેનો લેખકને કશો ખ્યાલ હોય એમ લાગતું નથી.'' વાત તો સાચી છે - ખાસ કરીને શિક્ષણની બાબતમાં આપણે અવળે માર્ગે ચડી ગયા છીએ ત્યારે. આ લેખમાંના આદર્શોનો અમલ કરવો હાલ 'મુશ્કેલ' હશે, પણ 'અશક્ય' તો નથી જ. ભલે એ આદર્શો સો વર્ષે ફલિત થાય, પણ જેમના હાથમાં શિક્ષણનાં સૂત્રો છે તેઓ જો આધુનિક શિક્ષણમાં અત્યારથી જ ધરમૂળથી ફેરફારો કરવા આરંભી દે તો આ લેખમાંના આદર્શો પૂરા ન કરી શકાય એવું કંઈ નથી. જરૂર છે 'આચાર'ની - શિક્ષણ વિશે મોટાં વ્યાખ્યાનો, આડંબરભર્યાં ભાષણો કે પાંડિત્યભર્યાં મંતવ્યોની નહિ.

❑

*આપનાર મેળવે છે, લેનાર ગુમાવે છે.*

## ૨૭ હક્કો અને મહેનતાણાં વધ્યાં, જવાબદારી ઘટી

આઝાદી પછી દુર્ભાગ્યે આપણા દેશમાં સંતોષની, જવાબદારીની તથા નિષ્ઠાની ભાવના ઉત્તરોત્તર ઘટતી જાય છે અને એને સ્થાને આજે તો પટાવાળાથી માંડીને પ્રધાન સુધીની દરેક વ્યક્તિ ઓછામાં ઓછા પરિશ્રમે વધુમાં વધુ ફળ મેળવવાની 'અપ્રમાણિક ભાવના' સેવતી થઈ ગઈ છે. આનું પરિણામ આજે આપણે નજરે જોઈએ છીએ. અમુક હક્કો માટે, કામના ઓછા કલાકો માટે તેમ જ બીજી સગવડો તથા રાહતો માટે હડતાલો પડે છે તથા પ્રકાર પ્રકારનાં આંદોલનો તથા તોફાનો જાગે છે. માલિકો અને કામદારો વચ્ચે આત્મીયતાનો એકાદ આછો પાતળો સેતુ પણ રહ્યો નથી ! કામદારોની માગણી સંતોષાતાં તથા એમને પગારવધારો, બોનસ વગેરે અન્ય લાભો તથા હક્કો મળતાં તેમની ખરીદશક્તિ વધે છે. અને પરિણામે બજારમાં ચીજવસ્તુઓની માગ વધતાં ભાવો વધે છે. ભાવો વધતાં મોંઘવારી સર્જાય છે ને કામદારો ફરી વધુ પગારવધારા વગેરેની માગણી કરે છે ! આમ, ''આજના કહેવાતા ઊંચા જીવનધોરણનું વિષચક્ર'' આપણા દેશમાં ચાલ્યા જ કરે છે અને જીવનનિર્વાહ ઉત્તરોત્તર મોંઘો ને વિષમ બનતો જાય છે. વળી ખેદની વાત તો એ છે કે પગારવધારો તથા બીજી રાહતો તેમ જ વધુ હક્કો મળ્યા પછી પણ કામદારોમાં સંતોષની ભાવના જન્મતી નથી અને લાભો મળ્યા પછી જવાબદારી વધવી જોઈએ એને બદલે એમની જવાબદારી ઉત્તરોત્તર ઘટતી જાય છે !

મૂળ વાત તો એ છે કે આજનો માનવી - ભારતવાસીનો પણ એમાં સમાવેશ થાય છે - જીવનનો મૂળભૂત હેતુ જ વીસરી ગયો છે ! 'સુખ' વિશેની એની વ્યાખ્યા જ આમૂલ બદલાઈ ગઈ છે ! માનવજીવનનું સાચું સુખ સંતોષ, શાંતિ તથા કર્તવ્યનિષ્ઠામાં રહેલું છે એ વાત તો આજના ઝાવાં મારતા માનવીના ખ્યાલમાં જ આવતી નથી ! એ તો

ભૌતિક ઉન્નતિને જ જીવનનાં સર્વ સુખોનું મૂળ માને છે. એટલે જ્યાં સુધી આ ભારોભાર ખોટું મૂલ્યાંકન ફગાવી દઈને આપણે ઉપરકથ્યા જીવનના સાચા ગુણોનું મૂલ્યાંકન કરતા નહિ થઈએ ત્યાં સુધી સરકાર, કાયદાઓ, આંદોલનો કે હડતાલો - એ સર્વ આ ગૂંચનો સાચો ઉકેલ લાવી શકવાનાં નથી. જે રોગ પેઠો છે તેના કામચલાઉ કે બાહ્ય ઉપચારની નહિ, પણ રોગના મૂળને કાઢવાની જરૂર છે.

આપણા દેશમાં આજે તો સર્વત્ર જેમ જેમ હક્કો અને મહેનતાણાં વધતાં જાય છે તેમ તેમ જવાબદારી ઘટતી જાય છે ! ''કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી'' એ રીતે માલિકો તથા કામદારો વચ્ચે ઘર્ષણો સતત જન્મતાં જ રહે છે ને ઉભય વર્ગ વચ્ચેનું અંતર વધતું જ જાય છે. 'કમિશનો', 'વેતનપંચો', 'તપાસસમિતિઓ' વગેરે આ રોગના મૂળગત ઉપચારો નથી - મૂળગત ઉપચાર તો આપણે જીવનના સુખ વિશેની સાચી વ્યાખ્યા સમજતા થઈએ અને એને જીવનમાં ઉતારતા થઈએ, એ છે. આપણા બધા બાહ્ય પગારવધારા, આપણી ભૌતિક રાહતો અને કાગળ પરના આપણા કાયદેસરના બધા હક્કો સાચા જીવનસુખની દૃષ્ટિએ તો 'ઝાંઝવાનાં જળ' જેવાં છે, કેમ કે એથી તરસ છીપતી નથી ને આપણે તરસ્યા જ રહીએ છીએ ! એનાથી રોગનું મૂળ નાબૂદ થતું હોતું નથી એટલે રોગ ફરી ઊથલો મારે છે.

❑

*''ચેતતા નર સદાય સુખી'' હશે, પણ હસતા નર પણ મોટે ભાગે સુખી જ હોય છે.*

માણસને પોતાના ધ્યેયનિર્મિત તથા કર્તવ્યઇંગિત કાર્યમાં પ્રાણ પરોવીને રત રહેવા પ્રેરે એવાં કેટલાંક સુંદર વાક્યો અંગ્રેજીમાં છે. એવું એક વાક્ય છે "Work is worship" એટલે કે ''કામ એ જ પૂજા છે.'' કોની પૂજા ? બાહ્ય દૃષ્ટિએ તમારા પોતાના જીવનની પૂજા અને સૂક્ષ્મ દૃષ્ટિએ પ્રભુપૂજા. બીજું એક વાક્ય "There is no fun like work" એટલે કે ''કામ જેવી બીજી કોઈ ગમ્મત નથી.'' કામ ગમ્મત થઈ શકે ? હા. તમે જો પૂરેપૂરા રસથી કામ કરો તો કામ પણ 'ગમ્મત' જેટલું જ હળવું અને આનંદદાયી બની શકે.

પ્રભુને પામવાના 'ભક્તિયોગ', 'જ્ઞાનયોગ' તથા 'કર્મયોગ' એ ત્રણે યોગમાં કર્મયોગને શ્રેષ્ઠ કહ્યો છે, કેમ કે સંસાર કર્મ કરવા માટે છે - સંસારથી દૂર ભાગવા માટે નહિ. અલબત્ત, એ કર્મ 'નિષ્કામ' હોવું જોઈએ. નિષ્કામ હોય તો જ પરમાત્મા જોડે યોગ સધાય.

એટલે સાચું પૂછો તો જીવનમાં કામનું મહત્ત્વ હવા, પાણી કે ખોરાક જેટલું જ છે. કામ જ જીવનને જીવાડે છે. કામ એ જ જીવન છે અને જીવન એ જ કામ છે. કામ વિનાનું જીવન કટાઈ જાય છે.

પણ અહીં એક વાત ભૂલવી જોઈતી નથી. કામ એટલે માત્ર ગધ્ધાવૈતરું નહિ. કામ એટલે પ્રાણને રોકી રાખનારી કોઈક 'જીવંત' પ્રવૃત્તિ. આથી કામ તમારા રસનું હોય એ જરૂરી છે. જે કામમાં તમને રસ નહિ હોય એ કામ તમારા પ્રાણને નહિ સ્પર્શે, તમને કંટાળો આપશે અને કામને બદલે 'વૈતરું' બની રહેશે. કામમાં રસ લીધા વિના કરેલું કામ નિષ્પ્રાણ શબ સમું છે. માટે આર્થિક રીતે કે બીજી કોઈ પણ રીતે ભલે ઓછું ફળદાયી હોય તોપણ તમારા પોતાના રસનું કામ જ પસંદ કરો ને એને જ 'જીવનધ્યેય' બનાવીને એમાં પ્રાણને પૂરેપૂરો પરોવી

દો. એ જ સાચો કર્મયોગ છે.

પણ સૌથી શ્રેષ્ઠ કામ તો 'સ્વ' કાજે નહિ પણ 'પર' કાજે થતું કામ એટલે કે 'સેવા' છે. **સેવા જગતનો સર્વોત્તમ ધર્મ છે** અને સેવાનું કામ કર્મયોગની પરમ પવિત્રતા તથા દિવ્યતા છે. **પરમાર્થ સમો ઉત્તમ સ્વાર્થ એકે નથી.** 'સ્વ' માટે થયેલું કામ 'કામ' જરૂર છે પણ તે તમારા પોતાના જીવનને બાહ્ય દૃષ્ટિએ નિભાવી જવા પૂરતું જ, જ્યારે પરમાર્થી કાર્ય આત્માને - અથવા બીજી રીતે કહીએ તો પરમાત્માને - તૃપ્તિ તથા પરમ સંતોષ અને આનંદ આપે છે કે, કેમ કે આત્મા એ પરમાત્માનો જ અંશ છે.

તમે ભારતના કે જગતના મહાપુરુષોનાં જીવન અવલોકશો તો તેમાં 'કામ' જ કેન્દ્રસ્થાને નજરે પડશે અને એ કામ પણ 'સ્વ' માટે નહિ પણ 'પર' માટે હશે - સાહિત્ય માટે, સમાજ માટે, દેશ માટે, પતિતોના ઉદ્ધાર માટે, ધર્મોત્થાન માટે, જનકલ્યાણ માટે કે કોઈ સાર્વજનિક હિત માટે કે એવા જ કોઈ મહાન અને પરોપકારી હેતુ માટે હશે. એવી વ્યક્તિઓએ મોટે ભાગે જીવનના છેલ્લા શ્વાસ સુધી કામ કર્યું છે અને એમના ધ્યેયનિષ્ઠ કામે જ એમને મોટે ભાગે દીર્ઘાયુ અર્પ્યું છે.

એટલે 'કામ' ને 'રામ' જુદા નથી. કામ એ જ રામ છે, પણ એ કામ નિષ્કામ તથા પવિત્ર ધ્યેયવાળું હોવું જોઈએ ને તમે એ કામ 'જલકમલવત્' કરતા હોવા જોઈએ.

❑

*જ્યાં મુત્સદ્દીગીરી પ્રવેશ કરે છે ત્યાંથી હૃદય વિદાય લે છે.*

# જીવન એ સંગ્રામ છે.

એક રીતે જોઈએ તો જીવન એ પણ એક સંગ્રામ જ છે - રણભૂમિ પર ખેલતાં સંગ્રામ જેવો જ, જયપરાજયના પલટાઓ ધરાવતો સંગ્રામ એ સંગ્રામમાં ઝઝૂમનાર માનવીનાં શસ્ત્રો છે હિંમત, ધૈર્ય, સહનશીલતા, ''સમય વર્તે સાવધાન''ની દૃષ્ટિ, ખંત, પરિશ્રમ અને ખમીર. પણ એ સંગ્રામનું સૌથી મોટું શસ્ત્ર તો છે હસતે મોંએ પરાજયને વધાવવાની તત્પરતા !

જીવનસંગ્રામમાં જેમ જયના તેમ પરાજયના પણ અનેક પ્રસંગો આવવાના જ. જયને તો કોઈ પણ માનવી હસતે મોંએ વધાવી શકે. પણ જે માનવી પરાજયને પણ હસતે મોંએ વધાવી શકે એવા માનવી માટે એ પરાજય પણ જય કરતાંય કંઈક વધુ બની જાય છે ! એ પરાજય એને માટે 'પરાજય' નહિ પણ 'વિજયનું નવું સોપાન' બની રહે છે.

અંગ્રેજીમાં એક વાક્ય છે કે "Life is not a bed of roses" એટલે કે ''જીવન એ કંઈ ગુલાબની સુંવાળી શય્યા નથી.'' તાત્પર્ય કે માણસે જીવનમાં અનેકાનેક સમસ્યાઓનો, વિષમતાઓનો તથા વિપત્તિઓનો સામનો કરવાનો હોય છે. પ્રકૃતિની રચના જ એવી છે કે એણે ગુલાબ જોડે કાંટા, છાયા જોડે તડકો, ભરતી જોડે ઓટ તથા દિવસ જોડે રાત્રિ મૂક્યાં છે. એ જ રીતે સુખ જોડે દુઃખ પણ અનિવાર્ય રીતે સંકળાયેલું જ છે. સુખ અને દુઃખને જાણે બે જોડિયા ભાઈઓ જ સમજી લ્યો ! તમે એ બેમાંથી એકેને અવગણી શકશો નહિ. તમારે તો આ સંસારમાં એ બેઉને સરખી રીતે જ વધાવવાના છે - હસતે મોંએ વધાવવાના છે. એમ કરશો તો જ તમે તમારા જીવનમાં આવતા પ્રત્યેક પરાજયને જયમાં પલટાવી શકશો.

એટલા માટે જીવનસંગ્રામમાં જ્યારે દ્વંદ્વ, દ્વિધા, મનોમંથન,

સંઘર્ષ, વિપત્તિનાં એંધાણ કે નિરાશાની નિશા આવે ત્યારે તમે કદી હામ હારતા નહિ. ઘનઘોર વાદળમાંથી આંખોને આંજી દેતી વીજળી ઘડીભર તો આપણને ડારે છે, પણ તમે એ ભૂલી ન જતા કે વીજળીના એ ડારા એ પછી આવનારી શીતળ વર્ષાનાં એંધાણ જ છે. માનવજીવનમાં આવતાં નિરાશા, અંધકાર કે પરાજય એ 'સનાતન' નથી - એ તો આશા, પ્રકાશ તથા જયનાં આડકતરાં એંધાણ છે. જે માનવી એ એંધાણને ઓળખી જઈને હસતે મોંએ વિષમ પરિસ્થિતિનો સામનો કરે છે એ માનવી જ જીવનસંગ્રામનો સાચો સૈનિક અને વિજયનો સાચો અધિકારી છે.

પ્રારબ્ધ તમને ડરાવે, સંસાર તમારો અનાદર કરતાં કરતાં તમને દૂર હડસેલે, સ્નેહીઓ મોં ફેરવી લ્યે, ઊગરવાનો કોઈ આરો નજરે ન પડે ત્યારે પણ તમે હસતે મોંએ તમારા ધ્યેયમાં, તમારી કર્તવ્યનિષ્ઠામાં તથા તમારા પોતાનામાં મનોબળ, શ્રદ્ધા અને આશા પ્રગટાવીને જીવનસંગ્રામમાં પાછો ડગ ન ભરતાં આગળ વધ્યે જ જજો. તમને તમારું પોતાનું કોઈ ન લાગતું હોય, સંસાર તમારી સામે પણ ન જોતો હોય, એવે વિષમ ટાણે 'એકલો જાજે રે! એ પ્રેરક કાવ્યપંક્તિ સ્મરીને કે "The Garavan must go!" એ બાળવર્ધક વાક્ય હૈયે લાવીને તમે જીવનસંગ્રામની તમારી આગેકૂચ ચાલુ જ રાખજો - હસતે મોંએ, વિરલ આત્મશ્રદ્ધાથી, પાવક અને પ્રેરક મનોબળથી અને પરાજયને પગ નીચે રગદોળતાં રગદોળતાં.

❑

*મૃત્યુથી ભય પામનારો મનુષ્ય જીવનથી પણ ભય પામતો હોય છે.*

માનવદેહમાં જેમ રક્તની શુદ્ધતા આવશ્યક છે તેમ કોઈ પણ દેશમાં તેની પોતાની આગવી સંસ્કૃતિની શુદ્ધતા આવશ્યક છે. દરેક દેશને પોતાની આગવી એક સંસ્કૃતિ હોય છે જ. જેટલા પ્રમાણમાં માનવદેહનું રક્ત અશુદ્ધ થઈ જાય એટલા પ્રમાણમાં એ રોગોનો પ્રતિકાર ઓછો કરી શકે. એ જ રીતે કોઈ પણ દેશની સંસ્કૃતિ અશુદ્ધ થઈ જાય તો તેમાં વિદેશી સંસ્કૃતિનાં પ્રકાર પ્રકારનાં અનુકરણિયાં દૂષણો પ્રવેશી જાય. ભારતની બાબતમાં પણ આવું જ બન્યું છે. ભારતની પોતાની આગવી 'ભારતીય સંસ્કૃતિ' હવે ધીરે ધીરે અશુદ્ધ થતી જાય છે અને એ સંસ્કૃતિમાં વિવિધ વિદેશી સંસ્કૃતિઓનાં અનુકરણિયાં અને ભારતીય સંસ્કૃતિ માટે વિઘાતક એવાં તત્ત્વો ક્રમશઃ વધારે ને વધારે પ્રવેશતાં જાય છે. આવાં દૂષણોમાંનું એક મહાદૂષણ હવે ભારતમાં ફાલવા લાગ્યું છે. એ છે 'સેક્સ'ની (જાતીય આકર્ષણની) લલચામણી મોહિની. અત્યારની ગતિએ જો આ દૂષણ વધતું રહ્યું તો દાયકા પછી ભારતમાં ભયંકર 'સેક્સયુગ' પ્રવર્તતો હશે એમાં શંકા નથી. આ ચોંકાવનારી આગાહી કરવાની હિંમત હું એટલા પરથી કરું છું કે આપણા દેશમાં 'સેક્સયુગ'નાં પગરણ મંડાઈ ચૂક્યાં છે અને એ 'સેક્સયુગ' આપણી પોતાની અસાવધાનીને કારણે મક્કમ પગલે આગળ વધી રહ્યો છે એટલું જ નહિ પણ એનો પ્રતિકાર કરવા માટે કશી જ સજાગતા પ્રજામાં દેખાતી નથી.

આજે તો ભારતમાં નવલકથાઓમાં, સામયિકોમાં (અરે ! દૈનિકોમાં સુધ્ધાં !), નાટકોમાં, ચલચિત્રોમાં, તસવીરોમાં, કલાકૃતિઓનાં આલેખનોમાં, સિનેમાનાં પોસ્ટરોમાં, જાહેરાતોમાં - અને કઈ બાબતોમાં નહિ ? - ઠેર ઠેર તમને 'સેક્સ'નું લપસણું તત્ત્વ આમેજ થયેલું જણાશે. ચલચિત્રો તો 'સેક્સ'ના વિષને પ્રજાના હાડેહાડમાં પ્રસારી દેવામાં

મોટો ભાગ ભજવી રહ્યાં છે. આજના કહેવાતા પ્રગતિશીલ લેખકો "સાહિત્યમાં તે વળી શ્લીલ શું ને અશ્લીલ શું ?" એવું ઉચ્ચારી રહ્યાં છે. કલાના નામ હેઠળ 'સેક્સ' પોષાય છે. કલા ખરી રીતે તો 'જીવન' માટે જ છે. એટલે નીતિવિહોણી કલા એ કલા નથી પણ જીવનને વિકૃતિ અર્પનારી ભયંકર મહામારી છે. પણ આજે આ સાદુંસૂતરું સત્ય પણ કોઈના ધ્યાનમાં આવતું નથી ! નવલકથાઓમાં અને નવલિકાઓમાં મુક્ત શારીરિક સહચાર વગર સંકોચે આલેખાય છે અને પોતાનાં સર્જનોમાં કામુક દેહવર્ણનો નિઃસંકોચે મૂકવાં એ આજના લેખકો માટે ચા પીવા જેટલું સ્વાભાવિક બની ગયું છે ! 'સેક્સ' વિનાનું ચલચિત્ર આજના ભારતીય યુવાનને મીઠા વિનાના ભોજન જેવું લાગે છે ! આધુનિક નાટકોમાં ચબરાકિયા દ્વિઅર્થી સંવાદો દ્વારા આડકતરી રીતે 'સેક્સ'ને ઉત્તેજાય છે. સામયિકોનાં - અને ખાસ કરીને વાર્તા માસિકોનાં - પૂઠાં પર નારીના દેહલાલિત્યને અર્ધનગ્ન વિલાસી સ્વરૂપે અને કામુક મરોડે આલેખતી તસવીરો જ મોટે ભાગે આવે છે. આજે તો તમે જ્યાં નજર કરશો ત્યાં 'સેક્સ', 'સેક્સ' અને 'સેક્સ' જ નજરે પડશે !

આપણા ગુજરાત પ્રાંતની જ વાત કરીએ તો ગુજરાતમાં આજે 'થોકબંધ' અશ્લીલ સાહિત્ય સર્જાય છે અને વંચાય છે. સાક્ષરોને કે ગુજરાતની સરકારને આનો પૂરેપૂરો ક્યાસ હોય એમ લાગતું નથી. જાતીય જ્ઞાન આપવાના ઓઠા હેઠળ ગુજરાતમાં કેટલાંય અશ્લીલ પ્રકાશનો કશા જ પ્રતિબંધ વગર બહાર પડે છે ને ફૂલતાંફાલતાં જાય છે ! કાયદો અને સરકાર આ બાબતમાં જાણે સાવ પાંગળાં અને લાચાર બની ગયાં હોય એમ લાગે છે. મોટે ભાગે તો "ચાલે છે તેમ ચાલવા દો. એમાં શું મોટું બગડી જવાનું છે ?" એવી ભ્રામક માન્યતા જ સેવાતી હોય એમ જણાય છે. એવાં હલકાં અને ગંદાં પ્રકાશનોમાં અશ્લીલ

કાર્ટૂનો, ભરપટે કામુક વર્ણનો કરતાં લખાણો તથા દ્વિઅર્થી ટુચકાઓ જરાય ખચકાયા વિના એના સંપાદકો છાપે છે, કેમ કે તેઓ જાણે છે કે એ બાબતમાં કોઈ એક હરફ સરખોય ઉચ્ચારવાનું નથી ! તમે બૂક સ્ટોલો પર જઈને જોશો તો ભારોભાર અશ્લીલ અને ગંદી વાર્તાઓનાં સંખ્યાબંધ પુસ્તકો 'સેક્સ'ની છડી પોકારતાં એ સ્ટોલો પર તાંડવનૃત્ય કરતાં હશે. એના પ્રકાશકો વાંચનારાઓને ગલગલિયાં કરાવવાની સાથે સાથે પોતાનાં ખીસાને પણ ગલગલિયાં કરાવે છે ! એ પુસ્તકોનાં પૂઠાં પર અર્ધનગ્ન વિદેશી ચિત્રો મૂકીને આપણી અજ્ઞાન આમ પ્રજાને આકર્ષવાની પ્રતારણાનો ધંધો લઈને આ પ્રકાશકો બેઠા છે અને એમને રોકનાર કોઈ નથી ! કેમ જાણે અશ્લીલ સાહિત્ય વેચવાનો એમનો જન્મસિદ્ધ હક્ક હોય !

આ બધું પશ્ચિમમાંથી આવી રહ્યું છે ને આપણે એને હસતે મોંએ વધાવી રહ્યા છીએ ! આપણને એ 'પ્રગતિ' લાગે છે ! પણ સાચી વાત તો એ છે કે 'સેક્સ'થી ખદબદતા પાશ્ચાત્ય દેશો કેવળ ભૌતિક પ્રગતિને જ 'પ્રગતિ' લેખતા હોય છે - 'સાચી પ્રગતિ'ની એટલે કે આત્માની પ્રગતિની તો એમને ઝાંખી સરખીય ઝાંખી નથી !

અત્યારનું જાપાન ભારે પ્રગતિશીલ દેશ લેખાય છે, પણ એની પ્રગતિ કેવળ ભૌતિક પ્રગતિ જ છે. નૈતિક દૃષ્ટિએ તો જાપાન પતન જ પામ્યું છે. નૈતિક બંધનો ત્યાં લગભગ નહિવત્ છે - તે એટલે સુધી કે ત્યાં ગર્ભપાત કાયદેસરનો લેખાય છે ! આથી યુરોપ, અમેરિકા તથા બીજા દેશોનાં કુંવારી અવસ્થામાં શારીરિક સંબંધ બાંધી બેઠેલાં સેંકડો યુગલો ગર્ભપાત માટે જાપાનમાં આવે છે અને આ પુણ્યકાર્ય (!) કરીને પાછાં પોતાને દેશ ચાલ્યાં જાય છે !

'સેક્સ'ની નાગચૂડે બ્રિટનને કેવો ભરડો લીધો છે એ હવે જોઈએ. બ્રિટિશ પ્રજા એક કાળે ભારે રૂઢિચુસ્ત પ્રજા હતી. એ પ્રજાને

પોતાની આગવી સંસ્કૃતિ તથા પોતાની આગવી સામાજિક અને રાજકીય માન્યતાઓ હતી. એમાંની એક રાજકીય માન્યતા એવી હતી કે રાજવંશી સ્ત્રીને ન પરણનાર કોઈ પણ ગાદીવારસ ઇંગ્લૅંડની ગાદી પર બેસી શકે નહિ. ડ્યૂક ઑફ વિંડસર, જે આઠમા એડવર્ડ તરીકે ઇંગ્લૅંડની ગાદીએ આવવાનો હતો તે મીસ સિમ્પસન નામે એક સાધારણ કુટુંબની અને બિનરાજવંશી યુવતીના પ્રેમમાં પડીને એને પરણવા તૈયાર થયો. જો એ એમ કરશે તો એણે ગાદીએ આવવાનો પોતાનો હક્ક ગુમાવવો પડશે એવું એને સૂચવાતાં એણે સાચા પ્રેમને ખાતર ગાદી પરનો પોતાનો હક્ક જતો કર્યો અને મીસ સિમ્પસનને પરણ્યો ! આદર્શ અને પવિત્ર પ્રેમનું એ જેટલું જ્વલંત ઉદાહરણ હતું એટલું જ જ્વલંત ઉદાહરણ એ બ્રિટિશ પ્રજાની સંસ્કૃતિ પ્રિયતાની છડી પોકારનારું હતું.

પણ આજે ? તમે કદાચ નહિ માનો, પણ સાચી જ વાત છે કે 'સેક્સયુગ'ને પ્રતાપે આજે તો લંડનના જાહેર રાજમાર્ગ પર કદીક કદીક તમને નગ્ન વ્યક્તિ ફરતી દેખાશે ! ઇંગ્લૅંડમાં હવે એના પર કશો પ્રતિબંધ નથી ! ત્યાં હવે ગર્ભપાત પણ કાયદેસરનો થઈ ગયો છે ! વળી બ્રિટનમાં નાટકો ઉપરથી 'સેન્સરશિપ' ઉઠાવી લેવામાં આવી હોવાથી હવે ત્યાં સ્ટેજ પર નગ્ન પાત્રો આવી શકે છે ! બ્રિટનની પ્રજા એવાં નાટકો પ્રત્યે જરા પણ તિરસ્કાર સેવતી નથી. આ છે 'સેક્સયુગ'નો પ્રભાવ !

આપણાં ચલચિત્રોમાં ચુંબન તથા નગ્નતા દાખલ કરવાં કે નહિ એ માટે આપણી સરકારે સારો ખર્ચ વેઠીને 'ખોસલા કમિશન' નિમેલું. એ કમિશને વાર્તાના પ્રસંગને અનુરૂપ હોય તો આપણાં ચિત્રોમાં નગ્નતા તથા ચુંબન લાવવામાં કશો વાંધો નથી એવો મત દર્શાવ્યો છે ! કેટલાક તો વળી એવી 'ભયંકર' તથા સાદી સમજનું દેવાળું દર્શાવતી

દલીલ કરે છે કે આપણાં ચલચિત્રોને વિદેશોનાં બજારો સાંપડે અને એ દ્વારા ભારતને સારું સરખું હૂંડિયામણ મળી રહે એટલા માટે પણ આપણાં ચિત્રોમાં 'સેક્સ', ચુંબન તથા નગ્નતા ભરપેટે મૂકવાં જોઈએ, જેથી વિદેશી પ્રજાઓ એ ચિત્રોને અપનાવે ! પતનની પણ કંઈ હદ !

આ તો મેં મારા હૈયાનો ઉકળાટ અહીં ઠાલવ્યો. બાકી તો આપણી સમાજવાદી સરકારને, છાશવારે પક્ષપલટો કરતા આપણા રાજકારણીઓને, 'પોથીમાંનાં રીંગણાં'નું ઉદાહરણ પૂરું પાડતા આપણા નેતાઓને, આપણા સામાજિક કાર્યકરોને, આપણા ધુરંધર સાહિત્યકારોને કે "પવન તેવી પીઠ" દેનારા આપણા પત્રકારોને આની કશી જ પડી નથી ! સાચું જોવાની, સાચું કહેવાની, સાચું વર્તવાની અને સત્ય માટે ભોગ આપવાની કે અકારા થવાની ટેવ જ હવે તો આપણામાંથી સાચેસાચ અદૃશ્ય થઈ ગઈ છે ! જે બધું ભયંકર છે, અનૈતિક છે, તકલાદી છે, વિલાસી છે અને આત્માનું પતન કરનારું છે એ બધું હોંશે હોંશે અપનાવાય છે અને "ભારત પ્રગતિને પંથે આગળ ધપતું જાય છે" એવો ભ્રામક સંતોષ અને એવી ઠગારી આત્મવંચના સેવાય છે ! કેમ જાણે માનવજીવન એ લાલસા અને ભોગવિલાસ માટે જ હોય ! કેમ જાણે માણસની ભૌતિક પ્રગતિ જ એની ઉન્નતિનો માપદંડ ન હોય ! કેમ જાણે સ્વચ્છંદતા જ જીવનધર્મ ન હોય ! માનવઅવતાર કંઈ સહેજે મળતો નથી, એ તો દુર્લભ છે. એ કારણે માનવીની ભાવનાઓ ઉન્નત અને પવિત્ર હોવી જોઈએ. માનવી સાદો, પરિશ્રમી અને ચારિત્ર્યશીલ હોવો જોઈએ. ભૌતિક ઉન્નતિ આ યુગમાં તો મોટે ભાગે માનવીના આત્મા માટે પતનકાર બને છે. લગ્ન એ સુવ્યવસ્થિત સમાજવ્યવસ્થાનો પાયો હોઈને માનવી માટે એક મહાપવિત્ર અને દિવ્ય બંધન છે. ભારતીય સંસ્કૃતિનો પાયો 'વિલાસ' નહિ પણ 'ત્યાગ' છે. સ્વચ્છંદતા નહિ પણ આત્મસંયમ છે - આ બધું માનવા આજે કોઈ તૈયાર નથી !

ઊલટું તમે જો આવી આવી વાતો ભૂલેચૂકે પણ ઉચ્ચારશો તો તમે 'આઉટ ઑફ ડેટ' લેખાશો ! આ જમાનામાં માણસ ચારિત્ર્યહીન, સ્વચ્છંદી ને કુકર્મો કરનારો હોય તો ચાલ્યું જાય, પણ માણસ 'આઉટ ઑફ ડેટ' બને એ કેમ ચાલે !

અત્યારની આપણી ઊગતી પેઢીના માનસ અંગે વિચારું છું ત્યારે ઘડીભર તો હું કમકમી ઊઠું છું ! આજના યુવાનોને ભારોભાર અશ્લીલ ચલચિત્રોને "યાર ! મસ્ત ચિત્ર છે !" કહીને બિરદાવતા મેં જોયા છે. એવે પ્રસંગે મારું હૈયું રડી ઊઠ્યું છે ! પણ મારું એ મૂક રુદન કોણ સાંભળનાર છે ? જે હૈયામાંથી એ જન્મ્યું હોય એ હૈયામાં જ એને પાછું શમાવી દઉં છું, કારણ કે સરકાર, સમાજના અગ્રણીઓ, ભોળી આપણી આમ જનતા ને વિલાસી આપણી ઊગતી પેઢી - અરે ! ઈશ્વર સુધ્ધાં ! - એ સૌ જાણે બહેરાં બની ગયાં છે ! જાણે સારોય સંસાર ને સ્વયં પ્રભુ કુંભકર્ણની નિદ્રામાં પડી ગયેલાં લાગે છે !

આપણે ખરેખર જ મૂર્ખ છીએ કે કંચન સમી આપણી ભારતીય સંસ્કૃતિને રસાતાળમાં જવા દઈને કથીર સમી પાશ્ચાત્ય સંસ્કૃતિને આપણે પ્રેમથી ગળે લગાડીએ છીએ. અરે ! ક્યાં 'ત્યાગ' ને ક્યાં 'વિલાસ' ? બે સામસામા છેડા ! પણ સારાસારની શક્તિ આપણે ખોઈ બેઠા છીએ. સારું કે નરસું, પવિત્ર કે ગંદું, સાદું કે વિલાસી, નૈતિક કે અનૈતિક, ગમે તેવું જીવન આ જમાનાને અનુરૂપ બનીને વિતાવી કાઢવું એવી આંધળી અને વિઘાતક માન્યતાએ આપણું સત્યાનાશ વાળી નાખ્યું છે ! ગતાનુગતિકતા સિવાય બીજો કોઈ સિદ્ધાંત હવે આપણા જીવનમાં રહ્યો નથી !

આજે તો હવે જ્યારે પશ્ચિમના દેશો પણ 'સેક્સ'થી ધરાઈ ગયા છે અને એ દેશોના વિચારકોને પથ ભૂલ્યાની પ્રતીતિ થઈ રહી હોવાથી તેઓ 'સેક્સ'ને સત્યાનાશી માર્ગેથી પાછા વળવાનું પ્રજાને ઉદ્‌બોધી

રહ્યા છે ત્યારે આપણે કોઈ આંધળા માણસ કરતાંય વધારે બેફામ રીતે 'સેક્સ'ને એ ભયંકર પંથે આગેકૂચ કરી રહ્યા છીએ ! અને એટલે જ – એટલે જ હું સાવધાનીનો બુલંદ સૂર ઉચ્ચારીને તમને ચેતાવી દઉં છું કે ''આવી રહ્યો છે ભારતમાં ભયંકર 'સેક્સયુગ' !

❑

*જીવનમાં કેટલાંક નાનાં કાર્યોમાં પણ વીરતા સમાયેલી હોય છે. એવી વીરતા જોતાં માનવજાત જ્યારે શીખશે ત્યારે જ જગત વીરતાનો સાચો અર્થ સમજ્યું છે એમ લેખાશે.*

જગતભરની વિવિધ શાસનપ્રણાલીઓમાં લોકશાહી શાસનપ્રણાલી સર્વોત્તમ લેખાઈ છે. આપણા દેશને પણ એ શ્રેષ્ઠતમ શાસનપ્રણાલી વરી એ માટે આપણો દેશ એક રીતે તો અભિનંદનીય લેખાય.

અભિનંદન લેવાં હોય તો ભલે લઈએ. બાકી જ્યાં સુધી લોકશાહીનાં આનુષંગિક લક્ષણો પ્રજામાં પ્રસર્યાં નથી ત્યાં સુધી આપણી લોકશાહી અધૂરી જ છે.

દાખલા તરીકે લોકશાહી આવ્યે ત્રણ દાયકા થઈ ગયા છતાં ભારતમાં લોકઘડતર કે ચારિત્ર્યચણતર થયું નથી. ઊલટાનું એમ કહી શકાય કે પહેલાં જે થોડુંઘણું હતું તે પણ હવે ઘસાતું ચાલ્યું છે.

બ્રિટિશ અમલ દરમિયાનનો ભારતીય નાગરિક અત્યાર જેટલો બિનજવાબદાર ન હતો. લોકશાહી પછી જવાબદારી વધવાને બદલે ઘટતી ચાલી અને હક્કો તથા માગણીઓ વધતાં ચાલ્યાં. જવાબદારી અને હક્ક એ બે જોડકાં બહેન-ભાઈઓ છે એ સત્ય વિસરાઈ જ ગયું ! આજે તો કોઈને કામ કરવું નથી, મહેનત કરવી નથી ને વધારેમાં વધારે પામવું છે. ઓછામાં ઓછી મહેનતે વધારેમાં વધારે ફળ મેળવી લેવાની અપ્રામાણિક વૃત્તિ આજે ભારતીય પ્રજામાં ઘર ઘાલી ગઈ છે.

આજે તો સરકારી ઑફિસોમાં, સુધરાઈઓમાં, કારખાનાંઓમાં, બેંકોમાં, ઑફિસોમાં, પોસ્ટ ઑફિસો કે પેઢીઓમાં, રેલવેમાં કે ગોદીઓમાં બને તેટલું ધીમું ને ઓછું કામ કરવાનું સૂત્ર વ્યાપક બની ગયું છે અને લગભગ દરેક ક્ષેત્રમાં હડતાલનો પવન ફૂંકાઈ રહ્યો છે. પરિણામે ઉત્પાદનની દૃષ્ટિએ દેશને ઘણું સહન કરવું પડે છે. આ સર્વના મૂળમાં સૂરજ ઊગ્યે ભારતમાં વધતી જતી મોંઘવારી જ છે. મોંઘવારીને

ડામવામાં આપણી સરકાર નિષ્ફળ ગઈ છે.

આજે પ્રજામાં નીતિની ભાવના કે સચ્ચાઈનો આગ્રહ નથી, શિસ્તપાલનનો આગ્રહ કે નિષ્ઠાની પવિત્રતા નથી. શક્ય તેટલા આર્થિક લાભો મેળવીને કેવળ અર્થવાદમાં જીવી જવું એ જ જાણે આજના સરેરાશ ભારતીય માનવીનું જીવનધ્યેય થઈ પડ્યું છે. આજે તો નીતિની, ધર્મની, સચ્ચાઈની કે ચારિત્ર્યની શુદ્ધતાની વાતો કરનારને ‘વેદિયો’ લેખવામાં આવે છે ! જાહેર સ્થળોમાં કેમ વર્તવું એનું પણ પ્રજાને ભાન નથી !

સાદાઈ તથા ઊંચા વિચારો ઘટ્યાં છે અને વિલાસ તથા સ્વાર્થી વિચારો વધ્યા છે. વાતો વધી છે, આચરણ ઘટ્યું છે. દેશહિતનો વિચાર ઘટતો ચાલ્યો છે અને ‘‘સ્વ’’નો વિચાર સર્વોપરી થતો ચાલ્યો છે.

લોકઘડતર વિનાની લોકશાહી સુગંધ વિનાના કાગળનાં ફૂલ જેવી છે. સરકાર અને લોકનેતાઓ હવે લોકઘડતર પ્રત્યે લક્ષ આપે એ અત્યારે સૌથી વધારે અગત્યનું છે.

❑

*કોઈ પણ કાર્યમાં વિજય મળે કે પરાજય એ એટલું બધું મહત્ત્વનું નથી - તમે એ કાર્ય માટે કરેલા પ્રયત્નોમાં કેટલો પ્રાણ પૂર્યો હતો એ જ મહત્ત્વનું છે.*

ત્રણ દાયકા પહેલાં આપણી પ્રજામાં નિરક્ષરતાનું જેટલું પ્રમાણ હતું તે કરતાં આજે એ પ્રમાણ કંઈક ઓછું છે એ નિર્વિવાદ સત્ય છે. પ્રજામાં વાંચનનો શોખ પણ વધ્યો છે. ખરીદીને વાંચવાની વૃત્તિ પણ વધુ અંશે નહિ તો થોડેક અંશેય વધી છે. આપણે જોઈએ છીએ કે પ્રતિ વર્ષ સેંકડો વિદ્યાર્થીઓને કૉલેજમાં ભરતી (એડમિશન) મળતી નથી. આમ બાહ્ય દૃષ્ટિએ આપણે ત્યાં સાહિત્ય અને કેળવણીનો વિકાસ થતો જણાય છે.

અને એ સર્વ છતાંય સૂક્ષ્મ દૃષ્ટિએ આપણું સામાજિક અને નૈતિક જીવન અવલોકનારને તેમ જ આપણું સંસ્કારજીવન માપનારને આપણી પ્રજા - અને સવિશેષ આપણી ઊગતી પ્રજા - આગળ વધવાને બદલે પાછળ હટતી જણાશે. બે દાયકા પહેલાં સંસ્કારની, સાદાઈની, ચારિત્ર્યની, વિવેકની અને આમન્યાની જે માત્રા આપણી પ્રજામાં હતી તે આજે ઓછી થઈ ગયેલી જણાશે. આપણી પ્રજામાંથી જાણે 'શિસ્ત ઓસરતી જતી હોય એમ આપણને લાગશે.

હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે ''આનું કારણ શું ?'' પ્રજામાં વાંચન વધ્યું, શિક્ષણ વધ્યું અને છતાં સંસ્કાર ઘટ્યા એ વિષમ પરિસ્થિતિ શાને આભારી છે ? આ ટૂંકા લેખમાં એ વિશે થોડો વિચાર કરીશું.

વિચાર કરતાં અને દુનિયા આખીની સ્થિતિનું સૂક્ષ્મ અવલોકન કરતાં જણાય છે કે આજની દુનિયા રોજ બરોજ વિચારમાં આગળ વધતી જાય છે અને આચારમાં પાછળ હટતી જાય છે. વિચાર અને આચાર વચ્ચેનું અંતર દુનિયાભરમાં - વિરલ અપવાદો સિવાય - વધતું જ જાય છે. દુનિયાનું મગજ જાણે વિચારોથી છલોછલ ભરાઈ ગયું છે અને હજીય નવા નવા વિચારો એના મગજમાં ઠલવાઈ રહ્યા છે !

ચોપાસથી એટલા બધા વિચારો ઠલવાઈ રહ્યા છે કે દુનિયા બિચારી એ વિચારભાર હેઠળ દબાઈ ગઈ છે ! એનું મગજ કુંઠિત થઈ ગયું છે. કયો વિચાર સાચો અને કયો સાચો નહિ એનો નિર્ણય એ બાપડી દુનિયા કરે એ પહેલાં તો વળી નવા વિચારોનો મારો એના મગજ પર ચલાવવામાં આવે છે ! દુનિયામાં હવે વિચારોનો અતિરેક થઈ ગયો છે. વિચારભારે દુનિયા મૂંઝાઈ ગઈ છે. કાગળ પર છપાઈને વર્તમાનપત્રોમાં, સામયિકોમાં, પુસ્તિકારૂપે, ગ્રંથોમાં અને મૌખિક રીતે વ્યાખ્યાનો અને રેડિયો દ્વારા તેમ જ બીજી અનેક રીતે અસંખ્ય વિચારો રોજ દુનિયા સમક્ષ મુકાતા જાય છે. પણ નવાઈની વાત તો એ છે કે એમાંના થોડાક વિચારોને પણ દુનિયા અમલમાં મૂકે તે માટે દુનિયામાં કોઈને ખેવના નથી ! વિચારોથી છલોછલ ભરેલી દુનિયા પોતાને આગળ વધેલી તેમ જ સંસ્કારી અને પ્રગતિશીલ માને છે. વિચારો છપાયા પછી, વંચાયા પછી અને પ્રસર્યાં પછી વિશેષ કશું કરવાનું નથી એમ જાણે આજની દુનિયા માનતી હોય એવું લાગે છે ! વિચાર એ તો માત્ર એક ''સાધન'' છે અને અંતિમ ''સાધ્ય'' તો આચાર જ છે એ સત્ય દુનિયા છેક જ વીસરી ગઈ જણાય છે. ''સાધન'' ને ''સાધ્ય'' માની બેઠેલી દુનિયા સાચી પ્રગતિ શી રીતે સાધી શકે એનો કોઈ વિચાર જ કરતું નથી ! આંખ મીંચીને, વિચારોના ઝંઝાવાત વચ્ચે, અવનવાં કથનો અને મંતવ્યોની ધારાઓ ઝીલતી ઝીલતી દુનિયા આગળ દોડતી જાય છે અને પોતે ખરેખર આગળ વધી છે એમ માનતી અને મનાવતી જાય છે ! પણ વાસ્તવિક રીતે તો દુનિયા ભૌતિક રીતે આગળ વધતી હોવા છતાં નીતિમાં, ચારિત્ર્યમાં સહૃદયતામાં અને આચારમાં પાછળ હટતી જાય છે. માનવીને ખૂબ જ ઉપકારક નીવડી શકે એવા વિજ્ઞાનનો ઉપયોગ માનવીને સંહારવાનાં સાધનો જન્માવવામાં જે દુનિયા કરે એ દુનિયાને ખરેખર આગળ વધતી લેખી શકાય ખરી ?

અને દુનિયાભરમાં પ્રસરેલા આ વિચારપ્રાધાન્યથી અને આચારગૌણત્વથી આપણે પણ શી રીતે બાકાત રહી શકીએ ? આપણી ઊગતી પ્રજા એ કારણે જ વિદ્યાના ઢગલે-ઢગલા મેળવતી હોવા છતાં બે દાયકા પહેલાંની આપણી ભારતીય પ્રજા જેવી સંસ્કારી, ચારિત્ર્યવાન કે વિવેકશીલ નથી.

આ પરિસ્થિતિને હવે સહેજ વિસ્તારપૂર્વક અવલોકીએ :

ત્રણચાર દાયકા પહેલાં આપણી કૉલેજોમાંથી વિદ્યા પ્રાપ્ત કરીને નીકળેલા વિદ્યાર્થીઓમાંથી આપણને ગોવર્ધનરામ, કેશવ હર્ષદ ધ્રુવ, નરસિંહરાવ, ન્હાનાલાલ, આનંદશંકર ધ્રુવ, બ.ક. ઠાકોર, મણિલાલ નભુભાઈ, રમણભાઈ નીલકંઠ, મુનશી, કાન્ત, રમણલાલ વ. દેસાઈ અને અન્યાન્ય વિદ્વદ્રત્નો અને સાક્ષરરત્નો સાંપડ્યાં. પણ કૉલેજમાંથી અત્યારે નીકળેલા વિદ્યાર્થીઓમાંથી એવાં રત્નો હવે આપણને ભાગ્યે જ સાંપડે છે. આપણા અત્યારના પન્નાલાલ કે પેટલીકર કૉલેજમાં ભણ્યા નથી ! ચૂનીલાલ મડિયાએ કૉલેજ જોઈ હતી ખરી, પણ તેઓ તો “બી.કોમ.” હતા. સત્ય વાત તો એ છે કે આજના કૉલેજિયનો કૉલેજમાં જઈ વિદ્યાના વ્યાસંગથી સંપૂર્ણતઃરંગાવાને બદલે વિલાસના, મોજશોખના, તરંગી જીવનના અને દલીલબાજીના રંગે રંગાઈ જાય છે. એ કૉલેજિયન યુવાન વાતો ખૂબ કરે છે, આપણી સંસ્કૃતિને લગભગ પ્રતિકૂળ લેખાય એવાં અંગ્રેજી બોલપટો જુએ છે અને બાહ્ય ટાપટીપ કરીને, એકાદ કૉલેજિયન મૈત્રિણીને સાથે લઈને કોઈક મોંઘાં અને ફૅશનેબલ રેસ્ટોરાંમાં ઉપાહાર લેવા જાય છે. આ સર્વને તે જીવનનું સાચું સુખ માની બેસે છે. વિદ્યાર્થીએ કશું તપ તપવાનું હોય છે કે કશુંક સંયમન કે નિયમન પાળવાનું હોય છે એવું તે માનતો હોતો નથી. વિદ્યાર્થી જીવન એ “સાધનાજીવન” છે એવો તો એને સ્વપ્નેય ખ્યાલ હોતો નથી ! શ્રમના ગૌરવ (Dignity of labour) ને અને સાદાઈને તો

એ છેક જ વીસરી ગયો હોય છે. "Plain living & High thinking" નું સૂત્ર તો એણે ખોરંભે જ પાડી દીધું હોય છે. એનું મગજ નવી દુનિયાના જાતજાતના વિચારોથી ભરેલું અને બુદ્ધિના ગમે તે પ્રકારના સંયમહીન ઉપયોગ દ્વારા જન્મેલી દલીલબાજીથી ઘેરાયેલું હોય છે. એને ભારતીય સંસ્કૃતિ, ભારતીય આદર્શ કે ભારતીય સાદાઈની કશી પડી નથી. પોતાના વડીલો એને પોતાની પાસે 'ફિસ્સા' લાગે છે. રૂઆબ વગરના એ સીધા-સાદા વડીલોનું મૂલ્યાંકન કરવામાં આજના જમાનાની હવા એને ગોથું ખવડાવી દે છે. દેશ, સમાજ, સાહિત્ય, સંસ્કૃતિ કે સંસ્કારની એને ઝાઝી પડી નથી. પોતાના સાહિત્યકારો કરતાં સિનેમાનાં નટનટીઓથી તે વધારે પરિચિત હોય છે !

હવે આજના સાચા સમાજસેવકો તરફ દૃષ્ટિ ફેરવશો તો તેમાં તમને વિનોબા ભાવે કે રવિશંકર મહારાજ જેવા કે એવા જ છેક જ સાદા પણ "સાચા" સમાજસેવકો મોટે ભાગે તો કૉલેજની કેળવણીના રંગે રંગાયા વગરના જ મળી આવશે. કૉલેજમાંથી બહાર આવેલો કોઈ વિદ્યાર્થી એટલો બધો સાદો કેમ થઈ શકતો નથી ? ઉત્તર મળે છે કે એને સાદગી અને સેવાનું સાચું મૂલ્ય સમજાવે એવાં સત્યો અને સત્ત્વો એની કેળવણીમાંથી એને મળ્યાં જ નથી !

રાજકીય ક્ષેત્રમાં અવલોકશો તો ત્રણ દાયકા પહેલાંના આપણા લગભગ બધા જ દેશસેવકો કૉલેજની કેળવણીનો જ પરિપાક હતા એમ જણાઈ આવશે. આજે પણ કૉલેજમાં ભણીને રાજકીય ક્ષેત્રમાં આગળ આવનારા નથી એમ નથી, પણ એ પ્રમાણ ઘણું ઘટી ગયું છે.

આમ આપણે જોયું કે મહત્ત્વનાં ક્ષેત્રોમાં સાચાં રત્નો નીપજાવી આપવામાં આજની કેળવણી દિન પ્રતિ દિન નાકામયાબ નીવડતી જાય છે. આનું કારણ શું ? અલબત્ત, એનું એક કારણ તો દુનિયાભરમાં આચાર અને વિચાર વચ્ચે દિવસોદિવસ વધતું જતું અંતર જ છે. પણ

બીજા દેશોમાં કેળવણી પામેલા યુવકો જેટલા સ્વાશ્રયી, પરિશ્રમી, ખંતીલા અને આપબળમાં માનનારા નીવડે છે તેટલા આપણે ત્યાં કેમ નથી નીવડતા ?

આ જ પ્રશ્ન આપણને મૂંઝવે છે અને ખરેખરો વિચારણીય પ્રશ્ન છે તે આ જ પ્રશ્ન છે.

જરૂર આજની કેળવણીના પાયામાં જ કંઈક ગડબડ છે. સત્ય વાત તો એ છે કે આજની કેળવણી અક્ષરજ્ઞાન અને વિચારજ્ઞાન આપવા સિવાય અન્ય કશું ભાગ્યે જ આપે છે. સંસ્કાર, ચારિત્ર્ય, આચાર, સાદાઈ, પરિશ્રમવૃત્તિ, શ્રમગૌરવ, ઉત્કટ દેશપ્રેમ, સમાજસેવાની તીવ્ર ભાવના, ત્યાગ વગેરે ગુણો આજની કેળવણી ભાગ્યે જ આપે છે. સાદા અને સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો ''આપણને દેખાવની જ કેળવણી મળે છે. સાચી કેળવણી મળતી જ નથી !'' અક્ષરજ્ઞાન એ તો વિચારો મેળવવાનું અને કેળવવાનું સાધનમાત્ર છે. આજની કેળવણી વિચારો તો પ્રચુર પ્રમાણમાં આપે છે, પણ એથી આગળ કશું જ આપતી નથી. વિચાર એ કંઈ અંતિમ લક્ષ્ય નથી. અંતિમ ધ્યેય તો આચાર છે. વિચારોને આચારમાં મૂકવા માટે જે ચારિત્ર્ય, જે સાદગી, કષ્ટ સહન કરવાની જે વૃત્તિ, ત્યાગ કરવાની જે તત્પરતા જોઈએ તે એ કેળવણી આપતી નથી. પરિણામે આજની કેળવણીનું પૂર્ણવિરામ વિચારો આગળ જ આવી જાય છે. વળી આજની દુનિયા પણ એવી થઈ ગઈ છે કે એ દુનિયા કેવળ વિચારોની જ કદર કરે છે. વિચારોને આચારમાં મૂકનારા આજના મોટા માણસોની તો તેમના આચાર માટે આજની દુનિયા જરૂર કદર કરે છે, પણ એક કહેવાતો નાનો માણસ એકાદબે વિચારોને ચુસ્ત સ્વરૂપે આચારમાં મૂકીને સાદાઈથી પોતાનું જીવનઘડતર કરે તો એવો આચાર-કારણ કે એ ખૂણે પડેલા માણસે આચરેલો હોય છે - દુનિયાને આકર્ષતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો આજની

દુનિયાએ "બાહ્ય દૃષ્ટિ" જ કેળવી છે. "આંતર દૃષ્ટિ" તો આજની દુનિયા ખોઈ જ બેઠી છે !

એટલા માટે આપણા નેતાઓ, આપણા રાજકીય આગેવાનો, આપણા કેળવણીકારો અને આપણી પ્રજાના સંસ્કારસ્વામીઓ, આપણા સાહિત્યકારો અને આપણા પત્રકારો આ વિચારણીય પ્રશ્ન વિશે વિચાર કરતા થાય એ જરૂરનું છે. કેળવણીના પરિપાક રૂપે જો વિલાસ, આચારહીનતા, સંસ્કારલોપ, બાહ્ય ટાપટીપ અને શ્રમગૌરવનું મૃત્યુ લાધવાનાં હોય તો બહેતર છે કે પ્રજા અભણ જ રહે.

આજનાં છબીઘરોમાં નિકૃષ્ટમાં નિકૃષ્ટ અને હલકાં તેમ જ અશ્લીલ - અર્ધઅશ્લીલ ચિત્રોમાં પણ હોંશભેર ટિકિટો ખરીદીને જતાં કૉલેજનાં અને હાઈસ્કૂલનાં યુવક - યુવતીઓને હું જોઉં છું ત્યારે મને પારાવાર ખેદ થાય છે. જો ન્યૂ થિયેટર્સનાં ચિત્રો જેવાં સંસ્કારવાહક ચિત્રો જોવાની હાઈસ્કૂલનો અને કૉલેજનો પ્રત્યેક વિદ્યાર્થી પ્રતિજ્ઞા કરે તો સંસ્કારી નિર્માતાઓ આર્થિક દૃષ્ટિએ જે કષ્ટ ભોગવે છે તે ભોગવતા બચી જાય પણ કૉલેજિયનો એવાં ચિત્રો જોવા મૂકીને હવે તો "આરપાર", "ટેક્સીડ્રાઈવર" કે "ચાલીસ બાબા, એક ચોર" જેવાં હીન ચિત્રો જોવા ઊલટભેર દોડી જાય છે. તેમને સંસ્કાર કે સંસ્કૃતિની કશી પડી નથી. આપણી સંસ્કૃતિનાં શત્રુ સરખાં અમેરિકન ચિત્રો જોવા "મોર્નિંગ શો"માં આજનો કૉલેજિયન ઉત્સાહપૂર્વક જાય છે એટલું જ નહિ પણ એવાં ચિત્રો જોવામાં એક પ્રકારનું ગૌરવ અનુભવે છે. આથી વધારે દુઃખદ બીજું કશું હોઈ શકે નહિ. "ખાવું, પીવું ને લહેર કરવી" એ જ જો આજની કૉલેજની કેળવણી શીખવતી હોય તો એવી કેળવણી આપણા દેશના યુવકોને ન મળે એ જ સારું છે. કેળવણી જીવનમાં શાપરૂપે ઊતરે એ કરતાં જીવનમાં પ્રવેશ જ ન પામે એ વધારે ઈષ્ટ છે. આજના આપણા કૉલેજિયન કરતાં આપણો એક અભણ ખેડૂત આપણા

દેશને ઓછો હાનિકર છે એ વિધાન ઘણાને નવાઈભર્યું લાગશે છતાં એ સાચું જ છે.

આજની કેળવણીમાં ધરમૂળથી ફેરફાર કર્યા વગર, આજની કેળવણીને ભારતીય સંસ્કારો અને ભારતીય સંસ્કૃતિને પોષે એવી બનાવ્યા વગર, આજની કેળવણીના મૂળમાં શ્રમ અને સાદાઈના ગૌરવનું જળ સિંચ્યા વગર આજની કેળવણી જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં આપણને ''સાચા'' સાહિત્યકારો, સમાજસેવકો, દેશસેવકો કે રાજનીતિજ્ઞો ભાગ્યે જ આપશે. એને બદલે તો એ કેળવણી શિસ્તહીન, વિવેકહીન, અમર્યાદ, વડીલોની ઉપેક્ષા કરનાર, વિલાસી, ટાપટીપિયા, દલીલબાજ અને ખર્ચાળ યુવાનોનાં ઝૂંડનાં ઝૂંડ આપણા દેશને આપ્યે જશે.

એ માટે આ વિચારણીય પ્રશ્ન આપણે સૌ વિચારતા થઈએ એમાં જ આપણું કલ્યાણ છે.

❑

*''સાધન''ને જ્યારે ''સાધ્ય'' માનીને માનવી એની પાછળ દોડે છે ત્યારે દુઃખ એવા માનવીની પાછળ પાછળ દોડતું જ હોય છે.*

જીવન એ કંઈ ગુલાબની શય્યા નથી, પણ એ તો છે એક ‘સંગ્રામ.’ એ સંગ્રામમમાં સફળતાથી ઝઝૂમવા માટે તમારે નિરંતર આધ્યાત્મિક, માનસિક અને શારીરિક ક્ષમતા કેળવતા રહેવાની જરૂર છે. સંસારમાં તો તમને અમૃત પણ મળશે ને ઝેર પણ મળશે. અમૃતના ઘૂંટડા તો ભલે તમે ગટગટ પી જાઓ, પણ વિષપાન તો તમારે નીલકંઠની પેઠે ગળામાં જ સંઘરી રાખવું પડશે. એથી નીચે જઈને એ તમારા ઉદરમાં ન જાય એની સતત સાવધાની તમારે રાખવી પડશે. એ માટે તમારે આત્મબળ કેળવવું જ રહ્યું. આત્મબળ કેળવવા માટે તમે શું કરશો ?

આત્મબળ કેળવવા માટે તમારે તમારી કસોટી કરનારું જીવન જીવતાં શીખવું પડશે. સામે આવેલાં વિઘ્નોનો ધૈર્ય, હિંમત ને વિવેકપૂર્વક સામનો કરીને જીવનમાં આગળ વધતા જવું એનું નામ ‘કસોટી’. કસોટીનો જનક છે દુઃખ. દુઃખ આવે તો કસોટી થાય. એટલા માટે સાચા ભક્તોએ પ્રભુ પાસે દુઃખ માગ્યાં છે. પ્રત્યેક કસોટીમાંથી જેમ જેમ તમે પાર ઊતરતા જશો તેમ તેમ તમારું આત્મબળ કસાતું જશે - વ્યાયામથી દેહ કસાય છે તેમ. એવું આત્મબળ કસનારું જીવન જેમ જેમ તમે જીવતા જશો તેમ તેમ તમારું જીવન વધુ દૃઢ, વધુ ક્ષમતાવાન અને વધુ તેજસ્વી બનતું જશે. તમે એવા જીવનથી પ્રભુની વધારે નિકટ ને નિકટ જતા જશો, કેમ કે ‘આકરો કર્મયોગ’ પ્રભુને અતિ પ્રિય છે. આત્મબળસભર જીવન કેવળ સુદૃઢ જ નહિ હોય, પવિત્ર પણ હશે; કેમ કે એવું જીવન નિરંતર આ જગતમાં અનિષ્ટ તત્ત્વોનો સામનો કરતું રહીને માનવીને ભવસાગરથી પાર ઉતારે છે. એવું જીવન જ ભક્તિમય જીવન છે, કેમ કે અસતનો સામનો કરવા જેવી ઉચ્ચ કોટિની ભક્તિ એકે નથી. એ તો, એક રીતે કહીએ તો, કર્મયોગ અને ભક્તિયોગ બેઉનો

સુભગ સમન્વય છે.

માટે નિરંતર કઠિન, કસોટીકર અને કર્મરત જીવન જીવો. એવા જીવનનું કેન્દ્રસ્થ બળ છે નિષ્ઠા. નિષ્ઠા જ તમારા ધ્યેયમાં તમે અડગ રહો એવું કોઈક અકથ્ય આત્મબળ તમારામાં પૂરીને મહાભારતમાં યુદ્ધમાં અર્જુનની પડખે જેમ ભગવાન શ્રીકૃષ્ણ રહ્યા હતા તેમ તમારી પડખે જ રહેશે અને જીવનની પ્રત્યેક કપરી કસોટીમાંથી પાર ઉતારશે. આત્મબળને જન્મ આપનારી જનેતા નિષ્ઠા જ છે.

માટે સંનિષ્ઠ, તપોમય અને આત્મબળસાધક જીવન જીવવાની ટેવ પાડો. એથી તમે જીવન, મરણ, સંસાર અને પ્રભુ-ચારેને જીતી શકશો.

❑

*'સ્મૃતિ' એ માનવજીવનનો એક અતિ સુંદર અંશ છે.*

એક ફિલ્મના એક ગીતમાં નીચેની ગીતપંક્તિઓ મેં સાંભળેલી :

"જીઓ તો ઐસે જીઓ - જૈસે સબ તુમ્હારા હૈ !

મરો તો ઐસે મરો કિ તુમ્હારા કુછ નહિ !"

આ ગીતપંક્તિઓ મને ખૂબ ગમી ગઈ, કેમ કે એમાં જીવનમાં અનાસક્તિ યોગ કેળવવાનો ગહન અને આડકતરો બોધ છે. એમાં જીવનરસ અને અનાસક્તિ ઉભય એક સાથે કેળવતા જવાનું ગર્ભિત સૂચન છે.

પ્રભુએ આપણને જીવવા માટે જીવન આપ્યું છે એટલે જીવન તો જીવવું જ રહ્યું. અને જો જીવવું જ રહ્યું તો પછી એમાં રસ લઈને કેમ ન જીવવું ? જે કામ કરવાનું જ છે અને જે પરિસ્થિતિમાં સમય વિતાવવાનો જ છે એ કામ અને એ પરિસ્થિતિમાં જેટલો વધુ રસ લેવાય તેટલું સારું. આથી જીવનના છેલ્લા શ્વાસ સુધી આપણે જીવનરસ કેળવતા રહીએ એ જ આપણા હિતમાં છે. એથી જીવન હળવું, રસપ્રદ અને જીવવા યોગ્ય બને છે.

પણ જીવનની આખરી મંજિલ તો મૃત્યુ જ છે. એટલે એ આખરી મંજિલ પણ જેટલા રસપૂર્વક પામી શકાય તેટલા રસપૂર્વક આપણે પામવી જોઈએ. અને મૃત્યુ રસમય, સુખમય ને ચિંતારહિત બને એ માટે તો મરતા પહેલાં વાસનાઓ અને કામનાઓ ત્યાગી દેવાની જરૂર છે. અનાસક્તિભાવ આત્મસાત્ કર્યા વિના વાસનાઓ અળગી થાય નહિ. એટલે જીવનમાં જ આપણે આસક્તિની સાથે સાથે જ અનાસક્તિ પણ કેળવવી રહી.

પ્રથમ નજરે આમ કરવું આપણને અશક્ય લાગશે, પણ સાચી વાત તો એ છે કે આ કાર્ય દુષ્કર જરૂર છે, પણ અશક્ય તો નથી જ.

સંસારમાં રસ દાખવો, જીવનનાં સર્વ કાર્યો રસપૂર્વક કરતા રહો, જીવવામાં ઉત્કટ રસ દાખવતા રહો. પણ આ બધું મૃત્યુને સદૈવ નજર સમક્ષ રાખીને જ કરો. જીવનના સરવાળાનો તાળો મૃત્યુ વિના કદી મળવાનો નથી. મૃત્યુ જ તમને તમારા પરમ પિતા પાસે લઈ જઈ શકશે એ સત્ય સ્મરણપટે સદૈવ જાગતું રાખીને જ તમે સંસારનાં સર્વ કાર્યો કરતા રહો - રાગપૂર્વક, વિરાગથી નહિ - આપણા એક પ્રાચીન કવિની એક કાવ્યપંક્તિ અનુસાર ''સંસારમાં સરસો રહે ને મન મારી પાસ'' એ રીતે.

જો તમે આ રીતે જીવન જીવવાની ટેવ પાડશો તો તમે કેવળ જીવંત જીવન જ નહિ જીવી જાઓ, પણ ચિંતામુક્ત મૃત્યુ પામીને વાસનાના લેશમાત્ર પાસ વિના સચ્ચિદાનંદનાં દિવ્ય ચરણ પામશો.

❑

*પ્રસિદ્ધિ અને રિદ્ધિ એ બેમાંથી એકેય સિદ્ધિનું સાચું માપ નથી.*

# માનવીનો સૌથી મોટો શત્રુ માનવી જ છે

હું નાનો હતો ત્યારે વાંદા ને ઉંદરથી ભારે ડરતો - શા કારણે તે તો આજે પણ સમજાતું નથી. નાનપણમાં વાઘ કે સિંહનાં ચિત્રો જોતો કે તેમને સરકસમાં જોતો ત્યારે મનમાં એક પ્રકારની ભવ્યતા સાથે થોડીક ભયાનકતા જાગતી. ખરેખર જો એમનો સામનો થઈ જાય તો અંતરે કેવો ભય જાગે એ માપવાનો તો ક્યારેય વખત આવ્યો નથી.

પણ જીવનના દીર્ઘાનુભવ પછી મને લાગ્યું છે કે માનવીનો સૌથી મોટો શત્રુ માનવી જ છે. માનવીએ સદાય સાવચેત રહેવાનું અને ડરવાનું હોય તો માનવીથી જ છે - હિંસક વન્ય પશુઓથી નહિ. વન્ય પશુ બહુ બહુ તો માનવીને શારીરિક ઈજા પહોંચાડશે કે કદાચ તેને આ સંસારમાંથી વિદાય કરી પરમાત્માને ચરણે મોકલી દેશે. મૃત્યુ એક વાર તો આવવાનું જ છે. એટલે મૃત્યુથી માનવીએ શા સારુ ડરવું ? પણ કોઈ માનવીને જીવનભર દુઃખ આપનાર તો માનવી જ હોય છે. એટલે માનવીએ ખરી રીતે ડરવાનું તો છે 'માનવી' નામના પ્રાણીથી જ, કેમ કે જગતમાં બધી જ વિકૃતિ, બધી જ બીભત્સતા, બધી જ વિરૂપતા, બધી જ વિસંવાદિતા, બધા જ રાગદ્વેષ, બધા જ ક્લેશ અને બધી જ યાતનાઓ - આત્માની - હૃદયની તથા દેહની - માનવી જ જન્માવે છે.

માનવી જગતમાં સૌથી વધુ બુદ્ધિશાળી અને સહૃદયપ્રાણી છે. માનવીએ માનવીને હૂંફ આપી છે, ધૈર્ય તથા હિંમત આપ્યાં છે તેમ જ વાત્સલ્ય અને સ્નેહ પણ આપ્યાં છે. માનવીએ માનવજાત કાજે અનેક કલ્યાણકાર્યો પણ કર્યાં છે. ''રેડ ક્રૉસ''ની સંસ્થા, ઈસ્પીતાલો, ધર્મશાળાઓ, અંધશાળાઓ, બહેરા-મૂંગાની શાળાઓ વગેરે તેનાં જીવંત દૃષ્ટાંતો છે. પણ સામે પક્ષે માનવી માટે એણે જે અનિષ્ટ તત્ત્વો, જે આશંકાઓ, અવિશ્વાસ અને ભયો તથા જે યાતનાઓ જન્માવ્યાં છે તેનું પલ્લું ઘણું ઘણું નીચું નમી જાય છે.

માનવી જગતમાં યુદ્ધો જન્માવીને કેવળ માનવસંહાર જ નહિ પણ અનૈતિકતા પણ જન્માવે છે. માનવી જ સામાજિક તથા આર્થિક અસમાનતા જન્માવી સમાજજીવનમાં વિસંવાદિતા નીપજાવે છે. તે પવિત્ર નારીને પતિતા બનવાની અને સદાચારીને દુરાચારી બનવાની ફરજ પાડે છે. પ્રભુએ માનવીના લોહીમાં જ સ્વાર્થ મૂક્યો છે. પણ એ સ્વાર્થ પૂરો કરવાની માનવીની રીત અતિ અમાનુષી અને નિષ્ઠુર છે.

અને જિસસ ક્રાઈસ્ટને વધસ્થંભે ચડાવનાર તેમ જ માર્ટિન લ્યૂથર, અબ્રાહમ લિંકન, ગાંધીજી કે કેનેડી જેવા મહામાનવોની અમાનુષી હત્યા કરનાર માનવી જ છે ‘ કાળાં બજાર, અનાજમાં ભેળસેળ, ભાવવધારો, સંઘરાખોરી વગેરે માનવી જ કરે છે ને ? એટલે ‘‘માનવીનો સૌથી મોટો શત્રુ માનવી જ છે’’ એ જરાય ખોટું નથી.

❑

*જે સૌંદર્યમાં અભિમાન ભળે છે એ સૌંદર્ય પોતાની સાત્ત્વિકતા ગુમાવી બેસે છે.*

એક અતિ જૂની પણ પૂરેપૂરી યથોચિત કહેવત છે કે ''પુરુષ અને સ્ત્રી એ સંસારરથનાં બે પૈડાં છે.'' એક પૈડે રથ ચાલે નહિ તેમ એકલા પુરુષથી કે એકલી સ્ત્રીથી સંસાર ચાલે નહિ. ''સંસાર એટલે જ નર અને નારીની પ્રભુદત્ત સંયુક્ત શક્તિ''.

નર અને નારીનાં સ્વરૂપ, સ્વભાવ, શક્તિઓ, ખાસિયતો તથા કર્તવ્યો પ્રભુએ ભિન્ન ભિન્ન નિર્મ્યાં છે એ હકીકત પુરુષ તથા સ્ત્રીના સૂક્ષ્માવલોકન પછી સ્પષ્ટ થાય છે. નરમાં પ્રભુએ પૌરુષ, પરિશ્રમવૃત્તિ, ખડતલપણું, શૌર્ય અને પાલક તથા રક્ષણહારની ભાવના મૂક્યાં છે. નારીમાં એણે કોમળતા, ઋજુતા, સૌંદર્ય, લજ્જા, શીલ, આત્મ-વિલોપનની ભાવના તથા ગૃહાભિમુખતા મૂક્યાં છે. પ્રથમ દૃષ્ટિએ નર તથા નારીમાં પરસ્પર વિરોધી ગુણો લાગે છે. પણ એવા વિરોધી ગુણો ખરી રીતે તો પુરુષ તથા સ્ત્રી ઉભય માટે અવરોધક નહિ પણ પૂરક છે. પુરુષની પૂર્તિ સ્ત્રી અને સ્ત્રીની પૂર્તિ પુરુષ કરે છે. જેમ કે પુરુષના પૌરુષમાં નારીની કોમળતા ભળતાં એક પ્રકારનું સમતોલ પૌરુષ કે એક પ્રકારની સમતોલ કોમળતા ઉદ્ભવે છે. નર એ નર છે ને નારી એ નારી છે, છતાં એમનું ઐક્ય એ જ સાચો સંસાર છે. એ ઉભયની પૃથક્કતામાં જ એકતા રહેલી છે, કેમ કે પ્રભુએ માનવી માટેના ગુણોને બે વિભાગમાં વહેંચી નાખીને અમુક ગુણો પુરુષમાં ને અમુક સ્ત્રીમાં આરોપ્યાં છે.

એટલે જ સ્ત્રી જ્યારે પુરુષના ગુણોને પોતાના કરવા મથે છે અને પુરુષ જ્યારે સ્ત્રીના ગુણોને પોતાના કરવા મથે છે ત્યારે એમના દાંપત્યજીવનની સમતોલતાનો તથા સંવાદિતાનો ભંગ થતો લાગે છે - એમના સંસારમાં એક પ્રકારની કૃત્રિમતા પ્રવેશી ગયેલી લાગે છે. સ્ત્રી ''પુરુષ સમોવડી'' થવા મથે છે ત્યારે સ્વાભાવિક રીતે જ પોતાના સ્વાભાવિક અને પ્રભુદત્ત સ્ત્રીત્વનો એટલો અંશ ગુમાવીને એને સ્થાને

પુરુષનો એટલો અંશ સ્થાપે છે. એવું જ ‘‘સ્ત્રી સમોવડો’’ થવા મથતા પુરુષનું સમજવું.

સંસારમાં આગળ વધવા માટે પુરુષાર્થ કરવા માટે તેમ જ સંસારની અનેકાનેક મુશ્કેલીઓનો સામનો કરવા માટે પુરુષને પ્રેરણા તો જોઈએ જ. એ પ્રેરણા એને સ્ત્રી તરફથી મળી રહે છે. કેટલીક વાર એને એવી પ્રેરણા આપનાર એની ધર્મપત્ની નહિ પણ અન્ય કોઈક સ્ત્રી હોય એવું પણ બને છે. એટલે ખરી રીતે તો સ્ત્રી ‘‘પુરુષ સમોવડી નથી, પણ ‘‘પુરુષની પ્રેરણામૂર્તિ’’ છે, સ્ત્રીની પ્રેરણા પુરુષમાં કોઈક નવું જ બળ પૂરે છે. સ્ત્રીની પ્રેરણા મળતાં સંસારના અનેક મહાન પુરુષોએ વિરલ સિદ્ધિઓ હાંસલ કર્યાનાં દૃષ્ટાંતો મળી આવે છે. પોતાની એ સિદ્ધિઓના પાયામાં સ્ત્રીની પ્રેરણા હોવાનો સ્વયં એ વિભૂતિઓએ એકરાર કર્યો છે. આપણે થોડાંક દૃષ્ટાંતો જોઈએ.

ગાંધીજી જેવા જગતશ્રેષ્ઠ પુરુષની પ્રેરણામૂર્તિ કસ્તુરબા સમી એક અભણ નારી હતી એ એક હકીકત છે અને ખુદ ગાંધીજીએ જગતને જાહેર કરેલી હકીકત છે. કસ્તુરબા અભણ હતાં પણ અબુધ ન હતાં. અભણ દશામાં ગાંધીજીનાં ધર્મપત્ની બનીને આવેલાં કસ્તુરબાને ગાંધીજીએ ભણાવ્યાં. નારીના અને આર્ય સન્નારીના સર્વ ગુણો ધરાવનાર એ અભણ કસ્તુરબા પછી તો ગાંધીજીની પ્રેરણામૂર્તિ બની રહ્યાં અને દેશભક્તિનાં પોતાના પતિનાં સાહસોમાં તથા કાર્યોમાં એ પોતાના સ્વામીને પ્રોત્સાહન તથા સંકટોમાં એમને આશ્વાસન આપતાં રહ્યાં. ગાંધીજી કસ્તુરબાના અને કસ્તુરબા ગાંધીજીનાં પૂરક બની રહ્યાં; જેના ફળસ્વરૂપે વિરલ સંસારશક્તિ અને સાચી દાંપત્ય ભાવના જન્મ્યાં. ગાંધીજીએ એક વાર જાહેરમાં કહ્યું હતું કે ‘‘કેવળ આવતે જન્મે જ નહિ, પણ સાત જન્મે મને કસ્તુરબા જ અર્ધાંગનારૂપે મળે એવી મારી ઉત્કટ અંતરેચ્છા છે.’’

બીજું દૃષ્ટાંત. આપણા મહાકવિ નાનાલાલ સ્વભાવે ભારે ક્રોધી હતા. કેટલાક તો રમૂજ અને કટાક્ષમાં એમને ''દુર્વાસામુનિ'' પણ કહેતા ! પણ એમનાં પત્ની માણેકબા કવિની સર્વ ઉગ્રતા પચાવી જઈને પોતાના પતિ કાજે પરમ પ્રેરણામૂર્તિ બની રહ્યાં. માણેકબા કવિનો સંસાર, કવિનું ઘર અને કવિની આબરૂ ઢાંકીઢુબીને જીવનભર પોતાનો સંસાર હસતે મોંએ નિભાવી રહ્યાં. માણેકબા પોતાની પ્રેરણામૂર્તિ હોવાનો ખુદ કવિએ કેટલીક વાર જાહેર એકરાર કર્યો છે. માણેકબા કદીય ''પુરુષ સમોવડી'' થવા મથ્યાં નહિ, પણ નિરંતર ''પતિની પ્રેરણામૂતિ'' બનીને એમણે પોતાનું પ્રભુદત્ત નારીત્વ સાર્થક કર્યું.

ત્રીજું દૃષ્ટાંત. આપણા મહાન સાહિત્યસ્વામી 'ધૂમકેતુ'એ પોતાની ષષ્ઠિપૂર્તિના સમારંભમાં બોલતાં રંગમંચ પર બેઠેલાં પોતાનાં પત્ની કાશીબહેનને ચીંધીને કહ્યું કે ''આજે હું બે રોટલી પણ ખાઈ શકું છું એ આને પ્રતાપે. એની સાર-સંભાળ ને એની કાળજી વિના હું આટલું વિપુલ સાહિત્યસર્જન ન જ કરી શક્યો હોત.''

આવાં તો અનેક દૃષ્ટાંતો હું આપી શકું. કેટલાક ઉદ્યોગપતિઓ, કેટલાક વૈજ્ઞાનિકો, કેટલાક કેળવણીકારો અન્યાન્ય ક્ષેત્રોમાં પોતાની ઉજ્જવલ કારકિર્દી સ્થાપનાર પુરુષો પોતપોતાની અર્ધાંગનાની પ્રેરણાથી જ જીવનમાં આગળ વધતા જવાનું બળ મેળવી શક્યા છે. આ રીતે પોતાનું આત્મવિલોપન કરીને પોતાના પતિની કારકિર્દી ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર નારીની ''કેરીઅર'' કોઈ લેડી જજ કે લેડી બૅરિસ્ટર કરતાં જરાય ઊતરતી નથી. સાચી વાત તો એ છે કે આ જમાનામાં આપણે ''કેરીઅર'' એટલે કે કારકિર્દીનો અર્થ જ ખોટો કરીએ છીએ ! પોતે આગળ વધવું એ જ માત્ર ''કેરીઅર'' નથી, પણ બીજાને આગળ વધારવાનું સાચું ને પ્રેરક બળ બની જવું એ એનાથી પણ વધારે ચડિયાતી ''કેરીઅર'' છે.

આજે તો આપણા નારીસમાજમાં ''પુરુષ સમોવડી'' થવાનો પવન વાયો છે. નારી દરેક બાબતમાં પુરુષની સ્પર્ધા કરી શકે એવી ન બની શકે એમ નથી. એ જરૂર બની શકે, કેમ કે સ્ત્રીશક્તિ વાસ્તવમાં તો પુરુષશક્તિ કરતાં પણ વધારે સહનશીલ ને ધૈર્યવતી છે. અત્યારે પુરુષને પણ આંટી દેનારી અનેક સ્ત્રીઓ આપણે જોઈએ છીએ. અલબત્ત, એમની શક્તિ માટે આપણને જરૂર માન જન્મે. પણ એવી નારી પછી ''નારી'' રહેતી નથી. અને નારી ''નારી'' જ રહે એ કેવળ પુરુષ માટે જ નહિ, આ સંસાર માટે પણ ઇષ્ટ છે. આપણે જો આ સંસારને એક શરીરની ઉપમા આપીએ તો સ્ત્રી જ્યારે ''પુરુષ સમોવડી'' બને ત્યારે એમ કહી શકાય કે સંસારરૂપી શરીરનું એક અંગ વધારે પુષ્ટ થયું છે, જ્યારે બીજું એક અંગ વધારે નિર્બળ બન્યું છે. દેહનું કોઈ પણ અંગ વધુ પડતું પુષ્ટ કે વધુ પડતું નિર્બળ થાય એ ઇષ્ટ નથી. શરીરનાં સર્વ અંગો સમતોલ અને પોતપોતાનું કામ યથોચિત રીતે આપનારાં હોય એ જ ઇષ્ટ છે.

મારાં આવાં બધાં મંતવ્યોનો રખેને કોઈ એવો અર્થ તારવે કે ''સ્ત્રીએ ભણવું જ નહિ, ઘરકામ જ કરવું ને ચૂલોચક્કી સંભાળવાં અને ઘરની ચાર દીવાલો વચ્ચે પુરુષની ગુલામડી થઈને રહેવું.'' ના, મારો એવો આશય નથી જ નથી. એણે જરૂર જ ભણવું, પણ પોતાનો ગુણધર્મ કે પોતાનું નારીત્વ બદલવાં નહિ. એના ભણતરનો હેતુ તો પોતાનાં નારીકર્તવ્યો વધુ સુપેરે બજાવીને પોતાના અને પોતાના પતિના સંસારમાં સ્વર્ગ ઉતારવાનો હોવો જોઈએ. જગત વિશેનું સામાન્ય જ્ઞાન બાળઉછેર તથા રાંધણકળાનું સંપૂર્ણ જ્ઞાન, હિસાબકિતાબની પૂરેપૂરી આવડત, આરોગ્ય અંગેનું તાત્ત્વિક જ્ઞાન અને દરેક ખોરાકના લાભાલાભ અંગેનું સાચું જ્ઞાન મેળવવું નારી માટે કેવળ આવશ્યક જ નહિ, પણ ''અનિવાર્ય'' છે. તો જ એ સાચી ને સારી ગૃહિણી તથા સાચા અર્થમાં

''પુરુષની પ્રેરણામૂર્તિ'' બની શકે.

વળી ''પુરુષ સમોવડી'' થવા મથતી નારીના બે પ્રકારો છે. એક પ્રકાર પુરુષની સ્પર્ધા કરવા મથતી અને પુરુષજાતને હંફાવવા ઇચ્છતી નારીનો છે. બીજો પ્રકાર પોતાનું સ્વત્વ-નારીત્વ-જાળવીને ગુણો તથા શક્તિઓને પોતાનામાં ''વધારા રૂપે'' સ્થાપિત કરનાર ''નારી''નો છે. એવી નારી પુરુષ પ્રદેશે પ્રવેશ્યા છતાં ''નારી'' જ રહે છે. ગાંધીજીએ સ્ત્રીઓને જાગૃત થવાનું, અસહકારમાં જોડાવાનું, દારૂનાં પીઠાંઓ પર પીકેટીંગ કરવાનું, જરૂર પડ્યે સરકારનો જુલમ અને પોલીસનો લાઠીચાર્જ મક્કમતાથી જીરવવાનું કહેલું ત્યારે આ બીજા પ્રકારની નારી જ એમની દૃષ્ટિ સમક્ષ હતી. એમનાં એ કથનો પાછળ નારીશક્તિને જાગૃત કરવાનો જ આશય હતો. સ્ત્રી પુરુષની સ્પર્ધા કરતી થાય ને સમૂળગી 'નારી' જ મટી જાય એ આશય ન હતો. એમનાં પોતાનાં ધર્મપત્ની કસ્તુરબા અસહકારની લડતમાં ભાગ લેતા ને ગૃહિણીધર્મનું પાલન પણ કરતાં. આવી નારી પુરુષ માટે પૂરક બનવા છતાં 'નારી' જ રહે છે. એ પુરુષની પ્રેરણામૂર્તિ તો બની જ રહે છે અને જરૂર પડતાં વધારા રૂપે જેવાં સંકટોનો સામનો પુરુષ કરે છે તેવાં સંકટોનો સામનો પણ કરે છે. એવી નારીને પુરુષને એને સ્થાનેથી ગબડાવી પાડીને પોતે એનું સ્થાન પચાવી પાડે એવી અનૈસર્ગિક ભાવના હોતી નથી, પણ જરૂર ઉપસ્થિત થતાં વધારાની પુરુષશક્તિ પુરુષને તત્પૂરતી આપવાની જ ભાવના હોય છે.

એટલે નારી ભલે ''પુરુષ સમોવડી'' બને, પણ એ ''નારી'' જ રહીને ''પુરુષની પ્રેરણામૂર્તિ'' બનતી તો ન અટકી જાય. એ જો પુરુષને પ્રેરણા આપતી અટકી જશે તો પુરુષ પાંગળો થઈ જશે ને સંસાર એટલે અંશે અધૂરપવાળો બની જશે. તાત્પર્ય કે પ્રભુદત્ત પૃથક્ પૃથક્ નરનારી ધર્મયુક્ત આ સંસારમાં નારી માટે ''નારી મટી જવાની ભાવના''

ખરેખર જ આ સંસારને વિશૃંખલ બનાવનારી, અનિષ્ટ, સંસારમાં વિસંવાદિતા અને અવ્યવસ્થા જન્માવનારી અને પ્રભુના તથા નિસર્ગના મૂળભૂત હેતુનો દ્રોહ કરનારી છે.

માટે નારી ''નારી'' જ રહે ને સંસાર ''સંસાર'' જ રહે એ માટે નારીએ ''પુરુષ સમોવડી'' બનવાનો પ્રયાસ ન કરતાં ''પુરુષની પ્રેરણામૂર્તિ'' બનવાની ભાવના સતત પોતાને હૈયે, પોતાના દૈનિક જીવનમાં અને પોતાના સંસારના દરેક કાર્યમાં આરોપવી એ એને પોતાને માટે, પુરુષ માટે અને સમસ્ત સંસાર માટે ઈષ્ટ છે.

❑

લોકનાયક એટલે વિઘ્નહર્તા,
વિઘ્નકર્તા નહીં,
આટલું આજના નેતૃત્વને
યાદ રહે તો ?

- **'પથબંધુ', તા. ૦૭-૦૯-૯૯**

પૈસો, પદવી કે પ્રતિષ્ઠા મેળવી આપનારી સિદ્ધિનાં સોપાન એક પછી એક ચડતા રહી કોઈ આગળ વધતું જાય તેને માટે અંગ્રેજીમાં એક વિશિષ્ટ શબ્દ છે - ''કેરીઅર''. એ શબ્દનો સાદો ભાવાર્થ કરીએ તો ''દુનિયાદારી રીતે આગળ વધવું'' એવો જ કંઈક થઈ શકે. ગુજરાતીમાં એને માટે ''કારકિર્દી'' શબ્દ વપરાય છે.

પણ એ કહેવાતી ''કેરીઅર'' કરતાં અનેકગણી ઉચ્ચ અને પવિત્ર 'કેરીઅર' હવે આ જમાનામાં આપણી નજર સમક્ષથી ખસી ગઈ છે. માતા, પિતા, પતિ, પત્ની, ભાઈ, ભગિની, પુત્ર, પુત્રી કે પુત્રવધૂ તરીકેનું ચુસ્ત કર્તવ્યપાલન અને એવાં કર્તવ્યપાલનાર્થે કરવો પડતો આત્મત્યાગ એ જીવનની ઊંચામાં ઊંચી 'કેરીઅર' છે, એ સત્ય તો હવે આ દંભી જમાનામાં લગભગ ખોરંભે જ પડી ગયું છે !

પોતાનાં આંધળાં માબાપને કાવડમાં બેસાડી શ્રવણે તીર્થયાત્રા કરાવી એ પુત્ર તરીકેની એની સર્વોત્તમ ''કેરીઅર'' હતી - એણે બી. એ. કે એમ. એ. ની ડિગ્રી નહોતી મેળવી છતાં.

આજ પણ આપણાં ગૃહોમાં આપણે કેટલેક સ્થળે જોઈએ છીએ કે ગૃહિણી પોતાના આખા કુટુંબ માટે સવારથી સાંજ સુધી વૈતરું કરે છે. સાસુસસરાની, પતિની અને બાળકોની સેવાશુશ્રૂષા એ જ એના જીવનનું એક માત્ર ધ્યેય હોય છે. કુટુંબ આખું રાત્રે જમી લીધા પછી જ્યારે ઊંઘવા માંડે ત્યારે એ ગૃહિણી પરમ સંતોષનો શ્વાસ લે છે અને સ્વજીવનનું સાર્થક્ય અનુભવે છે. સ્ત્રી તરીકેની આ તેની ઊંચામાં ઊંચી ''કેરીઅર'' છે અને બૅરિસ્ટર, જજ કે લેડી ડૉક્ટર બનેલી કોઈ પણ મહિલાની ''કેરીઅર'' કરતાં આ ''કેરીઅર'' વધારે પવિત્ર અને વધારે વંદનીય છે.

વર્ષો પહેલાં ''સોરેલ એન્ડ સન'' નામે વોર્નર બ્રધર્સે તૈયાર કરેલું એક મૂક અંગ્રેજી ચિત્રપટ મેં જોયું હતું. એ ચિત્રનું વસ્તુ એવું હતું કે સોરેલ નામે એક ગરીબ વિધુરે પોતાના એકના એક પુત્રને દાક્તરી ભણાવવાના પૈસા મેળવવા માટે કરડા સ્વભાવની એક ધનવાન સ્ત્રીને ત્યાં વર્ષો સુધી નાચીજ નોકરી કરી ! તેણે જમીન ધોવાનું, ફર્નિચર સાફ કરવાનું અને બીજાં કહેવાતાં અનેક હલકાં કામો કર્યાં. એ ધનવાન પણ નિષ્ઠુર બાઈનાં કાળજું વીંધનારાં કઠોર વચનો પણ એ ગળી જતો. અંતે એનો એકનો એક પુત્ર દાક્તરીની પરીક્ષામાં દેશભરમાં પહેલે નંબરે આવ્યો ! એને ડૉક્ટરની પદવી એનાયત કરવાનો સરકારી સમારંભ યોજાયો. સોરેલે ઊંડા વાત્સલ્યભાવે પુત્રને કહ્યું : ''દીકરા ! મારે આ સમારંભ જોવો છે.'' પુત્રે શુષ્કભાવે જવાબ આપ્યો : ''ત્યાં તમારાથી ન આવી શકાય. ત્યાં તો આમંત્રિતો જ આવી શકે.'' આથી એ પરમ પ્રેમાળ બાપે છાની રીતે એક ઝાડ પર ચડી જે વિશાળ ''હૉલ''માં સમારંભ હતો તેની બારીમાંથી પદવીદાનની ક્રિયા છાની રીતે જોઈ. પુત્રને મળેલા સન્માનથી તેની આંખમાં હર્ષના આંસુ આવ્યાં. ચિત્રમાં એ વેળાનો ''કલોઝ અપ''માં લેવાયેલો એનો ચહેરો અને એની આંખમાંનાં હર્ષાશ્રુ આજ ચાળીસેક વર્ષ પછી પણ મારી નજર સામે તરવરે છે ! મને વિચાર આવે છે : ''એ પિતા અને એ પુત્ર - એ બેમાં કોની ''કેરીઅર'' વધારે ઊંચી ?'' આત્મા જવાબ વાળે છે : ''નિઃશક પિતાની જ.''

ઝાંઝવાનાં જળ સમાં પૈસો, પદવી અને પ્રતિષ્ઠા પાછળ દોડતી આજની આંધળી દુનિયા આ વધારે ચડિયાતી ''કેરીઅર''ને ફરી ઓળખતાં શીખે તો કેવું સારું ?

❑

માનવહૈયામાં વસવાને બદલે કાગળ પર વસવાનો આ કળિકાળમાં માનવતાને શાપ મળેલો જણાય છે, કેમ કે આજના યુગનાં માનવીઓનાં હૈયાં વારંવાર ઢંઢોળાયા છતાં પણ તેમાંથી માનવતા ભાગ્યે જ લાધે છે.

"હું માનવી છું ને મારો એકમાત્ર ધર્મ માનવતા જ છે." એ પવિત્ર જીવનવાક્ય આજના જમાનાનો માનવી છેક જ ભૂલી ગયેલો જણાય છે. એણે હૈયામાંથી માનવતાને હૈયાનિકાલ કરી છે. અને માનવતાને બીજે ક્યાંય સ્થાન ન મળતાં તે પુસ્તકો અને સામયિકોના કાગળ પર, છબીઘરોના રૂપેરી પડદા પર અને નાટકના રંગમંચ પર જઈને વસી છે !

આપણા આજના જમાનાનો મોટામાં મોટો દોષ આચાર કરતાં વિચારને જ વધુ મહત્ત્વ આપવાનો છે. સારા વિચાર જાહેરમાં પ્રગટ કરનારને કે કાગળ પર ઉતારનારને સારું માન મળે છે, પણ સારા આચાર આચરનાર તરફ ભાગ્યે જ કોઈની દૃષ્ટિ ખેંચાય છે. આને જ કારણે માનવતાનું માનવહૈયામાં મૃત્યુ થયું છે અને માનવતાના ભૂત રૂપે તે અત્યારે કાગળ પર, રંગમંચ પર કે રૂપેરી પડદા પર વિહરે છે.

માનવતાનો નાશ કરવામાં વિશ્વયુદ્ધો જબરો ભાગ ભજવે છે. એવાં યુદ્ધો લાખો જીવોને યમસદન પહોંચાડીને જ સંતોષ નથી પામતાં, પણ માનવીના હૈયામાંથી માનવતાનું બિંદુયે બિંદુ શોષી લે ત્યારે જ જંપે છે. એવાં યુદ્ધો કાળાં બજાર, સંઘરાખોરી, નફાખોરી, નૈતિક અધઃપતન વગેરે દુર્ગુણોને સહેલાઈથી માનવહૈયામાં રોપી શકે છે, કેમ કે એવા દુર્ગુણોને અવરોધવા માનવતા ત્યાં હોતી નથી.

"સાધન" જ્યારે "સાધ્ય" બની જાય છે ત્યારે માનવતા છાનાં

હીબકાં ભરે છે. દાખલા તરીકે પૈસો એ ''સાધન'' છે. પણ એ જ પૈસો જીવનમાં જ્યારે ''સાધન''ને બદલે ''સાધ્ય'' બની જાય છે ત્યારે ભાઈ ભાઈનું ગળું કાપતાં અચકાતો નથી ! એ વેળા માનવતા છાનાં હીબકાં ભરી ભરીને કલ્પાંત કરે છે ! પણ દાનવ બની ચૂકેલા માનવ પર એ હીબકાં કશી અસર કરતાં નથી. છાને ખૂણે રડી રડીને અંતે માનવતા માનવીના હૈયાઘરને તજીને બહાર નીકળી જાય છે અને એ પછી કોઈ નિર્વાસિતાની પેઠે કાગળ પર વસે છે.

તમે સારા લેખકોનાં પુસ્તકો વાંચશો તો એને પાને પાને માનવતા નીતરતી હશે. તમે એ લેખિનીઓ પર મુગ્ધ થઈ જશો ! એવા લેખકો દેશ અને દુનિયાનાં તારણહાર છે એમ પણ ઘડીભર માનતા થઈ જાઓ તો નવાઈ નહિ. પણ જ્યારે તમે એ લેખકોના જીવનમાં ડોકિયું કરી તેમના હૈયાને ઉકેલશો ત્યારે તમને જણાશે કે તેમાંના મોટા ભાગના લેખકોએ માનવતાને સ્વહૃદયમાંથી બહાર ફેંકી દઈને કાગળ પર વહેવા મૂકી દીધી છે અને પોતાના હૈયામાં એ હૈયાનિકાલ માનવતાને સ્થાને આધુનિક દુનિયાએ સર્જેલી સ્વાર્થી ભાવનાઓને રોપી દીધી છે ! તમારાથી નિશ્વાસ મુકાઈ જશે. પણ તમને ખબર નથી કે એવા સેંકડો નિશ્વાસ મૂક્યા છતાં એ માનવીએ પોતામાં રહેલી માનવતાનું કશું સાંભળ્યું જ ન હતું અને પરિણામે લાચાર બનીને જ એ માનવતા હવે તો કાગળ પર વસીને પોતાનું જીવન વિતાવી રહી છે.

''માનવી'' મટીને ''મહાન રાજદ્વારી નેતા' કે ''વિદ્વાન'' થનારા આજ તમને ઠેર ઠેર મળી આવશે. પણ ''સાચો માનવી'' શોધવા તમે મથશો તો મહાપ્રયાસે હજારમાંથી એકાદ માનવી તમને માનવતાસભર મળી આવશે ! બાકીના નવસો નવાણું પોતાના હૈયાનું ખાલી ખોખું સ્વાર્થ અને આડંબરરૂપી કચરાથી ભરીને ગૌરવપૂર્વક પૃથ્વીપટ પર મહાલતા અને લક્ષ્મીદેવીની કે કીર્તિદેવીની જયમાળા

સ્વીકારી મલકાતે મુખે જીવનને ધન્ય લેખતા તમારી નજરે પડશે. તમારાથી દુઃખી દિલે પુછાઈ જશે : ''ક્યાં છે માનવતા ?'' અને તમારા એ પ્રશ્નની મશ્કરી કરતો હોય એવો ક્રૂર અને પડઘા પાડતો ઉત્તર નેપથ્યેથી તમને સંભળાશે : ''આ રહી કાગળ પર !''

❑

*બહારથી સારું દેખાતું ફળ કોઈક વાર સડેલું નીકળે છે તેમ બહારથી નિર્મળ દેખાતું દાન અંદરથી ઘણી વાર સ્વાર્થના કે કીર્તિના સડાવાળું હોય છે.*

તમારી સમક્ષ જો કોઈ માણસ એક છીપ અને એક મોતી મૂકે તો તમે શું પસંદ કરશો ? મોતી જ ને ? કદાચ કોઈ છીપ પસંદ કરે તો તેને તમે આંધળો કે અક્કલવિહોણો જ કહો ને ? પણ નવાઈની વાત તો એ છે કે આજની દુનિયા મોતી કરતાં છીપને એટલે કે આચાર કરતાં વિચારને વધુ મહત્ત્વ આ.પે છે.

વિચાર ! વિચાર !! વિચાર !!! પુસ્તકોમાં વિચાર ! વ્યાખ્યાનોમાં વિચાર ! વર્તમાનપત્રોમાં ભાતભાતના પરસ્પર વિરોધી વિચાર ! રેડિયો પર અને નાટકોમાં વિધવિધ વિચાર ! વાતોમાં અને ચર્ચાઓમાં વિચાર ! દલીલો કરવામાં તાર્કિક વિચાર ! બધે જ વિચાર ! છીપ જ છીપ ! મોતીનું એટલે કે આચારનું તો નામ જ નહિ ! આનું કારણ શું ? કારણ એ જ કે આજની દુનિયાને આચાર કરતાં વિચારનું મૂલ્ય વધારે છે. એક ઓછું ભણેલા પણ આચારવાન માનવી કરતાં એક આચારહીન પણ વિચારોના ઢગલા ઠાલવનાર માનવીને આજની દુનિયા વધુ મહત્ત્વ આપે છે ! એવો માનવી વિદ્વાન લેખાય છે, તેને ઠેર ઠેર માન મળે છે; જ્યારે જીવનમાં આચારને ઉતારનાર મહામૂલા મોતી સરખો પેલો આચારવાન માનવી તો જગતને એક ખૂણે પડ્યો પડ્યો, જગતથી છેક જ અજાણ,.પોતાનું જીવન વ્યતીત કર્યે જાય છે !

દોઢ-બે સૈકા પહેલાંના માનવી કરતાં આજનો માનવી વધારે બુદ્ધિમાન, વધારે વિચારવંત, વધારે ચપળ, વધારે ઉદ્યમી, વધારે આકર્ષક, વધારે વાતો કરતો અને વધારે વાંચતો તથા વિચારતો થયો છે. છતાં તે વધારે "સુખી" નથી થયો, કારણ કે તે વધારે "ચારિત્ર્યશીલ" નથી બન્યો. તે વિચારોને જ મહત્ત્વ આપતો અને રાતદિવસ વિચારો કરતો જ થયો છે. સ્વસ્થ, સંતોષી, સિદ્ધાંતસભર અને આચારવાન જીવનથી તો તે દિવસે દિવસે દૂર જ જતો જાય છે.

જગતનાં સર્વ પ્રાણીઓ કરતાં માનવી વધારે બુદ્ધિમાન લેખાય છે. પણ તમે માનશો ? માનવી જેટલો પોતાની બુદ્ધિનો દુરુપયોગ જગતમાં કોઈયે પ્રાણી કરતું નથી ! પ્રથમ દૃષ્ટિએ આ વાત તમને હસવા સરખી લાગશે. પણ થોડાક ઊંડા ઊતરશો તો આ વાતની તમને પ્રતીતિ થતી જશે. એટમ બૉમ્બ અને હાઇડ્રોજન બૉમ્બની વિનાશક શોધો એ બુદ્ધિનો મહાનમાં મહાન દુરુપયોગ નથી તો બીજું શું છે ?

આજની દુનિયા સાદા, નિરાડંબરી, ભલાભોળા, આચારવાન અને સિદ્ધાંતવાદી માનવીને 'નમાલો' અને 'અવ્યવહારુ' માને છે; જ્યારે આડંબરયુક્ત, હૈયે એક ને હોઠે બીજું આચરનાર, વિચારોથી જ સામાને આંજી નાખનાર અને સિદ્ધાંત તથા આચાર વગરના "તકવાદી" માનવીને દુનિયા અત્યંત બુદ્ધિશાળી, વિદ્વાન કે નેતા માનીને માન આપે છે ! બીજા શબ્દોમાં કહીએ તો "દુનિયા મોતીને અવગણે છે અને છીપને પ્રીછે છે !"

એ ખરું કે જેમ છીપમાંથી જ મોતી નીકળે છે તેમ વિચારમાંથી જ આચાર જન્મે છે. છીપ વિના મોતી સંભવે જ નહિ તેમ સદ્‌વિચાર વિના સદાચાર જન્મે નહિ. પણ છીપમાંથી મોતી કાઢી લઈને આપણે છીપને છીપ પૂરતું જ મહત્ત્વ આપીએ છીએ તેમ વિચારોમાંથી છેવટે તો આચારરૂપી મોતી જ મેળવી લેવાનું રહે છે અને વિચારોને તો છીપ જેટલું જ મહત્ત્વ આપવાનું રહે છે. આપણા પર તે શો ઉપકાર કરે છે ?" એવી તેમની માન્યતા હોય છે !

મને લાગે છે કે આઝાદીની આપણી ઇમારતનો પાયો જ કાચો છે. ઉપર ચણતર થતું જાય જ છે અને સાતમે માળે ટોચની વ્યક્તિઓ બેઠી છે. તેઓ તો ભવ્ય ઇમારત જુએ છે. પણ "પાયા"ની વાત કોઈ કરતું નથી કે વિચારતું નથી !

વ્યક્તિથી જ સમષ્ટિ બને છે. એ માટે જ્યાં સુધી વ્યક્તિના

જીવનમાં શિસ્ત, પ્રજાકીય ભાવના અને દેશ માટે પોતે જીવે છે એવી માન્યતા વણાય નહિ ત્યાં સુધી સમષ્ટિ (એટલે કે પ્રજા) શી રીતે તૈયાર થાય ? કાળાં બજાર, લાંચરુશ્વત, દગાખોરી, વચનભંગ, નૈતિક પતન, વિશ્વાસઘાત, સ્વાર્થ આડે બીજા કશાનો વિચાર ન કરવાની વૃત્તિ - આ બધા દુર્ગુણો આપણી પ્રજાના હાડોહાડમાં વ્યાપી ગયા છે.

મારા દુર્ભાગ્યે કોઈ કોઈ વાર સરકારી કચેરી સાથે પણ મને કામ પડે છે. સરકારી અદાલતની તુમાખી અને સરકારી કારકુનોની લાંચ રુશ્વત લેવાની વૃત્તિ બ્રિટિશ અમલમાં હતાં તે કરતાં જરાય ઓછાં થયેલાં જણાતાં નથી. જે કામ ત્રણ કલાકમાં થઈ જાય એમ હોય એ માટે એ સરકારી ખાતું ત્રણ મહિના લગાડે છે ને મને તેર ધક્કા ખવડાવે છે ! ''રેડ ટેપીઝમ્'' (તુમારી પદ્ધતિ)માં જરાય ઘટાડો થયો જણાતો નથી. મને વિચાર આવે છે : ''આપણી સરકાર એટલે આપણી પ્રજા જ ને ? સરકારી કાનૂનોનો અમલ કરનાર અને સરકારી હોદ્દા પર બેસનાર તો આપણા જ પ્રજાજનો છે ને ? અને આપણી પ્રજા હજી ઘડાઈ જ ક્યાં છે ? સાર્વજનિક હિતની વૃત્તિ પ્રજાને હૈયે જન્મી જ ક્યાં છે ?''

દસ હજાર ટનની એક ગંજાવર સ્ટીમરના તળિયાનો એક જ નાનો ''સ્ક્રૂ'' જો ઢીલો થઈ જાય અને પછી ખૂલી જાય તો એ ''સ્ક્રૂ'' ને જો ફરી વાર સરખો લગાડીને સ્ટીમરનું તળિયું સાબૂત કરવામાં ન આવે તો છેવટે સ્ટીમર ડૂબી જાય ! એ કારણે જે નાના ''સ્ક્રૂ''નું મહત્ત્વ સ્ટીમરનો ''કપ્તાન'' સમજે છે અને એથી જ એને વારંવાર તપાસાડાવતો રહે છે. એ જ રીતે આપણા પ્રધાનો જ્યારે પ્રજારૂપી સ્ટીમરમાં ''નાના સ્ક્રૂ''નું મહત્ત્વ સમજતા થશે ત્યારે જ આપણા દેશરૂપી જહાજમાં પાણી ભરાઈ જતું અટકાવી શકશે. નાની નાની બાબતોમાં પ્રજાની દરેક વ્યક્તિ જ્યાં સુધી ઘડાય નહિ ત્યાં સુધી પ્રજા ''પ્રજા'' તરીકે તૈયાર થાય નહિ. અને પ્રજા તૈયાર ન થાય ત્યાં સુધી દેશનો જયવારો ક્યાં છે ?

પરદેશોમાં ભારતની ઘણી સારી આબરૂ છે, એ આપણે માટે સૌભાગ્યની વાત છે. સ્વ. જવાહર સરખા આપણા સમર્થ મોવડીની સમર્થ અને ''તટસ્થ'' પરદેશનીતિને એ આભારી છે. એ માટે આપણે જરૂર ગૌરવ લઈ શકીએ. પણ આપણો દીવો તો પરદેશમાં જ બળે છે. આપણા ઘરમાં તો હજી અંધારું જ છે !

❑

*કોઈ કાળે પોતાનો અસ્ત પણ થનાર છે એ વાત છેક જ વિસારી દેવાથી સૂર્યના મનમાં અહંકાર જન્મ્યો. એટલે જગતને એણે પ્રકાશ તો આપ્યો, પણ શીતળતા આપવાને બદલે મિથ્યાભિમાનની ગરમી આપી.*

આજના યુગમાં તો દુનિયાનો દરેક દેશ ''જીવનધોરણ ઊંચું લાવો ! જીવનધોરણ ઊંચું લાવો !!'' એમ પોકારી પોકારીને કહી રહ્યો છે ને એ માટે જાતજાતની મથામણો કરી રહ્યો છે. એ કહેવાતા ઊંચા જીવનધોરણ પાછળ આજની દુનિયા આંધળી દોટ મૂકી રહી છે. પરિણામે ઊંચા જીવનધોરણનું બાહ્ય સ્વરૂપ તો હાંસલ થાય છે, પણ જીવનનું મૂલગામી ધ્યેય-શાંતિ અને સંતોષભર્યું જીવન-હાંસલ થતું નથી. કારણ શું ?

અત્યારે આપણે કોઈ પણ વ્યક્તિ કે પ્રજાની ખરીદશક્તિ વધે તેને જીવનધોરણ ઊંચું ગયાનું પ્રતીક લેખીએ છીએ. પહેલાં તમે મહિને સો રૂપિયા ખર્ચી શકતા હતા અને હવે ત્રણસો ખર્ચી શકો છો - કેવળ એ કારણે જ તમારું જીવનધોરણ ઊંચું ગયેલું લેખાય છે.

પણ ખરી વાત તો એ છે કે તમે માસિક સો રૂપિયા ખર્ચતા હતા ત્યારે જેટલા સુખી, સંતોષી અને સ્વસ્થ હતા તેનાથી ત્રમણું ખર્ચ્યા છતાંય તમે અત્યારે એટલા સુખી નથી ! ત્રણગણા પૈસા ખર્ચવા છતાં પણ બદલામાં તમને આગળ જેવી શુદ્ધ વસ્તુઓ અને પહેલાં સરખા પ્રામાણિક વ્યવહારો પ્રાપ્ત થતાં નથી ! તમારી કમાણી વધી તેમ ચીજોના ભાવ પણ વધ્યા, ભેળસેળ વધી, અપ્રમાણિકતા વધી અને અશાંતિ, અસંતોષ તથા અવગતિયાપણું પણ સાથે સાથે વધ્યાં.

મેં એક પાશ્ચાત્ય વિચારકનો અભિપ્રાય વાંચેલો કે ''જીવનધોરણ નીચું હતું ત્યારે લોકો જેટલા સુખી હતા તેટલા સુખી અત્યારના ઊંચા જીવનધોરણના યુગમાં લોકો નથી.''

મારા નમ્ર મત મુજબ તો ઉપલો અભિપ્રાય તદ્દન સાચો છે. અને છતાં આ જમાનામાં મારા જેવો કોઈક એમ કહે કે ''જીવનધોરણ નીચું

લાવો !'' તો દુનિયા તેને ગાંડો જ કહેવાની !

આજના કહેવાતા ઊંચા જીવનધોરણથી અનેક અનિષ્ટો અને જટિલ આર્થિક સમસ્યાઓ જન્મે છે. જીવનમાંથી સરળતા, સાદાઈ અને સંતોષ અદશ્ય થાય છે. ઊંચા જીવનધોરણને કારણે જીવનની જરૂરિયાતો વધે છે અને જીવનની જરૂરિયાતો જેમ જેમ વધતી જાય છે તેમ તેમ માણસના જીવનમાં દંભ, અસંતોષ અને અશાંતિ વધતાં જ જાય છે.

કહે છે કે આજના કહેવાતા ઊંચા જીવનધોરણમાં સૌથી અગ્રસ્થાને રહેલા અમેરિકામાં આજે તો નોકર કે રસોઈયો મળવો મુશ્કેલ થઈ પડ્યો છે ! પરિણામે હજારો કુટુંબો રોજ હોટલોમાં જમે છે ! ત્યાં તો હવે નોકર તરીકે રહેવા આવનાર વ્યક્તિ શેઠ પાસે તેના આગલા નોકરનું સર્ટિફિકેટ માગે છે !

હવે જૂના જમાનાના કહેવાતા ''નીચા જીવનધોરણ''નો એક દાખલો લઈએ. આપણા ભારતનાં ગામડાંઓમાં ગામડાનો મુખી પોતાના આખા ગામને રોજ સવારે મફત છાશ આપતો ! જેને જેટલી છાશ જોઈએ તેટલી લઈ જાય ! ''છાશમાં તે વળી કિંમત શી લેવી ?'' એવી માન્યતા ત્યારે પ્રચલિત હતી.

હવે તમે આ બેઉ પરિસ્થિતિઓ સરખાવો અને ''સાચું'' ઊંચું જીવનધોરણ એ બેમાંથી કોને કહેવાય તેનો વિચાર કરો.

કોઈ પણ પરિસ્થિતિનો વિચાર કેવળ એની સપાટી જોઈને જ નહિ. પણ ઊંડું અવગાહન કરીને તાત્ત્વિક રીતે કરવો જોઈએ. અને આવા કહેવાતા જીવનધોરણનો તાત્ત્વિક રીતે વિચાર કરતાં મને જે લાગ્યું તે નીડરતાથી આખી દુનિયાના અભિપ્રાયની સામે થઈને પણ અને કોઈ મને ઘેલો, મૂર્ખ કે જૂના જમાનાનો માનવી કહે તેની ખેવના વિના પણ - અહીં લખ્યું છે. હવે તમે એ વિશે તાત્ત્વિક રીતે વિચાર કરી જોશો. ❑

## ૪૧ "સાધન" જ્યારે "સાધ્ય" બની જાય ત્યારે-

માનવીના જીવનમાં કોઈ ને કોઈ હેતુ અવશ્ય હોવો જોઈએ. હેતુશૂન્ય જીવન એક પ્રકારનું મૃત્યુ જ છે. માનવજીવનના ધ્યેયની પૂર્તિ કાજે માનવીએ કેટલાંક સાધનોનો ઉપયોગ કરવાનો હોય છે. પણ કેટલીક વાર બને છે એવું કે આ સાધનોમાંનું એકાદ સાધન જ માનવીનું 'સાધ્ય' બની જાય છે ! એમ થતાં એમાંથી અનિષ્ટ જન્મવાનું જ. આ સત્ય હું આ ટૂંકા લેખમાં બેએક દૃષ્ટાંતોથી સ્પષ્ટ કરીશ.

પ્રાચીન યુગમાં માણસો પોતાની જરૂરિયાતોનો અદલોબદલો કરતા. બીજાને જરૂરની હોય એવી ચીજો તેને આપીને જરૂરની ચીજો બીજા પાસેથી મેળવી શકાતી. આમાં મુશ્કેલી એ ઊભી થઈ કે કોઈક વાર પોતાને જરૂરની ન હોય એવી વસ્તુ પણ બદલામાં લેવી પડતી અને સામાને જરૂરની ન હોય એવી વસ્તુ એને આપવી પડતી. પરિણામે અદલાબદલા માટે એક 'માધ્યમ'ની જરૂર જણાઈ. એ માધ્યમ તે ધાતુનું નાણું. એ નાણું મૂળ તો એક 'સાધન' જ હતું. પણ આજના યુગમાં તો એ 'સાધ્ય' બની ગયું છે. પૈસાને ખાતર આજે માણસ ગમે તેવાં પાપ આચરવામાં પાછું વાળીને જોતો નથી કે વિશ્વાસઘાત કરતાં પણ અચકાતો નથી ! પરિણામે આજે પૈસો જ માનવીનો 'આરાધ્ય દેવ' બની ગયો છે અને જગતનાં મોટાં ભાગનાં અનિષ્ટોનું મૂળ બની ગયો છે.

બીજું દૃષ્ટાંત : પ્રભુને પામવો એ જ માનવજીવનનું 'સાધ્ય' હોવું જોઈએ. એ માટે તપ, જપ, ધ્યાન, દાન વગેરે અનેક સાધનો છે. એ સાધનો મોટે ભાગે ધાર્મિક ક્રિયાઓ જેવાં છે. પણ પછી સમય જતાં આ ધાર્મિક ક્રિયાઓ જ 'સાધન' ને બદલે 'સાધ્ય' બની ગઈ ! પરિણામે પ્રભુને પામવાની ભાવના ભુલાતી ચાલી અને ધાર્મિક ક્રિયાઓ જ 'ધ્યેય'નું સ્વરૂપ ધારણ કરતી ગઈ ! આના ફળરૂપે આજે આપણે

જોઈએ છીએ કે ધર્મના ઓઠા હેઠળ જગતમાં જેટલો દંભ અને જેટલો અધર્મ આચરવામાં આવે છે તેટલો બીજા કોઈ ઓઠા હેઠળ આચરાતો નહિ હોય.

ત્રીજું દૃષ્ટાંત : આ યુગમાં પ્રજાને કેળવવા માટે બોલપટ એ સૌથી વધારે 'કારગત' માધ્યમ છે. બોલપટનું 'સાધ્ય' છે પ્રજાઘડતર. આ કારણે કોઈ પણ અખબારનું 'સાધ્ય' અમુક બોલપટ પ્રજાને ઉન્નત કરશે કે અવનત કરશે એનું દાખલાદલીલ સાથે પૃથક્કરણ કરીને પ્રજાને સારાં બોલપટો જોતી કરવી, એ જ હોવું જોઈએ. બોલપટસર્જનનાં અનેક સાધનોમાંનું એક સાધન બોલપટમાંનો અભિનય પણ છે. અભિનય કરનાર અભિનેતાઓ અને અભિનેત્રીઓ એ 'સાધન'નાં પણ એક 'સાધન' જેવાં (એટલે કે અંગ જેવાં) છે. હવે મૂળ 'સાધ્ય' -- બોલપટની ચર્ચા કરવાને બદલે આજનાં આપણાં અખબારો અમુક નટીના ઘરની ભીંતનો રંગ કેવો છે, તે કેવા સેન્ડલ પહેરે છે, તેને શું ભાવે છે ને શું નથી ભાવતું, તે પોતાના કૂતરાને શી રીતે રમાડે છે (કોઈ કોઈ વાર પતિને પણ) વગેરે વિશેની લલચામણી અને વિચિત્ર વિગતોથી જ પાનાં ભરે છે ! બીજા શબ્દોમાં કહીએ તો તેઓ 'સાધન'ને 'સાધ્ય' બનાવી મૂકે છે ! પ્રજાને માટે એ કેવળ અવનતિકર જ નથી, પણ પ્રજાના સમય અને પૈસાનો એક પ્રકારનો એ 'Criminal Waste' જ છે ! આના અનિષ્ટ ફળરૂપે આપણે જોઈએ છીએ કે આપણી પ્રજા સારાં ચિત્રોને અપનાવતી નથી કે ખરાબ ચિત્રો પ્રત્યે લેશ પણ ઘૃણા દાખવતી નથી. કાંચન છોડીને કથીર ગ્રહણ કરવાનું પ્રજાને શીખવનાર આ અખબારો આ રીતે પોતાની નૈતિક ફરજ ચૂકે છે અને 'સાધન'ને 'સાધ્ય' બનાવીને પ્રજાને અધોગતિની ગર્તામાં ગબડાવે છે.

માટે 'સાધન'ને કદી પણ 'સાધ્ય' ન બનાવશો. બનાવશો તો એને પગલે પગલે અવનતિ આવવાની જ છે ! ❑

કાગળનાં ફૂલોયે કેવાં સુંદર હોય છે ? જોતાં જ આંખ એમના પર ચોંટી રહે છે. એના વિવિધ મોહક રંગો ચિત્તને ઘડીભર પ્રસન્નતાનો એક આછો સ્પર્શ આપી જાય છે. પણ ઘડી પછી વિચાર આવે છે : ''અરે ! આ તો બધાં 'કૃત્રિમ' ફૂલો છે. એમાં રંગ તો છે, પણ કુસુમના આત્મા સમી 'સુગંધ' ક્યાં છે ? એમાં દેહની ભભક છે, પણ આત્માની સાચી સુવાસ નથી.''

તમે માનશો ? હું જ્યારે જ્યારે આજની કેળવણી વિશે અને એવી કેળવણી પામેલાં આજનાં યુવક-યુવતીઓ વિશે વિચાર કરું છું ત્યારે મારે અંતરે આવી જ ભાવના જન્મે છે. અને મને લાગે છે કે આજનાં યુવક - યુવતીઓમાં 'રંગ' છે, પણ આત્માની સાચી 'સુવાસ' નથી.

કેળવણીનો હેતુ આત્મવિકાસ જ હોઈ શકે. માનવીનો સર્વાંગી વિકાસ થાય તો જ તેની કેળવણી સંપૂર્ણ લેખાય. આત્મવિકાસ વિનાના વિકાસને 'સર્વાંગી' શી રીતે લેખી શકાય ? કેવળ અક્ષરજ્ઞાનમાં, કેવળ માહિતી પ્રચુરતામાં કે કેવળ દૃષ્ટિની વિશાળતામાં કેળવણી પૂરી થતી નથી. કેળવણીનું એ અંતિમ ધ્યેય પણ નથી. એ બધાં તો તમારાં સર્વાંગી વિકાસનાં 'સાધનો' માત્ર છે - સાધ્ય તો છે આત્મવિકાસશીલ ચારિત્ર્ય. માનવજીવનને જો આપણે કુસુમની ઉપમા આપીએ તો આ આત્મવિકાસ જ એ કુસુમની 'સુવાસ' છે. આત્મવિકાસશીલ ચારિત્ર્ય વિનાનું માનવજીવન સુગંધ વિનાનાં 'રંગીન' પણ 'કૃત્રિમ' કાગળનાં ફૂલ સરખું છે.

આજનાં યુવક-યુવતીઓમાં અક્ષરજ્ઞાન, માહિતી પ્રાચૂર્ય, દૃષ્ટિની **વિશાળ**તા, સુઘડતા, તરવરાટ, ગમે તે ભોગે આગળ વધવાની

મહત્ત્વાકાંક્ષા વગેરે ગુણો જરૂર નજરે પડે છે. અમુક અંશે એ ગુણો આવશ્યક પણ છે. એનાં રંગો કાગળનાં ફૂલો સરખાં સુંદર છે. પણ આત્મવિકાસશીલ ચારિત્ર્યની સુવાસ સમાં વિનય, શિસ્ત, ત્યાગ અને ભારતીય સંસ્કૃતિ તથા સંસ્કારના ગુણો દુર્ભાગ્યે આજનાં યુવકયુવતીઓમાં બહુ જ ઓછા પ્રમાણમાં મળી આવે છે. સુખ વિશેની એમની વ્યાખ્યા એ સાચા સુખની નથી. 'કેરીઅર' વિશેના એમના વિચારો એ સાચા વિચારો નથી. એક દૃષ્ટાંતથી સમજાવું. કોઈક બાપ પોતાનું સર્વ સુખ ત્યાગીને, પોતાની સર્વ શક્તિઓ નિચોવીને પોતાના દીકરાને ભણાવે. એ દીકરો સારા સરખા ગુણ મેળવીને વિશ્વવિદ્યાલયની ઉપાધિ પામે. હવે તમે વિચારો કે એ બેમાંથી કોની 'કેરીઅર' ચડિયાતી ? તમે અને કદાચ દુનિયા પણ કહેશે કે 'કેરીઅર' તો દીકરાની જ ચડિયાતી લેખાય (કેમ કે આપણે 'કેરીઅર'નો અર્થ જ એવા પ્રકારના અર્થમાં ઘટાવીએ છીએ). પણ હું માનવા તૈયાર નથી. એ દીકરા કરતાં પણ એ બાપની 'કેરીઅર' અનેકગણી ચડિયાતી છે એમ હું માનું છું, કેમ કે તેણે કેળવણીના અંતિમ ધ્યેય સમો આત્મવિકાસ સાધીને એ દ્વારા 'ત્યાગ'ની ભાવનાને જીવનમાં ઉતારી અને જાતે કષ્ટો વેઠીને પણ દીકરાને ભણાવ્યો. દીકરો કાગળના અતિ સુંદર અને રંગીન ફૂલ જેવો છે, બાપ વનવગડાના કોઈ સૌરભમય પુષ્પ સમો છે.

જો તમારામાં વિનય ન આવે, વડીલ માટે પૂજ્યભાવ ન આવે, સામાના 'ત્યાગ'ને માપવાની ને જાતે ત્યાગ આચરવાની વૃત્તિ ન વિકસી હોય, શિસ્ત ન હોય, તમારી પોતાની કહેવાય એવી સંસ્કૃતિ માટે આગ્રહ ન હોય તો માનજો કે તમારી કેળવણી અધૂરી જ છે. પણ તમારામાં સુવાસ નથી. **માનવીને સાચા અર્થમાં માનવી બનાવે એને જ 'સાચી કેળવણી' કહી શકાય.** તમારું મગજ તો ભરી દે, પણ તમારા આત્માને ખાલીખમ જ રાખે એને 'સાચી કેળવણી' શી રીતે કહી

શકાય ?

આને વિશે તમે વિચારતા થશો તો હું આ નાનકડો લેખ લખ્યો સાર્થક લેખીશ. તમે આ વિશે જરૂર વિચારો. તમારા પોતાના વૈયક્તિક જીવન કાજે, તમારા સમાજ કાજે, તમારી સંસ્કૃતિ કાજે અને તમારા દેશ કાજે તમે આવું વિચારતા થાઓ એ અતિ જરૂરનું છે.

❑

## હું નહિ બનું ગુલામ

હું જુવાન, હું જુવાન, હું તમામનો ગુલામ.
હું સદાય ઝીલતો બીજા તણાં સડેલ જ્ઞાન;
કોથળી નથી કયહીંય ચામડાની હું સમાન !
હું સિપાહી જુદ્ધનો બુધો અને અબુધનો.
નવીન ચેલકાઓ મૂંડનાર સર્વ શોખીનો !
મને નિહાળતાંની વાર હોંશ ઘેલડા બનો !
હું તમારી ટોપલી ચિરાડિયાં થકી છલી
નકામ ચિત્ત - ચીંથરાં વિચારનાં વહુ ભલી
તૂટેલ ટાંક, ડાબલી,
હું - માં સમાય : હું તમારી ટોપલી,
હું ફૂટેલ ડોલચું, ભરાય શું ? ઝિલાય શું ?
હરેક વાપરી પછી પછાડતું ફગાવતું
ફરી વાપરી પછી પછાડતું ફગાવતું
ફરી વચાળ : હું ફૂટેલ ડોલચું !
હું જુવાન, હું જુવાન, માગું મે'રવાન !
હું નહિ બનું ગુલામ

- ઝવેરચંદ મેઘાણી

## ૪૩ અસામાન્ય સામાન્યતાને સ્થાને સામાન્ય અસામાન્યતા

કોઈ કોઈ વાર મને આજના યુગના અને જૂના કાળના માનવીઓ વચ્ચેની તુલના કરનારા તાત્ત્વિક વિચારો આવે છે. એવા વિચારોની મારી તારવણી અહીં આપું છું.

આપણા વડવાઓનાં જીવન પ્રથમ દૃષ્ટિએ તો આપણને ખૂબ જ "સામાન્ય" લાગે છે. તેઓ ખૂબ જ સાદી રીતે જીવતા. એમ લાગે કે જાણે તેમના જીવનમાં મહત્ત્વાકાંક્ષા જેવું કશું હતું જ નહિ ! તેઓ નિશાળમાં સામાન્ય અક્ષરજ્ઞાન મેળવતા, પરણતા, ગૃહસ્થાશ્રમ ભોગવતા, કમાતા અને ખાતા. બૌદ્ધિક પ્રવૃત્તિઓ બહુ જ ઓછા પ્રમાણમાં કરતા. વાનપ્રસ્થ ભોગવ્યા પછી બહોળા કુટુંબ વચ્ચે આ સંસાર ત્યાગી જતા. આજના યુગના માનવીની દૃષ્ટિએ આવા જીવનમાં કશી જ "અસામાન્યતા" ન જણાય એ સ્વાભાવિક છે.

પણ વાસ્તવમાં તો એ યુગના માનવીઓનાં "સામાન્ય" લાગતાં જીવન "અસામાન્ય" હતાં - આજના આપણા જીવનની તુલનાએ. નિશાળમાં થોડુંક જ અક્ષરજ્ઞાન પામ્યા છતાં સત્ય, ચારિત્ર્ય, ધીરજ, સહનશીલતા, સંતોષ, વિવેક, સદાચાર, પરોપકાર, પ્રભુમાં અખૂટ શ્રદ્ધા વગેરે સદ્‌ગુણો આપણા કરતાં તેમનામાં વધારે પ્રમાણમાં વિકસતા હતા. એ રીતે કેળવણીનો અંતિમ હેતુ "જીવનઘડતર" - પ્રમાણમાં ઓછી કેળવણી પામ્યા છતાંય તેઓ સાધી શકતા. "લવ" (પ્રેમ), સંવનન, સ્નેહલગ્ન, છૂટાછેડા વગેરેથી તેઓ અજ્ઞાત હતા અને છતાં તેમનો ગૃહસ્થાશ્રમ સુખી નીવડતો, કેમ કે પતિપત્ની બાંધછોડથી ને દેખાડા વગરની અંતરની સાચી પ્રેમાળતાથી ગૃહસંસાર ચલાવતાં. પ્રેમનો "દેખાડો" એ વેળા ન હતો તેમ જ નહોતી એ વેળા સમાન હક્કો માટે લડવાની સ્ત્રી કે પુરુષમાં ગાંડી જીદ. સ્ત્રી અને પુરુષનાં કાર્યક્ષેત્ર

જુદાં જુદાં હતાં. બૌદ્ધિક પ્રવૃત્તિઓ તેઓ બહુ ઓછા પ્રમાણમાં કરતા, કેમ કે તેમને મન ''બુદ્ધિ'' કરતાં ''હૃદય''નું અને ''તાકિર્ક ઉન્નતિ'' કરતાં માનવતાનું મૂલ્ય વધારે હતું. તેઓ પ્રેમાળ, કર્તવ્યશીલ, સંતોષી, પ્રભુમાં શ્રદ્ધા રાખનારા અને એક જ રંગે જીવનારા હતા. કાચંડા જેવા આજના માનવી પેઠે તેઓ વારંવાર જીવનનો રંગ બદલતા નહિ કે તકવાદી બનતા નહિ. આમ તેઓ બાહ્ય દૃષ્ટિએ ''સામાન્ય'' દેખાવા છતાં આજના માનવીની સરખામણીમાં ''અસામાન્ય'' હતા.

આજે આપણે તર્ક અને બુદ્ધિમાં ખૂબ જ આગળ વધ્યા છીએ. આપણે વધારે ચપળ, વધારે પ્રવૃત્તિશીલ, વધારે ઉદ્યમ, વધારે તકવાદી, વધારે સુઘડ અને દેખાવડા, વધારે કેળવણી પામેલા અને વધારે મહત્ત્વાકાંક્ષી બન્યા છીએ. એ દૃષ્ટિએ આપણે આપણા વડવાઓ કરતાં જરૂર ''અસામાન્ય'' કહેવાઈએ. પણ સામે પક્ષે આપણે ચારિત્ર્ય, વિવેક, માનવતા, પ્રભુશ્રદ્ધા, દેખાડા વગરનો સાચો ને ઊંડો પ્રેમ, એક જ રંગે સિદ્ધાંતપૂર્વક જીવવાની નિષ્ઠા, સંતોષ, સાદાઈ વગેરે ખોઈ બેઠા છીએ. અને એ રીતે આપણા વડવાઓની તુલનામાં આપણે ''સામાન્ય'' બની ગયા છીએ ! આપણે દંભ અને દેખાડો એટલો બધો કરીએ છીએ કે આજના યુગના કોઈ પણ માનવીને સાચા રૂપમાં પારખી કાઢવો બહુ મુશ્કેલ પડે છે. જૂનો જમાનો સાદાઈનો હતો, આ જમાનો રંગરોગાનનો છે. એ યુગ 'હૃદય'નો હતો, આ યુગ 'બુદ્ધિ'નો છે. એ યુગ પ્રભુશ્રદ્ધા અને સંતોષનો હતો, આ યુગ ગાંડી ધનલાલસા અને કીર્તિ લાલસાનો છે. ઊંચી કેળવણી પામ્યા છતાં આપણું જીવન ઘડાતું નથી, કારણ કે એ શિક્ષણ કેવળ બૌદ્ધિક જ હોય છે. આત્માની તથા હૃદયની કેળવણી આજના યુગના માનવીને મળતી જ નથી !

આમ આપણા વડવાની સામાન્યતા પણ 'અસામાન્ય' હતી, જ્યારે આજના યુગની અસામાન્યતા પણ મને તો ''સામાન્ય'' જ લાગે છે - જીવનના અંતિમ અને સાચા ધ્યેયની દૃષ્ટિએ. ❑

## ૪૪ પ્રસિદ્ધિનો મોહ એટલે સિદ્ધિનો મૃત્યુઘંટ !

જેમ બાલ્યાવસ્થા પછી કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા એ ક્રમ સ્વાભાવિક છે તેમ સિદ્ધિના પરિપાક રૂપે સિદ્ધિને પગલે પગલે પ્રસિદ્ધિ આવે એ પણ એટલું જ સ્વાભાવિક છે. એવી પ્રસિદ્ધિ જ ''સાચી'' પ્રસિદ્ધિ છે.

પણ દુર્ભાગ્યે આ તકલાદી યુગમાં પ્રચારનાં પોકળ અને સહજપ્રાપ્ય સાધનોનો તોટો ન હોવાથી નિર્બળ મનનો આજનો માનવી સિદ્ધિ માટેની સાધનાને બાજુએ મૂકી દઈને માત્ર એ પોકળ સાધનો દ્વારા પ્રસિદ્ધિ પામવાનો મોહ ત્યાગી શકતો નથી.

અત્યારે આપણા ગુજરાતી સાહિત્યમાં - સવિશેષે તો સામયિક સાહિત્યમાં - નવલિકાઓ લખવાનો એવો તો પવન ફૂંકાયો છે કે વાવાઝોડા સાથેનો એ પવન આપણા સાહિત્યને ઘસડીને ક્યાં લઈ જશે એ કહેવું કઠિન છે. કોઈ પણ ગુજરાતી યુવાનને લખવાની વૃત્તિ જાગતાં જ એ યુવાન નવલિકા લખવાનો જ વિચાર કરે છે, કેમ કે એ માનતો હોય છે કે એથી ઠીક ઠીક પ્રસિદ્ધિ મળશે !

આવા નવોદિતોનો આજે તો આપણે ત્યાં રાફડો ફાટ્યો છે ! પણ એમાંના બહુ જ ઓછા નવોદિતોમાં સાધના અને અભ્યાસની વૃત્તિ જોવા મળે છે. ઓછી મહેનતે વધારે ફળ કેમ મેળવી લેવું એવી આજની ભારતીય પ્રજામાં પ્રસરેલી વિઘાતક ભાવનાનો આપણા આ નવોદિતો પણ શિકાર થઈ પડ્યા છે.

પ્રભુદત્ત પ્રતિભા, અભ્યાસ, અનુભવ અને ભાષાજ્ઞાન વિના વાર્તાઓ લખ્યે જવી અને એ વાર્તાઓની પ્રસિદ્ધિ કાજે ભાતભાતના ''સસ્તા'' માર્ગો શોધવા એ પ્રકારની આ નવોદિતોની વૃત્તિ પાછળ પ્રસિદ્ધિનો મોહ જ કામ કરી રહ્યો હોય છે. એ પ્રસિદ્ધિમોહ સિદ્ધિ માટેની

સાચી દિશા એમને સૂઝવા જ દેતો નથી ! તેઓ ભૂલી જાય છે કે કઠિન તપશ્ચર્યા પછી જ સિદ્ધિ લાધે છે. સિદ્ધિ એ એકાદ ઝાડ પરનું એકાદ પાકેલું ફળ નથી કે ઝટ લઈને તોડી લેવાય ! પણ પ્રસિદ્ધિ તો એવું ઝટ તોડી લેવાય એવું જ ફળ છે એમ આ નવોદિતો માનતા હોય છે !

એક બાજુ ''દ્વારકાની છાપ'' પામેલા પરિપક્વ લેખકોનો અમુક ભાગ પોતાની પ્રસિદ્ધિને વટાવીને ''રોકડિયો પાક'' ઉતારવામાં લાગી ગયો છે તો બીજી બાજુ પત્તાંના મહેલ સરખી પ્રસિદ્ધિનો મોહ નવોદિતોને પરિશ્રમજન્ય અને એકાગ્ર સાધનાથી ને પરિણામે ''સાચી સિદ્ધિ''થી વંચિત રાખી રહ્યો છે. આ ઉભય દૂષિત પરિસ્થિતિઓને નિવારવા કાજે પ્રબળ પ્રયત્નો નહિ થાય તો આપણું સાહિત્ય ઉત્તરોત્તર અવનત થતું જવાનો ભય છે.

એટલા માટે નવોદિતોએ તો નિરંતર આ વાક્ય સ્મરણમાં રાખવું ઘટે કે ''પ્રસિદ્ધિનો મોહ એટલે સિદ્ધિનો મૃત્યુઘંટ !''

❑

*જગતમાં બુદ્ધિનો સૌથી વધુ દુરુપયોગ માનવપ્રાણી જ કરે છે.*

આજનો યુગ 'પ્રગતિયુગ' લેખાય છે. આજના માનવીએ અંતરિક્ષે પહોંચીને ત્યાંથી પાછા આવવા જેટલી પ્રગતિ સાધી છે. પ્રવૃત્તિશીલતા એ આજના માનવજીવનનું પ્રધાન લક્ષણ બન્યું હોઈને આજનો માનવી મહત્ત્વાંકાંક્ષી, કાર્યરત, જગતની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રગતિઓમાં રસ લેનારો, ઉદાર અને આગળ પડતા વિચારો ધરાવનારો તેમ જ બાહ્ય દેખાવે વધુ સુઘડ, વધુ જાગૃત, વધુ ચપળ અને વધુ આકર્ષક બન્યો છે.

પણ ઢાલની બીજી બાજુયે છે. 'અતિશયતા' એ આજના યુગનો એક મોટો 'રોગ' છે અને 'અતિ પ્રચાર' એ આજના યુગનું મોટામાં મોટું 'દૂષણ' છે. ''ચકલી નાની પણ ફફડાટ ઝાઝો'' એ રીતે સંગીન, મૂક અને સાચું કામ પ્રમાણમાં ઓછું પણ દેખાવ, આડંબર અને પ્રચાર ખૂબ ખૂબ અદકાં - એ આજના યુગનું એક મોટામાં મોટું 'અપલક્ષણ' છે. લાગવગ, પ્રચાર, ઢોલ વગાડી વગાડીને નાનાં સરખાં કામની મોટી જાહેરાત, છાપાં અને ભાષણો દ્વારા આગળ આવીને પ્રખ્યાત થઈ જવાની તકલાદી વૃત્તિ વગેરે આજના યુગના - કેટલીક વાર તો સત્યને અને સત્ય વસ્તુસ્થિતિને પણ ઢાંકી દેવા જેટલી પ્રતારણા કરતાં ! બાહ્ય લક્ષણો ધીરે ધીરે આજના યુગના માનવીમાં બાહ્યાડંબરની અને નર્યા દંભની વૃત્તિ કેળવતાં જાય છે. પરિણામે સાચું કામ, મૂગું કામ, નિષ્કામ કે નિઃસ્પૃહ કામ જનતાની નજરે ચડવાની સંભાવના આજના યુગમાં ઉત્તરોત્તર ઘટતી જાય છે. ''બોલે તેનાં બોર વેચાય'' એ કહેવતનેય વટાવી જઈને હવે આજનો યુગ તો ''ઢોલ પીટે તે જ ઓળખાય ને બાકીના અંધારામાં ગોથાં ખાય'' એવી 'કૃત્રિમ' અને 'કરુણ' સ્થિતિ સુધી આવી પહોંચ્યો છે !

આજના માનવીનું હદ બહારનું પ્રવૃત્ત જીવન એને સારાં-નરસાં

વચ્ચેનો ભેદ પારખવાનો સમય ભાગ્યે જ આપે છે. જે વધુ નજરે ચડી ગયું તે, જેને વિશે છાપાંઓમાં વધુ વાર વાંચ્યું હોય તે, જેને વિશે બહુ વાર કે બહુજનો તરફથી આપણે સાંભળતા હોઈએ તે કે સરકાર જેનો ઢોલ પીટતી હોય તે સારું જ હશે એવી આજના માનવીની 'આંધળી' માન્યતા એને અવળે માર્ગે દોરી જાય છે. ખરેખર સારું શું છે ને ક્યાં છે એની ખોજ કરવાની આજના માનવીને ફુરસદ નથી ! આજનો માનવી મોટે ભાગે પરાવલંબી અને પ્રચારનો દાસ બની ગયો છે ! પરિણામે પોકળ પ્રચાર ફૂલતો - ફાલતો જાય છે ને સાચાં કે સારાં અને ખોટાં કે નરસાં વચ્ચેનો ભેદ પારખવાની આજના યુગના માનવીની વૃત્તિ તેમ જ શક્તિ ધીરે ધીરે ઘસતાં ચાલ્યાં છે.

સારાં અને નરસાં વચ્ચે કે સાચાં અને ખોટાં વચ્ચે એક પ્રકારની જે સૂક્ષ્મ રેખા રહેલી હોય છે અને જે રેખા કેવળ સાચું કે સારું પારખવાની તીવ્ર ધગશથી, એ માટેની સતત ખોજથી અને સમય તથા પરિશ્રમનો ભોગ આપ્યા પછી જ સાંપડે છે એવી સૂક્ષ્મ પણ મહત્ત્વની રેખા હવે આજના યુગમાં ધીરે ધીરે ભૂંસાતી ચાલી હોઈ આ યુગે હવે સારાં-નરસાં વચ્ચે કે સાચ-જૂઠ વચ્ચે બહુ ભેદ રહ્યો નથી. એટલું જ નહિ, પણ કેટલીક વાર તો નરસું અને ખોટું સારાંને અને સાચને દાબી દઈને આગળ તરી આવે છે ! ખરેખર આજના કહેવાતા પ્રગતિશીલ યુગનું મોટામાં મોટું દૂષણ કોઈ હોય તો તે આ જ છે. આજની દુનિયા એ વિશે વિચારશે ખરી ?

❏

*પરાજય એ વિજયની સીડીનું એક સોપાન જ છે.*

દુનિયામાં લોકશાહી જ સર્વોત્તમ રાજ્યપદ્ધતિ છે, કેમ કે એ પદ્ધતિમાં લોકો દ્વારા જ ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજ્ય ચલાવે છે. પણ રોગી માટે જેમ પચવામાં ભારે ખોરાક ઉપકારક નીવડતો નથી તેમ લોકશાહી 'જીરવવા' માટે જે પ્રજા ઘડાઈ ન હોય એવી પ્રજા માટે લોકશાહી ઉપકારક નીવડતી નથી. આપણી પ્રજા એવી જ એક વણઘડાયેલી પ્રજા છે.

લોકશાહીવાળું રાજ્યબંધારણ એટલું તો ઉદાર અને અમુક બાબતોમાં તો પ્રજાજનને ગમે તે રીતે વર્તવાની છૂટ આપનારું હોય છે કે એ સ્વતંત્રતા કેટલીક વાર 'સ્વચ્છંદતા'માં ફેરવાઈ જવાનો ભય રહે છે.

આઝાદી મળ્યા પછી આપણી જવાબદારી વધવાને કારણે આપણું પ્રજાજીવન વધુ સંયમિત, વધુ પરિશ્રમભર્યું, વધુ સાદું અને વધુ ઉચ્ચ ધ્યેય ધરાવનારું બનવું જોઈએ. એને બદલે એ જીવન વધુ સ્વચ્છંદી, ઓછું કામ કરનારું, વધુ વિલાસી અને વધુ દંભી બન્યું છે. આપણી લોકશાહીમાં તો ''નક્કર કામ ઓછું ને બહારનો દેખાવ ઝાઝો'' એ જ સિદ્ધાંત પ્રવર્તતો દેખાય છે !

લોકશાહી આપણી પ્રજાનું ઘડતર કરી શકી નથી, કેમ કે લોકશાહીવાળા રાજ્યબંધારણની ઉદારતાએ કેટલીક બાબતોમાં આપણી સરકારના હાથ બાંધી લીધા છે.

પ્રજામાં જુઓ તો ઠેર ઠેર કાળાં બજાર, નૈતિક શિથિલતા અને મોજશોખ ફાલતાં દેખાય છે. રાજ્યતંત્રમાં જુઓ તો લાગવગશાહી, લાંચરુશ્વત, યોજનાઓ અને કમિટીઓના નામ હેઠળ ધનનો દુર્વ્યય અને કેટલીક વાર તો ધનને ભોજન સમજીને ચાવી જવાની વૃત્તિ, જાહેર

રાજ્યસેવક તરીકેની જવાબદારીઓનો અભાવ તેમ જ બીજાં અનેક દૂષણો નજરે પડે છે. લોકશાહી માટે આપણે તૈયાર થયા ન હતા એ પહેલાં જ એ સાંપડી ગઈ ! દીકરાને છેક નાની ઉંમરમાં જ પરણાવી દીધો પછી ગૃહસ્થાશ્રમની જવાબદારીઓનું ભાન એને ક્યાંથી હોય ?

ઓછામાં ઓછા કાયદાઓ અને ઓછામાં ઓછા કરવેરાથી જે સરકાર ચાલે એ જ સરકાર શ્રેષ્ઠ કહેવાય. પણ આપણે ત્યાં તો ''વધારેમાં વધારે કાયદાઓ અને વધારેમાં વધારે કરવેરાઓ'' એ સૂત્ર પ્રવર્તતું દેખાય છે ! અલબત્ત, કરવેરાઓ તો યોજનાઓ પાર પાડવા માટે છે, પણ એનો બોજો ઉઠાવવાની પ્રજાની શક્તિનો પણ વિચાર કરવો જોઈએ. આપણા રાજ્યકર્તાઓ એ બાબતમાં આંખ આડા કાન કરે છે. બીજે પક્ષે તેઓ પોતે જૂની મોટરો કે ઓછા પગારોથી ચલાવી લેવા તૈયાર નથી. કારણ શું ? કારણ કે રાજ્ય કરનારી એ વ્યક્તિઓ તે આપણે પોતે જ છીએ - આપણી પ્રજા જ છે. અને એ પ્રજા લોકશાહી માટે તૈયાર થવાને બદલે 'ભોગશાહી' માટે તૈયાર થતી જાય છે !

પ્રજાકીય ચારિત્ર્ય (National Character) ના ઘડતર વિના ભારત માટે લોકશાહી અનુપકારક જ નીવડી છે. અને યોજનાઓ સિવાય બીજા કશાનો વિચાર કે બીજી કશીય વાતનું નામ ન લેનારા આપણા રાજ્યકર્તાઓ પોતાની એ ધૂન ઓછી કરીને જ્યાં સુધી પ્રજાને ઘડવાની બાબતમાં સજાગ નહિ થાય ત્યાં સુધી લોકશાહી ભારતને ઉપકારક નહિ જ નીવડે. ત્યાં સુધી તો આશીર્વાદ સમી એ લોકશાહી એને માટે શાપરૂપ જ બની રહેશે !

❑

*અભિમાન એ પતનનું પ્રથમ સોપાન છે.*

પ્રત્યેક યુગને પોતાનાં આગવાં ભૂષણો અને દૂષણો હોય છે. આજના યુગનાં કેટલાંક દૂષણોમાંનું એક ''અતિશયતા'' છે. પ્રવૃત્તિઓની પરાકાષ્ટાએ પહોંચેલા આ યુગનો મુદ્રાલેખ "The more the merrier" એટલે કે ''જેમ વધારે તેમ વધુ આનંદજનક'' એ જણાય છે.

માનવજીવનમાં ને માનવીના વિકાસમાં વિચાર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિચાર એ આચારનો જનક છે. જેમ બીજ વિના વૃક્ષ સંભવે નહિ તેમ વિચાર વિના આચાર સંભવે નહિ. પણ જો તમે માત્ર બીજ જ એકઠાં કર્યાં કરો ને તેમાંથી એક પણ બીજ રોપીને વૃક્ષ ન ઉગાડો તો બીજનો એ ઢગલો શા કામનો ?

અને આવું જ આ યુગમાં મોટે ભાગે બનતું લાગે છે. આજના યુગના માનવીનું મગજ વિચારભારથી દબાઈ જાય એટલા બધા વિચારો ધરાવે છે. એમાંય વળી મુશ્કેલી અને દુઃખની વાત તો એ છે કે પ્રકાર પ્રકારના પરસ્પર વિરોધી વિચારો તેના મગજમાં સામસામા અથડાયા કરે છે ! આજનો માનવી જાણે વિચારોના ઘર્ષણમાં જ અટવાયેલો રહે છે ! એમાંથી જાણે એ બહાર નીકળી શકતો જ નથી ! આજના માનવીનું મગજ જાણે વિચારોના યુદ્ધ માટેનું રણક્ષેત્ર બની ગયું છે ! પરિણામે વિચારોનો મૂળભૂત હેતુ - આચાર - તો વિસરાઈ જ જાય છે ! વિચાર એ આચારનું એક 'સાધન' છે. આચાર સુધી પહોંચવા માટેનું એક સોપાન છે, પણ આજના યુગમાં તો એ સાધન ''સાધન'' મટીને ''સાધ્ય'' બની ગયું છે ! અને મૂળ સાધ્ય-આચાર-તો જાણે પદભ્રષ્ટ જ થઈ ગયું છે !

આ યુગમાં જ્યાં જુઓ ત્યાં વિચાર, વિચાર ને વિચાર ! પ્રચાર, પ્રચાર ને પ્રચાર ! આજના માનવીની આંખો અને કાન ઉપર દિવસ આખામાં સેંકડો વિચારો આક્રમણ કરે છે અને પછી એ માનવીના મગજનો કબજો લઈ બેસે છે. અનેક માન્યતાઓ, અનેક મતો, અનેક

વાદો, અનેક પક્ષો કે જૂથો, અનેક ધર્મો, અનેક પંથો, અનેક ફિલસૂફીઓ, અનેક સ્વાર્થભર્યા પ્રચારો, ધન, સત્તા કે કીર્તિની લાલસાયુક્ત અનેક યુક્તિપ્રયુક્તિઓ વગેરે આજના માનવીને મૂંઝવવા સદા તૈયાર ઊભાં જ છે ! શહેરમાં વસતા માનવીની નજર જેમ જાહેર માર્ગ પરથી પસાર થતાં અનેક 'સાઈન બોર્ડો' પર પડ્યા વિના રહેતી નથી અને અધકચરી રીતે પણ નામનાં એ પાટિયાંઓ વાંચ્યા વિના રહી શકતી નથી તેમ આજના માનવીની મગજરૂપી આંખ જાતજાતના વિચારોરૂપી 'સાઈન બોર્ડો' અધકચરી રીતે પણ વાંચ્યા વગર રહી શકતી નથી ! પરિણામ એ આવે છે કે વિચારોની ભુલભુલામણીમાંથી આજનો બિચારો માનવી કદી બહાર જ નીકળી શકતો નથી અને એકાદ સુંદર આચાર પણ દૃઢતાપૂર્વક પોતાના જીવનમાં આચરી શકતો નથી ! ઘડીભર તો આપણને એમ જ લાગે છે કે આજના માનવીને મન 'વિચાર' જ સર્વસ્વ છે - 'આચાર' કંઈ જ નથી !

આ યુગની અતિશયતાને સ્પષ્ટ કરતું એક દૃષ્ટાંત અહીં ટાંકીશ. 'આકાશવાણી' પરથી ભારતના એક વેળાના એલચી શ્રીયુત ગગનવિહારી મહેતાએ અમેરિકા વિશે એક વાર્તાલાપ આપ્યો હતો. ત્યાંના વર્તમાનપત્રોની આવૃત્તિઓ સાધારણ તો ચોસઠ પાનની અને કદીક કદીક તો એકસો અઠ્ઠાવીસ પાનની નીકળે છે ! એ વિશે બોલતાં શ્રી. ગગનવિહારીએ વાર્તાલાપમાં કહ્યું કે ''મેં એક અમેરિકન સજ્જનને પૂછયું કે 'વર્તમાનપત્રોની રવિવારની આવી તોતિંગ આવૃત્તિઓ વાંચવાનો સમય તમને ક્યારે મળે છે ?'' એણે ઉત્તર આપ્યો કે 'સાચી વાત તો એ છે કે અમે એ વાંચતા જ નથી ! એમાંની અમને ગમતી બેચાર બાબતો ઉપરછલ્લી રીતે અમે જોઈ જઈએ છીએ.'

વિચાર તો માનવી કાજે 'અનિવાર્ય' છે. માનવીએ વિચારવું તો જોઈએ જ. પણ 'વિચાર્યા પછી શું ?'' એ વાતનો વિચાર આજનો માનવી મોટે ભાગે કરતો જ નથી ! વિચારના પરિપાક રૂપે તો છેવટે આચાર જ જીવનમાં આરોપવો જોઈએ એ નર્યું સરળ પણ જીવન કાજે

અત્યંત મહત્ત્વનું - કહો કે જીવનના સારરૂપ - સત્ય આજે વિચારોના ગાઢ આવરણ હેઠળ એવું તો ઢંકાઈ ગયું છે કે આજના માનવીની નજરે એ પડતું જ નથી !

આપણા શરીરના પોષણ કાજે ખોરાક ખરેખર જ અનિવાર્ય છે. પણ બહુ વધારે પડતો ખોરાક આપણે લેવા માંડીએ તો અજીર્ણ થાય અને શરીરને પોષણ મળવાને બદલે શરીર કોઈક રોગનો ભોગ બને. બરાબર એ જ રીતે આપણા માનસિક પોષણ માટે વિચાર 'અનિવાર્ય' છે. પણ વધારે પડતા વિચારોથી 'માનસિક અજીર્ણ' થાય અને આચાર માટે કશું જ પોષણ એ વિચારોથી ન મળે - કદાચ આચાર કોઈક રોગનો ભોગ બનીને વિકૃત પણ બની જાય.

પ્રશ્ન થશે : ''આનો ત્યારે ઉપાય શો ?''

ઉપાય એ કે પ્રથમ તમે તમારું જીવનધ્યેય નિશ્ચિત કરો. એ ધ્યેયને પોષક હોય એવા જ વિચારો પીરસતું સાહિત્ય વાંચો ને એવા જ વિચારોવાળાં વ્યાખ્યાનો કે વ્યક્તિઓના અંગત વિચારો સાંભળો. બીજા અનેક વિચારો - તમારા જીવનધ્યેયને અનુરૂપ જીવનઘડતર કાજે બિનજરૂરી વિચારો - તમારે કાને નહિ અથડાય એમ નહિ. પણ આપણે જેમ શેરડી ચૂસીને એમાંનો રસ ગ્રહણ કરી લઈએ છીએ અને શેરડીના કૂચા આપણા મોંમાંથી જેમ બહાર ફેંકી દઈએ છીએ તેમ તમારે કાને અથડાતા કે તમારી આંખોએ વાંચેલા બહુસંખ્ય વિચારોમાંથી તમારા જીવનધ્યેયને અનુરૂપ અને અનુકૂળ વિચારોનો રસ ગ્રહણ કરી લઈને અને બીજા બધા વિચારોને શેરડીના કૂચા જેવા લેખીને ફેંકી દો !

અને પછી શેરડીના રસ સરખા ગણીને તમે જે વિચારો ગ્રહણ કર્યા હોય એ વિચારોને તમે વાગોળો - વારંવાર વાગોળો - અને એમને આચારમાં મૂકવા યત્ન કરો; કેમ કે આચાર એ જ જીવન છે, વિચાર એ કંઈ જીવન નથી - એ તો આચાર સુધી પહોંચવા માટેનું સાધનમાત્ર છે.

❑

પ્રભુસર્જિત આ વિશ્વમાં ઘણું ઘણું અદ્ભુત ભર્યું છે. સ્વયં પ્રકૃતિ અદ્ભુત છે. ગ્રહો અને રૃતુઓ પણ અદ્ભુત છે. જગતમાં કેટલાંક પ્રાણીઓ અદ્ભુત છે અને માનવી પણ અદ્ભુત છે. માનવીમાંય સૌથી અદ્ભુત તો માનવીનું હૃદય છે. અને તેમાંય નારીહૃદય ઘડીને તો હરિએ હાથ ધોઈ નાખ્યા છે !

આ નાનકડા લેખમાં હું ભારતીય નારીની અદ્ભુતતા વિશે થોડુંક લખીશ.

નિર્દોષ ભારતીય કન્યા પિતૃગૃહે જનકજનનીનાં અને ભાઈભાભીઓનાં લાડ પામતી લાડકોડથી ઉછરે છે. સમય જતાં એની નિર્દોશતા મુગ્ધતા ધારણ કરતી જાય છે. એ મુગ્ધા બને છે. એને હૈયે કોડ જાગે છે - ભર્યો ભર્યો સંસાર મહાલવાના અને વહાલસોયા પતિની ચરણરજ માથે ચડાવવાના. સાસરે વિદાય લેતી પોતાની બહેનપણીઓને જોઈને એને હૈયે પણ પોતાની વિદાયનો એવો કોઈક ભાવિ દિવસ ઝાંખો ઝાંખો આલેખાય છે. શ્વસુરગૃહે જવાનાં ને પતિના પ્રેમામૃતથી જીવનને ધન્ય બનાવવાનાં એ સ્વપ્નાં સેવે છે !

અને પછી એક દિવસ એ પોતાના વડીલોને પોતાને વિશે વાત કરતાં છાની રીતે સાંભળી જાય છે ! થોડાક દિવસો પછી એના પિતાને ઘેર એક વૃદ્ધ પુરુષ કે વૃદ્ધા કે બેઉ એક આશાભર્યા જુવાનને લઈને આવે છે. એ મુગ્ધાને એનો પિતા બેઠકના ખંડમાં ચાના પ્યાલાઓ મૂકી જવાનું કહે છે. આવનાર જુવાન ત્રાંસી નજરે એને જોઈ લે છે. મુગ્ધા લજ્જાથી ભાગ્યે જ ઊંચું જુએ છે. છતાં ઉપરછલ્લી રીતે પેલા જુવાનને ઝાંખી લેવાનો એ યત્ન કરે છે, કારણ કે એ એનો ભાવિ પતિ બને એવી સંભાવના છે.

ચાના પ્યાલાઓ મૂકીને ઝડપભેર એ અંદરના ખંડમાં દોડી જાય છે. એના હૃદયધબકારા વધી ગયા હોય છે ! એની નાડીઓમાં વહેતા રક્તપ્રવાહનો વેગ વધી જાય છે !

અને છેવટે એ ઘડી આવી લાગે છે. લગ્નમંડપ રચાય છે, શરણાઈઓ વાગે છે, મંગળ ગીતો ગવાય છે અને ઘૂંઘટ તાણીને કંપતે દેહે એ મુગ્ધા ચોરીમાં આવીને બેસે છે. ભાવિ પતિના હાથમાં પોતાનો હાથ મૂકતાં એનો હાથ ધ્રૂજે છે. એ મનમાં ખૂબ મુઝાય છે, દેહ એનો કંપે છે, હૃદય એનું ધડકે છે અને છતાં એ સુખી છે, કેમ કે એનું વર્ષોનું સ્વપ્ન ત્યારે આકાર ધરી રહ્યું હોય છે.

છેડાછેડી સાથે પતિની પાછળ પાછળ એ ચાર ફેરા ફરે છે. લગ્નવિધિ પૂરી થાય છે. કન્યાને શ્વસુરગૃહે વળાવવાનો મર્મવિદારક અવસર આવી લાગે છે.

જેમણે પોતાને લાલનપાલનથી ઉછેરીને મોટી કરી, જેમની વચ્ચે પોતે વર્ષોનાં વર્ષો ગાળ્યાં, આજ સુધી જેમને સુખે પોતે સુખી ને જેમને દુઃખે પોતે દુઃખી થઈ એવાં પોતાનાં માબાપ અને ભાઈભાંડુથી વિખૂટાં પડતાં કન્યાનું હૈયું દ્રવીને અશ્રુરૂપે વહેવા માંડે છે. કરુણાનું વાતાવરણ છવાઈ રહે છે !

અને ભારે હૈયે એ વાતાવરણને ખાળ્યા પછી કન્યા શ્વસુરગૃહે પહોંચે છે. સાસુ કે નણંદી કળશ ઉતારીને એ નવદંપતીને આવકારે છે. અને પછી એ મુગ્ધા પોતાની વર્ષોચિંતિત અને પોષિત સ્વપ્નભૂમિમાં પગલાં પાડે છે.

અને પછી કેવો 'અદ્ભુત' ફેરફાર થઈ જાય છે તે જુઓ ! પેલી મુગ્ધા હવે પોતાનાં સાસુ-સસરાને પોતાનાં માબાપને સ્થાને અને દિયેર કે નણંદીને પોતાનાં ભાઈ-બહેનને સ્થાને સ્થાપી દે છે ! જેમને કદી

જોયાં ન હતાં એ હવે એકાએક એનાં પોતાનાં બની જાય છે ! વર્ષો સુધી જેમને પોતાનાં લેખેલાં એ હવે એકાએક પારકાં બની જાય છે ! એ મુગ્ધાને.મન પતિ જ હવે સર્વસ્વ, પતિગૃહ જ પોતાનું મોક્ષધામ અને પતિનાં સર્વ આપ્તજનો એનાં પોતાનાં આપ્તજનો ને ઇષ્ટજનો બની રહે છે એટલું જ નહિ પણ એમના સુખમાં એ પોતાનું સુખ અને એમના દુઃખમાં એ પોતાનું દુઃખ અનુભવતી એકાએક થઈ જાય છે ! જાણે જગતના કોઈક મહાન જાદુગરે જાદુઈ લાકડી ફેરવી દીધી !

હવે કહો, આ ફેરફાર શું સાચે જ 'અદ્‌ભુત' નથી ? અને એવો ફેરફાર લાવી શકનારી જાદુઈ શક્તિ શું એથીયે વધારે 'અદ્‌ભુત' નથી ?

એ શક્તિનું નામ જાણો છો ?

એનું નામ છે ભારતીય સંસ્કૃતિ !

ભારત પર વારંવાર વિદેશી આક્રમણો હજારો વર્ષોથી થતાં રહ્યાં હતાં. અનેક વિદેશી સંસ્કૃતિઓનો પાસ ભારતીય સંસ્કૃતિને વત્તેઓછે અંશે લાગ્યો પણ હતો. અને છતાં આજે પણ એ સંસ્કૃતિ પોતાનાં મૂળ તત્ત્વો જાળવી રહી છે. આજે પણ એ 'સજીવ' છે - કહો કે એ સંસ્કૃતિ 'ચિરંજીવ' છે.

અને એવી મહાન, એવી ત્યાગમંડિત અને એવી ચિંરજીવ સંસ્કૃતિ 'અદ્‌ભુત' નથી એમ કોણ કહી શકશે ?

❑

*ચારિત્ર્યહીન મનુષ્ય એકડા વિનાનાં મીડાં જેવો છે.*

કોઈ આ યુગને ''ફૅશનયુગ'' કહે છે, કોઈ ''બુદ્ધિયુગ'' કહે છે, કોઈ ''પ્રગતિયુગ'' કહે છે, કોઈ ''સભ્યતાનો યુગ'' કહે છે, કોઈ ''વિજ્ઞાનયુગ'' કહે છે અને કોઈ એથી આગળ વધીને એને ''અણુયુગ'' પણ કહે છે. હું આ યુગને ''પ્રચારયુગ'' કહું છું !

આ યુગમાં માનવીએ પોતાને ભૂષણરૂપ બને એવી અનેક નવી પ્રેરણાઓ અને નવી શક્તિઓ મેળવી છે. સાથે સાથે દૂષણરૂપ બને એવી અનેક હાનિકારક ટેવો પણ મેળવી છે. એવી ટેવોમાં 'પ્રચાર'ને આજના યુગનું એક મહાદૂષણ ગણી શકાય.

આમ તો પ્રચાર એ કંઈ દૂષણ નથી - એક પ્રામાણિક 'સાધન' છે. **''સત્ય વસ્તુસ્થિતિની બહોળા જનસમૂહને જાણ કરવી એ પ્રચાર.''** પણ ભૂલવું ન જોઈએ કે આમાં 'સત્ય' શબ્દ જ મહત્ત્વનો છે અને એ 'સત્ય' જ પ્રચારને 'પ્રામાણિક' રાખે છે. પ્રચારમાંથી સત્યનો જેટલે અંશે લોપ થાય એટલે અંશે એ પ્રચાર દૂષણ બની રહે છે.

આજના યુગમાં તો પ્રચારમાંથી સત્યનો લગભગ લોપ થઈ ગયેલો જણાય છે. મોટે ભાગે અસત્યભર્યા પ્રચારની જ આજના યુગમાં બોલબાલા છે - તે એટલે સુધી કે સત્ય બિચારું પ્રચારના આવરણથી લગભગ દટાઈ જાય છે ! પરિણામે માનવાનું રહે છે પ્રચાર જે ચીંધે તે 'અસત્ય' કે 'અર્ધસત્ય' !

આ વસ્તુસ્થિતિ આજની માનવજાતને સર્વથા અવળે રસ્તે દોરનારી હોઈ ભયંકર છે. આજના યુગમાં પ્રચારની પોકળતા એટલી બધી વધી ગઈ છે કે એવા પોકળ પ્રચારને ''શૂન્યમાંથી સર્જન''ની ઉપમા આપી શકાય ! કશું જ ન હોય ત્યાં આ પ્રચાર કોઈક વિરાટ દર્શનની ઝાંખી કરાવી દે છે ! એ ઝાંખી વસ્તુતઃ તો ક્ષણિક હોય છે ને

છેવટે નશ્વર પણ હોય છે. છતાં માનવી એમાં અંજાઈ જઈને એને જ સત્ય માની બેસે છે ! આજના યુગનો પ્રચાર ઝાંઝવાનાં જળને સાચું જળ મનાવી શકે એટલો બધો ઠગારો બની ગયો છે !

પરિણામ એ આવ્યું છે કે એ પ્રચાર માનવીની નિષ્ઠાને અને માનવીના સિદ્ધાંતને ભરખી જાય છે. સિદ્ધાંતથી કે નિષ્ઠાપૂર્વક જીવન જીવનાર પ્રત્યે આ યુગમાં કોઈ નજર સરખીયે કરતું નથી ! પણ પ્રચારનાં ઢોલ વગાડનાર તરફ સૌ સાશ્ચર્ય જુવે છે અને એથી મુગ્ધ પણ બને છે ! બીજા શબ્દોમાં કહીએ તો જીવનની સાચી તપશ્ચર્યાને પ્રચાર ઢાંકી દે છે અને જીવનની નરી પોકળતાને તે આગળ લાવીને ભ્રામકતા જન્માવે છે.

આજના યુગના માનવીને પ્રચારના આવરણ હેઠળનું સત્ય શોધવાનો અવકાશ નથી. દરેક બાબતમાં આજના યુગની અતિશયતા આ પ્રચારને પોષે છે. પ્રચારથી જે નજરે ચડે કે કાને અથડાય એને જ આજનો માનવી 'ગ્રાહ્ય' માની બેસે છે અને પરિણામે મોટે ભાગે સત્યથી વંચિત જ રહે છે !

એટલે જરૂર છે પ્રચારને અવગણવાની, એને તત્કાળ ન માનવાની ને સત્યને શોધવાની, જરૂર છે શાંતભાવે સાચું કામ કરનારને પ્રીછવાની અને ધાંધલિયા પ્રચારકોને દૂર હડસેલવાની. આજનો માનવી એ કરી શકશે ખરો ?

❑

*જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ છુપાયો હોય છે - મેળવતાં આવડવો જોઈએ.*

ધીરે ધીરે જેમ જગતભરમાં તેમ ભારતમાં પણ હવે માનવીનું સરેરાશ આયુષ્ય વધતું જાય છે, એ આનંદની વાત છે. એ જ રીતે ધીરે ધીરે જગતભરમાં તેમ જ ભારતમાં પણ સાહિત્યનું આયુષ્ય ઘટતું જાય છે, એ એટલા જ દુઃખની વાત છે. એ ઘટાડાનું પ્રમાણ દિવસોદિવસ વધતું જાય છે અને હવે તો સાઠ જ મિનિટમાં જેના આયખાનો અંત આવી જાય એવું સાહિત્ય દૈનિકોમાં ભરપેટે છપાવા માંડ્યું છે !

આનું કારણ શું ? શું સાહિત્ય કોઈ એવી ક્ષણજીવી વસ્તુ છે ? શું સાહિત્ય એ સમાચાર સરખું કોઈ ક્ષણભંગુર તત્ત્વ છે ? અને સાહિત્ય શું પસ્તીના પ્રદેશમાં વિલીન થવા સર્જાયેલું કોઈક છેક જ નજીવું સર્જન છે ? ના, એવું નથી. અને એવું હોવું પણ ન જોઈએ. સાહિત્ય તો છે જીવનઘડતરનું કોઈક મહત્ત્વપૂર્ણ સાધન, સાહિત્ય તો છે અંતરના સૂક્ષ્મ અને સુષુપ્ત ભાવોને જાગૃત કરનારું કોઈક અદૃશ્ય ચેતન, સાહિત્ય તો છે જીવનને ''જીવન'' બનાવનારો કોઈક મહામૂલો કીમિયો. અને છતાં આ યુગમાં ઉત્તરોત્તર સાહિત્યનું આયુષ્ય ઘટતું કાં જાય છે ? એનું આયુષ્ય ઘટાડવા માટે કોણ જોખમદાર છે ? કયા રોગચાળાનો ભોગ બનીને સાહિત્ય અકાળે અવસાન પામે છે ? આ ટૂંકા લેખમાં એ વિશે થોડોક તાત્ત્વિક વિચાર કરીએ.

આજનો યુગ એ 'અતિરેકનો યુગ' છે. જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં અને જીવનની લગભગ બધી જ પ્રવૃત્તિઓમાં અતિશયતા પ્રવેશી ગઈ છે - એટલે સુધી કે જીવનનો મૂળભૂત હેતુ પણ વિસરાઈ ગયો છે ! આ 'અતિશયતા' જ યુગભૂષણ બનવાને બદલે 'યુગદૂષણ' બની ગઈ છે. આ યુગમાં જીવનનાં અનેક ક્ષેત્રોમાં 'સાધન' જેમ 'સાધ્ય' બની ગયું છે તેવું જ સાહિત્યના વિષયમાં પણ બન્યું છે. છાપકામના અતિરેકની સાથે સાથે સાહિત્યનો પણ અતિરેક થતો જાય છે. સાહિત્ય જાણે ચિંતન,

મનન અને અધ્યયનની કોઈ વસ્તુ ન હોય પણ બીબામાં છપાયેલી અને નજર તળેથી કાઢી જવાની કોઈક વસ્તુ હોય એવી માન્યતા જાણે હવે પ્રસરવા માંડી છે ! સાહિત્ય માટે આ સાચે જ વિઘાતક છે.

પશ્ચિમનાં જે દૂષણો આપણે ગ્રહણ કર્યાં છે તેમાનું એક આ પણ છે. અતિશયતાએ હવે તો સારા-નરસા વચ્ચે બહુ ભેદ રહેવા દીધો નથી. નરસાની અલ્પજીવિતાનો રોગ હવે તો સારાને પણ લાગુ પડી ચૂક્યો છે ! ''મૌલિકતાથી અને તાત્ત્વિકતાથી જે સાહિત્ય જીવનઘડતર કાજે સર્જાય તે જ સાચું સાહિત્ય'' એવી તાત્ત્વિક માન્યતાને બદલે હવે તો ''જે છપાય તે જ સાહિત્ય'' એવી ભ્રામક અને વિઘાતક માન્યતા ધીરે ધીરે પ્રચલિત થવા માંડી છે ! પરિણામે આજે લખાય, કાલે છપાય ને પરમ દિવસે ભુલાઈ જાય એવાં છીછરાં સર્જનસંતાનો - મોટે ભાગે તો અનુવાદસંતાનો - દૈનિકોરૂપી જનેતાઓની કૂખે પાકે છે. અને એવાં સંતાનોનું મરણપ્રમાણ પણ વધતું જ જાય છે. અરે ! હવે તો એવી દશા આવી ગઈ છે કે દૈનિકોમાં છપાયેલું સાહિત્ય માત્ર સાઠ જ મિનિટનું આયુષ્ય ભોગવીને પસ્તીરૂપી મોક્ષને પામે છે !

આ વિશે કોઈ વિચારશે ખરું ? એ પ્રગતિ છે કે અધોગતિ ?

❑

*તમે સફળ નીવડો ત્યારે તમારું ગાંડપણ ''સાહસ'' લેખાય અને નિષ્ફળ નીવડો ત્યારે તમારું એ સાહસ ''ગાંડપણ'' લેખાય.*

## ૫૧  જે યુગમાં પાપ કરવું એ ચા પીવા બરાબર છે !

આજના યુગને આપણે ''પ્રગતિયુગ'' કહીએ છીએ, કેમ કે માનવીએ આજે ખૂબ ખૂબ ભૌતિક પ્રગતિ સાધી છે. આજનો માનવી પહેલાં કદીય ન હતો એવો સુઘડ, ચપળ, બુદ્ધિશાળી, તર્કવાદી અને મહત્ત્વાકાંક્ષી બન્યો છે એટલું જ નહિ પણ ઓછો અંધશ્રદ્ધાળુ બનીને પોતાની બુદ્ધિને કામે લગાડતો થયો છે. આજના માનવીના આ ગુણોને કારણે જ આપણે આ યુગને ''પ્રગતિયુગ'' કહીએ છીએ. પણ ખરી રીતે એમ છે ખરું ?

પ્રભુએ માનવીને આત્મા, હૃદય અને બુદ્ધિ આપ્યાં છે. જીવનને સાચી રીતે ઊર્ધ્વગામી બનાવવા કાજે એ ત્રણેનો વિકાસ આવશ્યક છે. આજનો માનવી બુદ્ધિવિકાસ તો સાધતો જાય છે, પણ એની આત્મગત શક્તિઓના અને હૃદયગત શક્તિઓના વિકાસની વાત તો બાજુએ રહી, એ શક્તિઓનો હ્રાસ થતો જાય છે ! પરિણામે બુદ્ધિને જ પ્રાધાન્ય આપતો આજનો માનવી પ્રગતિને ખોટા જ માપદંડથી માપે છે અને એ જ માપદંડને સાચો લેખીને પોતે ઉત્તરોત્તર પ્રગતિશીલ બનતો જાય છે એવું માનતો અને મનાવતો હોય છે.

છતાં વસ્તુસ્થિતિ તો જુદી જ છે. ''આગળ ધપો ! કોઈ પણ ભોગે આગળ વધો !!'' એવી મહત્ત્વાકાંક્ષાભર્યા પોકારો પાડતો આજનો માનવી પોતાની જાતને અને પ્રભુને ઠગતો ઠગતો ઐહિક સિદ્ધિઓ પાછળ આંધળી દોટ મૂકતો થયો છે ! એની બૌદ્ધિક સિદ્ધિઓ માન ઉપજાવે એવી હોય છે, પણ એના આત્મિક અને હાર્દિક વિકાસ ઉપર તો મોટું મીંડું મુકાઈ ગયું હોય છે !

આજનો માનવી પાપની, પુણ્યની કે ઈશ્વરની ઝાઝી દરકાર કરતો નથી. આત્માની અને હૃદયની આંખો મીંચી દઈને એ આંધળિયાં

કર્યે જાય છે ! પરિણામે હવે પાપ કરવું એ માનવી માટે તેના આત્માને કે હૃદયને કંપાવનારું કાર્ય રહ્યું જ નથી, પણ તેને માટે તો એ ચા પીવા જેટલું જ સ્વાભાવિક કાર્ય હવે બની ગયું છે !

શાસ્ત્રોએ કથેલાં પાપ-પુણ્યની કે સ્વર્ગ-નરકની કલ્પના જવા દઈએ અને પાપ તથા પુણ્યને આપણે કેવળ સંસાર-વ્યવસ્થા કે સંસાર-કલ્યાણની દૃષ્ટિએ જોઈએ તોપણ સમજાશે કે પાપ અને પુણ્યનો વિચાર, એ બે વચ્ચેના તાત્ત્વિક અને ફલશ્રુતિરૂપ હિતઅહિતનો વિચાર, માનવીએ કદી ભૂલવો જોઈતો નથી. પોતાના સ્વાર્થથી બીજાને હાનિ કે દુઃખ પહોંચાડવાં એ ''પાપ'' અને પોતાના ત્યાગથી બીજાને લાભ કે સુખ પહોંચાડવાં એ ''પુણ્ય'' એવી જો સરલ અને વ્યાપક વ્યાખ્યાઓ પાપ-પુણ્યની આપણે કરી લઈએ તો સંસારની વ્યવસ્થા માટે અને એ વ્યવસ્થાના ફલસ્વરૂપે સંસારના કલ્યાણ માટે પાપ-પુણ્યને ક્ષણભર માટે પણ નજર સામેથી અળગાં ન કરવાં જ માનવી માટે આવશ્યક છે, એ સહેજે સમજાશે. આજના યુગમાં માનવી મોટે ભાગે બાહ્ય નજરે સુખી દેખાતો હોવા છતાં ખરી રીતે તો તે સુખી નથી. તેના મૂળમાં તો પાપ-પુણ્યની શાસ્ત્રોક્ત નહિ પણ માનવહૃદયગત આ સહજ વ્યાખ્યાનું વિસ્મરણ જ રહેલું છે.

અને જે યુગમાં પાપ કરવું એ ચા પીવા જેટલું સ્વાભાવિક બની ગયું હોય એ યુગને ''પ્રગતિયુગ'' કહી શકાય ખરો ?

❑

કલમ કે પૂજારી અગર સો ગયે તો
વતન કે પૂજારી વતન બેચ દેંગે.

- **કુતુબ 'આઝાદ'**

# સત્ત્વશીલ સાહિત્યની જરૂર

હું એ દિવસની રાહ જોઉં છું જ્યારે દીવાનખાનાનાં ફર્નિચર જેટલી જ સત્ત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે.

કોઈ પણ દીવાનખાનાની અંદર જાઉં ત્યારે સહુથી પહેલાં હું ત્યાં પડેલાં સામયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું. મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ બધાનું મૂલ્ય છે જ, પણ આ ગુણોના વર્ધનમાં સત્‌સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે એમના માટે સારાં પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે. એ સાથે એ પોતાનાં મિત્રો, સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે.

**- બર્ટ્રાન્ડ રસેલ**

(ટાઇટલ બીજાનું ચાલુ)

જ્યારે દિવસના પરિશ્રમ પછી શરીર અને મનને આરામ આપવા હું પથારીમાં પડું,

ત્યારે મને એવો પ્રકાશ બતાવ કે જેમાં દિવસભરમાં મેં ક્યાં શાણપણ વાપર્યું અને ક્યાં ભૂલો કરી તે જોઈ શકું અને તેની ઉપરથી બોધપાઠ લઇ શકું.

મનને પ્રકાશ આપ, પ્રભુ ! કે જેથી આવતી કાલની ગૂંચવણો અને અનિશ્ચિતતાઓ, આફતો અને ઠોકરો વચ્ચેથી હું સત્ય પંથે ચાલી શકું.

મને વિજયમાં નમ્રતા અને પરાજયમાં હિંમત આપ,

અને પ્રભુ ! મને રાત્રે એવી શાંત અને સ્વસ્થ નિદ્રા આપ, કે જે પ્રામાણિક પરિશ્રમનું મધુર ફળ છે.

પ્રભુ ! હું એવું કંઈ નથી માંગતી કે જે માંગતા શરમાવું પડે,

મારી માંગણી બહુ નાનકડી છે.

હું થોડુંક વધુ માંગી લઉં ?

પ્રભુ ! મને સદ્‌બુદ્ધિ આપો.